# પ્રકરણ : ૩

# લોકગીતનું સ્વરૂપ તેમજ સંપાદિત અને પસંદ કરેલા લોકગીત

## ૩.૧ લોકગીત : સ્વરૂપ અને વિભાવના :

લોકગીત (Folk song) પરંપરાગત કંઠસ્થ લોક સાહિત્ય ( Folk literature ) નો એક પ્રકાર છે.તે લોકવિદ્યા (Folk lore) નો એક અંશ છે.ગીતની વ્યાખ્યા આપવાના કેટલાક વિદ્વાનોએ પ્રયત્ન કર્યા છે તો કેટલાક વિદ્વવાનોને તેની વિભાવના સ્પષ્ટ કરવાનું અશક્ય જણાયું છે.

આમ તો ગીત કહીએ એટલે એમાં ગેયતા ગાનના તત્વનો સ્વીકાર કરવો જ પડે.આમ તો ગેયતાનું તત્વ જ ગીતને ગીત બનાવતું હોય છે.પરંતુ હસુ યાજ્ઞિકના મતે " લોકગીતના સંદર્ભે ગેયતા જરૂરી,ઉપકારક કે આનુષંગિક નથી પરંતુ આધિકારિક પ્રમાણભૂત અને અનિવાર્ય છે.એની સામગ્રીને રજૂ કરવા માટે શબ્દ જેટલી જ અગત્ય સ્વરની છે."[૧]

લોકગીતો લોકો દ્વારા,લોકો માટે,લોકબોલીમાં લોકમાનસ અને લોકજીવનનું તેમના પ્રાકૃતિક પરિવેશ સહિત નિરૂપણ કરતા લોકોનાં પોતાનાં ગીતો છે.લોકજીવન સાથે તે નિકટના નાતે જોડાયેલાં છે.લોકગીતના કેન્દ્રમાં પ્રસંગ છે.તે ધાર્મિક,સાંસ્કૃતિક,સામાજિક, પારિવારિક અનુષ્ઠાન પ્રસંગે સ્ત્રીઓ દ્વારા કે પુરૂષો દ્વારા આનંદ ઉલ્લાસ પૂર્વક લય અને તાલ સાથે મૂલતઃ સમૂહમાં કે જાહેરમાં જ ગવાય છે.લોકગીતોમાં ઊર્મિનું તત્વ ભળેલું હોય છે.હર્ષ કે શોકના આવેગમાં લોકસમૂહ શબ્દ, લય અને સ્વર સાથે સરળ સમાજ સુલભ અલંકારોથી સુસજ્જ  કરી પ્રસ્તુત કરે છે,ત્યારે લોકગીત પોતાના અસલી સ્વરૂપમાં આવે છે.લોકજીવન સાથેના પ્રત્યક્ષ યા પરોક્ષ સંબંધને કારણે લોકગીતની સામગ્રીમાં લોકજીવનનો સંદર્ભ મૂલતઃ હોય જ છે.અને તે ગાનાર ઝીલનારના માધ્યમ દ્વારા લોકગીતના માધ્યમ દ્વારા જનસમુદાય તેનો લ્હાવો લે છે યા તો પરિચયમાં આવે છે.

લોકગીતો એ લોકોનું સર્જન છે.લોકોએ જ લોકગીતોને પોતાના કંઠમાં જાળવ્યા  અને ચારે તરફ ફેલાવ્યા છે.લોકહૃદયની તેમાં સહજ અને સ્વાભાવિક અભિવ્યક્તિ થાય છે. લોકોર્મિ તેમાં અનુસ્યૂત હોય છે.લોકજીવનનું તેમાં પ્રતિબિંબ ઝિલાય છે.લોકમાનસ અને લોકવ્યવહાર તેમાં અનાયાસે જ આલેખાતો હોય છે.લોકોના ભાવ-કલ્પના વિચાર  તેમાં સંયોજાય છે.

આમ તો,લોકસાહિત્યનો લોકકથા જેવો જ બીજો અગત્યનો પ્રકાર લોકગીત ને ગણાવી જ શકાય. જે ગીતો પરંપરાથી જ જીવન-લોકજીવનને કેન્દ્રમાં રાખીને જ ચાલે છે. આ ગીતો વ્યક્તિગત કે સામૂહિક રૂપમાં ગવાતાં આવે છે.લોકગીતમાં લોકહૃદયનો ધબકાર લોકતત્ત્વને કારણે લોકસમૂહ પોતાનું બનાવી લે છે."Folk tale" ના પર્યાય રૂપ 'લોકકથા' નો પ્રથમ પ્રયોગ કવિ રૂસ્તમ ખુરશોદ ઈરાનીએ ઈ.સ.૧૮૮૫ માં પ્રકાશિત 'લોકકથા' નામના ગ્રંથમાં કર્યો.'Folk song' માટે ગુજરાતી લોકગીત એવો પર્યાય તેનાં મુખ્ય લક્ષણોની પુષ્ટ ચર્ચા ગુજરાતીમાં ઈ.સ.૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય પરિષદમાં રણજિતરામ વાવાભાઈ મહેતા એ કરી અને ૧૩૪ લોકગીત સાથે એનું ઈ.સ.૧૯૨૨માં પ્રકાશન થયું.હિંદીમાં આરંભકાળે તો 'ગ્રામગીત' એવો પર્યાય પ્રયોજાતો હતો.ગુજરાતીમાં પણ આરંભના પારસી સંપાદકો દ્વારા આવી પરંપરાગત ગીતની રચનાઓને 'ગાવાનાં કે 'ગવાતાં' ગીત તરીકે જ ઓળખાતી હતી."[૨] લોકગીતની સામગ્રીને રજૂ કરવા માટે શબ્દ જેટલી જ અગત્ય સ્વરની છે.

લોકગીત એવો પર્યાય પ્રયોજીએ ત્યારે આપોઆપ 'લોકોનું ગીત' કે 'લોકો દ્વારા સર્જાયેલું ગીત' એવા સમાસજન્ય અર્થને કારણે એનું કર્તૃત્વ 'લોક' પર જ આરોપિત થાય છે.આ અર્થમાં લોકો દ્વારા સર્જાયેલું ગીત તે લોકગીત એવું પણ ફલિત થાય છે.પરંતુ લોકોનો એકમ કે એવો કોઈ એક નિશ્ચિત સમૂહ પોતે જ સામૂહિક રૂપમાં કોઈ ગીતનું સર્જન કરે એ સંભવિત નથી.કવચિત કોઈ એક સમૂહ પોતે જ સામૂહિક રૂપમાં કોઈ ગીતનું સર્જન કોઈ તાલમાં એકરસ થઈને એમાં સ્વર ઉમેરે ત્યારે સમૂહમાં રહેલી કોઈ વ્યક્તિ એમાં પોતાના ભાવ શબ્દોના માધ્યમે ઉમેરે અને તે બીજા પણ ઝીલતા જાય અને કોઈ એક રચનાની વિવિધ કડીઓ રચાવા લાગે અને એમાંથી જ અંતે કોઈ એક વિશેષ નવી રચના સિદ્ધ થાય એવું બને,પરંતુ ગવાતાં બધા જ લોકગીતો આવી જ કોઈ પ્રક્રિયાનું પરિણામ હોવાનું માની ન શકાય.'[૩] લોકગીતમાં જીવનનો જ અંશ પ્રમાણભૂત અને મૂળભૂત હોય,લોકજીવનનો સીધો જ પ્રભાવ હોય છે.

### ૩.૧.૧ લોકગીતની વ્યાખ્યા :

'લોકગીત'ની વ્યાખ્યા કેટલાક વિદ્વાનોએ આ રીતે આપી છે :

શ્રી ઝવેરચંદ મેઘાણી 'ધરતીનું ધાવણ ખંડ ૧' માં જણાવે છે કે " લોકગીત એટલે લોકોએ રચેલું,લોકોને માટે જ રચાયેલું અને લોકોની જ મુખ પરંપરાએ ચાલ્યું આવતું ગીત"[૩]

તળપદી ભાષામાં તળપદા સંસ્કાર મૂર્ત કરતી,અજ્ઞાત કર્તૃત્વવાળી,પેઢી દર પેઢી મુખ પરંપરાથી ઉતરી આવેલી,સર્જકની સભાન વ્યક્તિમત્તાનાં લક્ષણો વિનાની,લોકસમાજની મુગ્ધ નિર્વ્યાજતા નૈસર્ગિકતા વાળી,ક્યારેક ટેક ઠેક નૃત્ય રમતને સાથે લાવતી,સહેજેય યાદ રહી જાય તેવા શબ્દ પ્રયોગોની રચના કે શબ્દ લાઘવવાળી,ઉપદેશ વૃત્તિના અભાવવાળી,જે તે સમાજના પ્રાણ ધબકારવાળી,નિર્દંભ,સરળ અને ભાવસુંદર,મોટેભાગે સંઘોર્મિઓમાં વહેતી,મોટેભાગે નિરલંકૃત છતાં જો હોય તો લોકકલ્પનાને જ સૂઝે એવા અલંકારોથી ઓપતી,જે રચનામાં લોકસમૂહને ઘટાડવા -વધારવાની અનુકૂળતા કે છૂટ હોય છે ને એથી જેના પાઠાંતરો અનેક કે અગણ્ય હોય એવી અથવા જેનો કોઈ નિશ્ચિત અફર પાઠ જ ન હોય તેવી,શબ્દના કે ભાવ-વિચાર-લાગણીના પ્રભુત્વ માત્રથી ધ્યાન ખેંચે તેવી નહી બલ્કે જેમાંથી ઉપરથી લદાતું કોઈ જ પ્રભુત્વ - કોઈ દેખાડો ન હોય તેવી સૂક્ષ્મ અંગત સંવેદનો કે વિચારમંથન આત્મનિરીક્ષણ-પરીક્ષણ-પૃથ્થકરણ આ બધું ન હોય ને તરત પરખાઈ જાય તેવી ઘેરી લાગણીઓ હોય તેવી આંટીઘૂંટી વિનાની અત્યંત સરળ રચનાવાળી મૂળમાં લેખિત કે લિપિબદ્ધ નહી પણ મુખ પરંપરાગત પાઠ્ય ગેય અને માર્ગેથી વિરુદ્ધ એવી દેશી ગાન પદ્ધતિના વારસારૂપે સાંપડેલી લોક સંગીતાત્મક શબ્દરચના તે લોકગીત."[૪]

તો ગુજરાતી સાહિત્યકોશ પ્રમાણે લોકગીત એટલે " પરંપરા નિયત સમાજવ્યવસ્થા અનુસાર જીવતા કોઈપણ સમાજનું,એની તળપદી બોલીવાળું,કંઠોપકંઠ પેઢી-દર પેઢી ઊતરી આવેલું,પ્રસંગાનુસારી,નિયત ઢાળમાં જ વહેતું રહેલું, સ્મૃતિક્ષમ લય ગૂંથણીવાળું, સ્મૃતિસહાયક લયકણો કે લય ટેકણિયાવાળું,ધ્રુવપંક્તિ આદી હાથવગાં ગીત ઓજારો પ્રયોજતું લોકગીત સુગેય લોકવાણી સ્વરૂપ છે.લોકગીત જે તે સમાજની સંઘાનુભૂતિ અને સમાજસંવેદનોને વ્યક્ત કરે છે.સરળ આછા સમાજ સુલભ અલંકારો અને અનેક મુખે વહેતું

રહેલું હોવાથી અનેક પાઠો દર્શાવે છે.કર્તાનામ વિનાનું ( અને એ અર્થમાં સાંઘિક ) ,ક્યારેક આનંદ માટેનું,ક્યારેક અશાબ્દી ( કેવળ ધ્વનિઓનું ) એવું સુગમ અને સરળ,અત્યંત સુગેય હોય છે.કવિતારસિકો પૂરતો એ પદ્યાત્મક મૌલિક રસોદ્ગાર ન રહેતાં સમગ્ર સમાજની રસમ લોકગીત બની જાય છે.એ વૈયક્તિક અલૌકિક અનુભૂતિ નહીં,સંઘોર્મિ વ્યક્ત કરે છે,રચનાકૌશલના પ્રભુત્વથી નહીં સીધી વાત સરળતાથી સોંસરવી અને લાઘવથી મુકાય છે."[૫]

### ૩.૧.૨ લોકગીતના ઘટકતત્ત્વો :

લોકગીતમાં ગેયતાનો સ્વીકાર કરવામાં આવેલો છે અને આથી જ લોકોની ઊર્મિ સ્વરમાં રૂપાંતરિત થઈને લોકગીતનું રૂપ લે છે.લોકગીતના ઘટકતત્ત્વો નિમ્નાનુસાર ગણાવી શકાય :

૧. લોકગીત એ લોકોનું સર્જન છે અને આ લોકગીત લોકોની પોતીકી બોલીમાં જ રજૂ થાય છે.લોકગીતમાં લોકોની પોતીકી બોલી લહેકા આરોહ અવરોહ હોય છે.

૨. લોકગીત એ લોકોએ રચેલું ગીત છે.એટલે કે લોકસમૂહની રચના છે.આથી લોકગીતનું માળખું જનસમુદાયમાં રૂઢ થયેલું હોય છે.આથી લોકગીત લોકસમુદાય સહેલાઈથી યાદ રાખી શકે છે.

૩. લોકગીત ગેયતા સાથે સંકળાયલું છે.જનસમૂહ તેનું ગાન કરે છે.આથી જીવન સાથેનો લોકગીતનો નાતો હંમેશા રહ્યો છે.

૪. લોકગીતનું કતૃત્વ નિશ્ચિત હોતું નથી.લોકગીત ગાવાનો સમય લોકસમૂહ દ્વારા નિશ્ચિત થયેલો હોય છે.દા.ત. લગ્ન સમયે લગ્ન ગીતો જ ગવાય છે.એટલે કે સંગીત,નૃત્ય, કે ક્રિયાકાંડ સાથેની સામૂહિકતાને લોકગીતનું મહત્ત્વનું લક્ષણ ગણાવી શકાય.

૫. લોકગીતમાં સાંસ્કૃતિક શિક્ષણ અને આનંદ કશાજ ભારણ કે બાહ્યદેખાડા વગર સિદ્ધ થાય છે.તે સંઘોર્મિ છે.તેમાં કોઈ એક ભાવ રજૂ થાય છે.

૬. લોકગીત માનવસમૂહમાં સાંસ્કૃતિક એકતા સ્થાપવાનું કાર્ય કરે છે.કારણકે લોકગીત સમૂહમાં આવિષ્કરણ પામે છે.

૭. સંસ્કૃતિને,ઈતિહાસને વિધિવિધાનના તબક્કાને એના નિશ્ચિત એવા ક્રમ અને હેતુને જાળવવા એનું દસ્તાવેજીકરણ કરવું તે લોકગીતનું અગત્યનું લક્ષણ ગણાવી શકાય છે.[૬]

આમ,લોકગીતએ લોકજીવન સાથે લોકસંસ્કૃતિ સાથે ભળી ગયેલું છે.તેનો કર્તા જરૂર હોય છે.પરંતુ કતૃત્વ નિશ્ચિત હોતું નથી.લોકગીતની રચનાઓ,માનવસમૂહ સાથેના સંબંધને સ્પષ્ટ કરી આપે છે.લોકગીતની સામગ્રીને રજૂ કરવા માટે શબ્દ જેટલી જ અગત્ય સ્વરની છે અને તેના દ્વારા જ લોકમાનસ રજૂ થાય છે.લોકગીતમાં કંઠ્ય પરંપરા છે તેથી તેમાં આદાન પ્રદાન અને પરિવર્તનને પૂરો અવકાશ હોય છે.

**૩.૧.૩ લોકગીતના પ્રકાર :**

લોકગીત : 'તત્ત્વ અને તંત્ર' પુસ્તકમાં લોકગીત સંદર્ભે વાત કરતાં ખોડીદાસ પરમારે લોકસાહિત્યના વિવિધ પ્રકારનાં ગીતો નીચે પ્રમાણે ગણાવ્યાં છે.[૭]

**૧. લગ્ન પ્રસંગના માંગલિક અને અન્ય લોકગીતો :**

- વેવિશાળ કરતી વખતનાં ગીતો
- લગ્ન લખતી વેળાનાં ગીતો
- 'સાંજીય' કે સાંજીગીતો
- મંડપરોપણનાં ગીતો - મંડપનો માણેકસ્તંભ રોપવાની શુભ ક્રિયાથી શરૂ કરી ઘર મંગલગીતોથી ગુંજી ઉઠે તેમાં વિવિધ પ્રસંગ ટાણાંના ગીતો ગવાય છે.
- ચાક વધાવવાનાં ગીતો. ( ચાક એટલે સર્જકતાનું પ્રતીક અથવા લગ્ન ટાણે પ્રજાપતિનું સ્થાન )
- ગોતરડો કે ગોતીડો ભરવાનાં ગીતો ( જેમાં પરણનારનાં ભાઈ-ભાભી છેડાછેડી બાંધી ગોત્રજ માટલું લાવે તે પ્રસંગ આવે છે. )
- ઢોલ પૂજનનાં ગીતો ( નાદ - વાદ્યપૂજા.)
- ફૂલેકાનાં ગીતો ( વરઘોડાને મંડપ રોપણીની રાતે સજાવી,ઘોડે બેસાડી ગામમાં ફૂલેકે ફેરવે છે. )
- પસ ભરવાનાં ગીતો.

- ઉકરડી નોતરવાનાં ગીતો.
- જડ વાહવાનાં ગીત.
- પીઠીનાં ગીતો.
- વાનાનાં ગીતો.
- પ્રભાતિયાં.
- લાડાને ઘેર રાંદલનાં ગીતો.
- વર-લાડાની જાન પ્રસ્થાન કરે ત્યારનાં ગીતો.
- જોતર - ઢાળાનાં ગીતો.
- મોસાળનાં ગીતો.
- સામૈયાનાં ગીતો.
- હસ્તમેળાપ - હથેવાળાનાં ગીતો,માયરાં વખતનાં ગીતો.
- જાન જમવા બેસે ત્યારનાં ગીતો.
- ચોરી - સપ્તપદીના ફેરા ફરતી વખતનાં તેમજ કંસારનાં રમૂજી ગીતો.
- માંડવો વધાવવાનાં ગીતો.
- જાન વિદાય કરવા વિશેનાં ગીતો.
- જાન વળાવવાનાં ગીતો.
- કન્યા વળામણાંના ગીતો.
- જાન ઘરે આવે ત્યારે પોંખણાનાં ગીતો.
- જાન પાછી આવ્યા બાદ ઉકરડી ઉઠાવવાનાં ગીતો.

**૨. ગર્ભ સંસ્કાર સીમંત અઘરણીનાં ગીતો :**

( પરણીને આવેલી વહુ સગર્ભા બને ત્યારે તે સાસરિયાંની કુળવેલમાં પ્રવેશી મનાય છે.ત્યારે કેટલાંક ગીતો ગવાય છે,જેમાં - )

- અઘરણીનાં દિવસે રાંદલ તેડવાનાં ગીતો.
- ઘેણ્યને નવરાવવા લઈ જતી વખતનાં ગીતો.

- ધેણ્યને ‘પગલાં ભરાવે’ તે સમયનાં ગીતો – (ગૃહિણીને) ફટાણાં.
- ‘ખોળો ભરવો’ ની વિધિ વખતનાં ગીતો.
- ‘ખોળો ભર્યા’ પછી રાંદલનાં પ્રશસ્તિ ગીતો.
- રાતે - રાંદલ સામે ‘ઘોડો ખૂંદવો’ (મહાડ ખૂંદવા)નાં ગીતો.
- બીજી સવારે રાંદલને વળાવવાના ગીતો.

**૩.બાળ હાલરડાં -**

ગર્ભવતી સ્ત્રી પુત્ર કે પુત્રીને જન્મ આપે તેનાં શુભ આગમન-અવસરનાં લોકગીતો જેને ‘હાલા’ કહેવાય છે.

- વાત્સલ્યભાવ અને બાળપ્રશસ્તિનાં હાલરડાં.
- બાળ-હુલામણનાં રમત જોડકણાં અને કજિયાળાને બીક બતાવવા વેળાનાં ગીતો.
- રામ,કૃષ્ણ અને બીજાં બાળલીલા વર્ણવતાં પ્રકીર્ણ હાલરડાં.ઘોડિયે-પારણે પોઢનાર બાળ માટે નિયંતાએ માને થાનોલે ધાવણ અને હૈયે શબ્દ લયનો રણકાર સાથે જ આપ્યાં છે.માતાનું હાલરું,ઘોડિયે બાંધેલા ખોયાના આવાગમનની સાથે તાલ મેળવી શબ્દ,સૂર,જોડકણાંનો એક લય ઉપજાવી બાળકને પોઢાડી દે છે.બાંધેલા ‘હાલર’ (હિચકોઢખોયું) ના આવાગમનની ગતિ સાથે તાલબદ્ધ ગવાય તે ‘હાલરડાં.’

**૪. બાળ જોડકણાં અને અન્ય -**

- બાળકો શબ્દાનુરવ સાથે પ્રયોજી શકે તેવા જોડકણાં.
- સર્વજન ઉપયોગી જ્ઞાન,બુદ્ધિ સાથે શીખ,ડહાપણનાં જોડકણાં.

**૫. ઉજળિયાત વર્ણમાં બડવા ને જનોઈ સંસ્કારનાં વિવિધ ગીતો :**

- સાંજીનાં,મંડપરોપણના,જનોઈ પ્રસંગનાં ગીતો.

**૬. કન્યા-કિશોરીઓનાં મોળાકત (ગૌરીવ્રત) નાં ગીતો :**

- રમત રાસડા.

- 'દેદો' કૂટવાનાં છાજિયાં જેવાં લોકગીતો.( આયર જાતિનો કોડીલો જુવાન દેદો ગાયોની વારે ચડતા કુંવારો મૃત્યુ પામ્યો.વારમાં ઘવાયેલ પણ પરણવા તલખતા દેદાનો જીવ ઘૂંટાતો હતો.ત્યારે તેને કહેવાયું,'તારા જીવને ગત્ય કરજે,તને કુંવારી કન્યાયું પરણશે અને રોશે કૂટશે.' તે પરંપરાએ મોળાકતમાં છોકરીઓ 'દેદો' કે 'ભાદો' કૂટે છે.)

**૭.સૌભાગ્યવતી અને પ્રૌઢ સ્ત્રીઓનાં વ્રત-વરતુલાં :**

- કાઠા ગોરનાં ગીતો.
- શ્રાવણ કે અધિક માસમાં ગવાતાં 'ઝીલણિયાં'
- કીર્તન
- જયા-પાર્વતી કે 'એવરત જીવરત' નાં વ્રતગીતો.

**૮. તુલસી વિવાહનાં ગીતો :**

તુલસી વિવાહ પણ માનવીય વિવાહની જેમ થાય છે.પૌરાણિક કથા પ્રમાણે તુલસી અને ઠાકરના વિવાહ કારતક સુદ અગિયારસે થાય તે પછી સંસારિયાનાં લગ્ન થાય છે.નિયંતા અને તુલસી (પ્રકૃતિ - છોડ) નાં લગ્ન તે દેવ અને પ્રકૃતિતત્ત્વનું એકત્ત્વ દેખાડવા માટે જ નિરૂપાયાં હશે.

**૯. નારી સમૂહનાં રાસડા :**

- ઊભા રહી ઢએક તાળી સાથે ગવાતા રાસડા.
- ફરતાં ફરતાં લેવાતાં ત્રણ તાળીનાં 'ઉલાળીયા' રાસડા અને 'ટપ્પારાસ'.

  દેશ જ રંજ રજ્જ–अक ઉપરથી 'રાસડો' શબ્દ પ્રયોજાયો હોય એવું અનુમાન થઈ શકે. આ દેશ્ય શબ્દ ઉપરથી સંસ્કૃતમાં 'રાસ', 'રાસા' કે 'રાસક' થયો હશે. સૌરાષ્ટ્રમાં એકાદ હજાર વરસથી ગવાતો 'રાસડો' દેશજ સ્ત્રીઓનો પ્રિય ગાનઢનૃત્ય પ્રકાર છે.અજવાળી રાત, વારપરબ કે વરત વરતુલાના દિવસોમાં રાસડો લેવાય છે.

'હિચ', 'હમચી', 'ટપ્પા', 'સાંઢડી' વગેરે હળીસક-ખેડવાયાનું આરભટી નૃતમાંથી ઉતરેલું નારીવૃત છે. 'દલ્લો', 'ઢોલો' વગેરે ગ્રામ સરજતનાં નારી સમૂહના નૃત્યગીત છે.

**૧૦.ગરબા-માંડવડી વગેરે :**

- આદ્યશક્તિ-અંબા-શિવ,સૂર્ય-રયણી,ધરતી-સૂરજનાં દ્વંદ્વમાંથી પ્રયુક્ત થયેલ અને પૂજા પરંપરાએ ઊતરી આવેલ 'ગરબો' એ 'ગભ્ભ'-કૂખ ભગવતી તે ગર્ભ-કૂખરૂપે માટે અને દીપરૂપ સૂર્ય તે પિતૃરૂપે જીવ.આમ ભગવતી અને ભાનુ સૂર્યના સાયુજ્યમાંથી 'ગરબો' ઊતર્યો છે.તેથી ગરબાના લોકગીતો સાહિત્યિક ગરબાની પરંપરા ચાલુ રહી છે.
- શણગારેલી લાકડાની નાની માંડળી (ગરબી) માથે મૂકીને સ્ત્રીઓ માંડવડી - દેવીનાં પ્રશસ્તિ ગીતો ગાતી તાલનૃત્ય કરે છે.
- સાત-વાર પંદર તિથિ અને બારમાસ વગેરેના પણ ગરબા-રાસડા અને માંડવડીનાં ગીતો રચાયાં છે.

**૧૧.માંગલિક પ્રસંગના ઘોળમંગળ :**

ધવલ-ધઉલ-ધુલમાંથી 'ઘોળ' શબ્દ ઉતરી આવ્યો છે.શુભ પ્રસંગે અને લગ્ન જાનનાં ગાડાંની લાંબી વાટ પૂરી કરવા જાનડીઓ કથાનકવાળાં ઘોળ ગાઈ રસ્તો ખૂંટાડે છે.ઘોળમંગળ ક્યારેક આદમીઓ પણ ગાય છે.

**૧૨. શ્રમહારી ગીતો :**

- ઘંટીએ દળતાં ગાવાનાં ગીતો.
- રેંટિયો કાંતતા ગાવાનાં ગીતો.
- વાડી,ખેતરમાં નીંદણી-પારણી વખતે ગવાતાં ગીતો.
- મલામાનો ચૂનો ખાંડતી વખતે ગવાતાં ગીતો.
- ભોંયતળિયે ટીપણી ટીપતાં ગવાતાં ગીતો.

ઉપરોકત બધા 'શ્રમહારી ગીતો' છે.

**૧૩. મૃત્યુ પછીનાં શોક અને પ્રશસ્તિનાં છાજિયાં :**

મરનારની પ્રશંસા-પ્રશસ્તિ કરતાં ‘મરશિયા’ (અરબી ‘મર્સિયહ’ એટલે મરનારની ગુણપ્રશસ્તિ ),તો ‘છાજિયાં’ મરનાર વ્યક્તિની ઉંમર,જાતિગુણ વગેરેને લાગુ પડતા અને વય કે નર નારીની જાતિ પ્રમાણે જેને યોગ્ય રીતે છાજે-યોગ્ય લાગે તે ‘છાજિયાં’.તે ઉપરાંત વિલાપનાં ગીતો,વહેલી સવારે મૃત શેરીના નાકે કે ઘર ફળિયામાં ગવાતાં ‘પરોઢિયા’ અથવા ‘પ્રોળિયાં’ ગુજરાતમાં વાગડનાં હરિયાં અને ઇસ્લામમાં ‘માતમ કૂટણાં’ વગેરે મૃતના શોકના અને પ્રશસ્તિનાં ગીતો છે.

**૧૪. આનંદ પ્રમોદનાં બૌદ્ધિક ગીતો :**

- ખાયણાં-દક્ષિણ ગુજરાત-સુરત,નવસારી વગેરેમાં પ્રચલિત ‘ખાયણાં’.તે ઉત્ખનન-ઉખણણ અને ‘ઉખાણાં’ એવી પરંપરાથી ઉતરી આવ્યા હોય તેવી શક્યતા લાગે છે. ‘ઉખાણાં’ એટલે બુદ્ધિચાતુર્ય કરવા માટેની કસોટી કોયડો,આ કસોટી-કોયડાને ઉકેલવા બુદ્ધિ  વાપરવાની સમજવાની ખણખોદ, બુદ્ધિમાંથી શોધી ખોદીને મેળવવું તે,આ ખાંડવાના શારીરિક શ્રમ કરતા બુદ્ધિચાતુર્યની કસોટી પ્રત્યુત્પન્નમતિથી તાત્કાલિક જોડી પ્રયોજી દેવુ તે ‘ખાંયણામાં’ જોઈ શકાય છે.
- ગીતમાં કોયડા કે સમસ્યા મૂકી ગવાતું લોકગીત ( આ પ્રકારનાં ગીતો, રાસડા, લગ્નગીત ભવાઈ વગેરેમાં મળે છે.)

‘લોકસાહિત્ય-વિજ્ઞાન’ પુસ્તકમાં હસુ યાજ્ઞિકે લોકગીત વિશેનું વર્ગીકરણ આ રીતે આપેલું છે.‘ગુજરાતી લોકગીતોના વર્ગીકરણ’ ની દષ્ટિએ બે પ્રકાર મુખ્ય છે.

૧. જીવનચક્ર અંતર્ગત ગવાતી રચનાઓ.

૨.ઋતુચક્ર અંતર્ગત ગવાતી રચનાઓ.[૮]

**૧.જીવનચક્ર અંતર્ગત લોકગીતો :**

કોઈપણ વ્યકિતનું જીવન જન્મ સાથે આરંભાય અને મૃત્યુ સાથે એનું ચક્ર પૂર્ણ થાય છે.જન્મથી માંડીને મૃત્યુ સુધીની જીવનચક્રની યાત્રામાં જે ગીતો સંકળાયેલાં છે તેમાં-

- સંસ્કાર વિધિવિષયક ગીતો.
- વયના વિવિધતબક્કા સાથે સંકળાયેલા ગીતો મુખ્ય છે.

- **સંસ્કાર ગીતો -**

નવજાતનું વયના વિવિધ તબક્કે સાંસ્કૃતિક રૂપનું ઘડતર કરવા માટે ભારતીય આર્ય સંસ્કૃતિએ શતવર્ષીય આયુષ્યને બ્રહ્મચર્યાશ્રમ,ગૃહાશ્રમ,વાનપ્રસ્થ અને સંન્યાસના મુખ્યચાર તબક્કામાં વહેચ્યું છે. એની સાથે મુખ્ય ૧૬ સંસ્કારો સંકળાયેલા છે.જેમાં- ૧.ગર્ભાધાન. ૨.પુસવન અને અનવલોપન ૩.સીમન્તોન્નયન ૪.અનવલોચન ૫.જાતકરમ ૬.નામકરણ ૭.અન્નપ્રાશન ૮.કર્ણવેધ ૯.સંક્રમણ ૧૦.ચૌલ ૧૧.ઉપનયન ૧૨.સમાવર્તન ૧૩. વિવાહ અને અંતે સંત્યેષ્ટિ વગેરેનો સમાવેશ થાય છે જીવનના ચાર આશ્રમની સાથે સંકળાયેલા વિધિઓ સાથે ગવાતાં ગીતને સંસ્કારગીત કહેવામાં આવે છે.સંસ્કારનો અર્થ જ જે કુદરતી રૂપ-રંગ-આકાર-વિકારમાં હોય તેને સંસ્કારવું સરખું કરવું,ઈચ્છિત રૂપમાં વળાતું નિશ્ચિત એવો આકાર આપવો.

મોટાભાગના સંસ્કાર શિશુઅવસ્થા, બાલ્યકાળ અને યુવાવસ્થાની સાથે સંકળાયેલાં છે.આરંભનાં સંસ્કારો ઈન્ફન્ટ એન્ડ ચાઈલ્ડ કેરના છે.અમુક સમય સુધી માથાના વાળ વધારવા જેથી તેનું રક્ષણ થાયે.નિશ્ચિત સમયે કુટુંબને લઈને કુળદેવ-કુળદેવીનાં સ્થાનકે જઈ વાળ વડાં કરાવવાં, બાળકને અમુક નિશ્ચિત સમય સુધી પેય જ આપી અન્નપ્રાશન કરાવવું,પ્રથમ તબક્કે જ ઘરની બહાર લઈ જવું, નિશાળે બેસાડી શિક્ષણ અપાવવું આ બધી જ પરંપરાની પાછળ બાલશિશુ ઉછેરનું પુત્રી, શિષ્ય,વગેરે તરીકે કેમ વર્તવું, રહેવું તેનું અસંપ્રજ્ઞાત રૂપે જ્ઞાન આપી સંસ્કારનું ઘડતર કરે છે.આ જ કાર્ય લગ્ન સંસ્કારમાં પાંત્રીશેક જેટલી પેટાવિધિઓ અને તેમાં ગવાતાં ગીતો કરે છે.જે જમાનામાં શાળા-મહાશાળાનું શિક્ષણ ન હતું કે અલ્પ હતું એ જમાનામાં વિધિઓ અને ગીતોનું સ્થાન પ્રમાણમાં ઓછું કે લુપ્ત થયું છે. ત્યારે પણ ભાષા સંસ્કૃતિ તો છે જ, ને એમાં લોર રૂપે આ બધું સંક્રમિત થતું રહે છે.

આજે કે અગાઉ  પણ સોળ સંસ્કારોની સમાજનાં બધા જ એકમોમાં વિધિઓ થતી નથી. પરંતુ છઠ્ઠી, નામકરણ, કેશમુંડન,જનોઈ,લગ્ન ,સીમંત વગેરેની સાથે તો આજેય પણ કેટલીક વિધિઓ અને ગીતોના સ્થાન રહ્યાં છે.લગ્નવિધિમાં કંકોતરી મંડપ, પ્રભાતિયાં, સાંજી,ઊકરડી, ગણેશ, માટલી, ગોત્રજ,મામેરું,મીંઢળબંધન, પીઠી, ગ્રહશાંતિ, સાંતક, મંડપારોપણ, ગાર, વડી, ફુલેકુ, વરઘોડો, વરયાન, સામૈયુ, અલવુચલવું, તોરણ વરપોંખણું,માયરું,હસ્તમેળાપ,ચોરી,કલવો,તેલ સીંચન,માથુ ગૂંથવું, ભાણે બેસાડવું,પૂરત,પહેરામણી,મા માટલું,કુમકુમ થાપા, કન્યા વિદાય, વરવધૂ પોખણું, ગોત્રજ પ્રવેશ, પૂજન,કૌડી,કૈડો,દશૈયું મુખ્ય છે. એ પછી પહેલું આણું, જિયાણું,સીમન્ત વગેરે માટેના વિધિઓ ઉપચારો થાય છે અને તે નિમિત્તનાં ગીતો ગવાય છે.આમાં મહત્ત્વનો પ્રકાર ફટાણાંનાં ગીતો છે. જેનો હેમચંદ્રાચાર્યે પણ ‘વિનોદગીત’  તરીકે ઉલ્લેખ કર્યો છે.

- **વયના વિવિધ તબક્કા સાથે સંકળાયેલાં ગીતો-**

જીવનચક્રની સાથે સંકળાયેલા લોકગીતોના બીજા પ્રકારમાં વયની સાથે  સંકળાયેલી ગીત રૂપ રચનાઓનો સમાવેશ થાય છે. આવી રચનાઓમાં બાલકિશોરનાં જોડકણાં, વરત,ઉખાણાં,વિવિધ પ્રકારની રમત ગમતના ગીતો વગેરેનો સમાવેશ થાય છે.કુવારિકા અને પરણિતાઓના વ્રતાદિનો સંબંધ પણ મુખ્યત્ત્વે તો જીવનચક્રની સાથે જ ગણાય.એ દષ્ટિએ રાસ-રાસડા, રમતગીતો વગેરેને જીવનચક્ર અંતર્ગત ગવાતી રચનાઓમાં થઈ શકે

**૨.ઋતુચક્ર અંતર્ગત ગવાતી રચનાઓ -**

ઋતુચક્ર સાથે જ આપણું જીવન,એની આજીવિકાની પ્રવૃત્તિ,ધાર્મિકપર્વ,સામાજિક પ્રસંગો વગેરે ગોઠવાય છે. આષાઢી બીજથી વધામણાં થાય  ને સાથે જ ભક્તિ શ્રદ્ધાનાં ગીતો આરંભાય.શ્રાવણમાસમાં કુંવારિકાઓ અને પરણિતાઓનાં વ્રતો, સાતમ-આઠમના મેળા અને કૃષ્ણ જન્મોત્સવ આવે.ભાદરવે આરંભે પિતૃશ્રાદ્ધને અંત ભાગે ફરી મેળાઓ. આસોમાં નવરાતના પૂજન, દશેરા, શરદ પૂનમ,ને પછી વાઘબારસ, ધનતેરસ, કાળીચૌદસના મહોત્સવોના પાંચ દિવસો, કારતકી પડવે બેસતું વર્ષ ને દેવઊઠી અગિયારસથી માગશર સુધીના સામાજિક ઉત્સવો,વિવાહદિનાને શિયાળુ  પાક લેવાનો થાય ત્યારે ફરી કમૂરતા,ધાર્મિક-સામાજિક કાર્યો મોકૂફને મકરસંક્રાતિએ નવન્નમાં પૂજન, વળી

પાછું સામાજિક કાર્યોના પ્રવૃત્તિ ચક્રનો આરંભ ને ફાગણ  ફોરતાં તો પાછો ગીતોત્સવ, રસોત્સવ,ઉનાળુ આગમને વૈશાખના મધ્યભાગે કૃષિ કાર્યમાં ફરી પોરો ખાવાનો આવે. ચૈત્ર વૈશાખમાં પારાયણ ચાલે. રામકથા-કૃષ્ણકથાને ઉષાકથાના  અલૂણાવ્રતને ઉનાળો ઉતરવાનો  થાય કે કૃષિની  તૈયારીને વર્ષાના વધામણાં અષાઢી બીજે જગન્નાથજી રથે ચડી નજરની યાત્રાએ!

આમ જ જીવનચક્ર અનેઋતુચક્રના આરાઓ આપણી લોકપરંપરામાં સામાજિક આર્થિક આજીવિકા વિષયક  કામગીરીમાં પરસ્પર સંકળાતા ચાલ્યા આવે છે જેમની આજીવિકાનો સીધો સંબંધ કૃષિને બદલે વન કે સમુદ્રની  સાથે છે એમના પણ જીવન ઋતુચક્ર સાથે  જ ગોઠવાય છે.આમાં ઋતુચકની સાથે  જ મેઘનાં મનામણાં- રીસામણાં-રીઝવણાંનાં ગીતો,આબાવાણી-ભામણી જેવાં સામુદ્રિક આજીવિકાનાં શ્રમસંલગ્નગીતો દુકાળ,ભવાઈ,કથાપારાયણ,નવરાત ગરબા, જાગરણના રાસગરબા, હોળી ગીતો, બારમાસી વગેરે સંકળાયેલા છે.

આમ,જીવનચક અનેઋતુચક્ર એવા બે મુખ્ય  આટલા પ્રકારો સ્વરૂપો જોવા મળે છે.

૧.લગ્નગીત  ૨.સીમંતગીત ૩.હાલરડાં ૪.રમત-ગમતગીત ૫.ગરબા ૬.રાસ-રાસડા ૭.કથાગીત ૮.ગીતકથા ૯.શ્રમગીતઃ ભામણી, અબાવાણી, વાવણી, લણણી, સડક બાંધતાં, વાટ કાપતાં ૧૦.ખાયણાં ૧૧.દર્દ, રોગ  નિવારક  ગીત મંત્રાદિ ૧૨.ઋતુગીત, બારમાસી, તિથિ,હોળી ગીત ૧૩. અંત્યેષ્ટિ સંલગ્ન  રાજિયા, મરશિયા.

આ પ્રકારો તથા વિષયની  દષ્ટિએ પેમગીત,હાસ્ય-મજાકનાં ગીત, જેમાં વ્યસન, માંકડના ઉપદ્રવના ત્રાસ, કજોડાં,ડીંગ વગેરે પ્રકારોનો સમાવેશ થાય છે. ને આ ઉપરાંત પશુ-પક્ષી-ગીત, ઘંટી ગીત, જળાશયનાં ગીત, ભક્તિ ગીત, ધૂન, પ્રભાતિયા, વીરગાથા, નાટયગીત, ચરખાગીત,વાઢગીત,જન્મોત્સવ વધાઈ ગીત વગેરે પણ પ્રકાર જૂથ પ્રમાણે વહેંચી શકાય.આ બધા ગીતોમાં લગ્નગીતોનું વૈવિધ્યવિશેષ જોવા મળે છે.

## ૩.૧.૪ લગ્નગીતનું સ્વરૂપ :

લગ્ન એ જીવનનો એક સંસ્કાર છે.જે જીવનના અતિમહત્ત્વનો અને આનંદાયી પ્રસંગ છે.આ પ્રસંગ હૃદયની લાગણીઓને વ્યક્ત કરવાનો પ્રસંગ છે.આ લાગણીઓ,ઊર્મિઓ લગ્નગીતો દ્વારા વહે છે.જેથી વાતાવરણ જીવંત અને આનંદમય બને છે.

લગ્નગીતોની અંદર પ્રજાનું માનસ પ્રગટ થાય છે.તેની અંદર એક પ્રકારની હલક,મીઠાશ અને શબ્દોની સરસ ગોઠવણ જોવા મળે છે.હાલના સમયે ફિલ્મીગીતોનું ચલણ વધવાથી લગ્નગીતોનું મહત્ત્વ ઘટવા લાગ્યું છે.લગ્નગીતો ખાસ કરીને હવે આપણને સાંભળવા મળતા નથી.કેટલાક લોકો પૈસા આપીને લગ્નગીતો ગાનાર ટુકડીઓને બોલાવતા હોય છે.તેમ છતાં હજુ પણ એવા ગામડાઓ છે કે જ્યાં લગ્નગીતો તેના મૂળ સ્વરૂપમાં એના અસલ ઢાળ,લય અને લહેકા સાથે ગવાય છે.

લગ્ન એટલે બે આત્માઓનું અગ્નિની સાક્ષીએ એક થવું.જીવનભર સુખદુઃખમાં સાથે જીવવાના કોલ અપાય છે.આ પ્રસંગે જે લગ્નગીતો ગવાય છે તેનાથી વાતાવરણમાં આનંદ અને ઉલ્લાસના હિલ્લોળા લહેરાય છે.યુવાન સ્ત્રીઓ પોતાના મધુર અને સુરીલા કંઠથી લગ્નપ્રસંગને જીવંત બનાવી દે છે.લગ્નની વિવિધ વિધિઓમાં જુદાં જુદાં લગ્નગીતો દ્વારા પ્રસંગને વધારે આનંદમય બનાવવામાં આવે છે.આવા લગ્નગીતોથી લગ્નનો સંસ્કાર મંગલમય બની જાય છે.લગ્નની તમામ વિધિઓ પ્રમાણે લગ્નગીતો ગવાય છે.

લગ્નગીતોમાં ફટાણાંની આગવી મજા હોય છે.ફટાણાં વગર લગ્ન સૂના સૂના લાગે. ફટાણાં એ લગ્નગીતોની સમૃદ્ધ પરંપરા છે.ફટાણાં દ્વારા વરને તેમજ તેના માતા પિતાને ગાળોની ફીટકાર વરસાવવામાં આવે છે.આ પ્રસંગે ગાળો પણ મીઠી લાગતી હોય છે.આ ગીતોમાં અશ્લીલ કે બીભત્સ વિગતો હોય છે એમ કેટલાકનું માનવુ ંછે.પરંતુ સાવ એવું નથી.એમાં નક્કર વાસ્તવને હાસ્ય - વિનોદના માધ્યમ દ્વારા પ્રગટ કરવામાં આવે છે.

સંસ્કૃત ધાતુ (સ્ફુટ)ના અર્થાનુસાર ખુલ્લં ખુલ્લી રીતે સ્પષ્ટ કરવું એવો પ્રચલિત સંદર્ભ ‘ફટાણાં’ સંજ્ઞા સાથે બંધ બેસે છે.સંસ્કૃત ધાતુ ‘સ્ફુટ’ ના અર્થાનુસાર લુચ્ચો છેતરનારો સંદર્ભ ફટાણાં જેને માટે ગવાય છે એ છેતરનાર છે.એમ પ્રાચીન ધારણા ભળેલી દષ્ટિગોચર થાય છે.આવા પ્રાચીન સંસ્કૃત સંદર્ભોની સાથે ‘ફટાણાં’ ને સાંકળી શકાય.લોકચિત્તમાં ફાટ

શબ્દનો અર્થ અભિમાન-દર્પથી છલકાતા એવો થાય અને જેમ "હાટમાંથી હટાણું એમ ફાટથી ફટાણું" શબ્દ પ્રચલિત બનેલ હશે.ફટાણું એ એક પ્રકારનું જોડકણું લોકગીત છે.એમાં પાત્ર પરિસ્થિતિનુસાર ખૂબ બધું બદલાતું રહે છે અને ભળતું રહે છે.એ રીતે ફટાણાં લોકગીતનો વિશિષ્ટ પ્રકાર છે.[૯]

પ્રેમ વરસાવતા ફટાણાં  ખૂબ અનુકૂળ રહે છે.તેમ જ જાનૈયાઓને ફટાણાં સાંભળવાથી મનોમન આનંદનો ભાવ થાય છે.હકીકતમાં ફટાણાં એ અશ્લીલ નથી.આજના કહેવાતા સુધરેલા સમાજમાંથી ફટાણાં લુપ્ત થયા છે.પણ ફટાણાં દરેક સમાજની અંદર ગવાતા હતા.

ફટાણાંથી સામાપક્ષની સહનશક્તિનો ખ્યાલ આવે છે.આમ ફટાણાં પાછળ લોક મનોવિજ્ઞાન નિહિત છે.ફટાણાંમાં આનંદ ઉલ્લાસની પરાકોટિ હોય છે.જ્યારે આનંદ પ્રમોદ માટે કોઈ માધ્યમ ન હતા ત્યારે ફટાણાં દ્વારા આનંદ મેળવાતો.કન્યાવિદાય જેવા કરૂણ પ્રસંગને પણ ફટાણાં ગાઈને હળવો બનાવી દેવામાં આવતો.આમ ફટાણાંને વિનોદગીતો કે નર્મમર્મ પરિહાસનાં ગીતો એવી સંજ્ઞા મળી છે.ફટાણાં જુદીજુદી વિધિ વખતે ગવાતાં.આમ તેમાં વિવિધતા અને વિપુલતા પણ છે.ફટાણામાં અશ્લીલ માગણીઓ પણ કોઈ કાળે થઈ હશે.તેમ છતાં જુદીજુદી ભાષામાં આપણને મળે છે.વર તેમજ તેના માતા પિતાને મજાક-મશ્કરી દ્વારા વિનોદ હાસ્ય ઉત્પન્નના પાત્રો બનાવવામાં આવે છે.ફટાણાંમાં વિવિધ બોલીઓ,માન્યતાઓ,પ્રજા માનસ અને તેની ખાસિયતો સાથેસાથે પરંપરા પણ નિહિત હોય છે.તેથી તે લોકમાનસ અને લોકસંસ્કૃતિનું ઉદાહરણ બની રહે છે.

લગ્નપ્રસંગમાં ગવાતા આ લગ્નગીતો ફટાણાં,વિવિધ રિવાજો પ્રસંગો વગેરેનું મહત્ત્વ પ્રસ્થાપિત કરી આપે છે. ઉપરાંત સૌંદર્ય,સુખી દાંપત્યનો સંદેશ,સંસાર વ્યવહાર, લોકજીવનમાં મજાક, હાસ્ય વગેરેનું દર્શન કરાવે છે.લોકગીતોમાં એક રીતે લગ્નગીતો વધારે પ્રમાણમાં હશે એવું કહી શકાય.લગ્ન એ સામાજિક પ્રસંગ હોવાથી તેમાં સમાજની સારી નરસી બાબતોનું આલેખન આવવાનું જ.એક રીતે સમાજની તાસીર એમાંથી ઉપસે છે એમ કહી શકાય.

### ૩.૧.૫ લગ્નગીતોના પેટા પ્રકારો :

૧.ગણેશના ગીતો

૨.સાંઝીનાં ગીતો

૩.વેવિશાળ ( નાળિયેર સ્વીકારવાનું ) સાંઝીનાં ગીતો

૪.મામેરાનાં ગીતો

૫.માંડવાના ગીતો

૬.ચાક વધાવતી વખતનાં ગીતો

૭. ફૂલેકાના ગીતો

૮.ઉકરડી નોતરવાનાં ગીતો

૯.પીઠી અને જડ વાસવાનાં ગીતો

૧૦.જાન ઉઘલવાનું ( પરણવા જતી વખતે) ગીત પોખણું

૧૧.માયરા અને ચોરીફેરાનાં ગીતો

ફટાણાં કંસાર જમતા,જાન જમતાં હરિયાળીનું ગીત,જાન જમતાં ફટાણાં,કન્યા વિદાયનાં ગીતો.

આવા પ્રકારના લોકગીતોમાંથી માનવજીવનનો કેન્દ્રસ્થ પ્રસંગ હોવાથી લોકઊર્મિ, લોકછબિ, લોકસંસ્કૃતિનો તાગ મેળવવો શક્ય છે. અહીં ચૌધરી ભાવસ્પંદનોને, માનસને, સંસ્કૃતિને યથા શક્ય પ્રગટ કરવાનો ઉપક્રમ છે.

## ૩.૨. ચૌધરી સમાજમાં ગવાતા  લોકગીતો :

### ૩.૨.૧ સગાઈવિધિ

#### ➢ માજ્જો ( વચેટિયો માણસ ) :

'માજ્જો' એટલે - પરણવાલાયક છોકરા છોકરી વચ્ચે સબંધ જોડી આપનાર - વચ્ચેનો માણસ.મોટેભાગે તે છોકરાના ગામનો હોય છે અને છોકરીનો પણ સગાસબંધી હોય છે.પોતાના પરિચિત અને સંસ્કારી એવા કોઈ છોકરાના મા-બાપ છોકરાને પરણાવવા માગે છે;એ વાતની જાણ થતા તે છોકરાના ઘરે જઈ,પોતાના સગાસબંધીની છોકરીના દેખાવથી લઈને,તેનો સ્વભાવ,અભ્યાસ તેમજ કુટુંબના વંશવેલા વિશેની વિગતે માહિતી આપે છે.આ ઉપરાંત, છોકરાના કુટુંબીજનો પણ - છોકરીના પરિવારથી પરિચિત હોય એવા- પોતાના સગા સબંધીઓ પાસેથી છોકરીના પરિવાર વિશેની વિસ્તૃત માહિતી મેળવી લેતા હોય છે.જેમકે,જે પરિવાર સાથે સબંધ બંધાવાનો છે તે પિતરાઈ ગોતરાઈ ના સબંધમાં તો નથી આવતો ને ? તેમને વારસાગત રોગો જેવા કે કૃષ્ટ રોગ,સફેદ કોઢ,વાઈ ફેફઢં જેવા રોગો તો નથી ને ? વગેરે બાબતો જાણી લેવામાં આવતી હોય છે.

છેલ્લે,કુટુંબ માનપાનવાળું છે એટલે છોકરી પણ સારી હશે એવી ખાતરી થતા,છોકરો તેના મિત્રો કાં તો વડીલો સાથે  છોકરી જોવા જાય છે.

#### ➢ છોકરી જોવા જવાનું :

છોકરો જોવા આવે ત્યારે છોકરીને સાડી પહેરાવીને તૈયાર કરાવવામાં આવે છે.છોકરી મહેમાનોને પાણી આપવા નીકળે ત્યારે જેની જોડે સગાઈ થવાની હોય તે છોકરાને પહેલા પાણી આપે છે અને પછી બીજા લોકોને આપે છે,આ જ પ્રમાણે તે તેમને શરબત કે ચા પણ પીવડાવે છે.આ સમય દરમિયાન બંનેએ એકબીજાને જોઈ લેવાના હોય છે.ત્યારપછી માજ્જો છોકરાને છોકરી ગમે છે કે કેમ ? તે પૂછે છે.જો છોકરો 'હા' પાડે તો છોકરીને છોકરા અંગે પૂછવામાં આવે છે.જો બેમાંથી એક પણ 'ના' પાડી દે તો અહીંથી જ વાત અટકાવી દેવામાં આવે છે.આમ બંનેની 'હા' હોય તો જ વાત આગળ ચાલે છે.જો બંનેની સમંતિ હોય ત્યારે છોકરીના કુટુંબીઓ છોકરાનું ઘર જોવા કયા દિવસે આવશે તે નક્કી કરી લેવામાં આવે છે.

## ➢ ખરજીને ખાણે જાવાણઅ્ : ( છોકરાનું ઘર જોવા જવાનું )

નક્કી કરેલ દિવસે છોકરીના મા-બાપ,ફળિયાના વડીલો તેમજ ગામનાં બે પાંચ પંચો મળીને છોકરાનું ઘર ( માલ મિલકત ) જોવા માટે આવે છે.આ દિવસે છોકરાવાળા તેમની આગતા સ્વાગતા કરી રસોઈ બનાવીને જમાડે છે.તેઓ છોકરાના ઘરની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ તેમજ આજુબાજુનાં ફળિયાનું વાતાવરણ વગેરે જોઈને કન્યાનું સગપણ નક્કી કરતા હોય છે.જેમકે,આર્થિક બાબતમાં જમીન,ઢોર ઢાંખર કે નોકરી ધંધા વિશે તેમજ સામાજિક બાબતમાં ઘરમાં કેટલા માણસો છે,ભાઈ બહેન કેટલાં છે,કુટુંબમાં સૌનો સ્વભાવ કેવો છે વગેરે બાબતો તેઓ જાણી લે છે.જો આ બધી બાબતો તેમને સંતોષજનક લાગે ત્યારે સગાઈનો દિવસ નક્કી કરવામાં આવે છે.આ પ્રથાને ‘ખરજીને ખાણે જાવાણઅ્’કહેવામાં છે.

ચૌધરી સમાજમાં ‘ખંદાડ પ્રથા’ પણ અસ્તિત્વ ધરાવે છે.જેમાં ખંદાડ તરીકે આવનાર છોકરો છોકરીનું ઘર જોવા માટે જાય છે.જો તેને છોકરી,તેનું ઘર વગેરે પસંદ પડે તો તે ખંદાડ તરીકે આવવા માટે ‘હા’ પાડે છે,અને તેમની સગાઈ નક્કી કરવામાં આવે છે.ઘર જમાઈ તરીકે આવનાર છોકરાને **ખંદાડિયો** કહેવામાં આવે છે.

## ➢ સગાઈનું આમંત્રણ આપવું :

સગાઈમાં આવવા માટે સૌ સગા-સબંધીઓ અને ફળિયાના લોકોને આમંત્રણ આપવામાં આવતું હોય છે.આ માટે પરંપરાગત રીતરસમ મુજબ સગાઈના આગલા દિવસે છોકરા-છોકરી બંને પોતપોતાના ફળિયામાં સખી અને મિત્ર મંડળ સાથે મળીને,ઘરેઘર જઈ ‘કાને પીઅણામાં આવજા’ ( કાલે સગાઈમાં આવજો ) કહીને સગાઈમાં આવવવાનું આમંત્રણ આપે છે; જ્યારે ગામના વડીલો,સમાજના મોભી તેમજ પરગામમાં રહેતા સગાસબંધી વગેરેને આમંત્રણ આપવા માટે કુટુંબના વડીલો રૂબરૂ જાય છે.જો કોઈના ઘરે આમંત્રણ આપવાનું રહી જાય તો તે ઘરના સભ્યો સગાઈમાં આવવાનું ટાળે છે.

દશકાઓ પહેલાની વાત કરીએ તો છોકરા છોકરી સગાઈમાં આમંત્રણ આપતી વખતે,ફળિયાના દરેક ઘરે જઈ,તેમને સગાઈમાં આવવાનું કહી,ઘરના ઉંમરા પર હળદર મિશ્રિત ચોખા મૂકી જતા.જો કોઈ ઘરના સભ્યો એ સમયે હાજર ના હોય,તોપણ નોતરાંના

આ ચોખા જોઈને તેમને સગાઈ માટે કોઈકનું નોતરું આવ્યું છે એ વાતનો ખ્યાલ આવી જતો,ને તેઓ પડોશીઓ પાસેથી કોનું નોતરું આવ્યું છે તે જાણી લેતા.

તેવી જ રીતે કુટુંબના વડીલો બીજે ગામ રહેતા સગાસબંધી કે પરિચિતોને સગાઈનું નોતરું આપવા માટે નોતરાના ચોખાને,ખાખરા કે વડના પાંદડાનું પડીકું કરીને લઈ જતા.સંજોગોવસાત જો કોઈ ઘરના સભ્યો હાજર ના હોય તો એ પડીકાને બારણાની આજુબાજુમાં ખોસી દેવામાં આવતું;તેમજ આડોશીપાડોશીઓને કયા ગામથી નોતરું આવ્યું છે તે અંગેની જાણ કરી દેવામાં આવતી.

સગાઈ કે લગ્નના નોતરામાં ચોખા વેરવાની આ પ્રથા તો હવે ભૂલાઈ ગઈ છે.આમ છતાં ઘરેઘર જઈ ભાવભીનું શાબ્દિક આમંત્રણ અપાતું હોય,ગામલોકો તેમજ સગાસબંધીઓ મોટી સંખ્યામાં - પોતાના કામકાજ પડતા મૂકીને - ઉપસ્થિત રહેતા હોય છે.

- **સગાઈ કરવા માટે જાન લઈને જવું :**

સગાઈના દિવસે લાડો જાન લઈને લાડીના ઘરે જાય છે,તેથી લાડાના ઘરે ખાસ કોઈ તૈયારી કરવાની હોતી નથી.નક્કી કરેલા સમય મુજબ આમંત્રિત ગામલોકો અને સગા સબંધીઓ લાડાના ઘરે આવી જાય છે.ત્રણ ચાર દાયકા અગાઉ લાડો અને તેની જાન ચાલતી જ લાડીના ગામ સુધી જતી હતી.આજે હવે તો લાડા માટે મોટરકાર અને જાનૈયાઓ માટે ટેમ્પો કે બસ વગેરે વાહનો ભાડે કરવામાં આવે છે.જાન નીકળતા પહેલા આ વાહનોને કંકુ ચોખાથી વધાવવામાં આવે છે.

## ૩.૨.૨ સગાઈ ગીતો :

હાલના સમયમાં આ સમાજમાં સગાઈ ગીતોનું ચલણ નહીવત જેવું થઈ ગયું છે.તેથી અહી આપણે સમયના એક એવા તબક્કાને લઈને ચાલીશું જે દરમિયાન ગીતોની મોસમ પૂરબહારમાં ખીલેલી હતી.આમ અહીં,એ સમયગાળાનું કોઈ એક પીઅણું આપણી નજર સમક્ષ પીવાય રહ્યું છે અને તેના ગીતોની રમઝટ જામી છે એવું દશ્ય ખડું કરવા માટેનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.તો માણીએ આવા એક પીઅ્ણાને,-

## ➢ જાન માંડવામાં આવીને બેસે તે વખતે ગવાતા ગીતો :

વરપક્ષવાળા લાડીના માંડવામાં આવીને બેસી ગયા છે.કન્યાપક્ષની સૌને પાણી કે શરબત વગેરે આપી રહી છે ( આજે લાડી પોતે લાડો અને તેના સાથીઓને પાણી આપે છે,પણ એ સમયે લાડી પાણી આપવા માટે ઘરની બહાર નીકળતી નહોતી). બંને પક્ષની બહેનો ગીતાયરીઓએ સામસામે - પોતાની વિરીધીઓનો અવાજ દબાય જાય એવા મોટા સાદે- સગાઈ વિધિના ના ફટાણા ગાવાનું શરૂ કરી દીધું છે.

પોતાને મનગમતી લાડી મળવાનો હરખ મંછી લાડાના મનમાં સમાયે સમાતો નથી.તેથી વાતવાતમાં તે મલકાઈ રહ્યો છે.આ જોઈને લાડીની ગીતાયરીઓ લાડા પર પોતાનું નિશાન સાધે છે.તેઓ મંછીને બધાની વચ્ચે છોભીલો પાડી દેવા માટે નીચેના ગીતને વહેતું મૂકે છે,-

“ ના હા કવાયડઅ, ના હા કવાયડઅ,પાછઅ જે કવાયડઅ

મંછા લંઅડે ના,હા કવાયડઅ,

આમારે બેના,આમારે બેના ગમી જે ગની રા,

મંછા લંઅડા પાછઅ કવાયડઅ..”

આમ તેઓ કહે છે કે,‘અમારી હીનાએ તો મંછી સાથે સગાઈ કરવાની ના પાડી હતી,પણ શું કરે ? મંછીને અમારી હીના એટલી ગમી ગઈ હતી કે તેણે ફરીફરીને પૂછાવ્યા કર્યુ ! ( એટલે અમારી હીનાએ લાંબો વિચાર કરીને છેવટે હા પાડી દીધી.)’આમ કહીને તેઓ લાડાને એ વાતનું સૂચન કરવા માગે છે કે,‘તારા કરતા અમારી લાડીનું પલડું ભારે છે એટલે તું વધારે ખુશ ના થઈશ !’ – તેમના આ ગીતની પાછળ એક સામાજિક સંદર્ભ રહેલો છે.કેટલીક વાર એવું બનતું હોય છે કે કોઈ છોકરાનું માગું આવે ત્યારે છોકરી છોકરો ના ગમવાના કારણે તેને ‘ના’ પાડી દેતી હોય છે,પણ છોકરાને એ જ છોકરી ગમતી હોય ,છોકરાના મા- બાપ માજ્જાને કે બીજા સબંધીઓને છોકરીના ઘરે મોકલીને,( છોકરો અને તેનું ઘરબાર સારું હોવાના કારણે ) છોકરી અને તેના કુટુંબીજનોને સમજાવી-મનાવી લેતા હોય છે,ને આમ બધાની સમજાવટને અંતે છોકરીને સગાઈ માટે ‘હા’ પાડી હોય ત્યારે

સગાઈ ટાણે આ ગીત ધારધાર રજૂઆત પામતું હોય છે.જો કે આ મુજબનો પ્રસંગ ન બન્યો હોય તોપણ લાડાને ફટ્ કહેતું આ ગીત સગાઈ ટાણે અચૂક રીતે ગાવામાં આવતું હોય છે.

લાડાની આવી ઠેકડી ઉડાવાતી હોય તે તેની ગીતાયરીઓ કેવી રીતે સાખી લે ! હીનાએ ભલે પહેલા ના પાડી દીધી હોય,પણ પાછળથી તેને પણ દેખાવડા કે સારું ઘરબાર ધરાવતા મંછી સાથે પરણવાનું મન થયું હશે એટલે જ તો તેણે હા પાડી ને ! અને આજનો આનંદ તો હીનાના હૈયામાં પણ સમાયે સમાતો ન હશે,આ વાતને લાડાની ગીતાયરીઓ જાણે છે.એટલે તરત તેઓ ઉપરના ગીતના શાબ્દિક પ્રતિકાર રૂપે નીચેનું ગીત રજૂ કરે છે,-

" હારો બાયો દેખીને તોરાલી કાય યે હીના,

વાય વાય ડોલા ઉછાલે,

હારો હવેલો દેખીને રંગાલી કાય યે હીના,

વાય વાય ડોલા ઉછાલે.."

આમ,'સારો વર અને હવેલી (સારું ઘરબાર) જોઈને 'તોરાલી અને રંગાલી' હીના તેની સખીઓને આંખ ઉલાળી રહી છે.' તોરાલી એટલે તોરવાળી, મિજાજી;અને રંગાલી એટલે રંગીલી,મોજીલી.આવો સ્વભાવ ધરાવતી હીના સારો વર મળ્યાની ખુશીમાં આંખ ઉલાળી રહી છે.કારણ કે,પોતાના મિજાજને છાજે તેવા મોજશોખ પૂરા કરવા માટે તેને જેવા સાસરીયાની જરૂર હતી એવું તેને મળી ગયું છે.

પોતાને આવો વળતો જવાબ મળતા,લાડીની ગીતાયરીઓ લાડાની ટીખળ કરતું; આગળના ગીતના ભાવને વધારે ઘૂંટીને રજૂ કરતું નીચેનું ગીત વહેતું મૂકે છે,-

"આવી આવીને સીદો રસ્તો પાડી દેનો રા મંછા,

નાય આખે આમે બેના નાય માને રા મંછો,

આવી આવીને સીદો રસ્તો પાડી દેનો રા મંછા,

નાય આખે આમે બેના રડી દેખાડે રા મંછો.."

આ ગીતમાં હીના માટે પ્રેમઘેલા બનેલા મંછીની ટીખળ કરતી ગીતાયરીઓ કહે છે કે,ઢ મંછી તેં તો હીનાના ઘરે આવીઆવીને **સીધો રસ્તો** ( વારંવાર આવવું ) પાડી દીધો.તને અમારી હીનાએ (કેટલીય) ના પાડી તોયે તું માનતો નથી ! ને હીનાની સામે રડી બતાવ્યા કરે છે ! ( આજે પણ તું બધાને લઈને દોડી જ આવ્યો ! )' આમ અહીં લાડી પ્રત્યે લાડાનું પ્રેમઘેલું વર્તન બતાવીને તેની ટીખળ કરવા માટે લોકભોગ્ય અતિશ્યોક્તિ અલંકારનો ઉપયોગ થયો છે.

બીજીતરફ હીનાને પણ મંછી તો ગમે જ છે માટે,એકલા મંછીને જ હીના આટલી હદે ગમે છે એવી એકતરફી વાતમાં દમ નથી.એટલે લાડાની ગીતાયરીઓ ઉપરના ગીતની સામે નીચેનું ગીત રજૂ કરે છે,-

" હારો ફાયો દેખીને હીના રાજી યે રાજી,

મંછી નાય નાય આખે યે હીના રડે યે રડે,

મોટો હવેલો દેખીને હીના રાજી યે રાજી,

મંછી નાય નાય આખે યે હીના રડે યે રડે,."

આમ અહીં તેઓ કહે છે કે, 'દેખાવડો લાડો અને સારું ઘરબાર જોઈને હીના મનોમન રાજી તો થાય છે,પણ મંછી તેને પરણવાની ના પાડે છે એટલે તે રડી રહી છે.' આમ તેઓ સામાપક્ષને કહેવા માગે છે કે,અમારો મંછી હીના જોડે પરણવા માગે છે એવું નથી,પણ હીના જ મંછીને પરણવા સારું રડીને જીદ કરી રહી છે.

- **સગાઈનું લખાણ કરતી વખતે ગવાતા ગીતો :**

એક તરફ ગીતાયરીઓ વચ્ચે ફટાણાઓની આવી **'રસાકશી'**(અહીં ચડસાચડસીના અર્થમાં ) જામી છે,તો બીજીતરફ બંને પક્ષના પાંચ પાંચ પંચોની પંગત બધાની વચ્ચે,પીઅણાની વિધિ માટે બેસી ગઈ છે.પીઅણાની વિધિ કરનાર આ પંચોને એક સમયે પીઅણાની વિધિ કરવા માટે માથે પાઘડી કે ટોપી પહેરવી ફરજિયાત હતી.અને બંને પક્ષમાંથી જો કોઈકે પાઘડી ન પહેરી હોય તો,એ પક્ષના પંચો પાસે સામે પક્ષના પંચો દ્વારા, આ ભૂલ માટે પાસે દંડ વસૂલવામાં આવતો હતો.આ પંચોમાં એવી વ્યક્તિઓ બેસતી હોય

છે,જેમનું સમાજમાં કે ગામમાં માનમોભો છે,તેમજ જેમની સમજણ,બૌધિકતા અને ઠરેલપણું ન્યાયિક અને તટસ્થ હોય.

બંને ગામના પંચોની પંગત બેસી ગઈ છે,એટલે બંને પક્ષના બે ત્રણ ભાઈઓ વરપક્ષવાળા જે ગોળધાણા લાવ્યા છે તેને ( જો ન લાવ્યા હોય તો કન્યાપક્ષમાંથી બે જણા અને વરપક્ષમાંથી બે જણા;એમ ચાર જણા સાથે મળીને ગામની દુકાને ગોળ લેવા ગયા હોત) લેવા માટે જાય છે.લાડીપક્ષના એક ભાઈ એ ગોળના ટોપલાને માથા પર મૂકીને મંડપમાં લઈ આવે છે.આ સમયે લાડીપક્ષના એક બહેન તેમને કંકુચોખાથી વધાવે છે,અને સવા પચ્ચીસ જેટલા રૂપિયા તેમના ખિસ્સામાં મૂકી દે છે, ત્યારબાદ સાથે રહેલા ભાઈઓ ગોળના ટોપલાને નીચે ઉતારીને પંચોની વચ્ચે મૂકી દે છે.

આ તકની રાહ જોઈને બેઠેલી કન્યાની નાની બહેન ચાદર લઈને ગોળ ઢાંકવા માટે ઝડપથી દોડી આવે છે.તે ગોળને ચાદરથી ઢાંકી દે છે અને પોતે પણ ઢંકાઈ જાય છે.તેને ગોળ ઢાંકવાની આ રીત માટે સવા પચ્ચીસ કે એકાવન રૂપિયા વરપક્ષ તરફથી આપવામાં આવે છે,એટલે તે ગોળ પરથી ચાદર લઈને જતી રહે છે.

ઉપરની આ વિધિ ટાણે ગોળ અંગે ટીખળ કરતી લાડીની ગીતાયરીઓ લાડાને કહે છે,-

“ પાંસેર ગુલાહાંય પંગાળ બેઠી આમે બેના નાદાન,આમે બેના નાદાન..

જા રા મંછા જા તું ગુલ નેતો આવ,ગુલ નેતો આવ..

બંડેલ બીડાહાંય પંગાળ બેઠી આમે બેના નાદાન આમે બેના નાદાન

જા રા મંછા જા તું બીડે નેતો આવ બીડે નેતો આવ,.”

આમ,તેઓ લાડાને કહે છે કે,‘આ પાંચશેર ( થોડા અમથા ) ગોળ માટે તેં આટલી મોટી પંગત બેસાડી ( તે કેમ ચાલે ) ? અમારી કન્યા તો નાદાન છે ( કઈ વસ્તુ કેટલી જોઈએ તે અંગે તેને કંઈ ખબર નથી ) ! એટલે તું જા,અને હજી બીજો ગોળ લઈ આવ !’ ને ગીત જેમ આગળ વધતું જાય છે તેમ તેઓ બીડી વગેરે વધારે પ્રમાણમાં લઈ આવવાનું સૂચન કરે છે.જો વરપક્ષવાળા પૂરતી માત્રામાં ગોળ વગેરે લાવ્યા હોય તોપણ ગીતાયરીઓ આ ગીત રજૂ કરીને લાડાની ટીખળ કરતી હોય છે.તેની પાછળ પણ એક વાજબી કારણ છે

કે,આ સમાજમાં ગોળ એ સગાઈનો પર્યાય છે.સગાઈ થઈ ગઈ એવું કહેવા માટે 'ગુલ ખાવાય ગો' ( ગોળ ખવાય ગયો ) એવો શબ્દ પ્રયોગ થતો હોય છે.એટલે સગાઈમાં ઉપસ્થિત સૌ કોઈને ગોળ મળી રહે એ જરૂરી છે.એ જ રીતે વડીલોની પગંતને,કે જેઓ તમાકુના બંધાણી છે તેમને પણ બીડી વગેરે મળી રહેવું જોઈએ.માટે તેઓ લાડાની બે ઘડી મજાક કરીનેય જરૂરી વાતનું સૂચન કરી દે છે.

તો પીઅણાની વિધિ શરૂ કરવા જઈ રહેલી આ પંગતને પોતાનું વિધિકાર્ય શરૂ કરવા દેવું છે કે નહી,તે અંગે લાડીને પોતાનો નિર્ણય જણાવી દેવાનું કહેતી તેઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

" તુલ ગમે તે,તુલ ગમે તે,પંગાડ બેસાદે આપેહે બેના,

નાય ગમે તે,નાય ગમે તે,ના પાડી દે આપેહે બેના,

તુલ ગમે તે,તુલ ગમે તે ગુલ વેસા દે આપેહે બેના,

નાય ગમે તે ,નાય ગમે તે ના પાડી દે આપેહે બેના..."

આમ લાડીને તેઓ કહે છે કે, 'જો તને આ સગાઈ મંજૂર હોય તો તું આ પંચોની પંગતને બેસવા દે,તેમજ ગોળધાણા વહેંચવા દે.પણ જો તને આ સબંધ મંજૂર ના હોય તો તું હમણાં જ ના પાડી દે.' કારણ કે પંચો,વડીલો તેમજ ગામલોકોની  હાજરીમાં એકવાર સગાઈ થઈ ગયા પછી તેને તોડવી લગભગ અશક્ય બની જાય છે.તેથી પંચોની પગંત સગાઈની રસમ શરૂ કરે તે પહેલા તેઓ લાડીને,તેની 'હા' છે કે 'ના' તે સ્પષ્ટ રીતે કહી દેવાનું જણાવે છે.

આ દરમિયાન બંને ગામના પંચો પીઅણું પીતા પહેલા ચૌધરી સમાજના બંધારણ અને રીત રિવાજ પ્રમાણે સાસુની રીત,ગીત ગાવાની રીત,ઘરેણા શું ચઢાવવા ? દહેજ રૂ.૪૫.૨૫ ( સવા પીસ્તાળીસ રૂપિયા ) વગેરે વાતો બંને પક્ષો સાંભળે એ રીતે નક્કી કરી તેનું લખાણ કરી લે છે.

હવે ભગતો દ્વારા ગોળને પૂંજવા માટે,ટોપલામાંથી થોડો ગોળ લઈ,તેને લોટામાં ઓગાળીને પીણું બનાવવામાં આવ્યું છે.મુખ્ય ભગત ગોળના ટોપલાને ચોખાની પૂંજ

મૂકી;પીણાની છાક પાડીને પૂંજે છે.આ માટે તે ખાખરાના પાનના દડિયામાં ગોળનું પીણું લઈ,તેને મંત્રોચ્ચાર કરતા જઈ ચોખાની પૂંજની બાજુમાં રેડે છે,ને પછી એ પાંદડું પણ નીચે છોડી દે છે.ત્યારબાદ બંને પક્ષના પંચોને વડ કે ખાખરાનું પાન પકડાવીને,તેમાં ગોળનું પીણું આપવામાં આવે છે.

હવે આ પીણું પીવાની રીત કરવાની હોય બંને પક્ષની ગીતાયરીઓને ફટાણા ગાવાના બંધ કરવાનું કહેવામાં આવ્યું છે.મુખ્ય ભગત ઊભો થાય છે અને બધા સાંભળે એ રીતે મોટેથી કહે છે,-

**"ફાય રોય ! ઓનાજા,**

**આજે પાંચ પાંગીયળે બેહી ગયે હા,**

**લીલે પાતરે થરી નેદે હા,**

**આજે બાંજ્જો બંધ તૂટે ની,**

**કાંકરે કાંકરે પાલ બાંદવાણી,**

**ટીપે ટીપે તલાવડી ફરવાણી,**

**હુપડા અવડા કાન કરવાણા,**

**ઘાઘરા અવડો પેટ કરવાણો,**

**હાહાહુ હુહુરોહો કહયે,**

**તીયાણે કાનો ની કરવાણો.."**

ભાષંતર : ભાઈ બહેનો વડીલો સાંભળજો.આજે પાંચ પાઘડી ( વડીલો ) બેસી ગયા છે.આજે આ બાંધેલો બંધ ( સબંધ ) હવે તૂટશે નહીં.કાંકરે કાકરે પાળ બાંધવાની,ટીપે ટીપે તળાવ ભરવાનું,સૂપડા જેવડા કાન કરવાના,ઘાઘરા જેવડું પેટ કરવાનું,સાસુ સસરા કહે તેનું ખોટું લગાડવું નહીં.

શિખામણના આ વચનો બોલીને પછી તે લાડીને પૂછે છે - 'નાડે ગમ્યં કા ? પીહ્ણઅ્ પીજે કા ? ગમ્યં હોય તે પીજે ની'તે નીલે પાતરે છોડીને ઉઠી જાજે !'

( લાડી ગમ્યું કે ? પીણું પીએ કે ?ગમ્યું હોય તો પીણું પીએ,નહીં તો લીલા પાંદડા છોડીને ઊઠી જઈએ.. )

એટલે લાડી ઘરની અંદરથી બોલે છે -'હોવે ગમ્ય ! પીણઅ પીયા !' ( હાં ગમ્યું ! પીણું પી લો ! )

એટલે હવે તેઓ લાડાને પૂછે છે,'નાડા ગમ્યં કા ? પીહ્ણઅ્ પીજે કા ? ગમ્યં હોય તે પીજે ની'તે નીલે પાતરે છોડીને ઉઠી જાજે !'

( લાડા ગમ્યું કે ? પીણું પીએ કે ? ગમ્યું હોય તો પીણું પીએ,નહીં તો લીલા પાંદડા છોડીને ઊઠી જઈએ.. )

તેના જવાબમાં લાડો પણ - હાં ગમ્યું ! પીણું પી લો ! એવું કહે છે.

આમ જવાબમાં લાડા અને લાડી તરફથી **ગમ્યં પીહ્ણઅ્ પીયા** એમ કહેવામાં આવે છે,અટલે પંચો અને વડીલો તેમને ગોળનું જે પીણું આપવામાં આવેલું તે પી જાય છે.આ રીતને **પીણઅ્ પીદઅ** કહેવામાં આવે છે,સગાઈની મુખ્ય રીત અહીં પૂરી થાય છે.

આમ,હીનાએ પીઅ્ણું પીવાની **હા** ભણી દીધી,એનો મતલબ એ થયો કે તેણે પોતાના મા-બાપ તેમજ સખીઓને છોડીને સાસરે જવા મન મનાવી લીધું છે,ને આ નિર્ણય લેતી વખતે તેણે પોતાની દોસ્તીનોય જરા વિચાર ના કર્યો ! એ વિચારે સંગાતીઓના મુખ પર ઉદાસી છવાઈ ગઈ છે.તેમના મનમાં આ એક જ ફરિયાદ ઉઠી રહી છે કે,- 'તેં પારકાંને તો પોતાના કરી લીધા પણ હવે અમારી દોસ્તીનું શું ? હવે તું તો અમને વિસરી જવાની ?' પોતાની આ મનોવેદનાને તેઓ નીચેના ગીતમાં વહેતી મૂકે છે,-

" આપે દોસ્તી બાંદેલી કાય કામ લાગી યે બેના,

તો મંછો રંગાલો તો કામ લાગો યે બેના,

આપે દોસ્તી બાંદેલી કાય કામ લાગી યે બેના,

તો દેરેહો રંગાલો તો કામ લાગો યે બેના,

આપે દોસ્તી બાદેલી કાય કામ લાગી યે બેના,

તો હાહુ રંગાલી તે કામ લાગી યે બેના,

આપે દોસ્તી બાંદેલી કાય કામ લાગી યે બેના,

તો હુહુરો રંગાલો તો કામ લાગો યે બેના.."

આમ તેઓ હીનાને ફરિયાદ કરતા કહે છે કે,- 'આપણે (જીવનભર ન તોડવાની શરતે) જે દોસ્તી બાંધી હતી,તે આજે કોઈ કામ ન આવી,પણ **તારો** આ 'રંગાલો' ( અહી,ઉડાઉ વૃત્તિનો) મંછી અને સાસુ વગેરેની વાત કામમાં આવી ગઈ.' આવી ફરિયાદ દ્વારા તેઓ હીનાને કહેવા માગે છે કે,તારા સાસરિયાઓ પર પૂરેપૂરો ભરોસો કરી શકાય તેમ નથી,છતાં તેમણે સગાઈ માટેની જે વાત ચલાવી એ તેં માની લીધી ! ને આજે તું આપણી બાળપણની દોસ્તી તોડીને એમની સાથે નવા સબંધે બંધાવા તૈયાર થઈ ગઈ ! તેથી આપણી દોસ્તી કોઈ કામ ન આવી ! આ સમાજમાં એવું પણ બનતું હોય છે કે જો મા બાપની આર્થિક સ્થિતિ નબળી હોય તો કન્યાને સગાઈની સાથે જ સાસરે વળાવી દેવામાં આવતી હોય છે.એ સગાઈ ટાણે આવા સાખ્યભાવના ગીતો સવિશેષ રજૂ થતા હોય છે.જે અનેકના હૈયાને સ્પર્શી જતા હોય છે.

➢ **લાડા  લાડીને પાટલે ચડાવતી વખતે ગવાતા ગીતો :**

હવે એકબીજાને વરમાળા પહેરાવવા માટે લાડા લાડીને પાડલા પર ચડાવવામાં આવશે.,એટલે ભગતોએ બે પાટલા મંગાવી લીધા છે.આ પાટલાઓને પાણીથી ધોઈને,પવિત્ર કરી તેના પર કંકુ ચોખાના તિલક કરવાનું કામ નણંદને સોંપવામાં આવ્યું છે.પોતાના ભાઈની સગાઈ છે એટલે સ્વભાવિક રીતે જ લાડીની નણંદ જશું ખૂબ સજીધજીને આવી છે,અને આ શુભ કાર્ય કરવા માટે તે બધાની આગળ થયા કરે છે,જાણે બધાની નજરમાં આવવા માગતી ન હોય ! એટલે તે લાડીની ગીતાયરીઓથી કેમ જોયું જાય ! તેઓ તો નણંદનો આ ઠાઠ જોઈને તરત નીચેનું ગીત વહેતું કરે છે,-

" સાડી તે ફાડે નાવી જશું તોરે મચકો,

ઘેરે જાયને માગી નેય જશું રઅયી લટકી,

ચંપાલ તે ફાડે નાવી જશું તોરે મચકો,

ઘેરે જાયને માગી નેય જશું રઅયી લટકી,

હાકલે તે ફાડે નાવી જશું તોરે મચકો,

ઘેરે જાયને માગી નેય હીના રઅયી લટકી,

રૂંબાલ તે ફાડે નાવી છાને તોરે મચકો,

ખર જાયને માગી નેય છાની રઅયી લટકી.."

આમ સગાઈ કે લગ્ન જેવા અવસર પર ઝીણીઝીણી બાબતોનું નિરીક્ષણ થતું હોય છે તે આ ગીત પરથી જાણી શકાય છે.શણગાર સજીને આવેલી નણંદ જશુંની મજાક કરતી ગીતાયરીઓ કહે છે કે,'જશું તારો આ મચકો અમે જોઈ લીધો ! તું આ સાડી,ચંપલ,સાકળા વગેરે ભાડે (એકબીજા પાસેથી માગી) લાવીને અમારી આગળ મચકો મારે છે,પણ પછી ઘરે જઈને આ બધું તારી પાસેથી માગી લેશે,એટલે તું તો લટકી રહીશ !' તેમની આ ટીખળમાંથી સાસુ,દિયર વગેરે પણ બાકાત રહેતા નથી.વળી,આર્થિક હાડમારીમાં જીવતી આ પ્રજાને એક સમયે આવા શુભ અવસરે એકબીજા પાસેથી કપડા કે આભૂષણો માગીને પહેરવા પડતા હતા તેનો નિર્દેશ પણ અહીં જોવા મળે છે.

કન્યાને માંડવામાં આવવાનું નિમંત્રણ અપાયું છે.એટલે સૌ કોઈની નજર કૂતુહલવશ ઘરના બારણા તરફ મંડાયેલી છે.લાડી કેવી દેખાય છે ? લાડા સાથે એમનું જોડું જામશે કે નહિ ? એ જોવા જાણવાની સૌના( ખાસ કરીને ગીતાયરીઓના) મનમાં ઉત્સુકતા છે.મંછી દેખાવડો છે એટલે તેની લાડી પણ રૂપાડી હોવી જોઈએ એવું તેમનું માનવું છે,અને બીજી વાત એ કે લાડીને 'ફટ્' કહેવાનો આ સૌથી સારો મોકો છે,જેને ગીતાયરીઓ પોતાના હાથમાંથી જવા દેવા નથી માગતી.એનો મતલબ એ થયો કે લાડી તેમને ગમે કે ના ગમે પણ તેઓ તેની ઠેકડી ઉડાવ્યા વગર છોડવાના નથી.એટલે હીના જેવી બહાર આવી કે તેને જોતા જ ગીતાયરીઓને તે ગમી તો જાય છે,તેમ છતાં તેઓ 'આ જાડી અને મોટી હીના અમને તો નથી ગમતી !' એવા ભાવને રજૂ કરતું ગીત વહેતું મૂકે છે,-

" ટાલા ટોઇલ્લી હીના ટાલાય રઅયની યે,

મંછા જુજ્તી હીના ટાલાય રઅયની યે,

પાડો જેહેં હીના ટાલાય રઅયની યે,

ટાલા ટોઇલ્લી હીના ટાલાય રઅયની યે,

હેહેં જાણતે બેના નીજે આવતે યે.."

આમ,તેઓ હીનાની ઠેકડી ઉડાવતા કહે છે કે 'આ હીના તો આટલા વખતથી અમારા મંછા માટે જ 'ટળાય' ( પરણવામાં બાકી રહી જવું ) રહી હતી !' આટલું સાંભળતા એવું લાગે કે હીનાને મંછા જોડે અગાઉથી પ્રેમ હશે,એટલે તે બીજા કોઈની સાથે ના પરણી,ને મંછાની રાહ જોતી રહી.પણ પછી તરત જ આ વાતનું ખંડન કરતી ધારધાર પંક્તિ રજૂ થાય છે કે - ' આ હીના તો પાડા જેવી (જાડી ને કદરૂપી) છે,એટલે આટલા સમયથી ટળાય રહી હતી.જો અમને આ વાતની ખબર હોત તો અમે અહીં જાન લઈને ન આવતે.'

હીના રૂપાળી હોવા છતાં તેની આવી ઠેકડી ઉડાવાય તે તેની ગીતાયરીઓ કઈ રીતે સાખી લે ! તેઓ પણ મંછી પર પોતાનો શાબ્દિક ઉલટવાર સાધે છે,-

" ગરજે ગેદડે ગરજાય રયનો કાય મંછો લઅંડો રા ને,

બેના જુજતી ટાલાય રયનો કાય મંછો લઅંડો રા ને,

ગરજે ગેદડે ગરજાય રયનો કાય મંછો લઅંડો રા ને.."

આમ તેઓ કહે છે કે,'શું આ મંછી કોઈ ગરજને કારણે આવો ગરજા ( ઊંચો ફણગો) જેવો વધીને ગધેડા જેવો ( મોટી ઉંમરનો ) થઈ રહ્યો હતો ? કે પછી આપણી હીના માટે જ આજ સુધી ટળાય રહ્યો હતો ?'

હવે,લાડો ને લાડી બંને સગાઈ વિધિથી જોડાવા માટે પાટલા પર ચડવાના હોય; આ વિધિકાર્યની શરૂઆત થાય એ પહેલા જ લાડીની ગીતાયરીઓ નીચેના ગીતને રજૂ કરે છે,-

" પાટને ચડા રડે મંછી લઅંડો પાટને ચડવા રડે રા.

પાટને ચડવા ની દેજે મંછી લઅંડા પાટને ચડવા ની દેજે રા.

હાર પેરવા રડે મંછી લઅંડો કોલગી પેરવા રડે રા.

હાર પેરવા ની દેજે મંછી લઅંડા કોલગી પેરવા ની દેજે રા.

કોલગી પેરવા રડે મંછી લઅંડો હાર પેરવા રડે યે.

કોલગી પેરવા ની દેજે મંછી લઅંડા હાર પેરવા ની દેજે યે.

ગુલ ખાણે રડે મંછો લઅંડો ગુલ ખાણે રડે યે.

ગુલ ખાવા ની દેજે મારુ બેના ગુલ ખાવા ની દેજે યે..."

આમ,પરણું પરણું થઈ રહેલા લાડાની ટીખળ કરતી ગીતાયરીઓ કહે છે, 'મંછી તું પાટલે ચઢી,હીનાના હાથે વરમાળા પહેરીને,ગોળ ખાવા માટે રડી રહ્યો છે ( એટલે કે પરણવાની જીદ લઈને બેઠો છે ) પણ અમે તને હાર પહેરવા કે ગોળ ખાવા દઈશું નહી !' આવી ટીખળો દ્વારા લાડાને શરમમાં મૂકી દેનારા આ ગીતનો સ્વર કર્ણપ્રિય પણ છે.

બંને પક્ષો દ્વારા સામસામે ચાલતી આવી ટીખળો વચ્ચે; લાડા લાડીને સગાઈ વિધિથી જોડવા માટે પાટલા પર ચડાવવામાં આવ્યા છે.લાડીની નણંદ આ નવા જોડાને કંકુ અને ચોખાથી વધાવી રહી છે.આમ,વિધિ વિધાનોથી હીનાને પોતાની બનાવવા જઈ રહેલા મંછીને; લાડીની ગીતાયરીઓ જાણે પોતાનો ફેંસલો સંભળાવતી નહોય ! એ રીતે નીચેનું ગીત રજૂ કરે છે,-

" હેર ચોખા વેરસેર એહે નખે જાણતો રા મંછા લઅંડા,

પાંચસો રૂપિયા પાણીમાં જ એહેં નખે જાણતો રા મંછા લઅંડા

આમારે બેના આમારે ખર એહે નખે જાણતો રા મંછા લઅંડા,.."

આમ,અહી તેઓ વરને સીધુ પરખાવતા કહે છે,'( થોડા ચોખા વેરવાથી કે થોડા રૂપિયા ખર્ચવાથી હીના મારી થઈ ગઈ એવું તું ના માનીશ,કેમકે) આ શેરેક ચોખાની અમારે

મન કોઈ કિંમત નથી ! ને તારે ખર્ચેલા પાંચસો રૂપિયા પણ પાણીમાં જતા રહેશે ! ( કારણ કે ) અમારી હીના અમારી સાથે અહીં જ રહેશે ( અમે હીનાને લઈ જવા દઈશું નહી ) !

તો બીજીતરફ લાડાને આ બાબતે બેફીકર રહેવાનું કહેતી નહોય! એ રીતે તરત નીચેનું ગીત વહેતું મૂકે છે,-

" આમાહા બાયો ગોરો ગોરો દેખાહાય મારુ બાયા રા,

જોડી  છોડી રૂંબાલીમાં.

હીના  તે કાલી કોચી દેખાહાય મારુ બાયા રા,

જોડી છોડી રૂંબાલીમાં.."

આમ,એક સમયે આ સમાજના જુવાનોમાં એવો રિવાજ હતો કે જો નવી નવી દોસ્તી બંધાય તો એકબીજાનો રૂમાલ લઈ લેવામાં આવે,તેમાં દોસ્તી કાયમ માટે ટકાવી રાખવાનું વચન પણ આવી જતું.એટલે ગીતાયરીઓ એ સંદર્ભને ટાંકીને અહીં કહેવા માગે છે કે,'આપણે એકબીજાને રૂમાલ અપાઈને જે દોસ્તી બાંધી હતી તે આજે તેં તોડી નાખી,ને તે પણ આ કાળા કોલસા જેવી હીના માટે! ( મતલબ કે આ હીના  ન આવે તો પણ તું ફીકર ના કરતો ! )

તો લાડીની ગીતાયરીઓ પણ આ બાબતે નમતું જોખવા તૈયાર નથી.   લાડીની દેહલતા લાડા કરતાંય ઊંચી અને લોહામણી લાગી રહી છે.છતાં તેને કદરૂપી કીધી તે કેમ ચાલે! એટલે તેઓ પણ લાડીને આ અંગે પોતાનો ગીત વહેતું મુકે છે,-

" ઉચા નીચી જોડઅ ની સોબે યે બેના,

મંછી લઅંડો બાઠો ની સોબે યે બેના,

તો સરખઅ જોડઅ હોદી નેયે બેના,

મંછી લઅંડો બાઠો ની જુજે યે બેના,

ઉચા નીચી જોડઅ ની સોબે યે બેના.."

આમ કન્યાને તેઓ કહે છે કે 'તમારી આ ઊંચુંઢનીચું જોડું કાંઇ શોભતું નથી! આ બટકો મંછી તારી સાથે શોભે એમ નથી ! એટલે તું તારી રીતે,તારા સરખો ( ઊંચો અને દેખાવડો) જુવાન શોધી લેજે ! પણ આ બટકો મંછી આપણને ના જોઈએ!' આમ આ સમાજમાં કન્યા પોતે નિર્ણય લેવા માટે સક્ષમ છે એ વાતનો ચિતાર પણ આ ગીતમાં મળી રહે છે.

તો બીજીરફ મંછી કંઈ હીનાથી બટકો નથી,ને છતાં તેને કોઈ બટકો કહે તે તેની ગીતાયરીઓ કેમ ચલાવી લે ? તેઓ પણ વળતા જવાબમાં લાડીની ઠેકડી ઉડાવતું નીચેનું ગીત ગાય છે,-

"ઊચો રા ઊચો ફાયો કેઇલ્લે પાતરે વદેલો,

બાઠી યે બાઠી હીના ખટો રોપીને વદેલી,

ઊચો રા ઊચો ફાયો કેઇલ્લે પાતરે વદેલો.."

આમ તેઓ કહે છે કે,'અમારો મંછી તો કેળના પાંદડા સરીખો ઊંચો વધેલો છે,જ્યારે હીના તો ( કાપેલા ઝાડનાં)ખૂંટા જેવી બટકી છે ( તેથી તે અમારા મંછી સાથે શોભતી નથી).'

ફટાણાના આવા સામસામા શાબ્દિક વાર વચ્ચે ;નણંદના વધાવ્યા પછી લાડો લાડીને કંકુ ચોખાનો ચાલ્લો કરી વરમાળા આરોપે છે,ને પછી લાડીનું નાક પકડીને ખેંચે છે.એવી જ રીતે લાડી પણ લાડાને વરમાળા પહેરાવી,તેનું નાક જોરથી પકડીને ખેંચે છે,આ જોઈને આખા માંડવામાં હાસ્ય રેલાય રહે છે.ત્યારબાદ લાડો અને લાડી એકબીજાને ગોળ ખવડાવે છે.છેલ્લે,લાડા તરફથી નાળિયેર,સવા રૂપિયો,સાડી,કાંસકી, અરીસો, કોપરેલ, રિબિન અને કાજળ વગેરેની જે ભેટ આપવામાં આવી છે,તેને લાડી સાડીના પાલવમાં પકડી લે છે,ને પછી પાટલા પરથી ઉતરીને ઘરમાં પાછી ફરે છે.

આ વેળાએ પણ તે લાડાની ગીતાયરીઓની ટીકાનો ભોગ બને છે,લાડીની ઠેકડી ઉડાવતી તેઓ ગાય છે,-

"જા..જા રે હીના જાતી કદી,

તારઅ મોડઅ જોઈને જાતી કદી,

જા..જા રે હીના જાતી કદી,

તારી સાડી જોઈને જાતી કદી,

જા..જા રે હીના જાતી કદી,

તારી રૂંબાલ જોઈને જાતી કદી.."

આમ તેઓ લાડીને કહે છે કે, 'જા,હીના અમે તને જતી કરીએ છીએ! અમે તારુ મોઢું,સાડી ને રૂમાલ..એ બધું જોઈને,હવે તને જતી કરીએ છીએ !' આમ થોડીવાર પહેલા લાડીને જોવા માટે જે તલપાપડ થતા હતા,તે બહેનો હવે લાડીની 'જા હવે, અમારે તને નથી જોવી !' એવું કહીને ઉપેક્ષા કરે છે.આમ લાડીને ઘરમાંથી નીકળતા અને ઘરમાં પાછા ફરતી વેળાએ ગીતાયરીઓના ફીટકારનો ભોગ બનવું પડે છે.

- **ગોળ વહેંચતી વખતે ગવાતા ગીતો :**

સગાઈ ઉપર મુજબની રસમ પૂરી થઈ છે,એટલે હવે સગાઈમાં ઉપસ્થિત સૌને ગોળધાણા વહેંચવામાં આવશે.તે માટે સૌને વડ ને ખાખારાના લીલા પાંદડા અપાય રહ્યા છે.ગોળ પકડવા માટે લીલા પાદડા આપવાનો આશય કદાચ એવો હોય શકે કે આ નવા બંધાયેલા સબંધમાં કાયમ સુખ અને સમૃદ્ધિ જળવાઈ રહે,ને તેમાં ગોળ જેવી મીઠાશ ઉમેરાય ! આ ટાણે ગીતાયરીઓ સગાઈની તમામ રસમની મહત્તાને વર્ણવતું લયમધુર ગીત રજૂ કરે છે,-

" પીણઅ પીતા પીવાય ગ આમે કા કરજે બેના,

પાટને ચડતા ચડાય ગ આમે કા કરજે બેના,

પીણઅ પીતા પીવાય ગ આમે કા કરજે બેના,

ચાંડલો પાડતા પાડાય ગો આમે કા કરજે બેના,

લીલ્લઅ પાતરઅ થરાય ગ આમે કા કરજે બેના,

ગુલ ખાતા ખાવાય ગો આમે કા કરજે બેના,

પીણઅ પીતા પીવાય ગ આમે કા કરજે બેના,..”

આમ સગાઈ થઈ ગયા પછી લાડાની સાથે અતૂટ સબંધે બંધાઈ ગયેલી લાડીને ગીતાયરીઓ કહે છે કે ‘પંચોથી પીઅ્ણું પીતા પીવાય ગયું’ તેમજ ‘તારાથી પાટલે ચડતા ચઢાય ગયું’ અને ‘લાડાને  ચાલ્લો પાડતા પડાય ગયો’ હવે અમે શું કરીએ ?’ આ રીતે તેઓ દરેક રસમનું નામ લઈને આવો પ્રશ્ન કરે છે.અહીં ‘પીઅ્ણું પીતા પીવાય ગયું’કે ‘પાટલે ચડતા ચડાય ગયું’ થી લઈ ‘ગોળ ખાતા ખવાય ગયો’ જેવી તમામ પંકિતઓ ધ્યાનપ્રેરક છે.અહીં તેઓ લાડીને કહેવા માગે છે કે,તેં ‘હા’ ભણી તેથી પંચોએ પીઅ્ણું પી લીધું,તેમજ તેં તારી ઈચ્છાથી પાટલે ચડીને હાર પહેરાવવાની રસમ નિભાવી લીધી;એટલે અમારાથી પણ લીલું પાંદડું પકડાઈ ગયું અને ગોળધાણા ખવાય ગયા.હવે અમે શું કરીએ ? દરેક પંક્તિને અંતે આવતો આ પ્રશ્નાર્થ પણ એટલો જ સૂચક છે.આવા પ્રશ્નાર્થ થકી તેઓ કહેવા માગે છે કે, હવે અમે કશું જ કરી શકીએ તેમ નથી.મતલબ કે, આ બધી રસમ શરૂ થતા પહેલા જો તેં ‘ના’ પાડી હોત,કે પછી બાકીની રસમો નિભાવી ન હોત તો અમે આ સગાઈ તોડી નાખી હોત,પણ હવે કશું થઈ શકે તેમ નથી.આમ આ સમાજમાં સગાઈ થઈ ગયા પછી તેને તોડવાનું કામ  મુશ્કેલ બની  જતું હોય છે,એ વાતનો ચિતાર આ ગીતમાંથી મળી રહે છે.

પણ અહીં વહેંચવામાં આવી રહેલો ગોળ તો કાળો - અખાદ્ય ગોળ છે. આવો કાળો ગોળ જોઈને ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

“ કુઈનો જેહેં ગુલ્લડો ફેરવાયો બેના,

કેઈલ્લે જેહેં ફૂલી દેખાહાય યે બેના,

તતીડાહાય જેહેં ટોનકો ફેરવાય રા મંછા,

કેઈલ્લે જેહેં ફૂલી દેખાહાય યે બેના,

ગાયડે જેહેં અંજુર દેખાહાય રા મંછી,

કુઈનો જેહેં ગુલ્લડો ફેરવાયો બેના..”

આમ તેઓ વરને કહે છે કે ‘મંછી,આ તો કોહી ગયો હોય એવો કાળો (અખાદ્ય) ગોળ વહેંચાય રહ્યો છે ! આ ગોળ તો સીસમના લાકડા જેવો ( કાળાશ પડતો ) છે ! ( આવો ગોળ કઈ રીતે ખાવો ? ) ’ ત્યારબાદ લાડાની ઠેકડી ઉડાવતા તેઓ કહે છે,ઢ ‘અમારી કન્યા તો કેળાના ફૂલ જેવી સુંદર લાગી રહી છે,જ્યારે મંછી તો ગાડીના (વરાળ) એન્જિન જેવો કાળો દેખાય રહ્યો છે.’ આવી ટીખળ કરીને તેઓ લાડાને એવું કહેવા માગે છે કે,તારા જેવો જ કાળો ગોળ અમને અપાઈ રહ્યો છે.ભલે તું ગમે તેવો દેખાતો હોય પણ ગોળ તો જરા સારો ખવડાવ! આમ,આપણે અગાઉ જોયું તેમ એક સમયે અખાદ્ય ગોળ ખવડાવાતો હતો અને તેના અસ્તિત્વમાં આવેલું આ ગીત હવે વરપક્ષવાળા સારો ગોળ લાવ્યા હોય તોપણ તેમને શાબ્દિક લપડાક આપવા માટે ગીતાયરીઓ આ ટાણે જરૂર રજૂ કરે છે.

ને આવો કાળો ગોળ ખાવાની તેમને કોઈ નવાઈ નથી.તેમણે તો સારી ગુણવત્તાવાળો ગોળ ખાવો હતો,પણ એવો ગોળ મંછી લાડો ન લાવ્યો ! એટલે તેઓ ફરી આ કાળા ગોળ અંગે મંછી પર પોતાનું શાબ્દિક નિશાન સાધે છે,-

“ ઈયા ગુલાય કાય નવાય આપળે બેના યે,

છળ છળ પાતરે વેરી વલ આપળે બેના યે,

બદો ગુલ વેઅસી વલ આપળે બેના યે,

છળ છળ પાતરે થરી નેજે મંછા લઅંડા રા,

ઠંગો ઉબડો વેસી ખાજે મંછા લઅંડા રા..”

હવે,ગોળ તો વરપક્ષવાળા લાવ્યા છે પણ તેને વહેંચવાનું કામ કન્યાપક્ષવાળાનું છે.એટલે પહેલા તો તેઓ લાડીને કહે છે કે ‘આ ગોળની આપણને કોઈ નવાઈ નથી,એટલે તું ફટાફટ આ બધા( વરપક્ષવાળા) ને પાંદડા આપી દે,ને આ બધો ગોળ પણ વહેંચી નાખ !’ ને પછી આ ગોળ જેમણે પકડવાનો છે તેમનો નામોલ્લેખ કરતા તેઓ આગળ કહે છે કે,‘મંછી તું જલદી જલદી પાંદડું પકડીને ગોળ માગી લે,ને પછી વાંકો વળીને કે (જમીન

પર) ઊબડો પડીને વણી ખાજે !' મતલબ કે તું ધરાઈને ગોળ ખાજે.ને પછી ગીત જેમ આગળ વધતું જાય છે તેમ દીયર,નણંદ અને સાસુ વગેરેના નામ લેવાતા જાય છે.

ને આટલું જાણે ઓછું હોય તેમ લાડાને તેમજ તેના કુટુંબીઓને 'આ ગોળ કઈ રીતે ખાશો' તેની ડાહી શિખામણ આપતા તેઓ આ પછીના ગીતમાં કહે છે,-

" મંછા તું ખણો જ ગુલ માગજે રા,

મંછા તું મોટઅ જ પાતરઅ થરજે રા,

મંછા તું ખૂણામાં બેહીને ખાજે રા..."

આમ અહીં તેઓ કહે છે કે 'મંછી તું જરા મોટું જ પાદડું પકડજે,તેમાં ગોળ પણ વધારે જ માંગજે,ને પછી ઘરના કોઈ ખૂણામાં બેસીને ખાજે !' આમ લાડો અને તેના કુટુંબીઓને નીચાજોણું કરવું પડે તેવી,ગોળ અંગેની હળવી ટીખળો એક પછી એક કન્યાપક્ષ તરફથી રજૂ થાય છે,અને છેલ્લે તો તે જાણે હદ વટાવી જાય છે,અહીં માણીએ એવા જ એક ગીતને,-

" ગુલાણે ચાટો રા મંછો ગુલાણે ચાટો રા,

સીબનઅ નેય નાઠો રા મંછો સીબનઅ નેય નાઠો રા,

સીબનઅ નેય નાઠો રા મંછો છાપ્પે જાયને કૂદી કૂદીને નાચે રા,

ગુલાણે  ચાટો રા મંછો ગુલાણે ચાટો રા,

સીબનઅ નેય નાઠો રા મંછો છાપ્પે જાયને કૂદી કૂદીને ચાટે રા,

હતાયે કઅયઅ મંછા ખીજવાતો નખે રા.."

આમ લાડાને તેઓ કહે છે કે, 'આ મંછી તો ગોળનો કેટલો ચાટો ! એ તો બીજાને પણ ગોળ આપવાને બદલે પોતે જ ટોપલું લઈને નાસી ગયો,ને હવે ઝાપે જઈને કૂદી કૂદીને નાચતો જાય છે,ને ચાટી ચાટીને ગોળ ખાતો જાય છે.' હવે આનાથી મોટો લોભ બીજો કયો હોવાનો ! આમ,અહીં લાડાની ભરપૂર મજાક ઉડાવાઇ છે,ને તેથી તેને ખોટું ન લાગે એટલા

માટે છેલ્લે તેઓ કહે છે કે, 'મંછી ! આ તો અમે ખાલી મજાક કરીએ છીએ એટલે તું અમારી સાથે રીસાઈ ના જતો.'

➢ **ગીતાયરીઓની રીતના ગીતો :**

આ રીતે ગોળ વહેંચાય રહ્યો છે એ દરમિયાન લાડીની ગીતાયરીઓ ગોળ અને વરપક્ષવાળાની ઠેકડી ઉડાવ્યા બાદ,માજ્જા (વચેટિયો ) પાસે પોતાની રીત( ગીત ગાવાના પૈસા) આપવાની માગણી કરે છે.પોતાની રીતની માંગણી કરતા તેઓ કહે છે,-

" આમારે રીતે રમણા આપાવી દેજે રા,

પેલી રીતે રમણા પુઠી ગુલે રા,

હવા પચ્ચી રમણા પઈના ઓસી રા.."

આમ તેઓ માજ્જાને કહે છે કે,રમણા ! તું એકવાર અમારી રીત પ્રમાણે સવા પચ્ચીસ રૂપિયા (વરપક્ષ પાસેથી) અપાવી દે,ને પછી જ બધાને ગોળ અપાવજે! જે તે સમયે મોટી ગણાતી આ રકમની માંગણી સાંભળીને લાડાની ગીતાયરીઓ માજ્જાનો બચાવ માટે દોડી આવી છે,તેઓ લાડીની ગીતાયરીઓને સવાલ કરે છે કે,-

" રીતે રીતે ચંપા કેવી માગે યે,

હેવી રીતે ચંપા આમે ની જાણજે યે.."

તેઓ લાડીની ગીતાયરીઓની આગેવાની કરતી ચંપાને કહે છે કે,'ચંપા,તું આ કેવી રીત માગે છે? આવી રીત વિશે તો અમે કંઇ જાણતા નથી !' આમ તેમનો પૈસા આપવાનો નન્નો સાંભળતા જ લાડીની ગીતાયરીઓ માજ્જાને આડે હાથ લે છે,-

" ## ## રમણા પયહા ની જયડા રા,

આમાહાંય કઅતો રમણા ઓસીના આપચે રા.."

આમ માજ્જાને ગાળો ભાંડીને કહે છે કે,## ## રમણા તને આટલા પૈસા પણ ના મળ્યા ? જો તેં અમને કહ્યું હોત તો અમે તને ઓછીના પૈસા આપતે !' આમ,કહી તેઓ જણાવવા માગે છે કે અમે કંઇ પૈસા માગવાવાળીઓ નથી.આ તો અમે અમારી રીતનો હક માગીએ છીએ.જો તારી પાસે **રીત** માટેના પૈસા નહોતા,તો અમારી પાસેથી માગીને પણ તારે આ રીત પૂરી કરવાની હતી ને ! આમ,સમાજ દ્વારા નક્કી કરવામાં આવેલી રીતને ગમે તે રીતે નિભાવવી પડતી હોય છે,તે વાતને આ ગીત દ્વારા જાણી શકાય છે.

➢ **લાડીના પિતાને દહેજ આપતી વખતે ગવાતા ગીતો :**

હવે,લાડા લાડીની સગાઈ થઈ ગઈ હોય,લાડાના પિતા પોતાના વેવાઈને દહેજ આપવા આવ્યા છે.આ દહેજને લાડીના પિતા બંને હાથે ટુવાલ ફેલાવીને લઈ લે છે.આ જોઈને'પિતાએ આ દહેજ માટે જ પોતાની દીકરીને પારકાના હાથમાં સોંપી દીધી!' એવો ભાવ અનુભવતી લાડીની ગીતાયરીઓ ગાય છે,-

"રૂપિયા બં વાલા લાગા ગુમાન બાયા,રૂપિયા બં વાલા લાગા રા ને,

ડીકરીણે નોકમાં પાડી ગુમાન બાયા,ડીકરીણે નોકમાં પાડી રા ને,

રૂપિયા બં વાલા લાગા ગુમાન બાયા,રૂપિયા બં વાલા લાગા રા ને,

ડીકરીણે દુઃખમાં પાડી ગુમાન બાયા,ડીકરીણે દુઃખમાં પાડી રા ને.."

અહીં તેઓ લાડીના પિતાને કહે છે કે ઢ 'ગુમાનભાઈ,તમને તો આ રૂપિયા જ બોં બધા વ્હાલા લાગ્યા ! એના બદલામાં જ તો તમે દીકરીને પારકાંઓને સોંપી દીધી ! ને તેને કાયમ માટેના દુઃખમાં પાડી દીધી !' આમ લાડીના પિતાએ દહેજ સ્વીકારીને જાણે એ સાબિત કરી દીધું કે તેને પોતાની દીકરી કરતાં પણ પૈસા વધારે વ્હાલા છે,આ ભાવને આ ગીતમાં મર્મસ્પર્શી વાચા મળી છે.વળી,એકનો એક ભાવ દરેક પંક્તિમાં પુનરાવર્તિત થતો હોય આ ગીત વધુ અસરકારક બને છે.

તો બીજીબાજુ લાડાપક્ષે સગાઈની આ બધી રીત રસમ પૂરી કરવામાં ઘણા બધા પૈસાનો ખર્ચ થઈ જતો હોય છે,જે મોટેભાગે આર્થિક નબળાઈ ધરાવતા આ સમાજને પરવડે તેમ હોતો નથી,ને તેથી જ લાડાના પિતાને દહેજ આપતા જોઈને લાડાની ગીતાયરીઓ;

જેના માટે આ ખર્ચ કરવો પડયો છે એ લાડી પ્રત્યે પોતાનો અણગમો વ્યક્ત કરતું નીચેનું ગીત વહેતું મૂકે છે,-

" બં મઅગી યે હીના બં મઅગી યે ને,

હવારે ઉઠીને હીના પાણી વાલાવઅ યે,

બં મઅગી યે હીના બં મઅગી યે ને,

હવારે ઉઠીને હીના ગાડઅ જોતાવઅ યે,

પયહા ખરચેલા હીના પયહા ખરચેલા યે,

ડગે ડગે યે હીના રૂપિયા વેરેલા યે,

હવારે ઉઠીને હીના હલ જોડાવઅ યે.."

આમ લાડીને તેઓ કહે છે કે, 'હીના તું અમને ઘણી મોંઘી પડી !' હવે એ ખરચાયેલા પૈસા વસૂલવા તો પડે ને ? એટલે આગળ તેઓ કહે છે કે,'સવારે ઉઠતાની સાથે અમે તને ખેતરમાં પાણી વળાવીશું,ગાડું જોતરાવીશું ને હળ પણ જોતરાવીશું,કારણ કે અમે તારા માટે ડગલે ને પગલે રૂપિયા વેર્યા છે.' આમ આટલું સખત કામ તો નહીં પણ,સાસરે આવનારી વહુને ઘરનો મોટાભાગનો કાર્યબોજ ઉઠાવવો પડતો હોય છે તેનો નિર્દેશ આ ગીતમાં થયેલો છે.

### ➢ જાન વળાવતી વખતે ગવાતા ગીતો :

સગાઈની તમામ રસમો પૂર્ણ થઈ ગઈ છે એટલે હવે જાન પોતાના ગામમાં પાછી ફરી રહી છે.તેથી પોતાનું યજમાનપણું નિભાવવા માટે કન્યાપક્ષવાળા તેમને થોડે સુધી વળાવવા જઈ રહ્યા છે,આ ટાણે પણ લાડીની ગીતાયરીઓ પોતાની હરીફોને છેક સુધી માત આપવા માટેના જોમ સાથે;તેમની પાછળ હાથ ધોઈને પડી છે.જાનની સાથે પાછી ફરી રહેલી લાડાની ગીતાયરીઓની ઠેકડી ઉડાવતી તેઓ ગાય છે,-

"નાઇઠ્ઠે યે નાઇઠ્ઠે ઉચામાઇલ્લે બટાકચે,

ફીરા રા ફીરા ઉખુલદયા ફાયા હો,

ગદાં રા ગદાં ગાડાવારા ખાડામાં,

નાઇક્ટે યે નાઇક્ટે ઉચામાઇલ્લે બાહાઇલ્લે,

થરા રા થરા ઉખુલદયા બાયા હો,

ગદાં રા ગદાં ગાડાવારા કોક્ષામાં.."

આમ તેઓ કહે છે કે,આ ઉંચામાળા ની બટકીઓ તો (અમારાથી ડરીને) નાસી છૂટી ! હે ઉખલદાના જુવાનો ! તમે એમની સામે ફરી વળો,ને એમને પકડીને ગાડા ઓવારામાં (બરોબર) ઝબકોળો ! આમ તેઓ ઘરે પાછી ફરતી લાડાની ગીતાયરીઓની ઠેકડી ઉડાવવાની સાથેસાથે તેમની શાબ્દિક છેડતી પણ કરી રહી છે.કારણ કે અહીં તેમણે ગામના જુવાનોને તેમને છેડવાનું સીધેસીધું આમંત્રણ આપી દીધું છે કેઢ આ ઉચામાળીઓ અમારાથી બચીને ભાગી રહી છે! તમે એમને પકડીને ગાડા ઓવારાના પાણીમાં એવી તે ઝબકોળો - છેડો કે તેઓ ફરીવાર આપણા ગામમાં આવવાનું નામ ના લે !

તેમની આવી ટીખળથી સમસમી ઉઠેલી લાડાની ગીતાયરીઓ લાડી પર પોતાનો ઉલટવાર કરે છે,-

" આવણે હેંડે આમારે ગામમાં આવણે હેંડે યે હીના,

આવવાની દેજે આમારે ગામમાં આવવાની દેજે યે હીના,

આવણે રડે આમારે દેસ આવણે રડે યે હીના,

આવવાની દેજે મંછા હારી આવવા ની દેજે યે હીના.

આમ,તેઓ કહે છે કે 'હીના તું અમારા ગામમાં આવવા માટે રડીને જીદ કરી રહી છે.પણ અમે તને અમારા ગામમાં ઢ મંછી જોડે આવવા નહીં દઈએ.'

અંતે,સામેના પક્ષને ફટ્ કહીને ચૂપ કરી દેવા માટે શરૂ થયેલા સગાઈના આ ફટાણા જેટલા જોશભેર શરૂ થયા હતા એટલા જ જોશભેર પુર્ણાહૂતિ પામે છે.છેક સુધી કોઈ પક્ષ હાર માનવા કે નમતું જોખવા તૈયાર થતો નથી,અને તેથી આખો પ્રસંગ દીપી ઉઠે છે.

➢ **કાંટો ફાંગવાણી રીતના ગીત :**

સગાઈ કરીને આવ્યા પછી, વરના ઘરે 'કાંટો ફાંગવાણી રીત' કરવામાં આવે છે,જે મુજબ જાનૈયાઓને ( જે દારૂના બંધાણી હોય તેને ) દારૂ પીવડાવવામાં આવે છે.દારૂ પીવડાવવાની આ રીત ચાલતી હોય ત્યારે ગીતાયરીઓ નીચેનું ગીત ગાય છે,-

" બાયા ઇહલીમાં દારૂ બાયા એક સાક રા,

હીના રાજી કા નાય રા બાયા જોગ મેલાવે,

બાયા પીપળામાં દારૂ બાયા એક સાક રા,

હીના રાજી કા નાય રા બાયા જોગ મેલાવે.."

આમ તેઓ દારૂ પીરસી રહેલા ભાઈઓને ટીખળ કરીને કહે છે કે,'શીશીઓ અને પીપળામાં દારૂ ભરેલો છે તોયે એમને એક જ છાક (ઘુંટડો) અપાઈ રહી છે ! (તો) શું હીના તારી સાથે આવવા રાજી છે કે પછી ના પાડે છે ? આવો સવાલ કરીને તેઓ કહેવા માગે છે કે,જો હીના તારી સાથે આવવા રાજી જ છે તો એક સાક દારૂ વધારે પીવડાવ ને ! હવે આ રીત ભૂલાઈ ગઈ છે.આજે કાંટો ફાંગવાની રીત તરીકે જાનૈયાઓને ગામના સીમાડે આવી દાળિયા મમરા વહેંચવામાં આવે છે.

## ૩.૨.૩. લગ્ન વિધિ

➢ **રૂપિયા વેરવા જવું :**

આપણે આગળ જોયું એ મુજબ વરપક્ષ તરફથી કન્યાના પિતાને સગાઈના દિવસે દહેજ આપવામાં આવતું,પરંતુ જો સંજોગોવસાત સગાઈ વખતે દહેજ અપાય તેવી સ્થિતિ ના હોય તો વરપક્ષવાળા પંદર વીસ દિવસે કન્યાના ઘરે દહેજ આપવા જતા,જેને **રૂપિયા વેરવા જવું** કહેવામાં આવતું,કેમકે દહેજમાં કન્યાના માતા પિતાને રૂ.૪૫.૨૫ આપવામાં આવતા,અને

જો છોકરો ખંધાડિયા તરીકે આવતો હોય તો કન્યાપક્ષવાળા તેના મા-બાપને રૂ ૨૫.૨૫ આપતા.આ દહેજ આપતી વખતે તેઓ ચૂલા ફરતે ત્રણ વાર ફરીને દહેજના રૂપિયા ચૂલાની બાજુમાં લેકાવેલા સીકામાં મૂકી દેતા.આમ,આ સમાજમાં કન્યાના મા-બાપ પાસેથી દહેજ લેવાનો નહી પરંતુ આપવાનો રિવાજ હતો.તદુપરાંત,આ ટાણે **હાટ** ( ઘરેણાં અને કપડા ખરીદી ) તેમજ લગ્નનો દિવસ પણ નક્કી કરી લેવામાં આવતો.

આજે આ પ્રથા સમાજમાંથી ભૂંસાઈ ચૂકી છે,તેના બદલે હવે સગાઈ વખતે કરવામાં આવતા લખાણના આધારે વરપક્ષવાળા કન્યાને ઝર ઝવેરાત તેમજ કપડા લઈ વગેરે લઈ આપે છે,જ્યારે કન્યાના માતા પિતા તેમજ પરિવારજનો કન્યાને કન્યાદાન રૂપે વિવિધ વસ્તુઓની ભેટ આપે છે.

- **હાટ કરવા જવું :**

હાટ કરવાના દિવસે બંને પક્ષના લોકો ભેગા મળીને ખરીદી કરવા જાય છે.જેમાં કન્યા માટે વરપક્ષ તરફથી બંગડી,ચૂડી,બાવિઠ્ઠઅ નંગ ૧,હાડો,દોરો,ડોઈલ્લે,કન્ને આમડા, કાકણે તથા કિયળઅ્ વગેરે પોતાની સ્થિતિ મુજબ લઈ આપવામાં આવતા.કપડામાં કાપડઅ્, રાતઅ નુંગળઅ્, રાહ્ય નુંગળઅ્ તથા ચંપલ લઈ આપવામાં આવતા;તો કન્યાના માતા પિતા કન્યાને દહેજના રૂપિયામાંથી બાવિઠ્ઠઅ નંગ ૧,કલાહા ગોફણો અને કાંસાની થાળી લઈ આપતા.આ બધી વસ્તુઓ બંને પક્ષને ગમે તે રીતે ખરીદવામાં આવતી.મંગળસૂત્ર માટે કાળા મોતી ખરીદીને દશ થી પંદર સેરનું મંગળસૂત્ર ( પાઇટ્ટઅ્ ) વર પક્ષવાળા જાતે ગૂંથીને લઈ આવતા.વડવાઓ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર કેટલાંક સંજોગોમાં માપા-પિતા દહેજના પૈસામાંથી કન્યાને મંગળસૂત્ર પણ લઈ આપતા.

આજે પણ હાટ કરવા જવાની આ પરંપરાગત રીતભાત આ સમાજે જાળવી રાખી છે,પરંતુ હવે આધુનિક પરિવેશની અસર તળે પરંપરાગત વેશભૂષાના બદલે ઉજળિયાત વર્ણના પહેરવેશ અને ઘરેણાં મુજબની ખરીદી થતી હોય છે.

- **લગ્નની આગોતરી તૈયારીઓ :**

લગ્નની દિવસ નક્કી થતાંની સાથે જ ઘર-પરિવારમાં મહોલ્લામાં લગ્નનો માહોલ છવાઈ જતો હોય છે.કપડા સીવડાવવા, ઘરેણાં ઘડાવવા કે નવા ખરીદવા ઉપરાંત લાડા કે

લાડીના ઘરને લીપીગૂપીને શણગારવાનું તેમજ અનાજ તથા મસાલા સાફ કરવાનું કામ જોશભેર શરૂ થઈ જતુ હોય છે.એ માટે મહોલ્લાના લોકો દરરોજ સાંજે લાડા કે લાડીના ઘરે ભેગા થઈ,લગ્નના ગીતો ગાતા,લાડા કે લાડીની મજાક મશ્કરી કરતા જઈ આ તમામ કામ કર્યે જતા હોય છે.એક સમયે પીઠી ચડાવવા માટેની હળદર પણ ઘરમાંજ દળાતી,તેથી બે ચાર દિવસ અગાઉથી જ આ હળદરને લગ્નના ગીતો ગાતા જઈ ખાંડણિયે ખાંડવાનું તેમજ ઘંટીએ દળવાનું કામ પુરૂ કરી લેવામાં આવતું,જોકે આ અનોખી પરંપરા હવે ભુલાઈ ચૂકી છે.

એ જ રીતે પહેલાના સમયમાં કંકોત્રી છપાવવાનો રિવાજ પણ નહોતો.તેના વિકલ્પ તરીકે એકદમ નૈસર્ગિક કહી શકાય તેવી પરંપરા આ સમાજે વિકસાવી હતી.આપણે અગાઉ જોયું તેમ લાડો અને લાડી લગ્નના આગલા દિવસે ફળિયામાં ઘરેઘર ફરીને;દરેક ઘરનાં ઉંબરા આગળ **રંગેલા ચોખા** (હળદરથી રંગેલા ચોખા) વેરીને નોતરું મૂકતા,ને ઘરમાં જે વ્યકિત હોય તેને લગ્નમાં જરૂરથી આવવાનું કહેતા.જો સામેની વ્યક્તિ વધુ વિગત જાણવા માગે કે કયા ગામે જાન જવાની છે કે આવવાની છે તો તે અંગેની વિગતો પણ આપતા.તો બીજા ગામમાં વસતા સગા સબંધીઓ કે ઓળખીતાના ઘરે નોતરું આપવા માટે ઘરના વ્યકિતઓ આ રંગેલા ચોખાને ખાખરાના પાનના પડીકામાં લઈ જતા; અને ઘરનાં ઉંબરા આગળ નોતરું મૂકીને લગ્નમાં અચૂક આવવાનું કહેતા.તેવી જ રીતે ગામના ડોવીડો કે ઢોલી વગેરે વાદકોને નોતરું આપતી વખતે તેઓ ખાખરાના પડીકામાં રંગેલા ચોખા સાથે શુકનનો આનો કે પૈસો મૂકી,તેને વાદ્ય સાથે ખોસી દેતા અને જે તે વાદકને લગ્નના દિવસે પોતાના વાદ્ય સાથે આવવા માટેનું નોતરું આપતા.જો એ સમયે વાદક હાજર ના હોય તો પણ વાદ્ય સાથે ખોસેલા નોતરાના ચોખા જોઈને,ગામના વાતાવરણથી વાકેફ હોવાના લીધે આ ફલાણા ઘરનું જ નોતરું હોવું જોઈએ એવું અનુમાન તેને થઈ જતું.

આજે હવે આ પરંપરાના સ્થાને સગા સબંધી હોય કે પરિચિત ,સૌ કોઈને કંકોત્રી આપીને લગ્નમાં આવવાનું આમંત્રણ અપાતું હોય છે.

## ૩.૨.૪ લગ્નગીતો :

### ➢ માંડવો પાડતી વખતે ગવાતા ગીતો :

લગ્નના આગલા દિવસે માંડવો પાડવામાં આવી રહ્યો છે.આ માટે પહેલાં તો મૂરતનો થાંભલો હળદર અને કંકુંનો લેપ લગાવી,તેની પૂજનવિધિ કરીને રોપવામાં આવ્યો છે,ને પછી અન્ય થાંભલીઓ રોપવામાં આવી છે.મંડપના ચારે ખૂણાના થાંભલા સાથે સમડીના ઝાડનું ઝરડું તેમજ કેળના પાન પણ રોપવામાં આવ્યા છે,તો ઘરના બારણા પાસેની થાંભલી સાથે કાકડાના ઝાડની ડાળી રોપી છે.તો ઘરના દરવાજાની સામે આવે તે રીતે મંડપની વચ્ચે,વળી સાથે શ્રીફળ બાંધી,એ જગ્યાએ ચાદર બાંધવામાં આવી છે,તેમજ માંડવાની ઉપર છાવણ કરવા માટે જાંબુડાના ઝરડા નાખવામાં આવ્યા છે.આ પ્રમાણે માંડવો તૈયાર કરવામાં આવી રહ્યો હોય છે તે વખતે ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

“ બાર બેલી તારા માંડવડો બેની રે વેવરીયા,

એક થાંબલું બીજું નાખ,તૈયાર માંડવો ખસો થાય બેની રે વેવરીયા,

બાર બેલી તારા માંડવડો બેની રે વેવરીયા,

એક જરડું બીજું નાખ તૈયાર માંડવો ખસો થાય બેની રે વેવરીયા,

બાર બેલી તારા માંડવડો બેની રે વેવરીયા,

એક તોરણ બીજું બાંદ તૈયાર માંડવો પાકો થાય બેની રે વેવરીયા..”

આમ તેઓ લાડીને તેનો માંડવો કેવો પડાવવાનો છે તેનું સૂચન કરતા કહે છે કે, “આપણે તો તારો માંડવો બાર થાંભલીનો જ તૈયાર કરવાનો છે,કારણકે એમાં અનેક સગા સબંધીઓ અને ગામલોકો આવશે,તેથી તું એક થાંભલો બીજો નંખાવ,જેથી માંડવો પાકા પાયે તૈયાર થાય.આવી જ રીતે તેઓ માંડવા પર ઝરડાં નંખાવવાનું તેમજ તોરણ બંધાવવાનું પણ સૂચન કરે છે,જેથી માંડવો વધારે પાકો ( થાય.” આમ તૈયાર થઈ રહેલા માંડવામાં કોઈ કચાશ ના રહી જાય તે માટેનું સૂચન આ ગીતમાં કરવામાં આવ્યું છે.

માત્ર બાર થાંભલીનો માંડવો પાડી,તેને ઝરડાથી છાઈને તોરણોથી શણગારવો દેવો,એટલું જ પૂરતું નથી.એ માંડવામાં રંગ જમાવવા માટેના વાજાઓ (વાદ્યો) ની પણ એટલી જ જરૂર છે,તેથી ગીતાયરીઓ નીચેના ગીતને વહેતું મૂકે છે,-

" ડોવડઅ જુજે યે બેના,ડોવડઅ જુજે આજુ તે,

ડોવડા વઅન્નો યે બેના માંડવો હુનો આજુ તે,

છાંજે જુજે યે બેના છાંજે જુજે આજુ તે,

છાંજા વઅન્ન યે બેના ડોવડઅ હુનઅ આજુ તે,

ઠોન જુજે યે બેના ઠોન જુજે આજુ તે,

ઠોન વઅન્ન યે બેના બાઅન્ન હુનઅ આજુ તે,

બેન્ટે જુજે યે બેના બેન્ટે જુજે આજુ તે,

બેન્ટા વઅન્ન યે બેના આંગણઅ હુનઅ આજુ તે,

ગીતાયરે જુજે યે બેના ગીતાયરે જુજે આજુ તે,

ગીતાયરે વઅન્ન યે બેના બાઅન્ન હુનઅ આજુ તે,

માઈક જુજે યે બેના માઈક જુજે આજુ તે,

માઈક વઅન્ન યે બેના ગામ હુનઅ આજુ તે,

ગામમાં નોતરે યે બેના વેરીલે કા નાય આજુ તે,

નોતરે વેરતી યે બેના સંગાતી આવચ્યે આજુ તે,

સંગાતે જુજે યે બેના સંગાતે જુજે આજુ તે,

ગામમાં વેવામાં બેના ગની કાયની આજુ તે..."

આમ,માંડવામાં રંગત જમાવવા કયા કયા વાદ્યોની જરૂર પડશે,તે અંગે લાડીનું ધ્યાન દોરતી ગીતાયરીઓ કહે છે કે,'( માંડવો તો તૈયાર થઈ ગયો ) પણ હજી તો ડોવડું જોઈશે,ડોવડા વિના  આ માંડવો સૂનો છે,ને ડોવડા સાથે તાલ જમાવવા કાંસીજોડા પણ જોઈશે,નહી તો કાંસીજોડા વગરના ડોવડાના સૂર અધૂરા લાગશે.' અને પછી ગીત જેમ આગળ વધતુ જાય છે તેમ તેઓ ઢોલ,બેન્ટ અને લાઉડ સ્પીકર વગેરે વાદ્યો;તેમજ ગીતાયરીઓ અને સંગાતીઓની પણ માંડવામાં એટલી જ જરૂર હોવાની વાત કરતા કહે છે કે,આ બધા વાદ્યો તેમજ વ્યક્તિઓ વિના તારો માંડવો,ઘરનું બારણું,આગણું તેમજ ગામ વગેરે સઘળું સૂનું છે.આ બધા માંડવામાં હજી આવ્યા નથી.એટલે ગીતાયરીઓ ગીતના અંતે લાડીને સવાલ કરે છે કે,તેં ગામમાં નોતરું આપ્યું  હતું કે નહિ ? જો તેં નોતરું આપ્યું હોત તો આ સૌ આવ્યા હોત.શું તું અત્યાર સુધી ગામના કોઈ લગ્નમાં ગઈ નહોતી ? ગીતાયરીઓનો આ પ્રશ્ન સૂચક છે,કેમકે આ સમુદાય સમાજનો વ્યવહાર જાળવવા માટે પ્રસંગોપાત હાજરી આપવામાં માને છે.આ કારણે સબંધોની ગૂઢતા તો વધે જ છે,સાથે પ્રસંગોનુસારની પરંપરાગત રીતરસમોથી  અનુગામી પેઢી વાકેફ થતી હોય છે.

આમ,પરંપરાગત રીતરિવાજોને આ સમાજમાં વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે છે,ને પ્રસંગોનુસાર તેઓ તેને અચૂક અનુસરે છે.જો કોઈ પ્રસંગિક કાર્ય યોગ્ય રીતે ન થાય તો સીધો સવાલ રીતરસમ અંગે ઉઠતો હોય છે કે,તેં આ રીત તો કરી છે ને? હવે,હીનાનો માંડવો તૈયાર થઈ જવા આવ્યો છે,છતાં વાજા વગાડનારા કે સંગાતીઓ વગેરે દેખાતા નથી.આવું તો ત્યારે જ બને જ્યારે એમને નોતરું આપવાનું રહી જાય ! એટલે ગીતાયરીઓ લાડીને - 'તેં બધાને નોતરું આપ્યું તો છે ને ?' એવો સવાલ કરતું લય મધુર ગીત રજૂ કરે છે,-

" રંગુલા ચોખા ગામમાં બેના વેરુલા કા નાય મા બેના યે,

ચોખા વેરતી મારૂ બેના ડોવીડો આવતો  બેના યે,

ડોવડા વગાર મારૂ બેના માંડવો હુનો બેના યે,

રંગુલા ચોખા મારૂ બેના વેરુલા કા નાય યે બેના યે,

ચોખા વેરતી મારૂ બેના બેન્ટે આવતે બેના યે,

બેન્ટા વગાર મારૂ બેના માંડવો હુનો બેના યે,

રંગુલા ચોખા મારૂ બેના વેરુલા કા નાય યે બેના યે,

ચોખા વેરતી મારૂ બેના સંગાતી આવચે મા બેના યે,

સંગાતે વગાર મારૂ બેના માંડવો હુનો બેના યે,..”

આમ તેઓ કન્યાને પૂછે છે કે,‘તેં ગામમાં રંગેલા ચોખા (હળદર અને તેલ મિશ્રિત નોતરાના ચોખા) વેર્યા હતા કે નહિં? જો તેં ચોખા વેર્યા હોત એટલે કે નોતરું આપ્યું હોત તો આજે તારા માંડવામાં ( અત્યાર સુધીમાં ) ડોવીડો,ઢોલી તેમજ સંગાતીઓ વગેરે સૌ આવી ગયા હોત.આ બધા વગર તો તારો માંડવો સૂનો છે.શું તેં આ બધાને નોતરું આપ્યું હતું કે નહીં ?’ આમ લગ્ન સમયે આપવામાં આવતા નોતરાનું આ સમાજમાં કેટલું મહત્વ છે તે અહીં જોઈ શકાય છે.જો લાડા કે લાડીથી ફળિયામાં કોઇકના ઘરે કે ડોવડું વગેરેના વાદકોને નોતરું આપવામાં ન આવે તો તેઓ લગ્નમાં આવતા નથી.લગ્નમાં એક તહેવારની માફક મનમૂકીને આનંદ લૂટવાની પ્રકૃતિ ધરાવનારી આ પ્રજા નોતરાને માન આપીને લગ્નમાં હાજરી આપવામાં માને છે, જે તેમનામાં રહેલી સ્વમાનની ભાવનાને ઉજાગર કરી આપે છે.

એક સમયે સંયુક્ત કુટુંબપ્રથા આ સમાજની આગવી ઓળખ હતી.પરંતુ આજે હવે જ્યારે આ સમાજ વિભક્ત કુટુંબમાં ફેરવાય રહ્યો છે,ત્યારે પણ પ્રસંગોપાત એકબીજાને મદદરૂપ થવાની તેમની પારિવારિક ભાવના હજી એવી ને એવી જળવાયેલી છે,ને તેથી જ તો લાડીના ભાઈ મગને બહેનના લગ્નમાં ડોવડું અને ઢોલ વગેરે વાજાઓ ભાડે લાવવાની જવાબદારી પોતાના માથે લીધી હતી.પણ એ વાજા તો માંડવામાં દેખાતા નથી ! એટલે ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

“ મગાન ડોવડઅ ભાડા આખે રા બેના વરાડામાં,

મગાન તી કાય ડોવડઅ કથઅ રા બેના વરાડામાં,

મગાન ઠોનઅ ભાડા આખે રા બેના વરાડામાં,

મગાન તી કાય ઠોન કથો રા બેના વરાડામાં..”

આમ તેઓ મગનને પૂછે છે કે,મગન તું તો હીનાના લગ્નમાં ડોવડું અને ઢોલ વગેરે ભાડે લાવવાની (મોટી મોટી) વાતો કરતો હતો.તો આજે એ બધું ક્યાં છે ? ગીતાયરીઓના આવા મ્હેણા સાંભળીને મગન વાદકોને જલદીથી માંડવામાં આવવાના તેડા મોકલાવે છે.

ને આ બધા વાદ્યો,સંગાતીઓ અને ગીતાયરીઓ વગેરે સૌ આવી જાય પછી પૂછવું જ શું ? બીજી રીતે જોવા જઈએ તો માંડવો પાડવાની શરૂઆત થતાંની સાથે જ એમનું હૈયું આનંદ અને ઉલ્લાસના હિલોળા લેવા માંડયું છે.એમના આ હિલોળા લેતા હૈયાઓને જોઈને જાણે માંડવો પણ ઉમંગના હિલોળે ચડયો છે ! આવા અનોખા લય હિલ્લોળને વાદ્યોના સંગાથે માણી લેવા માગતું તેમનું હૈયું ગાઈ ઉઠે છે,-

" સેકા સેરીયારાનો માંડવો રેલે ચયડો,

મારા માંડવામાં ડોવડઅ વાગાડાવો કા,માંડવો રેલે ચયડો..

સેકા સેરીયારાનો માંડવો રેલે ચયડો,

મારા માંડવામાં બેન્ટે વાગાડાવો કા માંડવો રેલે ચયડો,

સેકા સેરીયારાનો માંડવો રેલે ચયડો,

મારા માંડવામાં કોલગી મૂકાવો કે માંડવો રેલે ચયડો,

સેકા સેરીયારાનો માંડવો રેલે ચયડો,

મારા માંડવામાં અંતાર છાટાવું કે માંડવો રેલે ચયડો,

સેકા સેરીયારાનો માંડવો રેલે ચયડો,."

આમ તેઓ માંડવામાં ઉપસ્થિત વાદકો અને સંગાતીઓને કહે છે કે,'( અમારી) સહિયરનો માંડવો હિલોડે ચડયો છે,અમારા આ માંડવામાં તમે ડોવડુ,બેન્ટ વગેરે વાજા વગાડો તેમજ અંતર છંટાવો..' આમ અહીં લગ્નના અવસર પર તેમના હ્રદયમાં થઈ રહેલા આનંદનો છલકાવ અહીં સ્પષ્ટપણે જોઈ શકાય છે.સાથે,ઉપરના આ ગીતોમાં આવતા બેન્ટ તેમજ માઈક જેવા વાદ્યોનાં નામ,પારંપરિક વાદ્યોના સ્થાને થઈ રહેલા આધુનિક વાદ્યોના પગપેસારાનો સંકેત આપે છે.

તો આ સાથે પોતાના પક્ષનું ચઢિયાતું અને સામેના પક્ષનું ઉતરતું બતાવવાની તેમની ટેવ કહો કે ખાસિયત,તેઓ કદી ચૂકતા નથી,માંડવા બાબતે પણ આવું જોવા મળે છે. લાડીનો માંડવો,સંગાતીઓ તેમજ ડોવીડો વગેરેના વખાણ કરતી ગીતાયરીઓ ગાય છે,-

" આપહે બેના તો તે માંડવો બી જગમગે,

મંછા રા લઅંડા તો તે માંડવો દુમસાલો,

આપહે બેના તો તે સંગાતે જગમગે,

મંછા રા લઅંડા તો તે સંગાતે દુમસાલે,

આપહે યે બેના તો તે ડોવીડો જગમગે,

મંછા રા લઅંડા તો તે ડોવીડો દુમસાલો,

આપહે બેના તો તે આયહો જગમગે,

મંછા રા લઅંડા તો તે આયહો બી દુમસાલો.."

તેઓ કહે છે કે,'આપણી બહેનનો માંડવો તો ઝગમગી (શોભી) રહ્યો છે, જ્યારે મંછાનો માંડવો તો સાવ ધૂળ ખાધેલો -ઉજ્જડ- લાગી રહ્યો છે.એટલું જ નહીં અમારી બહેનના માંડવામાં સંગાતીઓ,ડોવીડો તેમજ માઢબાપ વગેરે સૌ કોઈ ઝગમગી રહ્યા છે,જ્યારે મંછાના માંડવામાં તો આ બધા જ ઉજ્જડ લાગી રહ્યા છે.' આમ પ્રત્યક્ષ રીતે તો ખરું જ;પણ પરોક્ષ રીતેય પોતે સામેના પક્ષ કરતા ચઢિયાતા છે તેવું બતાવીને તેઓ અવસરનો આનંદ માણતા હોય છે.

આખરે હવે માંડવો ઝરડા નાખી,તોરણો બાંધીને પૂરેપૂરો તૈયાર થઈ ગયો છે.એટલે હવે માંડવો પાડનાર દરેકેદરેકને ( જે પીતા હોય તેને ) દારૂ કે તાડી પીવડાવીને મહેમાન નવાજી કરવામાં આવશે.દારૂ કે તમાકુંના ખાસ બંધાણી એવા આ જનસમૂહ માટે તો આ જ એક મોટી મિજબાની છે,તેથી માંડવાના શ્રમકાર્યને અંતે સૌને તાડી કે દારૂ પીવા નિમંત્રણ આપતું ગીત રજૂ કરતી ગીતાયરીઓ ગાય છે,-

" તાડાય કા તાડી રા બાયા વડાય કા પાન વેઇલ્લામાં,

તાડી જે પીણે યે હીના આવજે માંડવામાં,

તાડાય કા તાડી રા બાયા વડાય કા પાન વેઇલ્લામાં,

દારવઅ જ પીણે રા મંછા આવજે માંડવામાં,

આમારે ગામમાં રા મંછા આવજે માંડવામાં..."

આમ અહી તાડની તાડી અને મોવડાના દારૂને વડના પાંદડાના દડિયામાં પીવા માટેનું નિમંત્રણ આપવામાં આવ્યું છે.આ તાડી અને દારૂ માંડવો તૈયાર કરનારા ભાઈઓ,ગીતાયરીઓ તેમજ લાડી વગેરે તો પીશે જ,પણ સાથે વર તેમજ તેના કુટુંબીઓને પણ તેઓ દારૂ પીવા આવવાનું નિમંત્રણ પાઠવે છે ! આ વાત પરથી જોઈ શકાય છે કે,આ જનસમૂહ દારૂ કે તાડી વગેરે પીવામાં સ્ત્રી પુરૂષનો કોઈ બાદ રાખતો નથી.સૌ સાથે મળીને દારૂ વગેરે વ્યસનોની મિજલસ માણતા હોય છે.તદુપરાંત પોતાની આ મિજલસમાં સામાપક્ષથી વર વગેરેને પરોક્ષ રીતે નિમંત્રણ આપવાની તેમની ભાવના,એમના હ્રદયમાં છલકાઈ રહેલા આનંદના ઉન્માદને બતાવી આપે છે.

- **પીઠી તૈયાર કરતી વખતે ગવાતા ગીતો :**

માંડવો તૈયાર થઈ ગયા પછી વર કે કન્યાના ડીલે પીઠી લગાવવામાં આવે છે,સામાન્ય રીતે સવારે,બપોરે,સાંજે અને રાત્રે બાર વાગ્યે;આમ કુલ ચાર વખત પીઠી ચોળવામાં આવે છે.જેમાં પહેલી પીઠી ગામમાં આવેલા હિમાયરા દેવની પૂજા કર્યા બાદ,દેવના થાનક પર જ લગાવવામાં આવે છે.આપણે આગળ જોયું તેમ,લગ્નના બે ચાર દિવસ અગાઉથી જ ફળિયાની બહેનો દ્વારા પીઠી માટે લાવવામાં આવેલા હળદરને; એકબીજી સાથે ટોળ ટપ્પા મારતા કે પીઠીના ગીતો ગાતા જઈ ખાંડવાનું તેમજ દળવાનું કામ શરૂ કરી દેવામાં આવતું હોય છે.તેઓ હળદરને ખાંડણિયામાં ખાંડીને નાના-નાના ટુકડા કરી,હાથની ઘંટીએ દળતા જઈ નીચેના ગીતો વહેતા મૂકે છે,-

" કાચી ખાણીનું કાચુ હળાદ રે બમ્ભરીયા,

બેની તને કોણે ચડાવ્યું રે કાચુ હળાદ રે બમ્ભરીયા,

બેની તને ભાઈએ ચડાવ્યું કાચુ હળાદ રે બમ્ભરીયા,

કાચી ખાણીનું કાચુ તેલડ રે બમ્ભરીયા,

બેની તને કોણે ચડાવ્યું કાચે તેલડ રે બમ્ભરીયા,

બેની તને ભાભીએ ચડાવ્યું કાચુ તેલડ રે બમ્ભરીયા.."

આમ અહી હળદર અને તેલ વિશે પૂછવામાં આવ્યું છે કે,'આ કાચી ઘાણીનું આ કાચું હળદર અને કાચુ તેલ તને કોણે ચડાવ્યું ?' તેના જવાબરૂપે તેઓ ભાઈ-ભાભી તેમજ મામા-મામી વગેરેના નામ આપતા જાય છે અને ગીત આગળ વધતું જાય છે.અહી હળદર માટે 'કાચું' વિશેષણ તેમનાથી જાણ્યેઅજાણ્યે પણ પ્રતીકાત્મક રીતે પ્રયોજાયું છે.કારણ કે આ હળદર કુમારાવસ્થામાંથી યૌવનમાં ઉંબરે પગ મૂકતી લાડીના ડીલે લગાવવાનું છે.

આ કાચા હળદરને ખાંડણિયામાં ખાંડીને નાના ટુકડા કર્યા પછી ઘંટીએ દળવામાં આવતા,તેને ઝીણું ઝીણું થતું જોઈ બહેનો નીચેનું ગીત ગાય છે,-

" બેનનું હળાદ ઝીણું ઝીણું થાય મોરલીયા,

પગ તલીયે ઝીણું ઝીણું થાય મોરલીયા,

બેનનું તેલડ ઝીણું ઝીણું થાય મોરલીયા,

પગ તલીયે ઝીણું ઝીણું થાય મોરલીયા..."

આ રીતે ઘંટીએ દળાઈને ઝીણું થઈ રહેલા હળદરનો રંગ પણ નીખરતો જતો હોય છે,તેથી પીળા રંગ જેવા લાગતા આ હળદરના વિશે તેઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

" આ રંગ મારા કોયા સેરમાં વેચાય રે રંગ,કોયા સેરમાં વેચાય રે રંગ,

આ રંગ મારા સુરત સેરમાં વેચાય રે રંગ,સુરત સેરમાં વેચાય રે રંગ,

આ રંગ મારા કોયા ભાવે વેચાય રે રંગ,કોયા ભાવે વેચાય રે રંગ,

આ રંગ મારા પાવલી પાનસેર વેચાય રે રંગ,પાવલી પાનસેર વેચાય રે રંગ.."

આમ અહી પીળા રંગ સરીખા હળદર વિશે તેઓ ( એકબીજીને ) પૂછે છે કે, ‘આ રંગ કયા શહેરમાં વેચાય છે ? ને કયા ભાવે વેચાય છે ?’ તેના જવાબમાં આગળની પંક્તિઓમાં ‘આ રંગ સુરત જેવા શહેરમાં;પાવલી પાંચશેર ના ભાવે વેચાય છે’ એવું કહેવામાં આવ્યું છે.આમ હળદર સુરત જેવા મોટા શહેરમાંથી,પાવલી પાંચશેરના ભાવે ખરીદવામાં આવ્યું છે,આવું કહીને તે કેટલું મોઘુંમોલું છે એ બતાવવામાં આવ્યું છે,સાથેસાથે આ પીઠી માટેનું હળદર હોવાથી તે ખરેખર અણમોલ છે એ વાત પણ તેમાં સમાવિષ્ટ થઈ જાય છે.

➢ **હિમાયરા દેવના થાનકે પીઠી ચઢાવતી વખતે ગવાતા ગીતો :**

હવે લાડીને પહેલી પીઠી લગાવવા માટે ગામમાં આવેલા હિમાયરા દેવના સ્થાનક પર લઈ જવામાં આવશે.આ વિધિકાર્યમાં આખા મહોલ્લાની બહેનો,થોડા ભાઈઓ તેમજ ફળિયાના ભગતો ઉપસ્થિત રહેતા હોય છે.પરંપરા મુજબ લાડી અને તેની સાથે પીઠી,કંકું ચોખાની થાળી,હાર તેમજ પાણીનો કળશ લીધેલી બહેનોને,ફળિયાના ચાર ભાઈઓએ ચાદરનું છત્ર ઓઢાડી લીધું છે,અને સૌ ડોવડું,તારપું કે બેન્ટ વગેરે વાદ્યોના સંગાથે,વાજતેગાજતે હીમાયરા દેવના થાનકે આવે છે.

ભગત મંત્રોચ્ચાર કરતા જઈ હીમાયરા દેવને ચોખાની પૂંજ મૂકી,તેના પર રૂપિયાનો સિક્કો અને ફૂલ મૂકે છે,ને પછી હિમાયરા દેવનું નામ લઈ ચા અને દારૂની સાક પાડયા બાદ,તે લાડીના હાથે આ જ પ્રમાણે દેવની પૂંજ મૂકાવી,ચાની સાક પડાવડાવે છે.લાડી દ્વારા આ રીતે હીમાયરા દેવની પૂજાવિધિ થઈ રહી છે ત્યારે ગીતાયરીઓ નીચેનું ગીત ગાય છે,-

“ થઇડે થઇડે પૂજા પાડે યે બેના,

ડાળે ડાળે દેવી રમે યે બેના,

થઇડે થઇડે સાક પાડાવે યે બેના,

ડાળે ડાળે દેવી રમે યે બેના..”

આમ,તેઓ કહે છે કે,‘લાડીના હાથે વૃક્ષના થડમાં બિરાજેલા હીમાયરા દેવ દેવની ચોખાની પૂંજ મૂકી,ચા કે દારૂની સાક પાડીને જે પૂજા થઈ રહી છે,તેના કારણે દેવી ( અહી ‘દેવ’ના લાલિત્યવાચક નામ તરીકે ‘દેવી’ શબ્દ વાપરવામાં આવ્યો હોય એવું બની શકે )

ઝાડની ડાળીએ ડાળીએ રમી રહી છે.' અહીં દેવીનું વૃક્ષની ડાળીએ ડાળીએ રમવું એ તેની અનહદ પ્રસન્નતાનું સૂચક છે,ને એ પ્રસન્ન થયેલા દેવીની અસીમ કૃપા લાડી પર વરસી રહી છે તેવું સુંદર કલ્પન આ ગીતમાં રજૂ થયું છે.

તો વળી, લાડીથી દેવની પૂજામાં કોઈ કચાશ ન રહી જાય;હિમાયરા દેવના પાળિયાને કે તેમના ઘોડાઓને પૂંજવાનું રહી ન જાય તે માટે ગીતાયરીઓ એ પછી તરત નીચેનું ગીત રજૂ કરે છે,-

" માફી પૂંજી કા નાહી પૂંજી યે બેના,

નાહી પૂંજી તે પાછી પૂંજ યે બેના,

સાક ફીરી કા નાહી ફીરી યે બેના,

નાહી ફીરી રી પાછી ફીર યે બેના.."

આમ તેઓ લાડીને કહે છે કે તેં બધા દેવોને પૂંજ મૂકીને સાક તો પાડી છે ને? જો તારાથી દેવને ( પાળિયા કે ઘોડાને ) પૂંજ મૂકવાનું કે સાક પાડવાનું રહી ગયું હોય તો તું તેને પાછી પૂંજ મૂકીને સાક પાડી દે !.

દેવની પૂજાવિધિ થઈ ગયા પછી લાડીને પાટલા પર ઊભી રાખવામાં આવી છે.તેની આગળ પાછળ કુમાર કન્યાને બબ્બેની જોડીમાં ઊભા રાખી,તેમને - એક હાથમાં ઉમરાનું અને બીજા હાથમાં આંબાનું - પીઠી લગાડેલાં પાંદડાં આપવામાં આવ્યા છે.પ્રથમ આગળ ઊભેલા કુમાર કન્યા વારાફરતી,લાડીને માથાથી પગ સુધી પીઠી ચોળી ઉતારે છે,અને પછી એ પાંદડા લાડીની ઉપરથી પાછળની બાજુએ નાખી દે છે.આ જ પ્રમાણે પાછળ ઊભેલા કુમાર કન્યા વારાફરતી લાડીને પીઠી લગાવ્યા બાદ,એ પાંદડા આગળની તરફ નાખી દે છે.લાડીને આ રીતે પીઠી લગાવવામાં આવી રહી છે ત્યારે ગીતાયરીઓ નીચેનું ગીત ગાય છે,-

" આટલું હળાદ બેની કોણે મોકલાવ્યું,

સુરત સેરમાં ભાઈ વેપારી રે ભાઈ,ભાભીએ મોકલાવ્યું,

આટલું તેલડ રે બેની કોણે મોકલાવ્યું,

સુરત સેરમાં કાકા વેપારી રે ભાઈ,કાકીએ મોકલાવ્યું,

આટલું કંકું રે બેની કોણે મોકલાવ્યું,

સુરત સેરમાં મામા વેપારી રે ભાઈ,મામીએ મોકલાવ્યું..”

પ્રશ્નોત્તરી રૂપે ગવાતા આ ગીતમાં લાડીને પૂછવામાં આવે છે કે,‘ બેન,તને આટલું હળદર કોણે મોકલાવ્યું ? તો તેના જવાબમાં ‘લાડીના ભાઈ સુરતમાં વેપારી છે,એ ભાઈના ભાભીએ આ હળદર મોકલાવ્યું છે’ એવું કહેવામાં આવ્યું છે.આ જ પ્રમાણે  કંકુ,તેલ વગેરે વિશે પૂછવામાં આવે છે,અને તેના જવાબમાં કાકી,મામી વગેરેના નામ લેવાતા જાય છે અને ગીત આગળ લંબાતું જતું હોય છે.

હીમાયરા દેવના થાનકે પીઠી લગાવવાની આ રસમ પૂરી કર્યા પછી લાડીને કંકુ તિલક કરી હાર પહેરાવવામાં આવે છે.પરંપરા અનુસાર હવે લાડીએ જમીન પર પગ મૂકવાનો હોતો નથી.એટલે લાડીના ભાઈ તેને પાટલા પરથી ઉચકી લઈ,ખભે બેસાડીને માંડવામાં લઈ આવે છે,અને જમીન પર ન ઉતારતા,સીધા પાટલા પર ઉતારે છે.

➢ **માંડવામાં પીઠી લગાવતી વખતે ગવાતા ગીતો :**

લાડીને માંડવામાં લઈ આવ્યા પછી તેની ભાભી,કાકી વગેરે સારી પેઠે એટલે કે આખા શરીરે પીઠી ચોળે છે,આ સૌ લાડીને પીઠી લગાવી રહ્યા છે ત્યારે ગીતાયરીઓ નીચેના ગીતને વહેતું મૂકે છે,-

“ ચડે છે પીઠી ચડે છે પીઠી  હીના બેનને,

ઉતારે છે પીઠી ઉતારે છે પીઠી ચંપા ભાભી,

ચડે છે તેલડ ચડે છે તેલડ હીના બેનને,

ઉતારે છે તેલડ ઉતારે છે તેલડ ચંપા ભાભી..”

આમ તેઓ કહે છે કે,આજે હીનાના ડીલ પર તેલ અને પીઠી **ચડી** ( ખીલવું કે દીપવું) રહી છે,કારણ કે ચંપા ભાભી તેને તેલ અને પીઠી **ઉતારી** ( ઉપરથી નીચે ઘસીને લગાવવાના અર્થમાં) રહ્યા છે.'આ જ પ્રમાણે મામી કાકી વગેરેનો નામોલ્લેખ થતો જાય છે અને ગીત આગળ વધતું રહે છે.આમ ભાભી તેમજ કાકી વગેરેના હાથોથી લગાવવામાં આવી રહેલી પીઠી,લાડીના ડીલે શોભી રહી છે તેની વાત ગીતાયરીઓ આ ગીતમાં કરે છે.

પોતાના ડીલે પીઠી લગાવાય રહી છે તેથી લાડી માટે તો આ એક આનંદદાયી ઘડી છે જ,પણ સાથે તેને પીઠી લગાવી રહેલી આ બહેનો માટે પણ આ ઘડી એટલી જ આનંદદાયક છે.પોતાની લાડલીને પીઠી લગાવતી વખતે હૃદયમાં ઉભરાઈ રહેલા આનંદને અભિવ્યકત કરતી તેઓ નીચેનું ગીત ગાય છે,-

" હળાદ ચોલાવાની મજા આવે હળાદ ચોલી લેજો રે મારા મોટા બેન,

ચાંડલો પાડાવાની મજા આવે ચાંડલો પાડી લેજો રે મારા મોટા બેન,

કાજાલ કાડાવાની મજા આવે કાજાલ કાડી લેજો રે મારા મોટા બેન.."

આમ તેઓ કહે છે કે,(અમને) તને પીઠી ચોળવાની,ચાંદલો પડાવવાની અને કાજળ કડાવવામાં મજા આવી રહી છે.તેથી મારા મોટાબેન ( લાડીને માનપૂર્વક કહેવાયું છે) તમે અમારા હાથે પીઠી લગાવી,ચાંદલો પડાવીને કાજલ કડાવી લો' આ રીતે ગીત ગાતા જઈ તેઓ લાડીને પીઠી લગાવતા જાય છે,અને ગેલમાં ભાભી દિયરને,તો કાકીઢમામીઓ તેમની આસપાસ ઊભેલી સંગાતીઓ વગેરેને પીઠી લગાડીને પોતાનો આનંદ વ્યક્ત કરતી હોય છે.

પીઠી લગાવવાનું આ પહેલું વિધિકાર્ય પૂરું થયા પછી;આપણે આગળ જોયું તેમ બપોરે,સાંજે અને રાત્રિના બાર વાગ્યે ફરી પીઠી લગાવવામાં આવતી હોય છે.આ સમય અનુસાર જ્યારે લાડીને ફરીવાર પીઠી લગાવવામાં આવી રહી હોય ત્યારે ગીતાયરીઓ નીચેનું ગીત ગાય છે,-

" બેનને હળાદ ચયડું કે નાય રે બેન,

તમને તેલડ ચયડું કે નાય રે બેન,

તમને કંકું ચયડો કે નાય રે બેન..”

આમ અહી તેઓ લાડીને પૂછે છે કે, ‘તમને પીઠી બરાબર ચડી છે કે નહિ ? તમને તેલ ને કંકું ચડયા છે કે નહી ?’ અહી ચડવું એટલે ખીલવું,સુંદરતામાં વધારો થવો.પીઠી લગાવવાના કારણે લાડીનું ડીલ આજે ખીલી ઉઠ્યું છે,આ જોઈને બહેનો પોતાની આ વાતની પુષ્ટિ કરવા માટે લાડીને આ રીતે પૂછતા જઈને પીઠી લગાવતા જાય છે.ને આ સાંભળીને લાડીના ચહેરા પર સ્મિત વેરાય જતું હોય છે જે તેની સુંદરતામાં વધારો કરે છે.આમ આ રીતે સવાલ કરતા જઈને પીઠી લગાવવા પાછળ તેમનો મનોરથ એવો જ હોય શકે કે,આજના આ અવસરે આ તમામ સૌંદર્ય પ્રસાધનો તમારા શરીરને વધારે ને વધારે દીપાવે !

➢ **નાચણે તીયા ગાવાણે ગીતે :**

લગ્નના માંડવામાં આખી રાત નાચગાન થતું હોય છે.ડોવડું,તારપું કે ઢોલ વગેરે વાદ્યોના તાલે આ જનસમૂહ મનમૂકીને નાચે છે.તેમના નાચણામાં અનોખો ઉન્માદ જગાવતા આ વાદ્યોના વાદકોને સંગીતની મધુર સૂરાવલીઓ રેલાવવાનું કહેતી ગીતાયરીઓ નીચેનું ગીત વહેતું મૂકે છે,-

“ ડોવડઅ હારઅ હારઅ જ વાગાડ રા કાય બાયા હારઅ જ વાગાડ રા,

ડોવડા સંદે સંદે જ નાચુહુ યે કાય બેના સંદે જ નાચુહુ યે,

ઠોન હારો હારો જ વાગાડ રા કાય બાયા હારો જ વાગાડ રા,

ઠોના સંદે સંદે જ નાચુહુ યે કાય બેના સંદે જ નાચુહુ યે,

મસાક હારો હારો જ વાગાડ રા કાય બાયા હારો જ વાગાડ રા,

મસાક સંદે સંદે જ નાચુહુ યે કાય બેના સંદે જ નાચુહુ યે,..”

આમ,અહી તેઓ ડોવડું,ઢોલ અને મસક વગેરેના વાદકોને તેમના વાદ્યો ખૂબ સારી રીતે વગાડવાનું કહે છે,કારણકે એમણે સંગાતીઓ જોડે આ બધા વાદ્યોના તાલે તાલે નાચવું

છે.અહીં એમની નાચણા પ્રત્યેની એ સભાનતાને જોઈ શકાય છે કે,જો વાદક અને નર્તક વચ્ચે તાલ જળવાઈ તો જ નાચવાની મજા આવતી હોય છે.

અને નાચવું એ તો એમના સ્વભાવમાં,કહો કે રગેરગમાં વણાઈ ગયેલી બાબત છે.ડોવડું,તારપું કે ઢોલને વાગતા સાંભળ્યાં કે એમના શરીરમાં એક થરકાટ ઉઠવા લાગે છે.પોતાના આ ઉન્માદને વર્ણવતા તેઓ ગાય છે,-

" કેલાહા વાડીમાં ડોવડઅ વાગે બેના,

ડોવડઅ ઓનાયને નાચા જાહું બેના,

કેલાહા વાડીમાં ઢોન વાગે બેના,

ઢોલ ઓનાયને નાચા જાહું બેના,

ફૂલાહા વાડીમાં વાહલી વાગે બેના,

વાહલી ઓનાયને નાચા જાહું બેના,

ફૂલાહા વાડીમાં માસાક વાગે બેના,

માસાક ઓનાયને નાચા જાહું બેના..."

આમ આ ગીતમાં 'કેળ અને ફૂલોની વાડીમાં ડોવડું,મશાક અને ઢોલ વગેરે વાગી રહ્યા છે,એ વાગતા સાંભળીને નાચવા જવાની વાત કરવામાં આવી છે.અહીં માંડવાને 'કેળાની વાડી' અને 'ફૂલોની વાડી' જેવી કલ્પનસભર ઉપમા આપવામાં આવી છે જે આ ગીતનું નાવિન્ય છે.આ સાથે પારંપરિક વાદ્યોના સૂર સાંભળ્યા કે નાચવા થનગનતા આ જનમાનસમાં,નાચણા પ્રત્યેનું જે ઘેલું રહેલું છે તે પણ જોઈ શકાય છે.

આ જનસમૂહ પોતાના સંગાથીઓ સાથે નાચણાનો ભરપૂર આનંદ માણે છે.એટલું જ નહીં,તેઓ સામાપક્ષથી લાડા કે લાડીને તેમના આ આનંદમાં ભાગીદાર થવાનું નિમંત્રણ આપતા હોય છે;જે તેમના હ્દયમાં છલકાઈ રહેલા અનહદ આનંદના ઊભરાને બતાવી આપે છે.લાડીના માંડવામાં લાડાને નાચવા આવવાનું નિમંત્રણ આપતી ગીતાયરીઓ ગાય છે,-

" ડોવડઅ વાગે બેના હેલા માંડવા તલે યે,

નાચા એ જે મંછા હેલા માંડવા તલે રા,

ઢોલ વાગે બેના હેલા માંડવા તલે યે,

ઓનાણે આવજે મંછા હેલા માંડવા તલે રા,

મસાક વાગે બેના હેલા માંડવા તલે યે,

ફીરા એ જે મંછા હેલા માંડવા તલે રા,."

આમ,તેઓ લાડાને નાચણાનું નિમંત્રણ આપતા કહે છે કે,'અમારી બેનના માંડવામાં ડોવડું,ઢોલ અને મસક વગેરે વાગી રહ્યા છે,તો ( હે મંછી ) તું તેને જોવા,સાંભળવા; કાં તો પછી અમારી જોડે નાચવા માટે આવ !'અહીં માંડવા માટે ' હેલો માંડવો ' (શીતળ માંડવો) એવો શબ્દપ્રયોગ થયો છે જે એકદમ ઉચિત જણાય છે,કેમકે લગ્નનો માંડવો નાચવા કે જોવા આવેલા સૌ કોઈના તન-મનનો થાક દૂર કરી,એક અનોખી પ્રસન્નતા પ્રદાન કરતો હોય છે.

એટલા માટે જ તો લગ્નની મોસમ ઉઘડતાની સાથે જ આસપાસના ગામોમાં નાચવા કે ફરવા જવું એ આ યુવાહૈયાઓનો એક આગવો શોખ છે.પરંતુ આ સ્વતંત્રતા કહો કે સ્વચ્છંદીપણું,કાયમ ચાલી શકતું નથી.સાંસારિક તાણાવાણામાં બંધાય ગયા પછી ઈચ્છા કે અનિચ્છાએ આ શોખને પડતો મૂકવો પડે છે,એ માટેનું કારણ બતાવતી ગીતાયરીઓ નીચેનું ગીત વહેતું મૂકે છે,-

" નાચી રયલે ગાવેહે ગાવેહે નાચી રયલે મારું બેના યે,

નાય જાવા દે મંછો ઉજાયળો ના જાવા દે મારું બેના યે,

ફીરી રયલે ગાવેહે ગાવેહે ફીરી રયલે મારું બેના યે,

નાય ફીરા દે મંછો ઉજાયળો નાય ફીરા દે મારું બેના યે,

નાચી રયલે વરાળે વરાળે નાચી રયલે મારું બેના યે,

નાય નાચા દેય મંછો ઉજાયળો નાય નાચા દે મારું બેના યે,

નાચા હોદે મંછો ઉજાયળો નાચા હોદે મારું બેના યે.."

આમ તેઓ કન્યાને કહે છે કે,'ગામડે ગામડે લગ્નોમાં ફરવા અને નાચવા જવાનો આપણો આજ સુધીનો શોખ રહ્યો છે,પણ હવે આ **ઉજાયળો**( અક્કલ વગરનો ) મંછી આપણને ફરવા કે નાચવા જવા દેતો નથી,(અને જો કોઈ લગ્નમાં) નાચવાનું થાય તો તે આપણી સાથે નાચવા કરે છે (પણ તેને તો કંઈ નાચતા આવડતું નથી ) !' કહેવાનો મતલબ કે,આ જનસમૂહ- સ્ત્રી પુરૂષો બંને એકબીજાની કમર પકડીને નાચતા હોય છે,તેથી મંછી પોતે હીના સાથે નાચવા કરે છે પણ તેને નાચતા આવડતું ન હોય તે હીનાને પણ બીજા જોડે નાચવા દેતો નથી.અહીં લાડાને નિમિત્ત બનાવીને ગીતાયરીઓ લાડીને 'તારો મંછી આપણને નાચવા દેતો નથી.. ' એવું કહે છે,તેમાં ખરેખર તો તેમની પોતાની અંગત વેદનાની વાત છે,જે તેઓ મંછીના માધ્યમથી કહી સંભળાવે છે;આ સાથે તેમણે લાડીને પણ લગ્ન પછી આવનારી પરિસ્થિતિનો ચિતાર આપી દીધો છે. આમ અહીં સમાજમાં પ્રવર્તતા વહેમીપણાનો નિર્દેશ પણ મળી રહે છે.

તો આ બાબતમાં પોતાની જે નિર્દોષતા છે તે;અને મંછીના વહેમીપણા અંગે પોતાનો ફિટકાર વરસાવતી ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

" જા ડોવડી વાગે યે બેના તા નાચા જાહું યે ગુલાબી,

જા રાંડેહે ટોલો રા મંછા તા તોરે વાયદો રા ગુલાબી,

જા ઢોલ વાગે યે બેના તા નાચા જાહું યે ગુલાબી,

જા રાંડેહે ટોલો રા મંછા તા ફીરા જાજે રા ગુલાબી,

જા ફૂલાહા વાડી યે બેના તા ફીરા જાહું યે ગુલાબી,

જા કાટાહાંય વાડી રા મંછા તા ફીરા જાજે રા ગુલાબી,.."

આમ તેઓ લાડીને કહે છે કે ' આપણે તો જ્યાં ડોવડી કે ઢોલ વાગતા હશે ત્યાં નાચવા ને ફરવા જઈશું,પણ મંછી તારે તો જ્યાં સ્ત્રીઓનાં ટોળા હોય ત્યાં ( તેમને મળવાના )

વાયદા આપેલા હોય છે,એટલે તું ત્યાં ફરવા જજે.'અહી સ્ત્રી લોલુપતા રાખતા મંછીને તેઓ કહેવા માગે છે કે ખોટ અમારામાં નહીં પણ તારા આચરણમાં છે.મંછીના પ્રત્યેના આ અણગમાને વેધકતાથી રજૂ કરતા ગીતના અંતે તેઓ કહે છે કે 'અમે તો જ્યાં ફૂલોની વાડી હશે ત્યાં ફરવા જઈશું,જ્યારે મંછી તું જ્યાં કાંટાની વાડ હશે ત્યાં ફરવા જજે'.મતલબ કે,અમે તો જીવનનો નિર્દોષ આનંદ માણીશું,પણ તને તો સ્ત્રીલોભને કારણે દુઃખરૂપી કાંટાઓ જ મળશે.આમ,ઉપરના બંને ગીતોમાં મંછી પુરૂષજાતિનું પ્રતિનિધિત્વ કરે છે.આ ગીતમાં પ્રાસ માટે પ્રયોજાયેલ ગુલાબી શબ્દ ગીતને લયમધુર બનાવે છે.

આવા ભાવવાહી ગીતો અને વાદ્યોના સૂરતાલની સંગાથે મોડી રાત સુધી ચાલતા આ નાચણામાં નાચી નાચીને છેવટે થાક તો લાગવાનો જ ને ! અને તેમના આ થાકને ઉતારવા માટે દારૂ એક અસરકારક ઔષધનું કામ કરે છે.બસ,દારૂ પીધો કે થાક પણ ઉમંગમાં ફેરવાઈ જતો હોય છે.એટલે જ તો તેઓ સામે ચાલીને દારૂની માગણી કરતા ગાય છે કે,-

" નાચી નાચી થાકી જાવાયઅ કાય બેના વરાળામાં,

આમાહાંય જુજે હીહલી હરો કાય બેના વરાળામાં,

નાચી નાચીને પાગ દુઃખસા કાય બેના વરાળામાં,

આમાહાંય જુજે હીહલી હરો કાય બેના વરાળામાં.

હીહલી હરો નેતો આવજે કાય રમણા વરાળામાં,

વાટ હેરીને નીંદ આવી ગોય કાય બેના વરાળામાં,

તેરૂ રમણો આજુ ના દેખાય કાય બેના વરાળામાં.."

આમ તેઓ કહે છે કે,'હીના તારા લગનમાં નાચી નાચીને થાકી જવાયું,હવે તો અમારા પગ દુઃખે છે,એટલે અમને શીશી ભરીને દારૂ જોઈએ.'ને આ દારૂ લઈ આવવા માટે તેમણે લાડીના ભાઈ રમણાને કહેવડાવ્યું છે,પણ ઘણી રાહ જોવડાવ્યા પછી પણ રમણો દેખાતો નથી.એટલે આગળ તેઓ કહે છે કે,'વાટ જોઈજોઈને અમને તો નીંદ આવી ગઈ પણ રમણો હજી કંઈ દેખાતો નથી.'આવી રીતે ગીત રજૂ થાય એટલે થોડા સમયમાં તેમને દારૂ

આપી દેવામાં આવતો હોય છે.આમ આ  સમાજમાં થતા લગ્નોમાં દારૂ એક અનિવાર્ય બાબત છે,તેથી પોતાને વર્જ્ય હોય તેવા લોકો પણ લગ્ન પ્રસંગે દારૂ જરૂરથી લાવતા હોય છે,કેમકે દારૂ વિના નાચણાની રંગત બરોબર જામતી નથી.

- **જાનમાં જવાની પૂર્વતૈયારી રૂપે ગવાતા ગીતો :**

લગ્નના બીજા દિવસે લાડો પોતાની જાન લઈને લાડીને પરણવા તેના ગામ જાય છે.હવે તો વરરાજા કન્યાને વરવા માટે પોતાની જાનને વાહનોમાં બેસાડીને લઈ જાયછે,પણ ત્રણ ચાર દાયકા અગાઉ તેઓ પોતાની જાન લઈને  ચાલતા જ ( જો થોડા સંપન્ન પરિવારના હોય તો બળદગાડામાં બેસીને ) કન્યાના ગામ સુધી જતા.લાડીનું ગામ દસેક કોસ દૂર વસેલું હોવાથી ચોથા પહોરની પ્હો ફાટતા જ જાન લઈને નીકળી જવું પડશે,એવું સૌ જાનૈયાઓને જણાવી દેવામાં આવ્યું છે,જેથી રાત પડે તે પહેલાં લાડીને લઈને ઘરે પાછા આવી જવાય,એટલે કેટલીક બહેનો આકાશમાં ઊગેલા શુક્રના તારાને જોઈને - પોતાની અધૂરી ઊંઘ મૂકીને ઊઠી ગઈ છે,આ બાબતે પોતાનો હળવો રોષ ઠાલવતી તેઓ નીચેનું ગીત ગાય છે,-

“ છેલછેલીયો તારો ઉગે મારે છેલીયા,

ઉજાયળી હીના ઉંગે મારે છેલીયા”

આમ તેઓ કહે છે કે ‘ટમટમતો શુક્રનો તારો ઊગી ગયો છે ( એટલે હવે આપણે ઊઠી જઈએ).આ  ઉજાયળી ( અક્કલ વગરની ) હીના તો આપણને ઊંઘે મારે છે!’

ને પછી ઊંઘમાંથી જાગેલી આ ગીતાયરીઓ નાચી-થાકીને સૂઈ ગયેલી પોતાની સંગાતીઓને જગાડવા માટે બીજું ગીત વહેતું મૂકે છે,-

“ પાનાવાયડી નીંદ લાગી હુવી ગયે યે રાંડેહેવ,

પરગાયડો કૂકડો વાહ્યો જાગી જાયા યે રાંડેહેવ,

પવાલી દારવઅ્ પીદઅ્ હુવી ગયે યે રાંડેહેવ,

પરગાયડઅ ડોવડઅ્ વાગઅ્ જાગી જાજા યે રાંડેહેવ,..”

આમ ' ( એક તો નાચણાનો થાક ) ને ઉપરથી પવાલી ભરીને દારૂ ઢીંચવાના લીધે તમે ગાઢ નીંદમાં સૂઈ ગઈ છો,પણ હવે જાગી જાઓ,( જુઓ ) સવારનો કૂકડો બોલવા લાગ્યો છે,ને ડોવીડો ડોવડાના સૂર રેલાવવા લાગ્યો છે ( માટે તમે સૌ ઉઠી જાઓ ) ' ઉપર મુજબના ગીતો અને ડોવડાના સૂર સાંભળીને જાનમાં જવા માગતી સંગાતીઓ તેમજ બીજા સૌ કોઈ નાહીધોહીને તૈયાર થઈ ગયા છે.

- **જાનના પ્રસ્થાન વખતે ગવાતા ગીતો :**

વહેલી પરોઢે લાડાની જાન ગાડામાં બેસીને લાડીના ગામ જવા નીકળી પડી છે.લાડાની જાન આડે રસ્તે ન વળે,અને સીધે રસ્તે આગળ વધે તે માટે ગીતાયરીઓ નીચેનું ગીત ગાય છે,-

" જાન ચાલી રા મંછા ફાઇણે જાન ચાલી રા ડુયરામાં,

જાન ચાલી રા આડે રસ્તે જાન ચાલી રા ડુયરામાં,

જાન ખાલા રા રમણા ફાયા જાન ખાલા રા ડુયરામાં,

જાન વાલા રા હીદે રસ્તે જાન વાલા રા ડુયરામાં,

જાન જાવાદે હીદે રસ્તે જાન જાવાદે ડુયરામાં,.."

આમ,લાડાની જાન નીકળી તો છે હીનાના ગામ જવા,પણ ભૂલથી તે આડે રસ્તે ચડી ગઈ છે.તેથી ગીતાયરીઓ ( દિયર ) રમણાને કહે છે કે,'ભાઈ રમણા,જાન તો આડે રસ્તે જઈ રહી છે,તમે એને રોકો અને સીધે રસ્તે લઈ જાવ ! 'આમ જાન સીધે રસ્તે આગળ વધે તેવું શુભ સૂચન આ ગીતમાં રજૂ થયું છે.

જે મુજબ વરરાજાની જાન આડેઅવળે જવાના બદલે સીધે રસ્તે આગળ વધી રહી છે,ને ગીતાયરીઓ વાતાવરણને અનુરૂપ એકલ દોકલ ગીત લલકારતી જાય છે.હવે,લાડીને વરવા જવાનું હોય લાડો તો ઉત્સાહમાં હોવાનો જ ! એટલે લાડીને પરણવા માટે હરખપદૂડા થયેલા આ વરરાજાની ટીખળ કરતી ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

" એલા રસ્તામાં હવેલી બાંદાડી દે રા બાયા,

હવેલી બાંદાડી દે હીનાલે તેડાવી લે રા બાયા,

હીનાલે હાદાડી લે ટાલઅ મારાવી દે રા બાયા,

ટાલઅ મારાવી દે ચાવી ફેરેવી દે રા બાયા,.. "

આ પ્રાસ સભર ગીતમાં તેઓ લાડાને મજાકમાં કહે છે કે,'તું આ રસ્તામાં એક હવેલી બંધાવી લે,તેમાં હીનાને તેડાવી લે,ને પછી તાળું મરાવીને ચાવી ફેરવી (કાઢી) લે..'આમ અહીં તેઓ કહેવા માગે છે કે,હીનાને લેવા માટે તેના ગામ સુધી ચાલતા જવા કરતા તું તેને બોલાવી લે અને પછી તાળું મારીને બંધ કરી દે;મતલબ કે તું આ રસ્તામાં હવેલી બનાવીને,વટથી હીનાને તારી બનાવી લે !

બીજીબાજુ લાડીનું ગામ ઘણે દૂર વસેલું છે.અને તેમની ગાડી ( ગાડું ) ધીમેથી ચાલી રહી છે.આવી રીતે તો આપણે લાડીના ગામ ક્યારે પહોંચીશું ? ગાડી હાંકનારને આવો સવાલ કરતી ગીતાયરીઓ નીચેનું ગીત વહેતું મૂકે છે,-

" ડાઈવાર ગાડી ધીરે ચાલે હે કવે જાય ફુગુહું બાયા રા,

આંદારી રાત લાંબાતી વાટ કવે જાય ફુગુહું બાયા રા,

હીના ગામે દૂર દેખાહાય કવે જાય ફુગુહું બાયા રા,.."

આમ તેઓ ડ્રાઈવરને પૂછે છે કે, " આપણી ગાડી આટલી ધીમે ચાલે છે તો આપણે ક્યારે જઈ પહોંચીશું ? એકબાજુ ( દિવસ ડૂબતા ) અંધારી રાત પડી જશે,ને હજી ઘણો લાંબો રસ્તો કાપવાનો છે,હીનાનું ગામ હજીયે ઘણું દૂર છે,તો આપણે ત્યાં ક્યારે પહોંચીશું ?" લાડાની જાન વાહનમાં બેસીને જતી હોય તે વખતે પણ આ ગીત અચૂક રીતે ગવાતું હોય છે.

➢ **જાન વિસામો લે તે વખતે ગવાતા ગીતો :**

ઉપર મુજબના એકલદોકલ ગીત ગાતા જઈ;અમુક મજલ કાપ્યા પછી જાનૈયાઓ રસ્તામાં ઉંબરાના મોટા ઝાડ નીચે પોરો ખાવા થોભ્યા છે.આ ટાણે પણ તેઓ નાચણાની મજા લેવાનું ચૂકતા નથી.ડોવડું,તારપું કે ઢોલ વગેરેના સુરે નાચતા જઈ તેઓ નેચેનું ગીત વહેતું મૂકે છે,-

"ડોવડી વાગે બેના હેલા ઉંબરા તલે યે,

નાચા યેજે છાને હેલા ઉંબરા તલે યે,

ઠોને વાજે બેના હેલા ઉંબરા તલે યે,

રમા યેજે જશુ હેલા ઉંબરા તલે યે,.."

આમ,ઉંબરાના શીતળ છાંયડામાં તેમનું જે નાચણું જામ્યું છે,તેમાં તેઓ પોતાની સખીઓ ઉપરાંત કન્યાને પણ નાચવા આવવાનું કહે છે.નાચણામાં નાચતી વેળાએ તેઓ સુધબુધ ખોઈ બેસતા હોય છે તેનો નિર્દેશ કરતું નીચેનું ગીત જોઈએ,-

" લીલો લીબડાની ડાળ કે લીંબડો ઝુલા મારે,

છાની નાચણામાં છેતરાયી કાસડો ઢીલો ઢીલો,

લીલો લીંબડાની ડાળ કે લીંબડો ઝુલા મારે,

જશુ નાચણામાં છેતરાયી ચણિયો ઢીલો ઢીલો,.."

આમ,લીલાછમ લીમડાના ઝાડ તળે જે નાચણું થઈ રહ્યું છે,તેના કારણે લીમડો પણ ઝૂલી રહ્યો છે.આમ, નાચણાના લયમાં આસપાસની પ્રકૃતિ પણ આંદોલિત થઈ ઊઠી છે. આવા ભાન ભૂલાવી દેનારા નાચણામાં છાનીને પોતાની કાસડી ઢીલી થઈ ગઈ છે તેનું પણ ભાન રહ્યું નથી ' તેની વાત કરવામાં આવી છે,આ રીતે અન્ય સ્ત્રી-પુરૂષોના નામ લઈને ટીખળો થતી જાય છે અને ગીત આગળ વધતું જાય છે.અહીં લગ્નપ્રસંગે નાચણામાં ખેલાતા પ્રણય ફાગનો પણ આડકતરી રીતે ઉલ્લેખ થયેલો જોવા મળે છે.

- **જાન લાડીના ગામ પહોંચે તે વખતે ગવાતા ગીતો :**

આ જનસમૂહ મોટેભાગે જ્યાં વસવાટ કરે છે તે વિસ્તાર મોટેભાગે નાના મોટા ડુંગરાઓ અને જંગલોથી ઘેરાયેલો છે,એટલે લાડીનું ગામ ડુંગરાઓમાં વસેલું હોવાથી,તેના ગામમાં પ્રવેશતાની સાથે ગીતાયરીઓ નીચેનું ગીત વહેતું મૂકે છે,-

" ઈયા ગામુડામાં કાય ગમી ગીયઅ મા બાયા રા,

ઈયા ગામુડામાં હીના ગમી ગીયી મા બાયા રા,

ઈયા ગામુડામાં કાય ગમી ગીયઅ મા બાયા રા,

ઈયા ગામુડામાં જેરા બી નેય ગમે મા બાયા રા,

ઈયા ગામુડામાં નહદા પથરા દેખાય મા બાયા રા,

ઈયા ગામુડામાં કાય ગમી ગીયઅ મા બાયા રા,

ઈયા ગામુડામાં નહદા ડોગરા દેખાય મા બાયા રા,.."

આમ કન્યાના ગામ પ્રત્યેનો અણગમો રજૂ કરતા તેઓ લાડાને કહે છે કે, 'આ ગામમાં ( અમને) તો કંઇ ગમતું નથી.અહીં તો એકલા પથ્થરો અને ડુંગરાઓ જ દેખાય છે.તો આવા ગામડામાં તને શું ગમી ગયું ? આ સવાલના જવાબમાં છેલ્લે તેમના દ્વારા આવા (ઉજ્જડ) ગામમાં અમારા ભાઈને હીના તને ગમી ગઈ ! એવું કહેવાયું છે.ઘણીવાર એવું પણ બને કે લાડીનું ગામ લાડાના ગામ કરતા સુખી સમૃદ્ધ હોય.તેવા વખતે પણ ગીતાયરીઓનો મિજાજ ઓછો ઉતરતો નથી.આખરે પોતાનું ગામ તે પોતાનું - એવા મિજાજ સાથે તેઓ આ ગીત રજૂ કરતી હોય છે.

[હવે બદલાતા સમયને અનુરૂપ વરરાજા પોતાની જાન વાહનોમાં બેસીને લઈ જાય છે.તેથી ગાડીમાં બેસીને આવતા વરને કન્યાના ગામ સુધી પહોંચવામાં કોઈજાતની અડચણ ન પડે તે માટે ગીતાયરીઓ નીચેનું ગીત ગાય છે,-

" હીના તારા દેસમાં ખાડા ને ટેકરા ભાઇ મારો કેમ કરી આવસે રે,

ખાડા પુરાવી દે ને ટેકરા ખોદાવી દે ભાઇ મારા ગાડી બેસી આવસે રે,

હીના તારા દેસમાં ઝાડી ને જેંગાલ ભાઇ મારા કેમ કરી આવસે રે,

ઝાડી કાપાવી દે ને કચરઅ નીદાવી દે ભાઇ મારા ગાડી બેસી આવસે રે…"

આમ તેઓ લાડીને કહે છે કે,હીના તારા ગામમાં ઘણાબધા ખાડા અને ટેકરા છે,તો અમારા ભાઈ કેમ કરીને આવશે ? એટલે તું ખાડા પુરાવી દે અને ટેકરા ખોદાવીને સારો રસ્તો બનાવી દે,કેમકે અમારા ભાઈ ગાડીમાં બેસીને આવવાના છે.તેજ રીતે ઝાડી અને ઝાંખરા કપાવીને રસ્તો બનાવવાની વાત કરવામાં આવી છે.ધીરેધીરે આધુનિકતાના ચોકઠામાં ગોઠવાતા જતા સમાજના સંકેત પણ આ ગીતમાં મળે છે.]

સાથોસાથ તેઓ લાડાના વખાણ અને લાડીની ટીખળ કરવાનું પણ ચૂકતા નથી, વરરાજાના વખાણ કરતી ગીતાયરીઓ નીચેનું ગીત ગાય છે,-

" ધીરેતો રા મંછા ધીરેતો રા ઉબે સડાકે ફૂલહાર વેરતો રા,

ધીરતી યે હીના ધીરતી યે ઉબે ડોગાલે ગેદુડે ચારતી યે,.."

આમ તેઓ કહે છે કે અમારો મંછી તો ઊભી સડકે ફૂલ વેરતો ચાલી રહ્યો છે,જ્યારે હીના તો ડુંગરોમાં ગધેડા ચરાવતી ફરે છે.આમ અહીં તેઓ લાડાની ગૃહસ્થાયીની સામે લાડી સાવ અણઘડ છે ! એવું સાબિત કરવામાં માગે છે.

- **જાન લાડીના ઘર નજીક આવી પહોંચે તે વખતે ગવાતા ગીતો:**

આખરે,ચાલી ચાલીને સૌ કોઈને થાક અને તરસ લાગી છે.એટલે લાડીના ઘરની નજીકનજીક પહોંચતાની સાથે ગીતાયરીઓ નીચેનું ગીત વહેતું મૂકે છે,-

" ચાની ચાની મંછા થાકી જાવાયઅ રા (૨)

આમાહાંય જાણીનઅ મંછા પાંહી જાણીનઅ રા (૨)

હીના ગામે મંછા દૂર રયઅ રા (૨)

છેતરી છેતરીને મંછા હાદી નાવો રા (૨)

તીરહી નાગી મંછા તીરહી નાગી રા (૨)

તાંબા ગડામાં હીના પાણી નેતી આવ યે (૨)…"

તેઓ વરને કહે છે કે,'ચાલીચાલીને અમને થાકી જવાયું છે.અમે તો (હીનાનું ગામ) નજીકમાં હશે એમ જાણ્યું હતું,પણ આ તો ઘણું દૂર છે ! તું અમને છેતરીને ( થોડે જ જવાનું છે એવું કહી ) બોલાવી લાવ્યો ! અમને હવે તરસ લાગી છે !' હવે, હીનાને પરણવા સારું તો મંછી તેમને છેતરીને દૂર સુધી ચલાવતો લઈ આવ્યો છે.તેથી ગીતના અંતમાં તેઓ હીનાને કહે છે કે,'હીના તું અમારા માટે તાંબાના ઘડામાં પાણી લઈ  આવ,અમને તરસ લાગી છે.'

તો બીજીતરફ કન્યાનું ગામ  દૂર વસેલું હોય તો જાનને અહીં સુધી પહોંચતા બપોર થવા આવ્યો છે;એટલે ઝાંપાએ ઊભેલી લાડીની ગીતાયરીઓ મોડેથી આવી પહોંચેલા લાડાની મજાક ઉડાવતું નીચેનું ગીત ગાય છે,-

" વાટે વાહ રઅતો આવે રા મંછો,

ગામણી બયાર ખાલી રયની રા મંછા,

વાટે વાહ રઅતો આવો રા મંછો

ગામણી બયાર થરી રયની રા મંછા…"

આમ જાન લઈને મોડેથી આવવા પાછળનું કારણ બતાવતા તેઓ કહે છે , આવી પહોંચેલા મંછીને તેઓ કહે છે કે, 'મંછી તું તો વાટે રોકાતો (રાત રોકાતો) આવ્યો છે. નક્કી તને ગામની બયરીએ પકડી-રોકી રાખ્યો હશે.' વરની આ રીતે થતી મજાક સમાજમાં પ્રવર્તતા વહેમીપણાનો આછોપાતળો ચિતાર આપી જાય છે.

- **ઝાંપાની રીતના ગીત :**

લાડાની જાન આવી પહોંચી હોઈ,લાડાની સાળી ( કે સાળો ),સંગાતીઓ અને અન્ય સબંધીઓ સાથે માંડવાની આગળ,જાનને રોકવા માટે વાંસ પકડીને ઊભી છે.જેને 'છાપઅ્ થરવાણી રીત' કહેવામાં આવે છે.અહીં હવે લાડાએ તેને ઝાંપાની રીતના પૈસા ચૂકવવા પડશે;આ પછી જ તે લાડાને હાથ પકડીને માંડવાની અંદર દોરી જશે અને યોગ્ય જગ્યાએ

બેસાડશે.(આજે હવે લાડાની જાન માંડવે આવી પહોંચે ત્યારે તેને લાડીના ઘરથી થોડે દૂર કે બાજુમાં પડાવ આપવામાં આવે છે.) એટલે સાળી લાડાની જાનને ન રોકે અને સીધા મંડપમાં જવા દે તે માટે લાડાની ગીતાયરીઓ નીચેનું ગીત વહેતું મૂકે છે,-

"ઝાપુલી ખુલ્લાતી રાખજે લઅંડે,

આમે બાયો જાન નેયને આવેહે હીના લઅંડે,

ઝાપુલી ખુલ્લાતી રાખજે હીના લઅંડે,

આમે બાયો જાન કુદાડતો લાવેહે હીના લઅંડે,

ઝાપુલી ખુલ્લાતી રાખજે હીના લઅંડે,

આમે બાયો જાન ટાંગો જોડી લાવેહે હીના લઅંડે.."

આમ,અહીં તેઓ સાળીને કહે છે કે,'હીના તું ઝાંપો ખુલ્લો રાખજે ( કેમકે) અમારો મંછી ટાંગો જોડીને - જાનને કુદાવતો ( ઉમંગમાં ) આવી રહ્યો છે.'આમ અહીં તેઓ કહેવા માગે છે કે,જો તું ઝાંપો ખુલ્લો ના રાખીશ તો અમે તેને તોડીને મંડપમાં પહોંચી જઈશું.

તો તેની સામે લાડીની ગીતાયરીઓ પણ તેમને સીધેસીધું પરખાવી દેતા નીચેનું ગીત ગાય છે,-

"બં કુદેહે મંછા ખોડો,બં કુદેહે મા બેના યે,

તાણી બાંદુહું આમલા થુયડે,તાણી બાંદુહું મા બેના યે,

બં કુદેહે છાની ગેદડો,બં કુદેહે મા બેના યે,

તાણી બાંદુહું આંબા થુયડે,તાણી બાંદુહું મા બેના યે..."

આમ જાનની સાથે ઝાંપો તોડીને મંડપમાં પ્રવેશવા માગતી જાનને ઉદ્દેશીને તેઓ કહે છે કે,'આ મંછીનો 'ઘોડો' અને છાની( નણંદ)નો 'ગધેડો' ઘણા જ કૂદકા મારી રહ્યા છે,પણ આપણે તેમને આમલી ને આંબાના થડ સાથે ખેંચી બાંધીશું' આ જ રીતે વટનો લટકો થઈને આગળ આગળ થતા દિયર,સાસુ વગેરેના નામ લેવાતા જાય છે અને ગીત આગળ વધતું

જાય છે.હકીકતમાં તો અહીં તેઓ 'ઘોડો' અને 'ગધેડા'ની આડમાં વર અને નણંદ વગેરેને જ ઝાડના થડ સાથે બાંધી મૂકવાની ચેતવણી આપે છે,સાથે કોઈ જાતની આનાકાની કર્યા વિના પોતાની રીત આપી દેવાનું પણ સૂચન કરે છે.

➢ **જાન માંડવામાં આવી પહોંચે તે વખતે ગવાતા ફટાણા :**

જાન લઈને માંડવામાં પ્રવેશેલા વરરાજા કન્યાપક્ષ તરફથી પોતાની આગતા સ્વાગતાની થાય એવી અપેક્ષા રાખે એ સ્વાભાવિક છે,પણ અહીં તો લાડીની ગીતાયરીઓ તેની આ અપેક્ષાનો છેદ ઉડાવતું નીચેનું ગીત રજૂ કરે છે,-

" મંછો ખોડો ખોદડી નાવો યે વડે રુંબાલઅ,

બેના ગતાર માંડણે જાજે યે વડે રુંબાલઅ,

મંછો ખોડો ખોદડી નાવો યે વડે રુંબાલઅ,

બેના ચારઅ નાખણે જાજે યે વડે રુંબાલઅ,

મંછો ખોડો ખોદડી નાવો યે વડે રુંબાલઅ,

બેના પાણી માંડણે જાજે યે વડે રુંબાલઅ.."

આમ તેઓ હીનાને સંબોધીને કહે છે કે,'મંછી ઘોડો દોડાવતો આવી પહોંચ્યો છે,એટલે તું જા અને તેને (ઘોડાને) ચારોપાણી આપી આવ !'અહીં પણ 'ઘોડો' શબ્દ દ્વિઅર્થી રીતે પ્રયોજાયો છે ( કારણ કે,આ સમાજમાં લાડો ઘોડા પર બેસીને પોતાની જાન લઈ ગયો હોય એવું લગભગ એ સમયે બનતું નહોતું;એટલે ઘોડો શબ્દ મંછી માટે પ્રયોજાયો છે એ વાત તરત સમજાય જાય છે.) આમ અહીં તેઓ હીનાને ઘોડાને ચારો પાણી આપી આવ એવું કહીને મંછીની ઠેકડી ઉડાવે છે,સાથે તેને કોઈ જાતનું માનપાન આપવાની જરૂર નથી'એવું સૂચન પણ કરે છે.

સામાપક્ષે લાડાની ગીતાયરીઓ પણ કોઈ વાતે નમતું જોખે તેવી નથી;તેઓ લાડી કે સાસુ વગેરેને પોતાની આગતા સ્વાગતા માટે ઘરમાંથી બહાર નીકળવાનું કહેતી નીચેનું ગીત રજૂ કરે છે,-

" ઉખુલદઅ વાલી જાન આવી યે હીના લઅંડે,

ખરમાં કાં ગુંચાય બાર નીકુલ યે હીના લઅંડે,

ઉખુલદઅ વાલી જાન આવી યે છાને લઅંડે,

ખરમાં કાં ગૂંચાય બાર નીકુલ યે છાને લઅંડે.."

આમ તેઓ લાડી અને સાસુ વગેરેને કહે છે કે,ઉખલદા ગામની જાન આવી પહોંચી છે,છતાં હીના તમે ઘરમાં ક્યાં ગૂંચવાયા કરો છો ? ( અમને પાણી વગેરે આપવા માટે ) તમે બહાર નીકળો ! '

[હવે એ સમયે આ સમાજમાં એવી પ્રથા પ્રચલિત હતી કે,લાડાની જાન આવી પહોંચતા જ લાડી આસપાસના ઘરોમાં જઈને,મૂઇક્ઠામાં કે કોઠીમાં ભરાઈને સંતાઈ જતી,કાં તો પોતાના ઘરમાં જ કોઠી વગેરેમાં સંતાઈ જતી.હવે લાડીને પોતે લેવા આવ્યા હોય ,તેને ફળિયામાંથી શોધી લાવવાનું કામ વરપક્ષના બહેનોનું રહેતું.એટલે બે-ત્રણ બહેનો લાડીને શોધવા ફળિયામાં જતા.જો ઘણું શોધવા છતાંય  તેમને લાડી ન મળે તો લાડીપક્ષના બહેનો તેમની પાસે દંડ વસૂલતા;ને પછી પોતે લાડીને શોધી લાવતા.આ પ્રકારની એક અનોખી પરંપરા આ સમાજમાં ચાલતી હતી.]

એટલે સાળી,સાસુ વગેરે બીજા બધા તો દેખાય છે પણ લાડી દેખાતી નથી ( ઘરે હોય તો દેખાય ને ? ) તેથી લાડાની ગીતાયરીઓ ઉપરનું ગીત પૂરું થયું કે તરત જ નીચેનું ગીત વહેતું મૂકે છે,-

" બાદે બાદે દેખાય ને હીના કેહેની દેખાય રા મારું બાયા,

બીજાહા નાય કામ ને હીના કામ હેય રા મારું બાયા,."

આમ તેઓ કહે છે કે,'આ બીજા બધા તો દેખાય છે પણ હીના કેમ દેખાતી નથી ? અમારે આ બધાનું કામ નથી,અમારે તો હીનાનું કામ છે !'

તેમના આવા સવાલ સામે - લાડી ઘરમાં ન હોવાથી,કે પછી આ ગીતની સામે કયું ગીત ગાવું તે જલદી નક્કી ન કરી રહેવાના કારણે કે પછી પોતાની બધી  સંગાતીઓ આવી

ન હોવાથી;પોતાનો સમૂહ નાનો હોવાના કારણે - લાડીની ગીતાયરીઓ જલદી કોઈ ગીત રજૂ કરતી નથી;એટલે લાડાની ગીતાયરીઓ તેમની ઠેકડી ઉડાવતું નીચેનું ગીત રજૂ કરે છે,-

"તોરે ગીતાયરે હીના ફાડે ગયે યે ને,

ફાડઅ નાવી યે હીના તુને આપી યે ને,

તોરે ગીતાયરે હીના હુવી ગયે યે ને,

પાણી છાંટીને હીના જાગાડી દેજે યે ને,."

આમ અહીં તેઓ કહે છે કે,'( અમને તો એવું લાગે છે કે ) હીના તારી ગીતાયરીઓ તો (ગીત ગાવા) ભાડે જતી રહી છે ( કારણ કે અહીં હોય તો ચૂપ ના બેસે ને) ! ને તેઓ જે ભાડું લાવશે તે તને આપશે ( મતલબ કે પૈસા મળવાના કારણે તારી મજા પડી જશે )! (કાં તો) તારી ગીતાયરીઓ ઊંઘી ગઈ છે,એટલે તું એમને પાણી છાંટીને જગાડી દે !'

અને આમ લાડીની ગીતાયરીઓ ચૂપ થઈ જવાના કારણે માંડવામાં પોતાનો જે વટ પડી રહ્યો છે તેની;અને બીજીબાજુ પોતાની ગીતાયરીઓને લીધે હીનાનું તો પાણી જતું રહ્યું ! એવા ચોંટદાર ભાવોને કજૂ કરતી લાડાની ગીતાયરીઓ આગળ ગાય છે,-

"તોરે ગીતાયરે હીના ઉબે કોડડે ખોવારામાં,

બાયા ગીતાયરે બાયા રેલ છેલ માંડવામાં,"

* * *

" જાતઅ રઅય હીના પાણી જાતઅ રઅય રા બાયા,

જાવાની દેજે બાયા પાણી જાવાની દેજે રા બાયા,

આવણે હેંડે બાયા હારી આવણે હેંડે યે હીના,

આવવાની દેજે બાયા હારી આવવાની દેજે યે હીના,."

આમ તેઓ કહે છે કે,હીના તારી ગીતાયરીઓ તો કોતરડાના ખાડામાં સંતાતી ફરે છે,જ્યારે અમારા ભાઈની ગીતાયરીઓ ( તારા ) માંડવામાં વટ પાડી રહી છે ! એટલે તારું પાણી તો જતું રહ્યું પણ અમે ભાઈ મંછીનું પાણી નહી જવા દઈએ!'

આમ એકતરફ લાડાપક્ષની ગીતાયરીઓ દ્વારા એક પછી એક રજૂ થતા આ ચોંટદાર ગીતો;તો બીજીતરફ પોતાના પક્ષની ગીતાયરીઓની ચૂપકીદી જોઈ,માંડવામાં બેઠેલા લાડીપક્ષના વડીલ ભાઈઓ પણ હવે તેમને કહી રહ્યા છે કે ' આ તમે શું કરો છો ? ગાઓને ! સામે વાળી ગીતાયરીઓને જુઓને કેવા ગીતો ગાય છે ! ચાલો,તમે પણ ગાઓ ! એટલે તેઓ કન્યાને પરોક્ષ રીતે સવાલ કરતું નોતરાની રીતનું ગીત રજૂ કરે છે કે 'રંગુલા ચોખા ગામમાં બેના વેરુલા કા નાય મા બેના યે ' આ ગીત ગાઈને તેઓ લાડીને કહેવા માગે છે કે 'તેં બધાને નોતરું આપ્યું હતું કે નહી ? જો આપ્યું હોય તો આપણી બાકીની ગીતાયરીઓ હજી કેમ આવી નથી ?'આ ગીત ગવાતા તૈયાર થવામાં પરોવાયેલી સંગાતીઓ જલદી જલદી આવી, તેમની સાથે ગીત ગાવા જોડાઈ જાય છે.

ને હવે તેઓ સજીધજીને આવેલા જાનૈયાઓ પર પોતાનું નિશાન સાધે છે.તેમના પહેરણ અંગે ટીખળ કરતી લાડીની ગીતાયરીઓ નીચેના ગીતને વહેતું મૂકે છે,-

" ઉચેમાઈલ્લે ઢીલા કાસડા વાયરે ઉડી જાતાહા રા,

ઉખુલદયા બાયા તુમે દાબી ધરીને દેજા રા,

ઉચેમાઈલ્લે ઢીલા ચોટના વાયરે ઉડી જાતાહા રા,

ઉખુલદયા બાયા તુમે દાબી ધરીને દેજા રા,

ઉચામાઈલ્લા ઢીલા લેંગા વાયરે ઉડી જાતાહા યે,

ઉખુલદયે બેના તુમે દાબી ધરીને દેજા યે,.."

અહી તેઓ કહે છે કે,આ ઉચામાળાવાળીઓની તો કાસડીઓ સાવ ઢીલી છે જે વાયરે ઉડી જાય છે ( છૂટી જવા કરે છે),એટલે આપણા ઉખલદાના જુવાનો,તમે એમની કાસડીને ( કેડમાં ) જરા દબાવીને ( ચુસ્ત રીતે ) ખોસી આપો !' અને ગીત જેમ આગળ વધતું જાય

છે તેમ તેઓ એમના ઢીલા ચોટલા વગેરેને કસીને બાંધી આપવાની સાથે;પોતાના ગામની જુવાનડીઓનેય કહે છે કે,'આ ઉંચામાળીયા જુવાનોના ઢીલા લેંઘા વાયરે ઉડી જાય છે,તો તમે એમને કસીને પહેરાવી દો !' આમ વરપક્ષવાળાના પહેરણ અંગે આવી ટીખળ કરીને તેઓ સામેની ગીતાયરીઓને ચીડવવા માગે છે.

તો લાડાની ગીતાયરીઓ આ ગીતના જવાબમાં,પહેરણની બાબતમાં જમાના પ્રમાણે ચાલનારા લાડાના વખાણ કરતું નીચેનું ગીત રજૂ કરે છે,-

" બોલબેટાન વાલો ફાયો નવા જમાના,

લાંબા કાસડાવાલી હીના જૂના જમાના,

સાધનાકોટ વાલો ફાયો નવા જમાના,

આડા હીમાટાવાલી હીના જૂના જમાના,.."

આમ તેઓ કહે છે કે,'અમારા ભાઈએ તો નવા જમાનાનો બોલબેટન પેન્ટ પહેર્યો છે,ને સીધો સેંથો પાડીને વાળ હોળ્યા છે,જ્યારે હીનાએ તો જૂના જમાનાની લાંબી કાસડી પહેરી છે અને આડો સેંથો પાડીને વાળ હોળ્યા છે.' આમ અહી જુના રિવાજ મુજબ રહેનારી લાડીની મજાક ઉડાવવામાં આવી છે,જ્યારે જમાના મુજબ ચાલનારા વરના વખાણ કરવામાં આવ્યા છે,જે સમાજમાં સ્વીકારાય ચૂકેલા પરિવર્તનનો નિર્દેશ કરે છે.

તો આ પરિવર્તનની બાબતમાં લાડી અને તેની સંગાતીઓ પણ કંઇ પાછળ નથી ! એટલું જ નહી,પોતાના ગામના જુવાન-જુવાનડીઓ સામે લાડાના ગામના જુવાનીયાઓ કોઇ કામમાં આવે તેમ નથી! એવું બતાવવા માગતી લાડીની ગીતાયરીઓ તરત નીચેનું ગીત રજૂ કરે છે,-

" ઉખુલદયે બેની એકસરખી વદેલી કોલેજમાં સોબે યે બેના નવસારીમાં બેના,

ઉચામાઇલ્લે બેની તાડા જેહેં વદેલી વાયા જેહેં ડોલેયે બેના નવસારીમાં બેના,

ઉખુલદયા બાયા એકસરખા વદેલા નાચણામાં સોબે યે બેના નવસારીમાં બેના,

ઉચામાઇલ્લા લઠીયા તાડા જેહેં વદેલા વાયા જેહેં ડોલેયે બેના નવસારીમાં બેના,.."

આમ અહીં પોતાના ગામના જુવાનીયાઓના વખાણ કરતા તેઓ કહે છે કે, 'અમારા ઉખલદા ગામના જુવાન અને જુવાનડીઓ એકસરખા વધેલા છે,કે જેઓ નવસારી જેવા શહેરની કોલેજમાં તેમજ ( લગ્નના ) નાચણામાં પણ શોભી રહ્યા છે,જ્યારે તમારા ઉંચામાળાના જુવાનીયાઓ તાડ જેવા ઊંચા છે,જે પવનમાં ( હાલતા ચાલતા પણ ) તાડની જેમ આમતેમ ડોલ્યા કરે છે ( જે નથી નાચણામાં શોભતા કે નથી નવસારીની કોલેજમાં ).

સામસામે શાબ્દિક પ્રતિકાર મળી રહેવાના કારણે આ ગીતો ( ફટાણા ) ની તીવ્રતા ધીરેધીરે વધતી જાય છે.લાડીની ગીતાયરીઓના આવા શાબ્દિક પ્રતિકારથી આવેશમાં આવેલી લાડાની ગીતાયરીઓ મજાક મશ્કરીની હદ વટાવી જાય છે.તેઓ લાડી અને તેની ગીતાયરીઓને ચારિત્ર્યહીન ગણાવતું કહો કે પછી એક પ્રકારની ગાળો ભાંડતું નીચેનું ગીત રજૂ કરે છે,-

" ઠાલીમાંથી વાંદાર કૂયદો હાય હાય રે,

હીના કઅય મારે માટી કૂયદો હાય હાય રે,

ઠાલીમાંથી વાંદાર કૂયદો હાય હાય રે,

હીના કઅય મારે તીસ માટી હાય હાય રે,

તીસમાંથી એક લેંગડો હાય હાય રે,

લેંગડાને તો લાકડી જોઈએ હાય હાય રે..."

આમ અહીં લાડી તેમજ સાળી કે સાસું વગેરેની ભરપૂર ટીખળ કરતી તેઓ કહે છે કે, થાળીમાંથી વાંદરો કૂદ્યો તેને જોઈને હીના કહે છે કે આ તો મારો પતિ કૂદ્યો ? હાય રે હાય ! હીના તો કહે છે કે મારા ત્રીસ પતિઓ ! (પણ) એ ત્રીસમાંથી તો એક લંગડો છે,એ લંગડાને તો ( ચાલવા ) લાકડી જોઈએ ! હાય રે હાય ! આ રીતે બધા પતિઓની ખોડખાંપણો બતાવાતી જાય છે અને ગીત આગળ વધતું જાય છે.

આ સાંભળીને રોષે ભરાયેલી લાડીની ગીતાયરીઓ તેમનો ઉધડો લેવા માટે નીચેનું ગીત રજૂ કરે છે,-

"કાણો માઈટ્ટો ખોદીડતોનો હાલ ઘોડો લાલ માટી,

ગામણો માટી ખોદીડતોનો હાલ ઘોડો લાલ માટી,

કાખરા ઓથે દપતીઇને હાલ ઘોડો લાલ માટી,

કાણે માઈટ્ટે ખોદડીને હાલ ઘોડો લાલ માટી,

બંગજો માટી ખોદીડતોનો હાલ ઘોડો લાલ માટી,

કાંણે ખૂણે દપતીઇને હાલ ઘોડો લાલ માટી,

જબરાજબરી કરાહા મા હાલ ઘોડો લાલ માટી."

પોતાને કોઈ વાતની ખબર હોવા છતા સામેથી તેનો જવાબ મેળવવા માગતી હોય એ રીતે તેઓ લાડાની ગીતાયરીઓને પૂછે છે કે,'તમને કયો માટી (પતિ) ભગાડતો હતો ? (અરે હાં) તમને તો ગામનો માટી ભગાડતો હતો,ને તમે તેનાથી બચવા ખાખરા ઓથે સંતાતી હતી ને !' આ રીતે પતિના નામ અને તેમનાથી બચવા લાડાની ગીતાયરીઓ ક્યાં સંતાતી હતી,તે સ્થળોના નામ લેવાતા જાય છે અને ગીત આગળ વધતું જાય છે.અને પછી અંતે તેઓ તેમને કહે છે કે,'તમે અમારી સાથે બળજબરી ના કરો અને અહીંથી ઘોડાની જેમ ભાગી જાવ ( કારણ કે આમ પણ તમે તમારા પતિઓથી ભાગતી ફરવાવાળી છો! )' આ ગીતમાં થયેલો 'હાલ ઘોડો લાલ માટી' શબ્દપ્રયોગ અસરકારક છે,કે જે પોતાના 'લાલ' એટલે કે રંગીલા પતિથી બચવા માટે ઘોડાની જેમ ભાગતી ફરતી સ્ત્રીનું સૂચન કરે છે.આ શબ્દપ્રયોગ દરેક પંક્તિમાં પુનરાવર્તિત થવાના કારણે તેનો ભાવ ગહન બને છે,જે હરીફ સ્ત્રીઓને હલકા ચરિત્રની ગણાવી,તેમને ક્ષોભજનક સ્થિતિમાં મૂકવા માટે પૂરતો છે.

પોતાની આવી ફજેતી થાય તે લાડાની ગીતાયરીઓ કેમ ચલાવી લે ! તેઓ પણ પોતાનો ઉલટવાર કરતા નીચેનું ગીત રજૂ કરે છે,-

"દારવાણે પીઠામાં પડી રઅયની હીના લઅંડી,

આમારે બાયાણે બગાયડો યે હીના લઅંડે,

પારહાણે પીઠામાં પડી રઅયની હીના લઅંડી,

આમારે બાયાણે છેતીયરો યે હીના લઅંડે,…"

આમ અહીં ગીતાયરીઓ લાડી ઉપરાંત ( જો પોતાની ઓળખીતી હોય તો ) સાસુ વગેરેને ઉદ્દેશીને કહે છે કે,'હીના તું તો પીઠામાં દારૂ પીને પડી રહી હતી;ને હવે તેં અમારા ભાઈને પણ બગાડી નાખ્યો ! તેં અમારા ભાઈને છેતર્યો ( છેતરીને તારા મોહમાં પાડી લીધો) !' આમ અહીં હીનાને સુશીલ કન્યા સમજીને મંછી તેની સાથે લગ્નસબંધે બંધાવા તૈયાર થઈ ગયો છે,પણ હકીકતમાં હીના તો દારૂની બંધાણી છે એટલે તેની સંગત મંછીને પણ જરૂર બગાડી નાખશે તેની વાત કરવામાં આવી છે.તો સાથે સાળી,સાસુ વગેરેને દારૂડી ગણાવીને ચીડવવા સારુ તેમના નામ પણ લેવાતા જાય છે અને ગીત આગળ લંબાતું જાય છે.

તો લાડીની ગીતાયરીઓ પણ તેમની સામે દારૂ અને પીઠાનો સંદર્ભ લઈ તેમના આ ગીતનો સડસડતો જવાબ આપતું ગીત રજૂ કરે છે,-

" હુવી રયની પારાહાંય ઓટલે હુવી રયની યે છાને,

ચડી ગનો ઇહલી હરો ચડી ગનો યે છાને,

ટૂટી રઅયનો અરદો કાછડો તૂટી રયનો યે છાને,.."

આમ નણંદ વગેરેને ઉદ્દેશીને તેઓ કહે છે કે, 'છાને તું ( ભાન ભૂલેલી હાલતમાં ) પારસીના ઓટલે ઊંઘી રહી હતી,કેમકે તને શીશી ભરીને પીધેલા દારૂનો નશો ચડી ગયો હતો,એટલું જ નહીં એ વખતે તારો કાછડો પણ અડધો છૂટેલી હાલતમાં હતો.'આમ કહીને ગીતાયરીઓના લાજના ધજાગરા ઉડાવવામાં આવતા હોય છે,તો સાથે નશાની હાલતમાં ઓળંગાઈ જતી સામાજિક મર્યાદાનો ચિતાર આ ગીત આપી જાય છે.

આ ફટાણા હવે જેમ વધુ ઉગ્ર બનતા જાય છે તેમ તેમના કેન્દ્રમાં લાડા-લાડીનું સ્થાન ગીતાયરીઓ પોતે લઈ લેતી હોય છે.પોતાની આવી શાબ્દિક પજવણી અને ફજેતીઓના

કારણે આ ગીતાયરીઓ ,પોતાની હરીફ ગીતાયરીઓ સાથે ખરાખરીનો શાબ્દિક ( અને શારીરિકેય ખરો જ ) જંગ લડી લેવાના મૂડમાં આવી જાય છે.અહી ઉપર મુજબની કોઈ આડીઅવળી વાતો કરવાને બદલે સીધી રીતે પોતાનો સામનો કરી જોવાનું કહેતી લાડીની ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

"ઉખુલદયે આમે નાદાન બાહાલે ભયરા બજારામાં યે,

ઉચામાલા વાઇલ્લે તુમે ડોબા જેહે ભયરા બજારામાં યે,

હાંબે સાતી તુમે આવી જાયા ભયરા બજારામાં યે,

હિમ્માત હોરી તુમે કિમ્માત કરા ભયરા બજારામાં યે,.."

આમ અહી તેઓ કહે છે કે 'અમે ઉખલદા ગામની નાદાન જુવાનડીઓ છીએ,જ્યારે ઉચામાળાવાળી બહેનો તમે તો ઢોર જેવી ( ઉંમર અને શારીરિક એમ બંને રીતે મોટી ) છો.(પણ તેથી અમે કંઇ હાર માની લઈએ એવી નથી.) જો તમારામાં હીમત હોય તો આ ભરબજારમાં ( લોકોની વચ્ચે ) તમે અમારી સામે સામી છાતીએ આવી જાવ,અને અમારી સાથે તમારી કીમત કરી જુઓ ! મતલબ કે તમે રીતસરની અમારી સાથે ટકરાયને કોણ કેટલા પાણીમાં છે તે જોઈ લો ! '

તેમની આ શરતને લાડાની ગીતાયરીઓ પણ તરત ઝીલી લે છે.તેઓ પણ લાડીની ગીતાયરીઓ સાથે પોતાના હાથ સાફ કરી લેવાની પોતાની તૈયારી બતાવતું;સાથે પોતાનું બાહુબળેય બતાવતું નીચેનું ગીત રજૂ કરે છે,-

" હેવો તે જોર દેખીલો હેયે યે રાંડેહેવ,

જોરાય કા વાલી જોરા કા વાલી યે છાની,

હીમાત હોરી તે કીમાત કર યે છાને,

જોર મા કરહે ગુસાટી લેહુ યે છાને,

હામી કા છાતી આવી કા જાજે યે છાને,

હેવો તે જોર દેખીલો હેતો યે છાને,."

અહીં તેઓ લાડીની ગીતાયરીઓને તેમના જ શબ્દોમાં પોતાનો જવાબ આપતા કહે છે કે,'આવો જોર તો અમે જોયેલો છે ! ( પણ) છાની,તું તો કંઇક વધારે જ જોર વાળી છે ! પણ તું અમારી સાથે વધારે જોર ના કરીશ ! નહીં તો અમે તને બરાબર મુક્કા મારી લઈશું ! જો તમારામાં એટલી જ હીંમત હોય તો તું પણ અમારી સામે સામી છાતીએ આવી જા!'

આમ પોતાનાથી વધારે જોર બતાવતી આ લાડાની ગીતાયરીઓમાં આટલો જોર શું કામ આવ્યો છે ? તેનું કારણ આપતી,ને સાથે પોતાની ખરી હિંમત બતાવતી લાડીની ગીતાયરીઓ નીચેનું ગીત વહેતું મૂકે છે,-

" હરો પીને રાંડેહે જોર આવો યે,

હરો ઉતીરો રાંડેહે જોર ઉતીરો યે,

નાદાન દેખીને રાંડેહે બીઆડી હેદાત યે,

એહેની બીજે બાયા એહેની બીજે યે,

નાદાન રાંડે બાયા કૂદી જાહુ યે,

એહેની બીજે બાયા એહેની બીજે યે,

એવો જોર રાંડેહે આમારે ગજવે યે,

એવો જોર રાંડેહે દેખીનો હાશે યે..."

આમ તેઓ કહે છે કે,'દારૂ પીને તમને આટલો જોર આવ્યો છે,પણ જેવો દારૂનો નશો ઉતરશે કે તમારો જોર પણ ઉતરી જશે ! તમે નશાના જોરે અમને નાદાન સમજીને બીવડાવી જુઓ છો ! પણ આવી રીતે અમે કંઈ બી જઈએ એવી નથી ! ભલે અમે થોડી નાદાન છીએ પણ અમે તમને કૂદી જઈશું ! આવો ( તમારા જેવો ) જોર તો અમે ગજવે લઈને ફરીએ છીએ !'

➢ **લાડીનું કરૂણાસભર રૂદન અને ગવાતા ગીતો :**

ઉપર મુજબના ફટાણા ગવાઈ રહ્યા છે એ દરમિયાન - આપણે આગળ જોયું તેમ,ઘણું શોધવા છતાંય વરપક્ષની બહેનોને લાડી મળી નથી,એટલે તેઓ કન્યાપક્ષની બહેનોને દંડ આપી,લાડીને શોધી લાવવાનું કહે છે.એટલે જેમણે લાડીને સંતાડી છે એ સંગાતીઓ જઈને લાડીને ઘરે લઈ આવે છે.આ સમયે લાડી રડતી જઈને પોતાની જે વ્યથા કહી સંભળાવે છે એ પણ એક કરૂણાસભર ગીત બની રહે છે,તે રડતી જઈને કહે છે કે,-

" ચંપા બેના વેલી વેલી કાડી આપણે મંડી હા

નાહી જાય તે હારઅ એહે નાગતઅ હોય યે ને...

ચંપા બેના આપણે ગામ છોડી,દોસ્તી છોડી હાંય

કેહે કરીને જાહી,કેહેં રહી યે ને...

ચંપા બેના વેલી વેલી તીયાર કરાવ્યા કરતી હા

નાહી જાય તે હારઅ એહે નાગતય યે ને...

ચંપા બેના આપણે દોસ્તી કેહેં કરી વીહરાય જાહાંય

છોડી જાહાય,હાંય કાયની જાવાણી યે,

ચંપા બેના હાય હીણે ગામમાં કાયની જાવાણી

આપણે ગામ કેહેં કરી છોડી જાહાંય,

મારથઅ બીજા ગામમાં ની રવાય યે,

ચંપા બેના જીયે જાચ્ચેને તીયે હારી જાચ્ચેને

હામે કીડા હારી જાહાય,એખની પડી ગોય હા યે.."

**અનુવાદ** :- " ચંપા,તું તો મને જલદી જલદી કાઢી આપવા લાગી,એ જતી રહે તો સારું એવું તને મનમાં થતું હશે ને..પણ આપણું ગામ ને આપણી દોસ્તી છોડીને હું કેવી રીતે જઈશ... હું અજાણ્યા ગામમાં કેમ કરીને રહીશ ... ?

ચંપા તું તો મને જલદી જલદી સાસરે જવા મનાવે છે,એ જતી રહે તો સારું એવું તને થતું હશે ને.. પણ હું આપણી દોસ્તી કેમ કરીને ભૂલીશ..હું તમને છોડીને કઈ રીતે જઈશ,..હું એમના ગામમાં નથી જવાની ..ત્યાં મારાથી ના રહેવાય...

ચંપા આપણે જ્યાં જઈએ ત્યાં સાથે જતા હતા,હવે તું કોની સાથે જઈશ ? તું હવે એકલી પડી જઈશ ...''

આવી રીતે રડતા જઈને સાસરે ન જવાની આજીજી કરતી હીના એકેય ડગલું આગળ મૂકતી નથી,તેમજ પોતાના હાથ છોડાવતી જઈને ખેંચાય રહે છે.એટલે સંગાતીઓ તેને સમજાવી ફોસલાવીને મહામહેનતે ઘરમાં ખેંચીને લઈ જઈ રહી છે.એટલે વરપક્ષની ગીતાયરીઓ હીનાને ઠેકડી ઉડાવતું નીચેનું ગીત વહેતું મૂકે છે,-

“ રડતા ની આવડે હીના લઅંડીણે,

રડી સું બતાવઅ હીના લઅંડીણે,

બોલતા ની આવડે હીના લઅંડીણે,

બોલી સું બતાવઅ હીના લઅંડીણે,

ચાલતા ની આવડે હીના લઅંડીણે,

ચાલી સું બતાવઅ હીના લઅંડીણે..''

આમ,હીનાનું રડવું સાંભળીને તેની ટીખળ કરતી ગીતાયરીઓ કહે છે કે, ‘હીનાને તો રડતા પણ નથી આવડતું ! એને શું રડી બતાવવું ? એને તો બોલતા( રડતી જઈને બોલતી હોવાથી ) ને ચાલતા( ઘસડાઈ રહેતી હોવાથી ) પણ આવડતું નથી.તેને તો શું બોલી કે ચાલી બતાવવું ?' તેમની આવી ટીખળો લાડીના હૃદય પર સીધો વાર કરે છે,જેના કારણે હીના વધારે જીદ ન કરતા,પોતાની સહેલીઓ સાથે ઘરમાં ચાલી જાય છે.

### ➢ લાડીને શોધી લાવ્યા પછી ગવાતા ગીતો :

લાડીના કરૂણ રૂદનને સાંભળીને લાડીની ગીતાયરીઓ થોડી ગમગીન બની જતી હોય છે,જેના કારણે હમણાં સુધી એકબીજી પર થઈ રહેલી ગાળંગાળી હળવાશ સભર ગીતો માં

પરિણમતી હોય છે.હવે તેઓ લાડો અને લાડીના નામની આડમાં યુવક યુવતીઓ વચ્ચે પાંગરતા પ્રણયની રીતભાત,તો કોઈના જૂઠા પ્રેમની મોહજાળમાં ન પડવાની શીખામણ,ને આખરે છેતરાયને પ્રેમમાં પડી જવાયાની સંવેદના તેમજ બાળપણથી આજ સુધી અકબંધ રહેલી મિત્રતા કે સખીપણાની વાતો પોતાના ગીતોમાં રજૂ કરતી હોય છે.હીનાને મળવા માગતો મંછી,હીનાને મળવા  બોલાવવા માટેજે ઈશારાઓ કરે છે તેની વાત કરતું એક લયમધુર ગીત તેઓ રજૂ કરે છે,-

“ દાદુયરા ખેતામાં રૂંબાલ દેખાડે મંછો લઅંડો રા,

રૂંબાલ હેદીને જાતી નખે યે હીના લઅંડે યે,

દાદુયરા ખેતામાં ખડીયાલ દેખાડે મંછો લઅંડો યે,

ટાયામ હેદીને જાતી નખે યે હીના લઅંડે યે,..”

આમ ખુલ્લા ખેતરમાં ઊભો રહીને મંછી હીનાને રૂમાલ અને ઘડિયાળ વગેરે બતાવીને,હીનાને અમુક સમયે મળવા આવવા માટેના ઈશારા કરી રહ્યો છે.એટલે ગીતાયરીઓ હીનાને કહે છે કે ‘તું રૂમાલ કે સમય જોઈને એને મળવા ના જઈશ.’ મતલબ કે તું મંછીની આ બધી વસ્તુઓથી લોભાઈને તેના જૂઠા પ્રેમમાં પડીશ નહીં.

તો સામેથી લાડાની ગીતાયરીઓ પણ લાડાને આવી ડાહી શિખામણ આપતું ગીત રજૂ કરે છે,-

“ફરકાવે બોબી રુંબાલ ફરકાવે રા બાયો,

હીના તે ઈરી ફીરીને હેદે હે રા બાયા,

બાયો તે બોબી રુંબાલ ફરકાવે રા બાયા,

હીના તે આડી નજાર હેદે હે રા બાયા,

ફેરવી દે પાછો ફીરીને યેતો ર રા બાયા

હીના તે એચી ફેચી ચાલેહે રા બાયા,..”

આમ,મંછી હીનાને આકર્ષિત કરવા માટે બોબી ( બોબી ફિલ્મવાળો ) રૂમાલ ફરકાવી રહ્યો છે,અને હીના પણ મંછી ગમતો હોવાથી વારેવારે પાછળ ફરીને કે તીરછી નજરે તેને જોયા કરે છે.પરંતુ ગીતના અંતે ગીતાયરીઓ લાડાને કહે છે કે 'મંછી તું હીના બાજુથી રૂમાલ ફેરવી ( લઈ ) લે,ને પાછો આવતો રે, કારણકે હીના તો ખોડાતી ચાલે છે.'એટલે કે હીના તારા માટે યોગ્ય નથી,તેથી તું તેને મળવાનું રહેવા દે અને પાછો આવતો રહે.

બીજીબાજુ પોતાની બાળસખી હવે પારકાની થઈને સાસરે ચાલી જશે.તેથી પોતે હવે એકલી અટુલી પડી જશે,ને હીના જોડેની દોસ્તી પણ હવે સમ ખાવા પૂરતી રહી જશે ! પોતાની આ વ્યથાને વ્યક્ત કરતી લાડીની ગીતાયરીઓ નીચેનું ગીત ગાય છે,-

" હાથામાં લીલી રૂંબાલ બેના વરાયળે ફીરા જાહુ યે ને,

મંછી લઅંડો આવો યે બેના વરાયળે ફીરા જાવાય નાય યે,

હાથામાં લીલી રૂંબાલ બેના બજાયરે ફીરા જાહુ યે ને,

મંછી લઅંડો આવો યે બેના રૂંબાલ ખેચી નેદી યે ને,

હાથામાં લીલી ટીફુને બેના ઉકાયે કામે જાહુ યે ને,

મંછી લઅંડો આવો યે બેના કામે જાવા દેય નેય યે,.."

આ ગીતમાં તેઓ હીનાને કહે છે કે 'આપણે તો ( અગાઉની જેમ જ ) હાથમાં **લીલી** રૂમાલ લઈ  લગ્નોમાં અને હાટોમાં ફરવા જઈશું,તેમજ **લીલી** ટીફીન ઉકાઈ જેવા ગામમાં કામ કરવા જઈશું.પણ મંછીએ આવીને આપણી લીલી રૂમાલ આંચકી લીધી.તે હવે આપણને સાથે ફરવા કે કામ કરવા જવા દેશે નહી !' આમ બાળસખીથી વિખૂટા પડી જવાયાની વેદના તેઓ આ ગીતમાં ઠાલવે છે.

આવું જ કઈક લાડાપક્ષે પણ છે.લાડાની સમવાયી ગીતાયરીઓ; પોતે મંછી સાથે કેવી રીતે દોસ્તી બાંધી હતી,ને હવે એ ઘાઢ દોસ્તી હીનાના આવવાના કારણે તૂટી જવાની છે તેનું દુઃખ વ્યક્ત કરતું નીચેનું ગીત વહેતુ મૂકે છે,-

" એકસો વીસ માવો ખાદેલો જોડીદાર રા બાયા,

માવો ખાયને જોડી હોદેલી જોડીદાર રા બાયા,

એકસો વીસ પાને ખાદેલે જોડીદાર રા બાયા,

પાને ખાયને જોડી હોદેલી જોડીદાર રા બાયા,

ચીફટે મોવડે હરો પીદેલો જોડીદાર રા બાયા,

હરો પીયને જોડી હોદેલી જોડીદાર રા બાયા,

હીના યેની જોડી તુટેલી જોડીદાર રા બાયા…"

આમ અહીં વીતેલા સમયની સ્મૃતિઓને વાગોળતી તેઓ કહે છે કે,'આપણે સાથે મળીને એકસો વીસ માવો અને પાન ખાઈને તેમજ મહુડા નીચે બેસીને દારૂ પી ને,આપણે દોસ્તી બાંધી હતી પણ હવે હીનાના આવવાથી આપણી એ દોસ્તી પણ તૂટી ગઈ.'

તો લાડીની ગીતાયરીઓ પોતાની સંગાતી હીના મંછીના પ્રેમમાં કઈ રીતે ભોળવાઈને પડી ગઈ તેની વાત કરતું નીચેનું ગીત રજૂ કરે છે,-

" કાગલા પાર કાગલઅ દડાવે મંછો લઅંડો રા ને,

કાગલઅ વાચી છેતરાય જાવાય મારું બેના યે ને,

રૂપિયા પાર રૂપિયા ઉડાવે મંછો લઅંડો રા ને,

રૂપિયા થરીને છેતરાય જાવાય મારુ બેના યે ને ,.."

આમ તેઓ કહે છે કે, 'હીનાને મનાવવા માટે મંછીએ કાગળ પર કાગળ લખીને મોકલાવ્યા,સાથે તેણે હીનાની પાછળ રૂપિયા પણ એટલા જ ઉડાવ્યા; જેના કારણે હીના તેના પ્રેમપત્રો વાચીને તેમજ રૂપિયા પકડીને છેતરાઈને તેના પ્રેમમાં પડી ગઈ !' આમ સભ્ય સમાજના સંપર્કમાં આવવાના કારણે આ જનસમૂહ પણ ધીરેધીરે શિક્ષણ તરફ વળતો થયો,જેના કારણે આ ભણેલા વર્ગની જીવન જીવવાની તેમજ પ્રેમ કરવાની રીતભાતમાં આવેલા પરિવર્તનને આ ગીતમાં જોઈ શકાય છે.આ જ વાતને કાવ્યાત્મસભર રીતે રજૂ કરતુ બીજુ એક ગીત જોઈએ,-

“ પોપાટ પીજરામાં બોને હે મારુ બેના પોપાટ પીજરામાં બોને,

વીયારા કોલેજમાં ભણે હે મારુ બેના વીયારા કોલેજમાં ભણે,

કાગાલ નખી નખીને નાખે રા મંછો લઅંડો કાગાલ નખી નખીને નાખે,

કાગાલ વાચી વાચીને રડેહે મારુ બેના કાગાલ વાચી વાચીને રડે,

પોપાટ પીજરામા બોને હે મારુ બેના પોપાટ પીજરામા બોને,

નવસારી કોલેજમાં ભણેહે મારુ બેના નવસારી કોલેજમાં ભણે,

કાગાલ નખી નખીને નાખે રા મંછી લઅંડો કાગાલ નખી નખીને નાખે,

કાગાલ વાચીને છેતરાય ગોય યે મારુ બેના કાગાલ વાચીને છેતરાય ગોય..”

આમ ‘પોપટ પાંજરામાં બોલે છે’ પંક્તિના ઉપાડથી કાવ્યાત્મકતાને પામેલા આ ગીતમાં તેઓ કહે છે કે,‘અમારી હીના વ્યારા કોલેજમાં ભણે છે,તેથી પોતાના પ્રેમનો એકરાર કરવા માટે મંછી તેના પર કાગળો લખીલખીને મોકલાવે છે.હીના એ કાગળો વાચીને રડે છે ( કેમકે તે શું કરવું અને શું નહીં ? ની દ્વિધા અનુભવે છે ).પણ આખરે તે કાગળ વાચીને છેતરાય જાય છે,મતલબ કે તે મંછીના પ્રેમમાં પડી જાય છે.અહી પણ છેતરાવું શબ્દ ધ્યાનાકર્ષક છે.જે બતાવવા માગે છે કે,મંછી પ્રત્યેના પ્રેમના કારણે તેણે પોતાના મા બાપનું ઘર અને સંગાતીઓને છોડીને સાસરે ચાલ્યા જવું પડશે,જ્યાં તેને આવો પ્રેમ મળવાનો નથી.આમ,હીના સાચા પ્રેમને ઓળખવામાં છેતરાય ગઈ ! એ વાત અહી ભાવવાહી રીતે કરવામાં આવી છે.

તો સામાપક્ષે મંછીને મળવા આવવા માટે હીનાને નિમંત્રણ આપતી લાડાની ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

“ ચાય હટાલઅ સાઈટે કાડાવે મારું ફાયો રા,

ચાય પીણે હટાલે આવી જા હીના લઅંડે યે,

પાનાહાય ડુકાન બજારે કાડાવે મારું ફાયો રા,

પાન ખાણે બજારે આવી જા હીના લઅંડે યે,..”

અહીં તેઓ કહે છે કે,‘મંછી રસ્તાની બાજુમાં ચાની હોટલ તો બજારમાં પાનની દુકાન ખોલે છે,તેથી હીના તું ચા પીવા કે પાન ખાવાના બહાને મંછીને મળવા આવી જા.’ આમ હીનાને ચા કે પાન ખાવાનું કોઈ બહાનું શોધીને મંછીને મળવા આવવા માટેની વાત તેઓ આ ગીતમાં કરે છે.

હીનાએ સાસરે જઈને માત્ર કામકાજનો બોજ જ નહીં પણ મંછીને સુધારવાનું કામ પણ કરવું પડશે તેની વાત કરતી લાડીની ગીતાયરીઓ આગળ ગાય છે,-

“ ઊંડા કૂવામાં પયડો રા મંછો ઊંડા કૂવામાં પયડો રા,

ચાકલઅ મારીને ખેચે યે બેના ચાકલઅ મારીને ખેચે યે,

ઊંડી તાપીમાં પયડો રા મંછો ઊંડી તાપીમાં પયડો રા,

આછવઅ નાખીને કાડે  યે બેના આછવઅ નાખીને કાડે યે,

ઊંડા દયરામાં પયડો રા મંછો ઊંડા દયરામાં પયડો રા,

જાલે નાખીને કાડે યે બેના જાલે નાખીને કાડે યે,..”

આમ અહીં વ્યસન કે ખરાબ સોબતમાં ઊંડે ઉતરી ચૂકેલા મંછીને બહાર કાડવા મથતી હીનાની મથામણોની વાતને આ ગીતમાં વિવિધ પ્રતીકોના માધ્યમથી દશ્યાત્મક સ્વરૂપે રજૂ કરવામાં આવી છે. અહીં ‘ઊંડા કૂવામાં પડેલા મંછીને ગરગડીમાં દોરડું નાખીને બહાર ખેચતી’, અને ‘ઊંડી તાપીમાં તેમજ ઊંડા દરિયામાં પડેલા મંછીને જાળ નાખીને બહાર કાડતી’ હીનાનું ચિત્ર આપણી નજર સમક્ષ તરવરી આવે છે.જેનો ભાવાર્થ કંઈક એવો છે કે - ઊંડા કૂવામાંથી  ગરગડી વડે તો તાપી કે દરિયામાંથી જાળ નાખીને મંછીને બહાર કાઢવા માટે હીનાને જેટલી મહેનત પડશે,એટલી જ મહેનત તેને બુરી સંગતમાં પડેલા મંછીને સુધારવા માટે પડવાની છે.આમ અહીં મંછીને સુધારવા માટે હીનાને કરવા પડવાના પ્રયત્નો માટે વપરાયેલા આ પ્રતીકો ગીતમાં નાવિન્ય સર્જે છે.

પરંતુ લાડાની ગીતાયરીઓની નજરે ઉપરની આ સ્થિતિ કંઈક અલગ જ છે.ખરેખર તો મંછી નહીં પણ હીના ઉડાઉ પ્રકૃતિની છે;મંછી તો ચતુર અને કામગરો છે.પોતાનો આવો મત રજૂ કરતી લાડાની ગીતાયરીઓ નીચેનું ગીત ગાય છે,-

" બાયો હેયે ચતુર બાગમાં ફીયરા કરે રા,

હીના હે યે ઉજાડ ચાર પાચ માટી ઉડાવે,

બાયો હેયે ચતુર બાગમાં ફૂલ તોડાવે,

હીના હેયે સકીન ચાર પાચ પીચ્ચાર ઉડાવે,

બાયો હેયે ચતુર ખેતીમાં કામ કરાવે,

હીના હેયે સકીન ચાર પાચ વેવા ઉડાવે,.."

આમ તઓ કહે છે કે 'અમારો ભાઈ તો એવો ચતુર અને સમજુ છે કે તે બાગની દેખરેખ રાખી,બાગના ફૂલો તોડાવે છે અને ખેતીમાં પણ કામ કરાવે છે.જ્યારે હીના તો એવી ઉડાઉ અને અણસમજુ છે કે તે એક પછી એક પ્રેમીઓને બદલતી ફરે છે,ફિલ્મો જુએ છે ને લગ્નોમાં મ્હાલ્યા કરે છે.'આવું એક બીજુ ગીત પણ અહીં માણવાનું મન થશે,-

" ફાયે તે ખેતી કામ કદેલઅ્ તી ફમ યે જાય રા,

હીના તે હાટકીયે માઅ્ણે પોચકે મમરે ખાદેલે તી ફમ યે જાય રા,

ફાયે તે વાણગી કામ કદેલઅ્ તી ફમ યે જાય રા,

હીના તે વ્યારા માઅ્ણે પોચકે મમરે ખાદેલે તી ફમ યે જાય રા.."

અર્થાત મંછીએ હંમેશા ખેતી કામમાં જ ધ્યાન આપ્યું છે.તેણે વાણીયાને ત્યાં મજૂરી કામ પણ કર્યું છે તેથી તેને આ બધુ યાદ આવી રહ્યું છે,જ્યારે હીના તો ગામમાં ભરાતા હાટોમાં અને વ્યારા જેવા શહેરમાં ફરીને તેણે જે મમરા વગેરે ખાધા છે,જે મોજમજા કરી છે તેને યાદ કરે છે.આમ,મંછી ઘણો કામગરો અને સમજણો છે જ્યારે હીના રંગીન મિજાજી અને છીછરી બુદ્ધિની છે આમ કહીને લાડીની ઠેકડી ઉડાવે છે.

આમ,બંને પક્ષની ગીતાયરીઓ દ્વારા થતા લાડા-લાડીના વખાણ અને ઠેકડીઓ લગ્નના વાતાવરણને એક અનોખા રોમાંચથી ભરી દેતી હોય છે.

➢ **કઈલ્લો ખાવડાવણે તીયા ગાવાણે ગીતે :**

આજના બદલાયેલા પરિવેશમાં હવે જાન સીધી માંડવામાં આવીને બેસતી નથી,તેમજ લાડીને પણ સંતાડવામાં નથી આવતી.તેના બદલે હવે જાનને માંડવાથી થોડે દૂર ઉતારો અપાય છે. જાને ઉતારો આપ્યા પછી કન્યાપક્ષ દ્વારા વરને કલીયો ( કોળિયો ) ખવડાવવામાં આવે છે.આ વિધિકાર્ય સાસુના હાથે કરવામાં આવતું હોય છે,તેમની જોડે પરિવાર તેમજ  ફળિયાની બહેનો પણ જોડાતી હોય છે.તેઓ સાસુના હાથમાં કંકુ ચોખા,બીડી કે સિગારેટ તેમજ મીઠાઈ વગેરે મૂકીને તૈયાર કરેલી થાળી; ને કુવારી છોકરીના માથા પર પિત્તળ કે સ્ટીલની પાણી ભરેલી તાંબડી ને લોટો મૂકાવે છે,જેમને ચાર યુવાનો ચાદરનું છત્ર ઓઢાડીને ઉતારા સુધી લઈ જાય છે.

દિવસ આથમે તે પહેલા લાડીને વળાવવાની મોટાભાગની વિધિઓ સારી રીતે પૂરી થઈ જાય એ હેતુથી સાસુ; સમયસૂચકતા જાળવીને પરિવાર અને ફળિયાની બહેનો સાથે લાડાને કલીયો ખવડાવવા માટે ઉતારાએ આવી રહ્યા છે.પણ મશ્કરી કરવાનો અવસર ચૂકે એ ગીતાયરીઓ શાની ? તેઓ તો લાડાને કલીયો ખવડાવવા આવી રહેલા સાસુને જોતા જ નીચેનું ગીત રજૂ કરે છે,-

“ ચાર વાગે આવી રે પેલી કન્યાની માડી,

કાસડો ઘુમાવતી આવી રે પેલી કન્યાની માડી,.”

આમ તેઓ સાસુની ટીખળ કરતા કહે છે કે ‘( જુઓ ) પેલી કન્યાની મા તો ચાર વાગ્યે આવી ! ને તે પણ કાસડો ઘુમાવતી !’ સાસુની આવી મજાક કરીને તેઓ કહેવા માગે છે કે,જે સમયે તેણે આવવાનું હતું ત્યારે એ ન આવી,ને હવે આટલી મોડી આવી તે પણ ઠાઠમાઠ ને મોજથી ચાલતી !

ગીતાયરીઓની આવી મશ્કરીને ધ્યાનમાં લીધા વિના સાસુ વ્હાલપૂર્વક જમાઈના પગ ધોવડાવે છે; તેમજ પોતાના હાથે તેના મોમાં બીડી કે સિગારેટ મૂકાવીને સળગાવી આપે

છે,ને પછી પાન કે પેંડો ખવડાવી,જમાઈનું મોં ધોઈને,ટુવાલથી લૂછી આપે છે,સાથે લગ્નની વીંટી પણ પોતાના હાથે જ પહેરાવે છે.આ સમયે મૂગામંતર બેઠેલા લાડાને કન્યાપક્ષની બહેનો સવાલ કરે છે કે,-

" સોરા સાસુ મળવા આવી સોરા બોલતો કેમ ની રે,

સોરા મડામાં આલ્યુ મેલ્લ સોરા બોલતો કેમ ની રે,."

આમ તેઓ લાડાને પૂછે છે કે ' તને સાસુ મળવા આવ્યા છે છતાં તું કેમ કંઈ બોલતો નથી ? સાસુએ પોતાના હાથે તને મોમાં મૂકીને ખવડાવ્યું છતાં તું કેમ કંઈ બોલતો નથી ? તેઓ આવા સવાલો તો કરે છે,પણ લાડો બોલે તો યે શું બોલે ? બધાની વચ્ચે એ શરમ પણ અનુભવતો હોય ! પણ ગીતાયરીઓને તેનું આ મૌન કેમ પરવડે ? ન બોલવાનું કારણ પૂછવા છતાંય કશું ન બોલતા લાડા પર પોતાનો રોષ ઠાલવતી ગીતાયરીઓ આગળ ગાય છે,-

" બોલ બોલ રે મંછા બોલ બોલતો કેમ નથી,

તારા મડામાં ઓયરા છે મુંગ બોલતો કેમ નથી.."

આમ તેઓ લાડાને પૂછે છે કે 'મંછી તું બોલને ! કેમ તું બોલતો નથી ? શું તારા મોમાં મગ ભર્યા છે ?' પણ તેમનો આ રોષ ક્ષણિક અને મશ્કરી પૂરતો છે.જ્યારે સાસુ લાડાના મોમાં પાન કે મીઠાઈનો કલીયો ધરાવે છે,ત્યારે લાડાને એ કલીયો પ્રેમથી ખાય લેવાનું કહેતી ગીતાયરીઓ નીચેનું ગીત વહેતું મૂકે છે,-

" કલીયો ખાવો કલીયો ખાવો કલીયો ખાવો રે,

સાસુનો હાથનો કલીયો ખાવો રે,

કેવો લાયગો કેવો લાયગો કેવો લાયગો રે,

સાસુનો હાથનો કેવો લાયગો રે,

મીઠો લાયગો મીઠો લાયગો મીઠો લાયગો રે,

સાસુનો હાથનો મીઠો લાયગો રે..”

આમ લાડાને તેઓ કહે છે કે ‘તમે સાસુના હાથનો કલીયો પ્રેમથી ખાઓ !’ ને કલીયો આરોગતા લાડાને પાછા તરત પૂછે પણ છે કે ‘સાસુના હાથનો કલીયો તમને કેવો લાગ્યો ?’ તેના જવાબરૂપે લાડાના મુખનો હાવભાવ જોઈને જ તેઓ કહે છે કે ‘સાસુના હાથનો કલીયો તો ખૂબ મીઠો લાગ્યો !’

આમ સાસુ પોતાની દીકરીના વરને પ્રેમપૂર્વક કલીયો ખવડાવીને,લગ્નના બંધનમાં બંધાવા જઈ રહેલા આ નવયુગલના સબંધોમાં મીઠાશ ઉમેરે છે.

➢ **રાસે આપણે તીયા ગાવાતે ગીતે ( રાસા આપતી વખતે ગવાતા ગીતો ) :-**

લાડીને શોધી લાવ્યા બાદ,થોડા સમય પછી **‘રાસે’** ( પહેરણ ) ચઢાવવામાં આવે છે.તેને ટોપલામાં ( હવે સૂપડામાં ) મૂકીને લાડી પાસે લઈ જવામાં આવે છે,જેને **‘વીરપીડઅ્’** કહેવામાં આવે છે.**વીરપીડઅ્** લઈ જતી વખતે વરપક્ષની બહેનો,તેને માથા પર મૂકીને ડોવડાના તાલે નાચતી જઈ,ડોવડા ફરતે બે ત્રણ ફેરા ફરીને લાડી પાસે લઈ જાય છે.આ સમયે તેઓ કન્યા માટે શું-શું લાવી છે તેનો પ્રેમપૂર્વક ઉલ્લેખ કરતા નીચેનું ગીત ગાય છે,-

“ જી જોયે તી અમે લાયવા રે સોરી,

ગાઠી જોય તે ગાઠી અમે લાયવા રે સોરી,

જી જોયે તી અમે લાયવા રે સોરી,

સાડી જોય તે સાડી અમે લાયવા રે સોરી,

જી જોયે તી અમે લાયવા રે સોરી,

ચંપાલ જોય તે ચંપાલ અમે લાયવા રે સોરી,..”

આમ તેઓ લાડીને કહે છે કે ‘તને જે કંઈ જોઈતું હોય તે અમે લઈ આવ્યા છીએ.જો તને સાડી જોઈતી હોય તો સાડી,ને ચંપલ જોઈતા હોય તો ચંપલ...’ આ રીતે તેઓ કન્યા

માટે લાવવામાં આવેલી તમામ વસ્તુઓનો ઉલ્લેખ કરતી જાય છે,અને ગીત આગળ વધતું જાય છે.

લાડી માટે લાવેલા આ રાસાના વખાણ કરતી વરપક્ષની બહેનોને ફટ્ કહી; તેમના દ્વારા લાવવામાં આવેલી સાડી,રિબિન વગેરેની ઠેકડી ઉડાવતી લાડીની ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

" ઈલુડી વીલુડી કાં ઘોડી બાંદી બેના કાં ઘોડી બાંદી યે,

છાનીણે લાંબો કાસડો તાં તાણી બાંદુહું બેના તાં તાંણી બાંદુહું યે,

ઈલુડી વીલુડી કાં ઘોડી બાંદી બેના કાં ઘોડી બાંદી યે,

છાનીણે લાંબો સેંડો તાં તાંણી બાંદુહું બેના તાં તાંણી બાંદુહું યે,

ઈલુડી વીલુડી કાં ઘોડી બાંદી બેના કાં ઘોડી બાંદી યે,

આટલી મગી સાડી કાં બચી રયલી બેના કાં બચી રયલી યે,

છાનીણે લાંબો સરાંગો તાં બચી રયલી બેના તા બચી રયલી યે,

ઈલુડી વીલુડી કાં ઘોડી બાંદી બેના કાં ઘોડી બાંદી યે,

આટલી મગી લીબુન કાં બચી રયલી બેના કાં બચી રયલી યે,

છાનીણે લાંબો સેંડો તાં બચી રયલી બેના તા બચી રયલી યે.."

આમ તેઓ કહે છે કે,'આ બધી લચક મચક થતી દોડી આવી છે,એમની ઘોડી ક્યાં બાંધી છે ? (ચાલો) આપણે એને છાની ( સાસુ )ના લાંબા કાસડા સાથે કાં તો જશું (નણંદ) ના લાંબા ચોટલા સાથે ખેંચી બાંધીએ !' આમ કહીને તેઓ ગીતની શરૂઆતમાં વરપક્ષની બહેનોને પોતાની સામે વધારે વટ ન મારવા ચેતવે છે.ત્યારબાદ તેઓ લાડીને આપવામાં આવેલા **રાસાની** મજાક ઉડાવતા આગળ કહે છે કે,'આટલી મોંઘી સાડી ક્યાં બચી રહી હતી ? અરે,એ તો છાનીના  લાંબા કાસડામાં બચી રહી હતી !' આવી જ તેઓ રીબીન,ચંપલ વગેરેની ટીખળો કરીને તેઓ કહેવા માગે છે કે,આ બધી વસ્તુઓ આપણી

નજરમાં કેમ ના આવી ? તેમનો આવો પ્રશ્નાર્થ સૂચક છે,અહીં તેઓ મજાકમાં કહેવા માગે છે કે,જો આ બધી વસ્તુઓ અમને જોવામાં આવી હોત તો અમે પણ લઈ આવ્યા હોત ! આમ અહીં તેઓ લાડીને આપવામાં આવેલા રાસાની ઠેકડી ઉડાવી વરપક્ષની બહેનોના તોરને એક જબરદસ્ત ઝટકો આપે છે.

તો બીજીાજુ સાસરે જવા ન માગતી લાડી વરપક્ષ તરફથી આપવામાં આવેલા આ રાસાને ન પહેરવાની જીદ લઈને બેસી ગઈ છે.એટલે વરપક્ષની બહેનો લાડીને સીધી રીતે રાસા પહેરી લેવાનું સૂચન કરતું નીચેનું ગીત રજૂ કરે છે,-

“ સવા સેરની સાડી મારો ભાઈ ગજવે નાખી લાવ્યો,

પેરતી હોય તે પેર હીના મારા ભાઈણે બગાડ થાય,

સવા સેરની દાણી મારો ભાઈ ગજવે નાખી લાવ્યો,

પેરતી હોય તે પેર હીના મારા ભાઈણે બગાડ થાય,

સવા સેરની બંગડી મારો ભાઈ ગજવે નાખી લાવ્યો,

પેરતી હોય તે પેર ગેદડી મારા ભાઈણે બગાડ થાય..”

અહીં તેઓ લાડીને કહે છે કે,‘ (તારા માટે) અમારો ભાઈ સવા શેરની (મોંઘીમૂલી) સાડી પોતાના ગજવે ( પૈસા ) થી ખરીદી લાવ્યો છે ! જો તારે તેને પહેરવી હોય તો હમણા પહેરી લે,કારણ કે અમારા ભાઈના પૈસાનો બગાડ થાય છે !’ કહેવાનો મતલબ કે,જો તારે આ સાડી ન પહેરવી હોય તો અમે તેને પાછી લઈ જઈએ ( તું નહી તો કોઈ બીજી !’ આ જ પ્રમાણે રિબિન,બંગડી,મંગળસૂત્ર વગેરેનો ઉલ્લેખ થતો જાય છે અને ગીત આગળ વધતું જાય છે,ને સાથે હીના પર આ બધા વસ્ત્રો પહેરી લેવાનું દબાણ પણ ખરું જ.અંતે,લાડાની ગીતાયરીઓ આવેશમાં આવી જઈ લાડીને **‘ગધેડી’** કહીને સંબોધે છે,જેના પરિણામે બંને પક્ષ વચ્ચે ચકમક ઝરે છે.

તેથી રોષે ભરાયેલી લાડીની ગીતાયરીઓ હીનાની નણંદને; કે જે હીનાને ઘરની અંદર ખાંડણિયા પાસે ઊભી રાખી; પોતાના ભાઈ દ્વારા લાવવામાં આવેલા રાસાને,પોતાના હાથે

પહેરાવીને તૈયાર કરી રહી છે,તેને પોતાનું નિશાન બનાવે છે.તેઓ લાડીને તૈયાર કરી રહેલી નણંદની ઠેકડી ઉડાવાતા ગાય છે કે,-

" રીત કરતા આવડેની ને રીત કરને દડી આવી યે જસું બદાકડી,

તીયાર કરતા આવડેની ને તીયાર કરને દડી આવી યે જસું બદાકડી,

ગાઠી બાંદતા આવડેની ને ગાઠી બાંદણે દડી આવી યે જસું બદાકડી,

તેન નાખતા આવડેની ને તેન નાખણે દડી આવી યે જસું બદાકડી,

કાંસકઅ થરતા આવડેની ને તીયાર કરને દડી આવી યે જસું બદાકડી,

માથઅ ઓડતા આવડેની ને માથઅ ઓડને દડી આવી યે જસું બદકડી,

કાસડો પેરતા આવડેની ને કાસડો પેરાવણે દડી આવી યે જસું બદાકડી.."

આમ તેઓ જશું નણદનો ઉઘડો લેતી કહે છે કે,'આ જશું બટુકડીને તૈયાર કરાવતા તો કંઇ આવડતું નથી ! તેને નથી તો **કીય્ળઅ્** પહેરાવતા આવડતું,કે નથી તેલ નાખીને કાંસકાથી માથું ઓઢાવતા,કે નથી કાસડી પહેરાવતા આવડતું,ને તોયે તે હીનાને તૈયાર કરાવવા દોડી આવી છે !'

ચારેક દાયકાઓ પહેલા અહીં વીજળી પહોંચી નહોતી;ને ત્યારે તો દીવાઓની સગવડ પણ માંડ થઈ શકતી.વળી,મોટાભાગના ઘરોને એક જ બારણું રહેતું,ને ઉપરથી લાડીને તૈયાર કરાવાતી હોય મોટાભાગની બહેનો ઘરની અંદર આવી જતી.તેથી હવા ઉજાસના અભાવે લાડીના ઘરમાં દિવસે પણ જાણે અંધારું થઈ જતું.તેથી દીવાના અજવાળે લાડીને રાસા પહેરાવીને તૈયાર કરવી પડતી.એટલે લાડીના આવા ઘરની મજાક ઉડાવતી લાડાની ગીતાયરીઓ  નીચેનું ગીત ગાય છે,-

" હીના તારા ઘરમાં આંદારી રાત આંદારી રાત મેલ છોડો દીવડો,

મંછી આપળે ઘરમાં સોનાની લાઈટ સોનાની લાઈટ મેલ છોડો દીવડો.."

આમ તેઓ કહે છે કે,'હીના તારા ઘરમાં તો દીવો સળગે છે,તેથી જાણે કે અંધારી રાત હોય એવું લાગે છે; જ્યારે અમારા મંછીના ઘરમાં તો સોનાની લાઈટ ઝગમગે છે !' આવી અતિશ્યોક્તિ દ્વારા લાડીને તેઓ હેઠું જોવડાવવા માગે છે.

એક તરફ આ મુજબની પરિસ્થિતિ તો છે જ,ને ઉપરથી લાડીને તૈયાર કરાવાતી હોય,આખું ઘર બંને પક્ષની સ્ત્રીઓથી ખીચોખીચ ભરાય ગયું છે.તેથી ઘરમાં થતી ગરમી અને બફારાને કારણે,લાડીને તૈયાર કરાવવામાં જશું અને તેની સંગાતીઓને પરસેવો છૂટી ગયો છે.આ જોઈ તેમને ચીડવવા માટે લાડીની ગીતાયરીઓ નીચેનું ગીત વહેતું મૂકે છે,-

" ગદરાય ગીયી ગદરાય ગીયી જસું લઅંડી,

આગલે બારે પાછલે બારે વાવલો ખાજે,

ગદરાય ગીયી ગદરાય ગીયી જસું લઅંડી,

ઈયે સાડે પલે સાડે વાવલો નેજે

ગદરાય ગીયી ગદરાય ગીયી જસું લઅંડી,

કાસડો તોડી વાવલો નેજે જસું લઅંડે,."

અહી તેઓ નણંદ વગેરેને કહે છે કે,'જશું તું પરસેવે રેબઝેબ થઈ ગઈ છે,તો હવે તું આગલે ને પાછલે બારણે જઈને,આ ઝાડ કે પેલા ઝાડે જઈને હવા ખાય લે.ને અંતે,આટલું જાણે ઓછું હોય તેમ તેઓ જશુંને કાસડો છોડીને હવા ખાવાનું કહે છે.' આમ શરૂઆતમાં સારી ભલામણ જેવી લાગતી તેમની આ વાત અંતે વરપક્ષના બહેનોના હૃદયમાં ચચરાટ કરાવે છે.તેથી તેમની વચ્ચે અગાઉ ફટાણા ટાણે ઝરેલી ચકમક ફરી ઉગ્ર બને છે.

ને અંતે,એકબીજાની સામસામે આવી ગયેલી આ ગીતાયરીઓ ઝપાઝપી પર ઉતરી આવે છે.અંદરોઅંદર એકબીજી પર ગીતોની સાથે હાથ-પગ ચલાવતી લાડાની ગીતાયરીઓ ગાય છે,-

"રાંડેહે ચોટનો સાંબાળી રઅજા યે રેલ સાંબાઈળો,

રાંડેહે ચોટનો થરીને કુટુહું યે રેલ સાંબાઇળો,

રાંડહે કાસળો સાંબાલી રઅજા યે રેલ સાંબાઇળો,

રાંડેહે કાસળો થરીને કુટુહું યે રેલ સાંબાઇળો,.''

આમ તેઓ પોતાની હરીફ ગીતાયરીઓને કહે છે કે,'તમે તમારો ચોટલો અને કાસડીને જરા સંભાળીને જ રાખજો! નહી તો અમે તમને તમારો ચોટલો અને કાસડો પકડીને મારીશું !' આમ તેમની શાબ્દિક લડાઈ આખરે ઝપાઝપીમાં પરિણમતી,ને તેમની વચ્ચે થોડી લાતંલાત પણ શરૂ થઈ જાય છે.

ઘરની અંદર જામેલા આવા ફટાણાઓની સાંભળીને માંડવામાં બેઠેલા વડીલોને હવે ગીતાયરીઓ લડાઈ પડવાની એવું લાગતા; તેમને એકબીજીથી છૂટી પાડવા તેમજ ગીતો ગાવાનું બંધ કરી,લાડીને જલદીથી તૈયાર કરવાનું કહેવા માટે; તેઓ વરપક્ષના કોઈ એક ભાઈને - કે જેની પાસે પાંચ સેલની બેટરી છે તેને ઘરમાં મોકલે છે.એટલે તે જરા વટમાં બેટરીનો લિસોટો મારીને પોતાના પક્ષના બહેનો કઈ તરફ છે તે જોઈ; તેમને ગીતો બંધ કરવાનું કહી,લાડીને તૈયાર કરવામાં જરા ઉતાવળ કરવાનું કહે છે.આ ટાણે કન્યાપક્ષની ગીતાયરીઓ તેને પણ ફટ્ કહેતું નીચેનું ગીત રજૂ કરે છે,-

'' પેલો બેટરીવાલો કોણ રે ગુલાલવાલા,

પેલી બેટરી તે ઝક મારી જાય રે,વાયરે ઉડી જાય રે ગુલાલવાલા,

પેલો બેટરીવાલો કોણ રે ગુલાલવાલા,

પેલી બેટરી ખેંચી લેહું રે ગુલાલવાલા,

પેલો ટોપીવાલો કોણ રે ગુલાલવાલા,

પેલી ટોપી તે ઝક મારી જાય રે,વાયરે ઉડી જાય રે ગુલાલવાલા,.''

આમ બેટરીનો શેરડો મારતા ભાઈને જોઈને પહેલા તો તેઓ એકમેકને પૂછે કે,પેલો બેટરીવાળો કોણ છે ? ને પછી તેનો ઉઘડો લેતા કહે છે કે,'તારી બેટરી તો જક મારવા

જાય,મતલબ કે તું અમારી વચ્ચે નકામી પંચાત ના કર ! તારી બેટરીનો લિસોટો તો વાયરે ઉડી જાય છે,એમાં કોઈ દમ નથી! ( માટે તું વધારે બેટરી ના મારીશ નહીં તો ) અમે તારી બેટરી આંચકી લઈશું ! આ જ રીતે તેઓ બેટરીવાળાની ટોપી અને કાસડી વગેરે પણ ખેંચીને લેવાની વાત કરે છે.અહી બેટરીવાળા માટે 'ગુલાલવાલા' શબ્દ પ્રયોજાયો છે,જે ઉચિત છે.વડીલોના કહેવા મુજબ એ વખતે પાંચ સેલની બેટરીવાળાનો આગવું નામ રહેતું,લોકોની વચ્ચે તેનો વટ રહેતો,ને તેથી અહીં પણ બેટરીવાળો પોતાનો વટ પાડવાના ઈરાદે બેટરીનો લિસોટો મારીને બહેનોને ગીતો બંધ રાખવાનું કહે છે,પણ એ રંગમાં આવેલા બેટરીવાળાને તેનો રંગ ઉતરી જાય એવો જવાબ મળી જાય છે.

બીજીબાજુ આ બેટરીવાળા ભાઈ વરપક્ષની ગીતાયરીઓને ઘરમાંથી બહાર કાઢી લઈ જાય છે.આ જોઈ લાડીની ગીતાયરીઓમાં વધારે શૂરાતન જાગે છે.તેઓ લાડીના ગીતાયરીઓ સામે પોતાનું આક્રમક જોર બતાવતી નીચેનું ગીત રજૂ કરે છે,-

" નાહચ્ચે નખા યે રાંડેહે નાહચ્ચે નખા કાસડો તોડી,

ઉંચે પીપલે યે રાંડેહે ઉંચે પીપડે કાંટા કાડજા,

ઉબજે રયા યે રાંડહે ઉબજે રયા નાહચ્ચે નખા,

તો તો આમનો યે રાંડેહે તો તો આમનો દેખસો કાયે.."

આમ તેઓ કહે છે કે, 'તમે કાસડો તોડીને ( ડરીને ) ભાગશો નહીં !' મતલબ કે તમે આટલી ગભરાઈને રીતે કેમ ભાગો છો ! ઊભી રહો ! ને પછી તેમને પોતાની હદ વટાવીનું કહેતી તેઓ આગળ કહે છે કે, ' આવી રીતે ભાગતા જો તમને કાંટા વાગે તો પણ તમે અહીં ઊભી ના રહેતી ! ને પેલ્લા પીપળા કે આમલી નીચે જઈને તમે કાંટા કાડજો ! આમ વૃક્ષોના નામ આપી તેમને પોતાના હદમાં ન આવવાની ચેતવણી તેઓ આ ગીતમાં આપે છે.

આમ પોતાની હદ બહાર જવાનું કહેતી લાડીની ગીતાયરીઓને સામે લાડાની ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

" આમારે ગામમાં આવજે ચંપા લાલ કાસડો પોવાડું યે,

લાલ કાસડો પોવાડું ચંપા આગાલ પાછાલ ચાલાડું યે,

આગાલ પાછાલ ચાલાડું ચંપા ફંગજો માટી રાખાડું યે,

આમારે ગામમાં આવજે મગાન લાલ ફેટો વેટાડું રા,

લાલ ફેટો વેટાડું મગાન આગાલ પાછાલ ચાલાડું રા,

આગાલ પાછાલ ચાલાડું મગાન ટીકડી બયાર રાખાડું રા,..”

આમ તેઓ કહે છે કે,‘ચંપા,તું અમારા ગામમાં (તો) આવજે ! અમે તને લાલ કાસડી પહેરાવીને ( ચૂલા ફરતે) આગળપાછળ ચલાવી,ભંગી પતિ સાથે પરણાવીશું !’ ને ગીત જેમ આગળ વધતું જાય છે તેમ તેઓ માજ્જાને પણ લાલ ફેટો કે ટોપી પહેરાવીને ખાનદેશી સ્ત્રી સાથે પરણાવવાની વાત કરે છે.આમ અહીં આ સમાજમાં પ્રવર્તતી જ્ઞાતિવાદની ભાવના પણ જોઈ શકાય છે.

- **પાટને ચડાવણે તીયા ગાવાણે ગીત (પાટલે ચડાવતી વખતે વગાતા ગીતો ) :-**

લાડીને રાસા પહેરાવીને તૈયાર કરાવી દીધા પછી,લાડીનો ભાઈ તેનો હાથ પકડીને માંડવામાં લઈ આવે છે.આ સમયે લાડીના રૂપ-શણગારને જોઈને ગીતાયરીઓ નીચેનું ગીત વહેતું મૂકે છે,-

“ બેના માથામાં બક્કાલ બેના સોબી રઅયી યે,

મંછો હેયે ઉજાડ બક્કાલ જાપી નેદો યે,

બેના માથામાં ફૂન બેના સોબી રઅયી યે,

મંછાલ ગમી ગીયી ફૂન જાપી નેદો યે..

બેના ફુલાહા વાડીમાં બેના ફીરા જાહું યે,

મંછા કાટાહા વાડીમાં મંછા ફીરા જાજે રા,

બેના મંછો આવો બેના ફીરા ની જાવાય યે..”

અહી તેઓ કહે છે કે,'હીનાએ માથામાં બકલ ( હેરપીન ) અને ફૂલ લગાવ્યા છે તેમજ હાથમાં કલગી અને રૂમાલ પકડી છે; તેના કારણે તે સોહી રહી છે.પરંતુ ઉજાડ (અણઘડ) મંછીને હીના ગમી ગઈ,ને તેથી તેણે તેનું બકલ,ફૂલ તેમજ કલગી વગેરે સૌ શણગાર ખેંચી લીધા..' તેથી આગળ તેઓ કહે છે કે,' હીના આપણે ફૂલોની વાડીમાં ફરવા જઈશું,ને મંછી તું તો કાંટાડી વાડીમાં ફરવા જજે ! ' તેમની મંછા પ્રત્યેની તેમની આવી ઘૃણા સ્વભાવિક છે,કારણકે તેઓ એ વાતને જાણે છે કે મંછીએ આ બધી શૃંગારની વસ્તુઓ સાથે હીનાનું જોબન પણ ઝૂંટવી લીધું છે.તેથી ગીતના અંતે તેઓ કહે છે કે,' ( હીના,તારા જીવનમાં ) મંછી આવી ગયો,તેથી હવે આપણને ફરવા જવાશે નહીં.' આમ,પાટલે ચડવા જઈ રહેલી પોતાની સહેલીના વખાણની સાથ;પોતાની સંગાતીને ખોઈ દીધાનો વિષાદ તેઓ આ ગીતમાં રજૂ કરે છે.

તો બીજીબાજુ જાનૈયાઓની હાજરીમાં થોડી લજવાતી- સંકોચાતી હીના; ધીમેધીમે પાટલા તરફ આગળ વધી રહી છે,તેને જરા ઝડપથી ચાલીને પાટલાએ આવવાનું કહેતી લાડાની ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

" હીના જલદી આવો જેરા પાટલીયે,

ભાઈ ધીમેથી આવો જેરા પાટલીયે,

હીના જલદી ચડો જેરા પાટલીયે,

ભાઈ ધીમેથી ચડો જેરા પાટલીયે.."

આમ અહીં તેઓ હીનાને જરા જલદીથી આવીને પાટલાએ ચડવાની વાત કરે છે,પણ મંછીને તો ધીમેથી આવવાનું કહે છે.તેનો મતલબ અહીં સ્પષ્ટ છે કે,તેઓ લાડી કરતાં લાડાનું પલડું ભારે છે એ વાતને તેઓ સાબિત કરવા માગે છે; પણ સાથે તેઓ હીનાને આડકતરી રીતે એ વાતનો પણ નિર્દેશ કરે છે કે,પરણવાની ચિંતા તારે કરવાની છે આમારા મંછીએ નહીં,કેમકે તેને તો તારા જેવી બીજી ઘણી મળી રહેશે !

તો સામે લાડીની ગીતાયરીઓ પણ કોઈ વાતે નમતું જોખવા તૈયાર નથી.તેઓ પણ વર અને તેની ગીતાયરીઓને સાફસાફ સંભળાવી દે છે,-

" પાટને ચડા વાટ હેદે  ગરજાયનો રા મંછો,

પાટલે ચડવા નાય દે જે રંગાલી યે બેના,

હાર પેરવા વાટ હેદે ગરજાયનો રા મંછો,

હાર પેરવા નાય દે જે રંગાલી યે બેના,

ચાંડલો પાડા વાટ હેદે ગરજાયનો રા મંછો,

ચાંડલો પાડા નાય દે જે રંગાલી યે બેના,.."

આમ તેઓ કહે છે કે,' **ગરજાયનો** ( ગરજા જેવો વધેલો,મોટી ઉંમરનો) મંછી પાટલે ચડવા માટે હીનાની વાટ જોઈ રહ્યો છે, પણ અમારી **રંગાલી** (ઉંમરમાં નાની,નાદાન) હીનાને અમે  પાટલે ચડવા દઈશું નહી !' એટલે કે અમે હીનાને તારી જોડે પરણવા નહી દઈએ,ને પછી ગીત જેમ આગળ વધતું જાય છે તેમ તેઓ હીનાના હાથે હાર પહેરવા તેમજ ચાંદલો પડાવવા;વગેરેની વાટ જોઈ રહેલા મંછીની કોઈ ઈચ્છા પૂરી ન થવા દેવાનું  કહે છે.

હવે,આપણે સગાઈ વખતે જોયું હતું એ જ પ્રમાણે;લાડા લાડીને લગ્ન વિધિથી જોડવા માટે પાટલા પર સામસામે - વરનું મોઢું ઉગમણી દિશામાં રહે તેવી રીતે - ઊભા રાખવામાં આવે છે.નણંદ તેમને કંકુચોખાથી વધાવીને તિલક કરાવે છે;ત્યારપછી લાડો લાડીને કંકુચોખાનો ચાંદલો કરી,ફૂલહાર પહેરાવીને લાડીના નાકને ચીમટું ભરે છે.આ જ રીતે લાડી પણ લાડાને કંકુંચોખાનો ચાંદલો કરી,ફૂલહાર પહેરાવીને લાડાના નાકને ચીમટું ભરે છે.છેલ્લે નણંદ બંનેના આંખે મોટા કાજળ કઢાવી દે છે,આ જોઈને જાનૈયાઓમાં હાસ્ય રેલાઈ રહે છે.

ઉપર મુજબ લાડાલાડીને કંકુંચોખાએ વધાવવાથી લઈને ફૂલહાર પહેરાવવાની રસમ ચાલતી હોય ત્યારે લાડાની ટીખળ કરતી લાડીની ગીતાયરીઓ નીચેનું ગીત વહેતું મૂકે છે,-

" લીલો પીલો એક કોબીસો કોબીસા ફૂલે ઉબી રઅજે યે,

જેવો તેવો મંછો ઉજાયળો તતીડા ખોદે ઉબો રઅજે રા,

લીલો પીલો એક કોબીસો કોબીસા ફૂલે ઉબી રઅજે યે,

જેવો તેવો મંછો તોરાલો લગાન કરને દડી આવો રા,

લગાન કરતા આવડે ની ને લગાન કરને દડી આવો રા,

લીલો પીલો એક કોબીસો કોબીસા ફૂલે ઉબી રઅજે યે,

જેવો તેવો મંછો ઉજાયળો પાટને ચડવા દડી આવો રા,

પાટને ચડતા આવડે ની ને લગાન કરને દડી આવો રા,

લીલો પીલો એક કોબીસો કોબીસા ફૂલે ઉબી રઅજે યે,

જેવી તેવી છાની ઉજાયળી ચોખા વેરવા દડી આવી યે,

ચોખા વેરતા આવડે ની ને લગાન કરને દડી આવી યે.."

આમ અહીં ગીતના ઉપાડમાં તેઓ ' હીનાને લીલા પીળા ( ઉત્તમ પ્રકારના ) કોબીના ફૂલ પર,જ્યારે '**ઉજાયળા**' (અણસમજુ) મંછીને સાલના ખૂંટા પર ઊભા રહેવાનું કહે છે.' ને પછી ગીત જેમ આગળ વધતું જાય છે તેમ તેઓ મંછી અને છાની નણંદને ટોણો મારતા કહે છે કે, આ **ઉજાયળા** મંછીને નથી તો પાટલે ચડતા આવડતું કે નથી કલગી પકડતા આવડતું ! ને આ છાનીને પણ ચોખા વેરતા કે ચાંદલો પડાવતા નથી આવતું ! ને તોયે લગન કરવા દોડી આવ્યા !' આમ અહી વરપક્ષવાળા લગ્ન કરવાની કોઈ રીત જાણતા ન હોવા છતાં લગ્ન કરવા દોડી આવ્યા છે ! આમ કહીને તેમની મજાક ઉડાવવામાં આવી છે.

તો સામા પક્ષે નવા લૂંગડામાં શોભી રહેલા લાડાના વખાણ કરતી ગીતાયરીઓ ગાય છે,-

" માથા પાહી ટોપીરા બાયો માયાલો દેખાહાય રા,

માથા પાહી હાડી યે બેના ઉજાયળી દેખાહાય યે,

હાથામાં સતરી બાયો માયાલો દેખાહાય રા,

હાથામાં રૂંબાલ યે હીના ઉજાયળી દેખાહાય યે,

ગલામાં હાર રા બાયો  માયાલો  દેખાહાય રા,

ગલામાં હાર યે હીના ઉજાયળી દેખાહાય યે..”

આમ ‘મંછીએ માથા પર ટોપી,હાથમાં છત્રી અને ગળામાં હાર પહેરી છે, આ બધાને કારણે તે **માયાલો** ( માયા લગાડી દે તેવો ) દેખાય છે. જ્યારે હીનાએ માથા પર સાડી ઓઢી છે અને હાથમાં રૂમાલ તેમજ ગળામાં હાર પહેરી છે,છતાં તે **ઉજાયળી** (શોભા વગરની ) લાગે છે.’ લયમાધુર્યથી સભર આ ગીતમાં લાડા લાડીના શણગારને સુંદર વાચા મળી છે.

- **છેડા હંગીરને તીયા ગાવાણે ગીતે (છેડા બાંધતી વખતે ગવાતા ગીતો ) :**

પાટલે ચડીને ફૂલહાર પહેરાવવાની વિધિ પૂર્ણ થયા પછી,લાડા લાડીને માડવામાં રાખેલા ખાટલાએ બેસાડવામાં આવે છે.અહીં નણંદ લાડીની ઓઢણીના છેડાને વરના ખભા ઉપર નાખેલા ખેસના છેડા સાથે દામણ ગાંઠ વાળીને બાંધી દે છે,જેને **છેડા હંગુરવાની રીત’** કહેવામાં આવે છે.આ ટાણે લાડાની ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

“ રંગેલો ખાટલો સાઈટે રાખીને બોહજે મારું બાયા રા

કનબો જેવો દેખાહાય,

ઉજાયળી હીના તાડ જેવી વદેલી રા બાયા રા,

સરકાઈને બોહજે,

રંગેલો ખાટલો સાઈટે રાખીને બોહજે મારું બાયા રા

કનબો જેવો દેખાહાય,

ઉજાયળી હીના કાલી કૂચી દેખાહાય મારુ બાયા રા

સરકાઈને બોહજે,.”

આમ તેઓ લાડાને કહે છે કે,‘તું રંગેલા ખાટલા પર જરા બાજુએ સરકીને બેસજે ! કેમકે તું તો કણબી જેવો દેખાય છે,જ્યારે હીના તો તાડ જેવી ઊંચી ને કાળી કલૂચી દેખાય છે !’ આમ અહી તેઓ લાડાને કદરૂપી લાગતી લાડીથી જરા દૂર બેસવાનું કહે છે,કેમકે તે

લાડા સાથે શોભતી નથી.અહીં લાડાલાડીને બેસવા માટે મૂકેલા ખાટલા માટે **'રંગેલો'** વિશેષણ વાપરવામાં આવ્યું છે,જે ગીતની સાથે પ્રસંગવર્ણનમાં પણ અભિવૃદ્ધિ કરે છે.

તો સામે પક્ષે લાડીની ગીતાયરીઓ મંછીને તેની જૂની આદતો છોડીને,જરા સમજણો બનવા માટેની શિખામણ આપતું સુંદર ગીત રજૂ કરે છે,-

" અલે ખર પલે ખર બેહતો હતો તે માયા છોડજે રા મંછા,

તે માયા છોડજે રા,

અલે ઓટલે પલે ઓટલે બેહતો હતો તે માયા છોડજે રા મંછા,

તે માયા છોડજે રા,

ઈયી હારી પલી હારી હહતો હતો તે માયા છોડજે રા મંછા ,

તે માયા છોડજે રા..."

આમ,લાડાને શિખામણ આપતી તેઓ કહે છે કે ' મંછી,તું એકબીજા ઘરે કે ઓટલા પર બેસતો ફરતો હતો,તને ફળિયાની એકબીજી છોકરીઓ સાથે મનની જે માયા હતી,તેમજ  હાટોમાં અને લગ્નોમાં ફરવાની તારી ( હમણાં સુધીની ) જે ટેવ હતી તે હવે તું છોડી દેજે ! આમ હવે મંછી હીના સાથે સાંસારિક બંધનોમાં બંધાઈ ચૂક્યો હોય તેને પોતાની જૂની આદતો છોડવા માટેની સલાહ ગીતાયરીઓ તેને આપે છે.

- **લાડા લાડીને નચાડતી વખતે ગવાતા ગીતો :**

લાડા લાડીના છેડા બાંધવાની રસમ પૂરી થયા પછી,બંને પક્ષનું- તેમના વાદ્યો ભેગું નાચણું જામે છે.આ નાચણામાં છેડા બાંધેલા લાડાલાડીને તેમના મામા તેમજ ભાઈ વગેરે ખભા પર બેસાડીને નચાડે છે.મામાના ખભે બેઠેલી લાડીના વખાણ કરતી તેની ગીતાયરીઓ નીચેનું ગીત વહેતું મૂકે છે,-

" બેના બેઠી બેના મામહાણે ગરજે વીરે,

મંછી બેઠો મંછી તતીડાણે ખોદા ઉપાર,

બેના બેઠી બેના ફાયાણે ગરજે વીરે,

મંછી બેઠો મંછી ગેદડાણે ગરજે વીરે.. ”

આમ લાડીના વખાણ કરતી ગીતાયરીઓ કહે છે કે ‘અમારી બહેન તો મામા અને ભાઈના કાંધ પર બેઠી છે,જ્યારે મંછી તો સીસમના ખૂંટે ને ગધેડા પર બેઠો છે !’ આ જ ગીતને લાડાની ગીતારીઓ પણ વિવિધ ઉપમાઓ આપી રજૂ કરતી હોય છે.લાડા લાડી કેટીખળ કરતા જઈને નાચવામાં તેમને એક અનેરો આનંદ મળતો હોય છે.

આ એક ભેગું નાચણું હોય તેમાં નાચવાનો ઉન્માદ જ કંઇ ઓર હોય છે.તેઓ લાડો લાડી કે સાળા સાળી,નણંદ વગેરેની ટીખળ કરતા જઈ; પોતાના નવા સંગાથીઓ સાથે આ નાચણાનો ભરપૂર આનંદ માણે છે.ડોવડાના સૂરના તાલે પગનો ઠેક લઈ નાચણું નાચતી લાડીની ગીતાયરીઓ; લાડાને પોતાની સંગાથે નાચવા આવવાનું નિમંત્રણ આપતું નીચેનું ગીત રજૂ કરે છે,-

“ વરાયળે માંડવે વરાયળે માંડવે,નાચા યે જે રા મંછા વરાયળે માંડવે,

હીના હીઇણઅ્ નાચણઅ હીના હીઇણઅ્ નાચણઅ,નાચા એજે રા મંછા વરાયળે માંડવે,

નાચાય તે નાચજે નાચાય તે નાચજે,પાછો ફીરી જા મંછા વરાયળે માંડવો,..”

આમ,તેઓ કહે છે કે,‘મંછા તું અમારી હીનાના માંડવામાં નાચવા માટે આવ ! જો તને ( અમારી સાથે ) નાચતા ફાવે તો નાચજે,નહીં તો પાછો જતો રહેજે ( પણ તું એકવાર નાચવા જરૂર આવ ) !’ આ ગીત દ્વારા કદાચ તેઓ ખભે બેસીને નાચતા લાડાને પોતાની સાથે **હાડી**માં ( એકબીજાની કમરે હાથ વીંટાળીને હારબદ્ધ નાચવું ) નાચવા બોલાવે છે.લાડાને નાચણામાં નાચવા આવવા માટે અપાતા આ નિમંત્રણની પાછળ,તેમના હૈયામાં છલકાઈ રહેલા નિખાલસ આનંદને સ્પષ્ટપણે જોઈ શકાય છે.

ડોવડાના સૂર કે ગીત પ્રમાણે હાડીમાં ઠેક લઈને નાચવાની પણ અનોખી કળાઓ હોય છે.હાડીમાં જોડાયેલા સ્ત્રી પુરુષ- સૌ કોઈને ખેંચતા જઈ ઠેક લેતા આગળ વધવાનું,તો બીજો ઠેક લેતા થોડું પાછળ હટવાનું હોય,હાડીમાં આગળ અને પાછળ નાચનારમાં હામ પણ એટલી જ હોવી જોઈએ,ને તેથી સૌથી લાંબી હાડીમાં નચાડનારનો વટ તો પડવાનો

જ ! એટલે લાંબી હાડીમાં જોશભેર નાચતી લાડાની ગીતાયરીઓ સામા પક્ષ સામે પોતાનો વટ પાડવા;તેમજ અમારા જેવું તમને નાચતા ન આવડે એવા ભાવને રજૂ કરતું નીચેનું ગીત ગાય છે,-

" નાચતા આવડેની નાચતા આવડે ની હીના વરાયળે માંડવે,

નાચા રડે નાચા રડે યે હીના વરાયળે માંડવે,

નાચી બતાવઅ નાચી બતાવઅ હીના વરાયળે માંડવે,

નાચા હાદાવઅ નાચા હાદાવઅ હીના આમેહે ગાવામાં,."

આમ તેઓ હીનાને કહે છે કે,'હીના તને નાચતા તો આવડતું નથી,ને તોયે તું માંડવામાં નાચવા માટે રડે છે,તો ચાલ આજે અમે તને કઈ રીતે નાચવું,તે નાચીને બતાવીએ !' વળી,ગીતના અંતે તેઓ 'હીનાને તેમના ગામમાં નાચવા માટે બોલાવે છે ( જેથી તેમને જોઈને હીના પણ એ રીતે નાચતા શીખી જાય !)' પોતાનો નાચણાનો શોખ તેમજ હીના વગેરેને નાચણું શીખવવાની વાત કરતું આ ગીત જેમ આગળ વધતું જાય છે તેમ તેમાં સાળી,નણંદ વગેરેનો નામોલ્લેખ થતો જાય છે,ને તેની અસરકારકતા પણ વધતી જાય છે.

ડોવડું વગેરે વાદ્યોના સૂર અને મનમાં ચાનક જગાવતા ગીતોની સાથે તેઓ તાનમાં આવીને નાચતા હોય છે.આ સમયે તેમને પોતાની આજુબાજુ નાચી રહેલા અન્ય કોઈનો ખ્યાલ રહેતો નથી,તેથી એ બધાને પોતાનાથી છેટા રહીને નાચવાનું સૂચન કરતી લાડાની ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

" પાઈત્તા નાચ્યા રા તુમે પાઈત્તા નાચ્યા રસાલઅ,

છુંદાય જાહા રા તુમે કયા કરાહા રસાલઅ,

હહતાયે કઅયઅ રા મંછા ખીજવાતો નખે રા,.."

અહી તેઓ કહે છે કે 'તમે અમારાથી જરા આઘે રહીને નાચજો,નહી તો છુંદાય જશો ! ને પછી અમને કહી સંભળાવ્યા કરશો ( કે ફલાણાએ મારો પગ છૂંદી દીધો) !' આવું કહેવાથી રખેને કોઈને ખોટું લાગી જાય ! તેથી છેલ્લે તેઓ લાડાને સંબોધીને કહે છે

કે,'અમે તો આમ મજાકમાં કહ્યું એટલે તું રીસાઈ ના જતો !' આમ કહીને તેઓ આખા ગીતને હળવાશમાં ફેરવી નાખતા હોય છે.

નાચણાની મોજમાં આવીને તેમના દ્વારા થતી આવી ટીખળોમાંથી ડોવડું વગેરે વાદ્યોના વાદકો પણ બાકાત રહેતા નથી.કન્યાપક્ષના ભાડેલા વાદ્યો અંગે ટીખળ કરતી લાડાની ગીતાયરીઓ નીચેનું ગીત ગાય છે,-

" રંગેલી ડોવડી કાય હીને ભાડેલી યે બેના,

કાય હીને ભાડેલી યે.

રંગેલી ડોવડી વાય ઝીણી વાગેહે બેના,

વાય ઝીણી વાગેહે યે..."

અર્થાત 'આ રંગેલી ડોવડી તમે શું જોઈને ભાડી હતી ? આ તો સાવ ધીમી વાગે છે !' આ જ રીતે તેઓ બીજા વાદ્યોના નામ લેવાતા જાય છે અને ગીત આગળ વધતું જાય છે.

પણ છેલ્લે તેઓ નાચીનાચીને થાકે છે,પણ ડોવીડો ડોવડું વગાડતા થાકવાનું નામ લેતો નથી ! ત્યારે તેને ચીડવીને ડોવડું બંધ કરાવવા માટે તેઓ નીચેનું ગીત વહેતું મૂકે છે,-

" ડોવીડા તોરે મડામાં દુઃખે કા ડોવીડા,

ડોવીડા તોરે કેડામાં દુઃખે કા ડોવીડા,

કડવો લીમડો છુંદીને પાટો બાંદજે રા ડોવીડા,

ડોવીડા આમે નાચી છૂંદીને થાકચે રા ડોવીડા,

ડોવીડા આમે ગીતે ગાઈને થાકચે રા ડોવીડા.."

આમ તેઓ ' કેડેથી હાલતા જઈ,ફૂંક મારીને ડોવડું વગાડતા ડોવીડાને ટોણો મારીને કહે છે કે 'ડોવીડા તને મોઢામાં દુઃખે કે ની ? જો તને કમરમાં દુઃખતું હોય તો તું ( હવે ઘરે જઈને ) કડવો લીમડો છૂંદીને તેનો પાટો બાંધજે ! કારણ કે અમે નાચીને- નાચતા નાચતા

એકબીજાના પગ છૂંદીને તેમજ ગીત ગાઈને હવે થાકી ગઈ છીએ !' આમ તેઓ મનભરીને નાચણાનો આનંદ માણતા હોય છે.

### ➢ ફડો થરવાણી રીત :

લાડા લાડીને આ રીતે ખભા પર બેસાડીને નચાવ્યા પછી ઘરના ચૂલાએ લઈ જવામાં આવે છે.આ સમયે સાળો કે સાળી તેમને ઘરમાં પ્રવેશતા અટકાવે છે,જેને **'ફડો થરવાણી'** રીત તરીકે ઓળખવામાં આવે છે.આ માટે વર પક્ષવાળા સાળીને પાંચ કે દશ રૂપિયા આપે છે એટલે તે લાડા લાડીને ઘરમાં પ્રવેશવા દે છે.

### ➢ ચૂલા (અગ્નિ ) ફરતે ફેરા ફેરવતી વખતે ગવાતા ગીત :

ઘરમાં પ્રવેશ્યા પછી લાડા લાડીને ભગત દ્વારા ચૂલાની ફરતે ચાર ફેરા ફેરવવામાં આવે છે.પ્રથમ ત્રણ ફેરા લાડો આગળ ચાલે છે તો છેલ્લો ફેરો લાડી આગળ ચાલે છે.આ રીતે ચાર ફેરા ફરી રહ્યા પછી લાડા લાડી અને અરવણ વગેરેને ચૂલાના થાળા આગળ બેસાડવામાં આવે છે.અહીં તેમને મ્હાનું પીણું ખાખરાના કે વડના પાનમાં આપવામાં આવે છે.આ પીણું તેઓ ક્રમશઃ લાડો લાડીના,તો લાડી અરવણના પાનમાં રેડે છે,આ રીતે છેલ્લા દડિયામાં ભેગું થયેલું પીણું પાન સહિત જમીન પર છોડી દેવામાં આવે છે; જે ધરતી માને અર્પણ થયેલું ગણાય છે.ત્યારપછી બીજી વાર ફરી તેમને  નવા પાંદડામાં મ્હાનું પીણું આપવામાં આવે છે,જે તેઓ પી લે છે. મ્હા પીવડાવ્યા પછી તેમને દાળભાત જમાડવામાં આવે છે.આ સઘળી ક્રિયાવિધિઓ ચાલતી હોય છે તે સમયે લાડાની ગીતાયરીઓ નીચેનું ગીત વહેતું મૂકે છે,-

"ચૂના ચમખી ફીરાવે ફીરતો નખે ફાયા

ચૂના ચમખી ફીરાવે ફીરી નેજે હીના

કુઈનઅ ચાટઅ પીવાડે પીતો નખે ફાયા

કુઈનઅ ચાટઅ પીવાડે પીય નેજે હીના

નહદી કોદરી ખાવાડે ખાતો નખે ફાયા

નહદી કોદરી ખાવાડે ખાય નેજે હીના

ડોવડી ડાલ પીવાડે પીતો નખે ફાયા

ડોવડી ડાલ પીવાડે પીય નેજે હીના

ચૂના ચમખી ફીરાવે ફીરતો નખે ફાયા..”

આમ લાડાને તેઓ કહે છે કે ‘ ( આ લોકો ) તને ચૂલા ફરતે ફરાવે છે પણ તું ફરીશ નહીં, (તેમજ) તને કોહી ગઈ હોય એવી કાળી ચ્હા પીવડાવે છે પણ તું તે પીશ નહીં.’તો બીજીબાજુ તેઓ હીનાને ચૂલા ફરતે ફરવાનું તેમજ કાળી ચ્હા પીવાનું કહે છે.હવે સ્વાભાવિક રીતે સમૂહમાં જમવાનું પીરસવાનું હોય,પહેલા ભાત ને પછી દાળ પીરસવામાં આવી રહી છે.તેથી તેઓ લાડાને આગળ કહે છે કે ‘ મંછી તું આ નોખો ભાત અને તુંબડાનો ડોયો ભરીને આપવામાં આવેલી દાળ પીશ નહીં,પણ હીના તું આ નોખો ભાત ને ડોયો ભરીને પીરસેલી દાળ પી લેજે.’આમ અહીં તેઓ લાડાને લાડીના ઘરની કાળી ચા કે દાળભાત ખાવાની ના પાડીને પોતાની મોટાઈ બતાવવાનું કહે છે.તેથી રીસાયેલી લાડીની ગીતાયરીઓ તેમને સણસણતો જવાબ આપવા માટે વરની ઠેકડી ઉડાવતું નીચેનું ગીત રજૂ કરે છે,-

“ કોદરીણે ચાટો રા મંછો કોદરીણે ચાટો રા,

બાજડઅ્ નેય નાઠો રા મંછો બાજડઅ્ નેય નાઠો રા,

બાજડઅ્ નેય નાઠો રા મંછો,છાપે જાયને કુદી કુદીને ચાટે રા,

ડાલીણો ચાટો રા મંછો ડાલીણો ચાટો રા,

ચાટવઅ્ નેય નાઠો રા મંછો ચાટવઅ્ નેય નાઠો રા,

ચાટવઅ્ નેય નાઠો રા મંછો,છાપે જાયને કુદી કુદીને ચાટે રા,

હ’તાયે કઅય મંછા ખીજવાતો નખે રા...”

આમ તેઓ લાડાની ટીખળ કરતા કહે છે કે '( અરે !) ભાતનો ચાટો મંછી તો બાજડું લઈને નાઠો ! ને ઝાપે જઈને કૂદી કૂદીને ચાટી ખાય છે! એટલું જ નહી,દાળ ચાટો એવો તે ચાટવો લઈને પણ નાઠો ! ને તેને પણ કૂદીકૂદીને ચાટી ખાય છે !' અહી મંછીનું દાળભાત માટેનું ચાટાપણું,તેમજ બાજ અને ચાટવાને કૂદીકૂદીને ચાટવાની તેની ક્રિયાઓ પુનરાવર્તન પામીને રજૂ થઈ હોય વધુ અસરકારક બને છે,ને તેથી આ ગીત સાંભળીને લાડો પાણીપાણી થઈ જાય છે,ને તેથી લાડાને માઠું ન લાગે તે માટે તેઓ ગીતના અંતે કહે છે કે 'મંછી,અમે તો આ બધું મજાકમાં કહ્યું તેથી તું અમારી સાથે રીસાઈ ન જતો !'

### ➢ નાડી ઓલાવણે તીયા ગાવાતે ગીતે ( કન્યાવિદાયના ગીતો ) :

લાડો,લાડી અને અરવણ વગેરેને જમાડી દીધા પછી લાડીને વળાવવામાં આવે છે,જેને **નાડી ઓલાવવી** કહેવામાં આવે છે.જે હર્ષોલ્લાસના આ પ્રસંગ સાથે અભિન્નપણે જોડાયેલી વિરહ - વિષાદની વેળા છે.હીનાના લાલનપાલનમાં પોતાના જીવનને ખર્ચી નાખનાર મા-બાપ અને પરિવારજનો,તેમજ દીકરીએ જેમના સંગાથમાં આજ દિન સુધીના જીવનના રોમાંચને માણ્યો છે એ સંગાતીઓ વગેરે સૌ કોઈ;તેના ચાલ્યા જવાથી પોતે એકલા અટૂલા પડી જવાની વેદના અનુભવી રહ્યા છે. પોતાની આ વેદનાને વાચા આપતી સંગાતીઓ આ ટાણે નીચેના ગીતને વહેતું મૂકે છે,-

" આપેહે બં દોસ્તી યે,આપેહે બં દોસ્તી યે,

દોસ્તી કેહેં કે છોડે યે કાય આપેહે બેના યે.

બોલતા હારી બોલાય ગ,ચાલતા હારી ચાલાય ગ,

કીડા બરેહે લાગી યે કાય આપેહે બેના યે.

તો આબોહો દાયાલો,તો આયોહો માયાલી,

માયા કેહેં કે છોડે યે કાય આપેહે બેના યે.

બોલતા હારી બોલાય ગ,ચાલતા હારી ચાલાય ગ,

મંછા બરેહે લાગી યે કાય આપેહે બેના યે.

મંછો લઅંડો તોરાલો,આપેહે દોસ્તી છોડાવે,

દોસ્તી કેહેં કે છોડે યે કાય આપેહે બેના યે..”

આમ અહીં આ ગીતની ધ્રુવપંક્તિ ‘આપહે બં દોસ્તી યે,આપેહે બં દોસ્તી યે’ માં તેમનો સખીપણાનો ભાવ ઘૂંટાઈને રજૂ થયો છે,સાથે આ ગીત પોતાના ભાવ અને લય મધુરતાના કારણે સૌ કોઈના હૃદયને સ્પર્શી જનારું છે.અહીં તેઓ હીનાને કહે છે કે ‘આપણી તો પાકી દોસ્તી છે ! આપણી આ દોસ્તીને તું કઈ રીતે છોડીશ ? ભલે તારાથી કોઇકની સાથે બોલવા-ચાલવાનો વ્યવહાર થઈ ગયો,પણ આટલો બધો ભરોસો તું કોના પર કરી બેઠી ? ( કે આજે તું અમને છોડીને જવા તૈયાર થઈ ગઈ ?)’ સાથે મા-બાપની યાદ અપાવતા તેઓ આગળ કહે છે કે ‘તારા બાપા તો દયાળું ને બા માયાળી છે,તેમની દયા - માયાને તું કઈ રીતે છોડીશ ?’ ને પછી હીના જેના ભરોસે સાસરે જવા તૈયાર થઈ છે એ 'કોઈક' ના નામનો ભેદ ખોલતા તેઓ કહે છે કે‘તું જેના પર ભરોસે છે એ મંછી તો તોરાલો ( અભિમાની,લાગણી વગરનો ) છે જે આપણી દોસ્તી તોડાવા માંગે છે.( તો શું આવા મંછીને ભરોસે લાગીને તું આપણી દોસ્તી તોડી દઈશ ? ) ’ – ને આવા મંછીમાં પોતાની સંગાતીએ એવું તો શું જોઈ લીધું કે તે તેની સાથે જવા તૈયાર થઈ ગઈ ? એ અંગે બાળસહજ છતાં હૃદયસ્પર્શી સવાલો કરતી તેઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

“ કાય રા મંછી ખાયડે કિનારે બંગઅ પાડે રા,

કાય યે બેના સીટ્ટી મારીને તેડી નેદી યે,

કાય રા મંછી ડોગરે ડોગરે ડોબે ચારે રા,

કાય યે બેના નાકડી હેદીને ડરી ગની યે,

કાય રા મંછી ખાયડે ખાયડે ગેદડે ચારે રા,

કાય યે બેના ચાબખો દેખીને ડરી ગની યે,..”

આમ તેઓ કહે છે કે ‘ મંછી તો નદી કિનારે ઝૂપડું બાંધે છે,તેમજ ડુંગરોમાં કે નદી કિનારે ઢોર ને ગધેડા ચરાવે છે ! તો શું તેણે તને સીટી મારીને તેડી લીધી ? કે પછી તું તેના

હાથમાં લાકડી કે ચાબુક જોઈને ડરી ગઈ ?' આમ મંછી બધાથી અલગ,નદી કિનારે ઝૂપડું પાડીને રહેતા,અને ડુંગરોમાં કે નદી કિનારે ઢોર ચરાવતા ફરતા મંછીનું કોઈ ઠામ ઠેકાણું નથી.તો 'શું તું મંછીના પ્રેમમાં ભોળવાઈને;કે પછી મંછીના હાથમાં રહેલી લાકડી કે ચાબુકથી ડરીને તેની સાથે રાજી થઈ ગઈ ?' આમ,આ ગીતોમાં સંગાતીઓના હૈયામાં ઉભરી રહેલી વેદનાને સ્પષ્ટપણે જોઈ શકાય છે.

તો લાડીની દશા તેમનાથી પણ વધારે દયનીય છે.એક નીજી જીંદગી રચવાની અભિલાષામાં તે પોતાના મા-બાપ,કુટુંબીજનો,સંગાતીઓ તેમજ ગામ વગેરેને છોડીને સાસરે જવા માટે તૈયાર તો થઈ છે.પણ તેના જીવતરની સોનેરી પળો સાથે અભિન્નપણે જોડાઈ ગયેલી આ તમામના સાંનિધ્ય અને સંગાથની માયા આમ છોડયે કંઈ છૂટે એવી નથી ! તેથી આ બધાને છોડીને જવાના કારણે તેના હૈયામાં ઉપડી રહેલી વિરહની વેદના,ને ઉપરથી ગીતાયરીઓના ઉપર મુજબના ગીતોમાં રજૂ થતા હૃદયસ્પર્શી સવાલોના કારણે તે ડૂસકે ડૂસકે રડી પડે છે.

પરંપરા મુજબ લાડીને વળાવતા પહેલાં કુટુંબીજનો અને સંગાતીઓ તેમજ ફળિયા આખાના લોકો કન્યાદાન આપીને પ્રેમથી ભેટે છે.શરૂઆતમાં ઘરની અંદર લાડીને ક્રમશઃ તેના પિતા,માતા,ભાઈ તેમજ સંગાતીઓ વગેરે ભેટે છે,ને પછી લાડીને ઘરમાંથી માંડવામાં લાવ્યા બાદ કુટુંબીજનો અને ફળિયા આખાના લોકો ભેટે છે.આ સમયે લાડી રડતી જઈને, પોતાને ભેટી રહેલા માતા-પિતા,ભાઈ-ભાભી તેમજ સંગાતીઓ વગેરેની સામે પોતાની વ્યથા વ્યક્ત કરતી હોય છે.લાડીના આ રુદનની સૌથી વધારે હૃદયસ્પર્શી કહો કે સવિશેષ ધ્યાન ખેંચનારી બાબત એ છે કે,લાડી જેને સંબોધીને રડતી જઈ - જે પ્રકારનું દુઃખ પોતાના રુદનમાં વ્યક્ત કરતી હોય છે,તેને અનુરૂપ જ ગીતાયરીઓ પણ પોતાની સમસંવેદના જગાવતા ગીતો રજૂ કરતી હોય છે.તેથી વાતાવરણ વધારે ભાવાત્મક અને કરૂણામય બની જતુ હોય છે.લાડીના એ કરૂણાસભર રૂદનને સાંભળીને માંડવો આખો ડૂસકા ભરતો હોય છે.સાહિત્યિકતા ની રીતે જોવા જઈએ તો લાડીનું આ રૂદન કરૂણ રસની પરાકાષ્ટા સાધે છે.તો માણીએ લાડીના એ કરૂણ રૂદનને : -

" **આતા..** તું રૂપિયાય ફોકો તોરે ડીખરીણે વેચી દેદી રા ને..

આતા.. આજેથઅ તુને હાથામાં હેલઅ પાણી કીડઅ આપી રા ને..

આતા.. આજેથઅ તુને હાથામાં ઠાલઅ પાણી કીડઅ આપી રા..

આતા.. તોરે નુગળે ચીથરે આજેથઅ  કીડઅ થોઈ આપી રા ને...

આતા.. તોરે ડીખરીથઅ ની રવાય તેવઅ દેખીતઅ હા,

હીણે રૂપિયા તીયાર રાખશે રા ને..

આતા.. પારકે ખરનઅ મોટઅ કામ મારથઅ ની કરી પાડાય રા ને..

આતા..તોરે ડીખરીથઅ પારકા ખરમાં કામ કરાયઅ ની કરાયઅ હાથામાં રૂપિયા

મોકની દેય કીડાણે ખર જાય ને ઉબી રહી રા ને..

આતા.. વાક વેરો પડી વાટે પાડી દેય કીડાણે ખર જાય ને ઉબી રહી રા ને..

**આયા**.. આજેથઅ તોરે ખર બાર ડીખરીહી વગારનઅ હુનઅ દેખાય યે ને..

આયા.. તુને આજેથઅ તુને કીડઅ રાંદણે નાગી ચૂનો હુનો પડી જાય યે ને,

આયા.. તોરે ડીખરીહી વગારનઅ તુને દલો છળો કીડઅ કરી આપી યે ને,

આયા.. આજેથઅ તુને ખાવાણઅ પાણી કીડઅ પૂછી યે ને..

આયા.. ખેત જાહાય ખેત હુનઅ નાગી,ખર આવેહે ખર હુનઅ દેખાય યે ને ..

આયા.. તોરે ડીખરીહી હોતની તોરે હાથામાંથી કામ નેતની,

આજેથઅ કીડઅ કરને નાગી યે ને..

આયા.. નાડકી ડીખરીહી પારકી કદી પારકી વવનીહી નાડકી કદી યે ને..

આયા.. આજેથઅ તોરે આંગણઅ ઓટલો કીડઅ વાલી,

તોરે ડીખરીહીણે વિચાર કરીને રડી નેજે યે ને..

**ફાયા**.. તોરે એકુ જ બેહણી હોતની વિચારુ જ કાયની કદો રા ને..

ફાયા.. તોરે બેહણીણે વિચાર કરતો ખરમાં ખંદાયડો નાવી આપતો રા ને..

ફાયા.. એકુ જ બંજ્જી જમીન હોતની અરદો અરદો હલાયો વેછી ખાહું,

એહેં કરી ખરમાં ખંદાયડો નાવી આપતો,તોરે બેહણી ગામમાં રઅતી રા ને..

ફાયા.. તોરે બેહણી પારકા ગામમાં કેહેં કરીને રઅય રા ને..

**ફોજાય**.. તોરે નણદાહા ખરમાં હોતની તુને કામકાજ કરને નાગતીની યે ને..

ફોજાય.. તોરે નણદાહા હોતની તોરે હાથામાંથઅ કામ નેતની યે ને ..

ફોજાય.. તોરે નણદાહા હોતની તુને ચારઅ નાવણે નાગતીની,

ખેતામાં કામ કરને નાગતીની યે ને..

ફોજાય.. તોરે નણદાહા હોતની તુને નીપણે નાગતીની,

બુવારને નાગતીની હામે કીડઅ કરને નાગી યે ને..

ફોજાય.. આગાલ પાછાલનો વિચાર કાયની કદો તોરે નણદાહાણે કાડી દેદી યે ને..

**જશુ**.. બેના જીયેં જાચ્ચેને તીયેં હારી જાચ્ચને યે ને..

જશુ.. બેના બજાયરે જાહું ખેત જાહું વેવામાં જાહું ,

હારી જાચ્ચેને હામે કીડા હારી જાહાય યે ને ..

જશુ.. બેના આજેથી આપડે દોસ્તી છૂટી ગોય બીજા ગામમાં માને વેચી દેદી યે ને.

બેના.. આજથી આપણી દોસ્તી છૂટી,

જીયેં જાતની તીયેં મારે વગાર કાયની જાતની હાવે કીડા હારી જાહાય યે ને..

બેના.. આપડે નાન્ની તીયારની હારી રમતીન,

હારી હારી ફીરતીને આજેથી એખની ફીરજે ને..

બેના જીયેં જાહી તીયેં એખની જાહાય,

આજેથી તોરે દોસ્તરાણ મરી ગોય હા એહેં માનજે યે ને...

બેના..જીરુક નીન ને જુવડે મારાવણે દડી આવતીની,

હામે કીડા પાહી મારાવણે જાહાય યે ને,

જશુ..બેના ટમકઅ ઉખાવણે દડી આવતીની હામે તુને કીડઅ ઉખવી આપી યે ને...

જશુ..બેના વેવા વેવહાઇલ્લે જાચ્ચેને હાડીમાં નાચાડને,

તીયા તીયાર કરને આવતીની,હારી નાચુહુ,હામે કીડા હારી નાચેહે યે ને..

જશુ.. બેના જીયેં જાચ્ચેને તીયેં હારી જાચ્ચેને હામે કીડા હારી જાહાય યે ને..

જશુ..બેના ગામણઅ હલદઅ વેવા આવી ગીતે ગાણે,

હલદઅ ચોલને તીયાર કરને દડી આવતીની,આજેથી કીડાણે હાદણે જાહાય યે ને..

**રમેશ**.. ફાયા દૂર રઈન પયહા આપીને નાહતો હા અટકી જાહાંય

વીટલી જાવાય એંહેં નાગતય રા ને..

રમેશ..ફાયા ગામણી રાંડે કાયની ગમ્યે હા બીજે ગામ સે ગમતી હેદીને નાવજા રા ને..

રમેશ..ફાયા ઠેળી ગણી હા વીટલી જાવાય એહેં કરીન દૂર રઈન

પયહા આપીને નાહતો હા રા ને..

રમેશ..ફાયા લાંબો વિચાર કાયની કદો પાછાલ જાતા વિચાર કરેહે તોરે કાજા વલી રા ને..

રમેશ..લાંબો વિચારતો  ગામમાંથી હાંય ની બીજા ગામમાં જાતી રા ને...."

**ભાષાંતર : -**

(બાપા,તું રૂપિયાનો ભૂખ્યો,તારી દીકરીને વેચી દીધી..હવે તને હાથમાં થાળી-પાણી કોણ આપશે ..? તારા લૂંગડા-ચીથરા કોણ ધોઈ આપશે..? બાપા, તારી દીકરીથી સાસરીમાં રહેવાય એવું લાગતું નથી.. તું એમના રૂપિયા તૈયાર રાખજે..બાપા,પારકાં ઘરનું મોટું કામ મારાથી કરી શકાશે નહી..તારી દીકરીથી કામ કરાયું ના કરાયું ..કોઈ વાંક ગુનો પડશે ..મને હાથમાં રૂપિયા પકડાવી  રસ્તે પાડી દેશે..હું કોના ઘરે જઈને ઊભી  રહીશ..?

બા,તારું ઘરબાર દીકરી વિનાનું સૂનું લાગશે..તને કોણ રાંધવા લાગશે..? તારો ચૂલો સૂનો પડી જશે..બા,તારી દીકરી વિના તને દળવું-છળવું કોણ કરી આપશે..તને ખાણી-પાણી કોણ પૂછશે..? બા,તું ખેતરે જઈશ તો ખેતર સૂનું લાગશે..ઘર આવીશ તો ઘર સૂનું લાગશે..તારી દીકરી તારી સાથે હતી તો તારા હાથમાંથી કામ લેતી હતી..હવે તને કોણ કરવા લાગશે..? બા,તેં લાકડી દીકરીને પારકી કરી;પારકી વહુને લાડકી કરી લીધી..બા,હવે તારું આંગણું ઓટલો કોણ વાળશે..? ( આવા વખતે ) તારી દીકરીને યાદ કરીને રડી લેજે..

ભાઈ..તારી એક જ બહેન હતી પણ તેં કોઈ વિચાર જ ના કર્યો..તું તારી બેનનો વિચાર કરતે તો ઘરમાં જ ખંદાડ લાવી આપતે..આપણી એક જ કયારી જમીન હતી (પણ ) આપણે અડધી અડધી રળી ખાશું,એવું વિચારી ઘરમાં ખંદાડ લાવી આપતે તો તારી બહેન ગામમાં જ રહેતે..ભાઈ, તારી બહેન પારકા ગામમાં કેમ કરીને રહેશે..

ભાભી,તારી નણંદ ઘરમાં હતી તો તને કામ કાજ કરવા લાગતી હતી.. તારા હાથમાંથી કામ લેતી હતી..તને ચારો લાવવા લાગતી હતી..ખેતરમાં કામ કરવા લાગતી હતી..તને લીપવા - વાળવા લાગતી હતી,હવે તને કોણ કરવા લાગશે..ભાભી,તેં આગળપાછળનો વિચાર ન કર્યો..તારી નણંદને કાડી દીધી..

જશું, આપણે જ્યાં જઈએ ત્યાં સાથે જતી હતી..હાટ હોય,ખેતર હોય, લગન હોય આપણે સાથે જ જતી હતી.. હવે તું કોની સાથે જઈશ..જશુ,આજથી આપણી દોસ્તી છૂટી ગઈ.. મને બીજા ગામમાં વેચી દીધી..તું તો જ્યાં જવું હોય ત્યાં મારા વગર જતી નહોતી,હવે તું કોની સાથે જઈશ..જશુ,આપણે નાની હતી ત્યારથી સાથે રમતી હતી,ફરતી હતી,હવે આજથી એકલી ફરજે.. જ્યાં જાય ત્યાં એકલી જજે ..આજથી તારી સંગાતી મરી ગઈ છે એવું માનજે..બેન,તું જરાક ની ને જૂ મરાવવા દોડી આવતી હતી..હવે કોની પાસે જઈશ..બેન,તું માથું હોળાવવા દોડી આવતી હતી,હવે કોણ હોળી આપશે..જશુ,આપણે લગનમાં સાથે નાચીશું કહી,હાડીમાં નાચવા જવા તૈયાર કરવા આવી જતી હતી,હવે તું કોની સાથે નાચીશ..ગામમાં લગન આવે તો ગીત ગાવા,પીઠી લગાવવા ( જવા ) તૈયાર કરવા દોડી આવતી હતી,હવે તું કોને બોલાવવા જઈશ..

રમેશ..ભાઈ તું દૂરથી  પૈસા આપીને નાસી રહ્યો છે,અડકી જવાશે તો અભડાઈ જઈશ એવું લાગતું હશે ને..? તને ગામની સ્ત્રીઓ નથી ગમી એટલે બીજા ગામથી ગમતી જોઈને લાવજે.. તેં મને ઢેડ ગણી છે એટલે અભડાઈ જવાશે એમ કરીને દૂર રહી,પૈસા આપીને નાસી રહ્યો છે ને..? રમેશ..ભાઈ તેં લાંબો વિચાર ના કર્યો,પછી પાછળથી વિચાર કરીશ ત્યારે શું વળશે..રમેશ, તું લાંબુ વિચારતો તો હું બીજા ગામમાં ન જાત..)

આમ,ઉપર મુજબ જ્યારે હીના પોતાને ભેટી રહેલા માતા-પિતાને, ડૂસકે ડૂસકે રડતી જઈ પોતાની વ્યથા વ્યક્ત કરતી હોય છે,તે સમયે તેને લાગણીભીના સવાલો કરતી ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

“ આયેહે વિચાર યે બેના કેહેની કદો નીયે ને,

વિચાર કરતી યે બેના ખરમાં રઅતી નીયે ને,

આબાહા વિચાર યે બેના કેહેની કદો નીયે ને,

વિચાર કરતી યે બેના ખરમાં રઅતી નીયે ને,

સંગાતે વિચાર યે બેના કેહેની કદો નીયે ને,

વિચાર કરતી યે બેના ગામમાં રઅતી નીયે ને,

ગામમાં રઅતી યે બેના હારી ફીરતી નીયે ને,

લાંબાતો વિચાર યે બેના કેહેની કદો નીયે ને,

વિચાર કરતી યે બેના ગામમાં ફીરતી નીયે ને…”

આમ,અહી તેઓ હીનાને કહે છે કે ‘તેં તારા મા-બાપ કે સંગાતીઓનો વિચાર કેમ ના કર્યો ? જો તેં આ બધાનો વિચાર કર્યો હોત તો તું આ જ ઘરમાં રહી હોત  !  તું આ ગામ છોડીને ન જાત ! ને જો તું ગામમાં રહી હોત તો તારી સંગાતીઓ જોડે કાયમ હરવા ફરવાનો આનંદ માણતે ! પણ તેં આવો લાંબો વિચાર કેમ ના કર્યો ? અમારા કોઈનો પણ વિચાર કર્યા વિના તું આ ગામ છોડીને જવા કેમ તૈયાર થઈ ગઈ ? આમ તેમના રજૂ થતું આ ગીત વાતાવરણને વધારે કરૂણામય બનાવી દેતું હોય છે.

ગીતાયરીઓએ તો આ પોતાના મનની વાત કહી પરંતુ પોતાની ઇચ્છા કે અનિચ્છાએ પણ હીનાએ આજે નહિ તો કાલે સાસરે જવાનું જ હતું ! આ વાત તેઓ પણ જાણે છે,તેથી ઉપરના ગીત પછી તરત જ તેઓ લાડીની મા ચંપાને,સાસરે જઈ રહેલી દીકરી પ્રત્યે અનુકંપા દાખવવાનું કહેતું નીચેનું ગીત રજૂ કરે છે,-

" ચૂને બેહનારી ચાલી યે ચંપા દાયા નાગે તે રડુ  જ યે,

કૂવે જાનારી ચાલી યે ચંપા દાયા નાગે તે રડુ જ યે,

ખેત જાનારી ચાલી યે ચંપા દાયા નાગે તે રડુ જ યે,

આંગણઅ વાલનારી ચાલી યે ચંપા દાયા નાગે તે રડુ જ યે,

નૂંગડે થોનારી ચાલી યે ચંપા દાયા નાગે તે રડુ જ યે,

ઠાલઅ આપનારી ચાલી યે ચંપા દાયા નાગે તે રડુ જ યે,

પાણી આપનારી ચાલી યે ચંપા દાયા નાગે તે રડુ જ યે…"

આમ તારી સાથે ચૂલે બેસીને રસોઈ કામમાં હાથ આપનારી,કૂવે અને ખેતરે જનારી,આંગણું વાળનારી ને કપડા ધોવાવાળી તેમજ જમવાની થાળી ને પાણી આપવા સુધીનું;ઘરનું તમામે તમામ કામમાં હાથ આપનારી હવે આ ઘર છોડીને ચાલી જવાની છે,આ ટાણે જો તને ( તેણે કરેલી આ સેવાઓની કે તેના પ્રેમાળ સંગાથને યાદ કરીને ) તેની દયા આવતી હોય તો તું મનભરીને રડી લે ! આમ એક દીકરી ઘરનું કેટકેટલું કામકાજ સંભાળી શકતી હોય છે તેનો ચિતાર આ ગીતમાં મળી રહે છે.

તો બીજી બાજુ  દીકરો મા-બાપનો વધારો લાડકો હોય; તેને ઘરમાં પરણાવ્યો જ્યારે દીકરીને તો ઘરમાંથી કાઢી મૂકી ! આ ભેદભાવને સાખી ન લેતી  ગીતાયરીઓ; લાડીને ભેટી રહેલા તેના ભાઈ - ભાભીને  ટોણો મારતું નીચેનું ગીત વહેતું મૂકે છે,-

" બેના ખરમાં રઅતી રા રમણા હાકડઅ પડી ગનઅ જીવાનમાં,

બેના નીકલી ચાની રા રમણા બેના વાટો ખાજે જીવાનમાં,

બેના ખરમાં રઅતી રા રમણા રોજે જગડઅ ચાને જીવાનમાં,

બેના નીકલી ચાની રા રમણા  બેના વાટો ખાજે જીવાનમાં..."

આમ તેઓ કન્યાના ભાઈ ભાભીને કહે છે કે,બહેનના ઘરમાં રહેવાથી તારું સંસારિક જીવનમાં સંકડાશ ઊભી થઈ ગઈ હતી,ને તમારા વચ્ચે રોજ બરોજના ઝગડા થતા હતા,પણ બહેન આજે હવે બહેન તારું ઘર છોડીને ચાલી નીકળી ! એટલે હવે તમે બહેનના ભાગે જે કઈ આવતું હતું તે હવે તું જ ખાજે અને મોજ કરજો !આમ પોતાના ઘરમાં રહેતી બહેનના કરાણે ભાભીને થતો અણગમો કે પછી  સંપત્તિ માટે ચાલતી ખટપટોનો  સંકેત આ ગીતમાં મળી રહે છે.

તો આગળ જ્યારે હીનાને તેની સંગાતીઓ ભેટી રહી હોય છે ત્યારે; તેમની ફૂલ ગુલાબી દોસ્તીની ફરીથી યાદ દેવડાવતી ગીતાયરીઓ નીચેનું ગીત ગાઈ છે,-

" બેની આપળે વાલા વાલાની દોસ્તી,

ગુલાબી રંગ કેમ કરીને જાસે સાસરીયે,

બેની આપળે ફીરવા જવાની દોસ્તી,

ગુલાબી રંગકેમ કરીને જાસે સાસરીયે.."

અર્થાત હીનાને તેઓ કહે છે કે, 'આપણી આ બાળપણથી સાથે હરવા ફરવાની તેમજ સાથે કામ કરવા જવાની દોસ્તી છે,આ ગુલાબી દોસ્તીને તોડીને તું  સાસરીયે કઈ રીતે જઈશ ?' આમ,ઉપર મુજબના ગીતો વડે હીનાની વેદના સાથે પોતાની સંવેદનાને  ગૂંથ્યે જતી ગીતાયરીઓ આખા પરિવેશને લાડી પ્રત્યે ભાવુક બનાવી દેતી હોય છે.

ને જ્યારે લાડી પોતાની સંગાતીઓ,ને તેમાં પણ બાળપ્રેમીને પોતાની વેદના કહી સંભળાવતી હોય છે ત્યારે તેની ટીખળ કરતી લાડાની ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

" માટીહાય હાથેલી હીના બીડી પીદલી યે,

બીડી પીદલી હીના આજે વરહે યે,

ગામણે માટીહાય હીના પાને ખાદેલે યે,

પાને ખાદલે હીના આજે દીહી યે,

ગામણી દોસ્તી હીના આજે વરહે યે,

હાટે ફીરીનઅ હીના આજે વરહે યે.."

આમ તેઓ કહે છે કે 'તેં આજ દિન સુધી ગામના પ્રમીઓના હાથેની બીડી અને પાન ખાવાની તેમજ સંગાતીઓ સાથે હાટોમાં ફરવાની જે મજા માણી છે  તે  આજથી હવે પૂરી થઈ ગઈ !' આમ જુવાનીના રંગીન મિજાજને સંસારી જીવનના તાણાવાણામાં બંધાઈ ગયા પછી ભૂલી જવાનો હોય છે તેની વાત હળવાશમાં છતા અસરકારક રીતે રજૂ થઈ છે.

ને આ રીતે લાગણીવશ થઈને રડયે જતી હીનાની સામા પક્ષની ગીતાયરીઓ દ્વારા થતી આવી ટીખળો તો ખરી જ; સાથે હીનાની દયામણી હાલત જોઈને સંગાતીઓ  તેને વધારે ન રડવાનું કહી;છાની રહી જવા માટે સમજાવે છે,પણ હીના છાના રહેવાનું નામ લેતી નથી.આ સમયે તેને આ નકામું રડવાનું બંધ કરવાનું કહેતી ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

" રડે મોવા રડે મા કેલવાયલી રડે મા બેના યે,

તો આબાહા દાયા નેય કા માયા નેય રડે મોવા રડે મા બેના યે,

તો સંગાથે દાયા નેય કા માયા નેય રડે મોવા રડે મા બેના યે,

તો બાવાહા દાયા નાય કા માયા નાય રડે મોવા રડે મા બેના યે,

તો આયેહે દાયા નેય કા માયા નાય રડે મોવા રડે મા બેના યે.."

આમ તેઓ હીનાને કહે છે કે, ' હીના તું તો ( ગામની લાડીઓને વિદાય લેતી વખતે રડતા જોઈ હશે એવું ) **કેળવાયેલું** રડી રહી છે.( કારણ કે તું જે કોઈને સંબોધીને રડી રહી છે એ ) તારા મા-બાપ,ભાઈ-ભાભી કે તારી સંગાતીઓને પણ તારા પ્રત્યે કોઈ દયા કે માયા નથી ! છતાં પણ તું આટલું રડે છે,તેનો મતલબ કે તું કેળવાયેલું જ રડી રહી છે!' આમ

અહી તેઓ લાડીને કહેવા માગે છે કે - 'જો તારા મા-બાપા કે ભાઈ વગેરેને તારા પ્રત્યે દયા કે માયા હોત તો તેઓ તને આ રીતે પારકાનાં હાથમાં સોંપી ના દેત ! આ સૌ આજે તને સાસરિયે વળાવી રહ્યા છે ! માટે તું આ લોકોના મનમાં તારા માટે કોઈ દયા કે માયા જાગશે એવી આશાએ આવું કેળવાયેલું ના રડીશ ! આમ આ ગીત સમાજિક રૂઢિઓની વાસ્તવિકતા પર વેધક પ્રકાશ પાડે છે.

દીકરી તો પારકું ધન છે,તેથી એ તો સાસરીમાં જ શોભે એવી માન્યતાને આધીન થયેલા મા-બાપને પોતાની વ્હાલસોયી દિકરીને સાસરે વળાવ્યા પછી જ હાશકારો અનુભવતા હોય છે.તેથી દિકરીના ઘરમાં રહેવાથી જાણે એક જાતની સંકળામણ ઊભી થતી હોય છે,ભલે ને પછી એ ઘર હવેલી જેવડું મોટું કેમ ના હોય! વળી, મા-બાપ દીકરીના લાલન પાલનનાં વળતર રૂપે વરપક્ષ પાસેથી દહેજ લઈ,દીકરીને તેમના હાથમાં સોંપી દેતા હોય છે,તેથી ઘરમાં ભેટણી પૂરી થઈ ગયા પછી જ્યારે હીનાને ઘરમાંથી બહાર કાઢીને માંડવામાં લઈ જવામાં આવી રહી છે ત્યારે આ અંગે દુઃખની લાગણી વ્યક્ત કરતી ગીતાયરીઓ નીચેના ગીતને વહેતું મૂકે છે,-

" હવેલી હાકડી પડી કાડ દેની યે બેના,

આબેહે રૂપિયા ખાદા કાલ રડે યે બેના,હવેલી..

બાવેહે રૂપિયા ખાદા કાલ રડે યે બેના,હવેલી...

આયોહો રૂપિયા બૂખી કાડ દેની યે બેના,હવેલી..."

અર્થાત કે 'તારા રહેવાથી મા-બાપ ને ભાઈ-ભાભીને આ હવેલીસાંકડી પડતી હતી,તેથી તેમણે તને ઘરમાંથી કાઢી મૂકી ! વળી,તને ઘરમાંથી કાઢી મૂકવા માટે તેમણે વરપક્ષ પાસેથી પૈસા ખાધા છે. તો પછી ( તેમને છોડી જતા ) તું શું કામ રડે છે ?' આમ અહી હીનાના વિરહથી વ્યથિત ગીતાયરીઓ;દયા કે માયા વગરના તારા મા-બાપે તને ઘરમાંથી કાઢી મૂકી એવું તો કહે છે; પણ સાથે તેઓ એ વાતનેય જાણે છે કે મા-બાપનું ઘર તે મા-બાપનું ઘર.તે ભલે ઝૂપડી હોય કે તોપણ તે હવેલી બરાબર છે અને સાસરીનું ઘર હવેલી જેવું હોય તોપણ તે તૂટેલા ઝૂપડા જેવું ( અસલામત ) છે.એવો ભાવ અનુભવતી

ગીતાયરીઓ મા-બાપના સુખી સંપન્ન ઘરને કાયમ માટે છોડીને જઈ રહેલી હીના માટે નીચેનું ગીત વહેતું મૂકે છે,-

" રંગેલી હવેલી છોડી ચાલી યે બેના,

ફાંગેલી છૂપડી રવા ચાલી યે બેના,

માયાલો ફાહા છોડી ચાલી યે બેના,

ઉજાયળો દેરાહા સંગાથ લેદી યે બેના,

માયાલો આથોહો છોડી ચાલી યે બેના,

વરાયળો હુહરા સંગાથ લેદી યે બેના.."

અર્થાત, 'હીના તો ( હવે ) મા-બાપની **રંગેલી** હવેલી છોડીને ભાંગેલ તૂટેલ ઝૂપડીમાં રહેવા માટે ચાલી ! તેણે માયાળા મા-બાપ અને ભાઈનો સંગાથ છોડી દીધો,ને સાવ અણઘડ અને રખડું એવા દિયર અને સસરા વગેરેની માયા લઈ લીધી !' તેમના આ ગીતમાં પિયર અને સાસરી વચ્ચે રહેલી કૌટુંબિક વિષમતાને અસરકારક વાચા મળી છે.

આપણે આગળ જોયું તેમ સગા  સબંધીઓ અને ફળિયા આખાના લોકો લાડીને ભેટી શકે તે માટે લાડીને માંડવામાં રાખેલા ખાટલા પર બેસાડવામાં આવે છે.અહીં તેઓ લાડીને કન્યાદાન આપીને પ્રેમથી ભેટતા હોય છે,ત્યારે તેમને પણ લાડી 'મારાથી સાસરીમાં કેમ કરીને રહેવાશે ?' એ અંગેની પોતાની વેદના કહી સંભળાવતી હોય છે.આ સમયે ગીતાયરીઓ સાસરીમાં એક વહુ તરીકેનું જીવન કેવું હશે ! તે અંગેની વાત કરતા ગીતો રજૂ કરે છે.કેમકે,-

સાસરીમાં જઈ દીકરીએ ઘરનું તમામ કામ ઉપાડવાનું તો હોય જ છે,સાથે સાસુ નણંદના મેણાટોણાય  સાંભળવાના ખરા ! આવી વિષમ સ્થિતિમાં પોતાના સંસારજીવનને નિભાવવું;મા-બાપના લાડકોડમાં ઉછરેલી દીકરી માટે કપરું બની જતુ હોય છે.હીનાને તેની સાસરીમાં આવનારી આવી મુશ્કેલીઓ અંગેના ચિતારની સાથે;પોતાના સ્વમાનને જાળવવાની  વાત કરતી ગીતાયરીઓ નીચેના ગીતને વહેતું મૂકે છે,-

" તો છળીનઅ પાછઅ છળાવી આપહે બેના યે,

નાય ગમે તે યેતી રઅજે યે આપહે બેના યે,

તો દલીનઅ પાછઅ દલાવી આપહે બેના યે,

નાય ગમે તે યેતી રઅજે યે આપહે બેના યે,

તો રાંદીનઅ પાછઅ રાંદાળી આપહે બેના યે,

નાય ગમે તે યેતી રઅજે યે આપહે બેના યે,

તો લીપીનઅ પાછઅ લીપાડી આપહે બેના યે,

ની રવાય તે યેતી રઅજે યે આપહે બેના યે.."

અર્થાત સાસરીમાં તારી સાસુ કે નણંદ તારું ખાંડેલું કે દળેલું અનાજ,રાંધેલી રસોઈ તેમજ ઘરને કરેલા લીપણ વગેરેનો વાંક કાઢી; ફરીથી આ બધા કામો તને કરાવશે.આવી હાલતમાં જો તને ત્યાં રહેવું ના ગમે તો તું પાછી (મા-બાપના ઘરે) આવતી રહેજે !' તો આવી જ શિખામણ તેઓ સાસરીમાં સાંભળવા પડતા નણંદ-સાસુના મ્હેણા અંગે આપતા નીચેનું ગીત રજૂ કરે છે,-

" ઘરમાં હાહુ વાય વાય દુદરે ને સીરીમાં બોહીને ઓનાય નેજે બેના યે,

ઠેલીમાં ફાડાકે ખેની નેજે ને ઉખુલદઅ રસ્તે પડી જાજે બેના યે,

ખરમાં નણદાહ વાય વાય દુદરે ઓટલે બોહીને ઓનાય નેજે બેના યે,

ઠેલીમાં ફાડાકે ખેની નેજે ને ઉખુલદઅ રસ્તે પડી જાજે બેના યે,..

બીજા ગામમાં રવાયઅ્ ની રવાયઅ્ ઉખુલદઅ રસ્તે પડી જાજે બેના યે.."

અર્થાત 'જો તને સાસુ અને નણંદ મેણાટોણા મારશે તો તું તેને (સહન થાય ત્યાં સુધી) એક ખૂણાએ સાંભળી લે જે ! પણ જો તને એમના મ્હેણા ન સહેવાય તો તું થેલીમાં કપડા લઈ આપણા ગામના રસ્તે ચાલી નીકળજે ! કારણ કે દીકરીને સાસરીમાં કરવા પડતા

કામકાજ કરતા પણ વધારે તકલીફ ખરાબ સ્વભાવના પતિ,સાસુ કે નણંદથી પહોંચતી હોય છે,તેથી ગીતાયરીઓ તેમના સ્વભાવ અંગે શંકા વ્યક્ત કરતા નીચેનું ગીત ગાય છે,-

" બેનાથઅ રવાય ની રવાય એલચી દુનિયામાં,

મંછો તે આડે ડોલેહે હેદે હે એલચી દુનિયામાં,

બેનાથઅ રવાયઅ ની રવાય એલચી દુનિયામાં,

છાની તે આડે ડોલેહે હેદે હે એલચી દુનિયામાં.."

અર્થાત 'હીનાથી એમની દુનિયામાં રહેવાશે કે કેમ ? આ મંછી ને છાની નણંદ તો (હમણાથી જ) હીનાને જરા રિસાઈને જુએ છે !' આમ,આ ગીતોમાં ગીતાયરીઓ સંસારી જીવનમાં રહેલા વિઘ્નોની વાત તો કરે જ છે,સાથે સાસરીમાં રહેવું ના ગમે તો પાછા આવતા રહેવાનું કહીને,લાડીને સાસરીમાં સ્વમાનભેર જીવવાની વાત કરે છે.જેમાં આડકતરી રીતે લાડીને વધારે દુઃખી ન થવા માટે તેમના દ્વારા અપાતા આશ્વાસનને પણ જોઈ શકાય છે.

હવે ભેટણી પૂરી થવા આવી હોય,હીનાને વળાવવાનો સમય પણ ઢૂંકડે આવી ગયો છે.હીના હવે પારકાના સંગાથે દૂર ચાલી જવાની છે,આ અંગે હીનાને લાગણીભીના સવાલો કરતી ગીતાયરીઓ નીચેનું ગીત વહેતું મૂકે છે,-

" કાય યે બેના દુરમાં દુરમાં સંગાથ નેદી યે,

કાય યે બેના આયહે માયા છોડી ચાની યે,

કાય યે બેના હાહવે સંગે ચાની પડી યે,

કાય યે બેના આપળે દોસ્તી છોડી ચાની યે,

કાય યે બેના નણદેહે સંગે ચાની ગયી યે,

કાય યે બેના પયહા આપીને ફસાવી નેદી યે,

કાય યે બેના આબાહા માયા છોડીને ચાની યે,

કાય યે બેના મંછા સંગે ચાની ગયી યે,

કાય યે બેના ઉખુલદઅ ગામ છોડીને ચાની યે,

કાય યે બેના ઉચેમાઇલ્લે સંગાત નેદી યે,.”

આમ અહીં તેઓ લાડીને કહે છે કે,‘કેમ તેં ખૂબ દૂરના લોકોનો સંગાથ લઈ લીધો ? મા - બાપ,ભાઈ અને સંગાતીઓની માયા છોડીને કેમ તેં સાસુ-સસરા અને નણંદ વગેરેની માયા લઈ લીધી ? ને આજે તું અમને અને આપણા ગામને છોડીને બીજા ગામની ( નવી ) સંગાતીઓ સાથે કેમ ચાલી પડી ? લાડીના સાસરે ચાલી જવા અંગે આવા અનેક હૃદયસ્પર્શી સવાલો કરતું આ ગીતની લયમધુરતા ખરેખર કર્ણપ્રિય છે.

લાડીને વળાવવા માટે સંગાતીઓ,મા- બાપ અને ફળિયા આખાના લોકો ઝાપા સુધી જાય છે,અહીંથી વરપક્ષની બહેનોના હાથમાં લાડીનો હાથ સોંપે દેવામાં આવે છે.આ ટાણે સ્વજનોથી વિખૂટી પડી રહેલી હીનાની દશા જોઈને વ્યથિત થઈ ઉઠેલી ગીતાયરીઓ નીચેના ગીતને વહેતું મૂકે છે,-

“ દેની વા તુલ જાપઅ વટાડી દેની વા મા બેના,

છોયડવા તુયે ઉખુલદઅ ગામ છોયડઅ મા બેના,

છોયડી વા તુયે આયહે માયા છોડી મા બેના,

છોયડી વા તુયે આબાહા માયા છોડી વા મા બેના,

લેદી વા તુયે હુહરા માયા લેદી વા મા બેના,

છોયડી વા તુયે સંગાતી દોસ્તી છોડી વા મા બેના,

લેદી વા તુયે મંછા માયા લેદી વા મા બેના..”

અર્થાત ‘ ( આજથી હવે ) તને ઝાપો વટાવી દીધી ( મા-બાપ અને ભાઈ-ભાભીએ તને ઝાપાની બહાર કાઢી દીધી ) ! (માટે) તેં આપણું ઉખલદા ગામ તેમજ માતા- પિતા અને સંગાતીઓ વગેરેની માયા છોડી દીધી,ને ( પારકાં ) સાસુ-સસરા અને મંછીની માયા લઈ

લીધી !' આમ,પારકાંના હાથમાં સોંપી દેવાયેલી હીનાની વેદનાને આ ગીતમાં અસરકારક વાચા મળી છે.આ સાથે હીના પ્રત્યે લાગણીવશ થયેલી ગીતાયરીઓ તેને ભાવભીની વિદાય આપતું નીચેનું ગીત વહેતું મૂકે છે,-

" આયહે જાપાપાટીએ નામ નખી જાજે યે બેના,

સંગાતે આવીને નામ વાચીને રડી યે બેના,

ઉખુલદઅ ઝાપા પાટીએ નામ નખી જાજે યે બેના,

બાવહો આવીને નામ વાચીને રડી યે બેના..."

અર્થાત 'તું તારી માના ઘરના તેમજ ગામના ઝાપાએ તારું નામ લખી જજે ! ( જેથી ) તારી સંગાતીઓ અને ભાઈ વગેરે ઝાપાએ આવી, તારું નામ વાચીને રડશે !' મતલબ કે, 'તું ભલે સાસરે ચાલી જવાની છે,પણ તું તારી યાદરૂપે,તારા નામને ઘર અને ગામના ઝાપાએ લખી જા ( કે જે કાયમ રહેશે ) ! જેથી તારું નામ વાંચીને તેમના મનમાં તારી યાદ તાજી થઈ ઉઠશે,અને તારી જુદાઈ પર તેમને રડવું આવી જશે !' અહી આપણે ઝાપાને હૃદયના સંદર્ભમાં પણ લઈ શકીએ.કેમકે,માબાપ કે સંગાતીઓએ ભલે હીનાને સાસરે વિદાય કરી દીધી,પણ તેમના હૈયાએ કોતરાઈ ગયેલું હીનાનું નામ ક્યારેય ભૂસાવાનું નથી,અને એ નામ હીનાના અભાવમાં પણ તેમને તેની યાદ અપાવતું રહેશે,ને તેથી હીના સાથે વિતાવેલી ક્ષણોની યાદ આવી જતા તેમની આંખો જરૂર આંસુ સારશે..! એ વાત આ ગીતમાં ખૂબ સુંદર રીતે કહેવાઈ છે.

પારકાના હાથમાં સોંપી દેવાયેલી હીના પોતાનું સર્વસ્વ છોડીને જવાનું દુઃખ તો અનુભવી રહી છે જ ! સાથે આવા કરૂણાસભર ગીતોની અસર રૂપે તે વધારે ધ્રુસકા ભરવા માંડે છે,અને વરપક્ષના બહેનો સાથે ન જવાની જીદ પકડીને ખેંચાય રહે છે.આ સમયે હીનાને ખેંચીને પોતાની સાથે લઈ જવા મથતી બહેનો નીચેનું ગીત ગાય છે,-

" પયહા ખરચેલા હીના કાયલા કચરાવે તું,

હવારે ઉઠીને હીના ખેચી નેહું યે ને,

પયહા ખરચેલા હીના કાયલા કચરાવે તું.."

આમ તેઓ કહે છે કે,અમારા પૈસા ખર્ચેલા તું શું કામ બગાડે છે ? ( જો તું હમણા અમારી સાથે ના આવે તો ) કાલ ઉઠીને અમે તને ( હકપૂર્વક ) ખેંચી લઈશું.' આમ તેમણે હીનાને સાસરે લઈ જવા માટે સમાજના દરેક રીતરિવાજ પૂરા કર્યા છે; પૈસા પણ ઘણા ખરચી નાખ્યા છે,તેથી હીના પર તેમનો પૂરેપૂરો અધિકાર છે એ વાત તેઓ આ ગીતમાં રજૂ કરે છે.તો સાથે તેઓ - સાસરે આવવા ન કરતી હીના અંગે - મંછીને ટોણો મારીને હીના પર પોતાનો રોષ વ્યક્ત કરતા નીચેનું ગીત રજૂ કરે છે,-

" રૂપિયા વેરલા કા કાકરા વેરલા મારુ બાયા રા,

જોરાવાલી હીના જોરાવાલી મારુ બાયા રા,

એવો જોર તે બાયો ઉતારી મારુ બાયા રા,

વટ વાલી હીના વટવાલી મારુ બાયા રા,

એવો વટ તે બાયો ઉતારી મારુ બાયા રા,

ડગે ડગે બાયા રૂપિયા વેરલા મારુ બાયા રા,

ઢીલી ઢીલી હીના ઢીલીઢીલી મારુ બાયા રા.."

આમ તેઓ લાડાને કહે છે કે ' તેં પૈસા વેર્યા છે કે કાંકરા ? ( જો તેં પૈસા વેર્યા હોત તો તેં આવી લાડી પસંદ કરી ના હોત ! કેમકે ) આ હીના તો ઘણી જ જોરવાળી (ગુસ્સાવાળી) ને વટવાળી છે ! ( ને પછી હીના પર પોતાનો રોષ ઠાલવતા કહે છે કે ) તારો આ જોર અને વટ અમારો ભાઈ ઉતારી દેશે..!' આમ આડકતરી રીતે તેઓ મંછીને ટોણો મારતા જઈ ખરો દોષ હીના પર મઢતા જાય છે અને ગીત આગળ વધતું જાય છે.

હીનાને મારવામાં આવતા આ ટોણાથી રોષે ભરાયેલી લાડીની ગીતાયરીઓ તેનો વળતો જવાબ નીચે મુજબ આપે છે,-

" જોરાવાલો મંછા જોરાવાલો રા,

હેવો જોર મંછા આમારે ગજવે રા,

વટવાલો મંછો વટવાલો રા,

એવો વટે મંછા બેના ઉતારી રા,

તોરે રૂપિયા મંછા જાતા કરહુ રા..”

અર્થાત તેઓ લાડાને કહે છે કે મંછી તું તો ઘણો જોરવાળો છે ! પણ એવો જોર તો અમે ગજવે લઈને ફરીએ છીએ ! ને તારો જે આ વધારે પડતો વટ છે તેનો તો અમારી હીના ઉતારશે ! ( વધારે જોર ના બતાવશો નહીં તો હીનાને નહીં આપીએ ) ને તારા રૂપિયા અમે પાણીમાં જતા કરીશું !' ને પછી ગીત જેમ આગળ વધતુ જાય છે તેમ નણંદ,સાસુ વગેરેના નામ લેવાતા જાય છે,અને ગીત તેની ધાર કાઢતું જાય છે.

ને આખરે,પાછી ફરતી જાન સાથે સાસરે જવા ચાલી નીકળેલી હીનાને વળાવવા માટે કન્યાપક્ષના લોકો થોડે સુધી તેમની સાથે ચાલીને જતા હોય છે. આ સમયે પારકાંને પોતાના બનાવવા જઈ રહેલી હીનાની કરૂણતાને વ્યક્ત કરતી તેની સંગાતીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

“ બેના રુલી રુલીને ચાની ગઈ,

બેનીયે બાપાણે માયા છોડી દેદી,

બેનીયે મંછાણે માયા નેય નેદી,

બેનીયે ભાઈણે માયા છોડી દેદી,

બેનીયે દેવરણે માયા નેય નેદી,

બેના રુલી રુલીને ચાની ગઈ,

બેની સાસુને સંગે ચાની ગઈ...”

અર્થાત ‘હીના (મા બાપ અને ભાઈને સુખી રાખવા) રળીરળીને ચાલી ગઈ ! ( મા-બાપના ઘરને સખી- સમૃદ્ધ કરવા તેણે અનેક કામો કર્યા પણ ) આજે તે આ ઘર તેમજ મા-

બાપ અને ભાઈ વગેરેની માયા છોડી; મંછી અને દીયરની માયા લઈ સાસુના સંગાથે ચાલી ગઈ..! આમ,ઘરના અનેક કામકાજમાં પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપતી દીકરી,એક દિવસ આ બધુ જ છોડીને સાસરે ચાલી જતી હોય છે તેની સંવેદનાસભર રજૂઆત આ ગીતમાં થઈ છે.

ને છેલ્લે વિદાય લેતી હીનાને - આપણો નાતો હંમેશા માટે એવોને એવો અકબંધ છે એવો- દિલાસો આપતી નીચેનું ગીત વહેતું મૂકે છે.

“ સડાકી પાર લીંબડો બેના યાદ રાખી રજે યે,

યાદે યાદે બેના ઘર આવતી રઅજે યે,

ગામણી દોસ્તી યે બેના યાદ રાખી રઅજે યે,

દોસ્તી યાદે બેના ખર આવતી રઅજે યે..”

આમ તેઓ લાડીને કહે છે કે,‘રસ્તા પરનું આ લીમડાનું ઝાડ અને આપણી દોસ્તીને તું કાયમ યાદ રાખજે ! ( ને જો તને સાસરીમાં રહેવું અશકય લાગે ) તો તું આપણી દોસ્તીને યાદ કરી,આ લીમડાની નિશાનીની યાદે-યાદે તું પાછી ઘરે આવતી રહેજે…!’

➢ **જાન લાડીને લઈ પાછી ફરે ત્યારે રસ્તામાં ગવાતા ગીતો :**

હવે મંછીની જાન હીનાને લઈને પાછી ફરી રહી છે.પોતાના સ્વજનોથી વિખૂટી પડેલી હીના હજી પણ મોટે મોટેથી રડી રહી છે.તેથી તેની ટીખળ કરતી ગીતાયરીઓ નીચેનું ગીત વહેતું મૂકે છે,-

“ ઉચા આંબા જાલ્લામાં ગેલ્લી રમાડે યે હીના,

આગલા માઈટ્ટા વિચારે વાય વા રડે યે હીના,

ઉચા આંબા જાલ્લામાં ગેલ્લી રમાડે યે હીના,

હારો માટી દેખીને વેલ્લી દડે યે હીના..”

અર્થાત ‘હીના તો ઊંચા આંબાની ઘટાઓની નીચે ગીલ્લી રમાડે છે!( મતલબ કે,હીના ગામના પ્રમીને - મનથી માની લીધેલા પતિને ) આંબા નીચે મળવાના વાયદાઓ આપીને કાયમ મળતી હતી – પ્રેમની જે રમતો રમાડતી હતી. ) એ પતિને યાદ કરીને તે આટલું રડે છે ! ( ને વળી પાછી ) સારો પતિ ( મંછી ) જોઈને ઉતાવળી દોડે છે! ( તે આપણા મંછી માટે આપણી સાથે આવી રહી છે.)

ને પરાણે પોતાની સાથે આવી રહેલી હીનાને - તેની સાસરીવાળાનું તો ગામમાં મોટું નામ છે,ને એવું જ તેમના ઘરનું કામ પણ છે - એવું બતાવતી ગીતાયરીઓ નીચેનું ગીત ગાઈ છે,-

“ બાયા ગહ યે બેના બેન મસીને ચાલે હે,

હાકાલ ઉઠીને હીના પાય વાલા લે જાહુ યે,

પાવડો ખેચતી હીના બ રહે હે રખે મા..”

આમ તેઓ કહે છે કે ‘હીના,અમારા મંછીના ઘરે ( ખેતરે ) તો બે (બધા) મશીનો ચાલે છે! કાલ ઉઠીને અમે તને પાણી વાળવા લઈ જઈશું ! ( ત્યારે પાણી વાળવા માટે ) પાવડો ખેંચતા તું વધારે ( હમણા રડે છે એવું ) ના રડતી..! લાડીની આવી ટીખળો કરતી જાન આગળ વધી રહી છે.

બીજીબાજુ પોતાના ગામથી દૂર નીકળી આવ્યા પછી પણ લાડી થોડા થોડા ડૂસકા નાખી રહી છે.એટલે ગામના રસ્તાએ ભરાયેલા હાટ નજીક પહોંચતાની સાથે જ ( હાટ નહીં તો છેલ્લે કોઈ ગુલ્ફીવાળો રસ્તે મળી જાય તોપણ ) ગીતાયરીઓ રડયે જતી હીનાની ટીખળ કરતું નીચેનું ગીત રજૂ કરે છે,-

“ હીના પાન ખાણે રડે રા લાલ ગુલાબી,

બાયા પાન લેઈ દેજે રા બર બજાયરા મા,

હીના ગુલફી ખાણે રડે રા લાલ ગુલાબી,

બાયા ગુલ્ફી લેઈ દેજે રા બર બજાયરા મા,

હીના ગુલ ખાણે રડે હે લાલ ગુલાબી,

બાયા ગુલ લેઈ દેજે રા બર બજાયરા મા.."

અર્થાત 'હીના તો આ ભરબજારમાં લાલ ગુલાબી પાન અને ગુલ્ફી ખાવા રડી રહી છે ! માટે મંછી તું તેને પાન અને ગુલ્ફી લઈ આપ.' ને આ રીતે ખાવાની વિવિધ વસ્તુઓના નામ લેવાતા જાય છે અને ગીત આગળ વધતું જાય છે.અહીં ગીતમાં પાન કે ગુલ્ફી માટે પ્રયોજાયેલ 'લાલ ગુલાબી' રંગ દ્વારા,તેને જોઈને ખાવા માટે લલચાતા એક બાળક જેવી જ લાલાચ હીનાના મનમાં પણ જાગી છે,એ વાત સુંદર રીતે રજૂ થઈ છે.

તો રસ્તામાં આવતી ખાડી કે કોતરડાને ઓળંગતા પહેલા લાડા-લાડી દ્વારા તેને પગે લાગીને જુવારવામાં આવે છે.આ માટે તેમના હાથમાં ચોખા,પૈસા અને ફૂલ આપવામાં આવે છે.લાડો - લાડી જ્યારે આ નદીને પગે લાગીને આ ચોખા,પૈસા અને ફૂલ નદીને અર્પણ કરી રહ્યા હોય છે ત્યારે ગીતાયરીઓ નીચેના ગીતને વહેતું મૂકે છે,-

" દાળિયા મમરા આલે તો વેરી નાખજો ભાઈ (૨)

ખજૂર કોપરા આલે તો ગજવે લાખી લે ભાઈ (૨)

ચોખા પૈસા આપે તો પગે લાખી લે ભાઈ (૨) "

અર્થાત 'તમને દાળિયા મમરા આપે તો વેરી નાખજો,ને ખજૂર કોપરા આપે તો ગજવે નાખી લો,અને ચોખા-પૈસા આપે તો પગે લાગી લેજો !' અહીં તેમને દાળિયા મમરા કરતા ખજૂર કોપરાની નવાઈ વધારે છે એ વાત તો જોઈ શકાય છે,પણ તે અહીં ગૌણ બની જાય છે,અને હમણા લાડા-લાડીના હાથમાં જે ચોખા ને પૈસા આપવામાં આવ્યા છે તે નદીને જુવારવા માટે છે,તેથી તેમણે નદીને પગે લાગવાનું છે એ વાત મુખ્ય રૂપે રજૂ થઈ છે.

ને મોટેભાગે ગામની સીમમાં પ્રવેશતા જ લાડી ફરી ગામમાં ન આવવાની જીદ પકડતી,ને આગળ ચાલવાના બદલે ખેંચાય રહેતી.એ મુજબ ગામમાં ન આવવાની જીદ લઈને બેઠેલી હીનાને; વટભેર સીધી રીતે ચલાડવાનું મંછીને સૂચન કરતી ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

"જાડફી યે હીના ચાલે નાય સીદે રોડે,

છતીરો ગોદો માર રા ફાયા ચાલેહે સીદે રોડે,

જાડફી યે હીના ચાલે નાય સીદે રોડે,

પરાઇણો ગોદો માર રા ફાયા ચાલે હે સીદે રોડે.."

અર્થાત 'આ જાડી હીના કંઇ સીધે રસ્તે ચાલતી નથી ! તો તેને જરા છત્રીનો ગોદો માર કે જેથી તે સીધે રસ્તે ચાલે !' આવી જ રીતે તેઓ હીનાને સીધે રસ્તે ચલાડવા પરાણનો ગોદો મારવાનું પણ કહે છે.આમ,લાડકાઈથી હીનાને સમજાવી મનાવી થાકેલી ગીતાયરીઓ ગામમાં આવતાની સાથે જ તેના પર રોષ ઠાલવે છે.તો સાથે,લાડીને લઈને પોતાના ગામમાં આવી પહોંચવાને કારણે તેમનામાં વધેલા જોમ જુસ્સાને પણ જોઈ શકાય છે.

➢ **લાડીને ઘર સુધી વળાવવા આવે તે સમયે ગવાતા ગીતો :**

જો લાડીના મા - બાપની સ્થિતિ સારી હોય ને તેથી પણ વિશેષ અમે તમારાથી ઉતરતા નથી અથવા તો પોતાની દીકરી પ્રત્યેની માયા મમતાના લીધે તેઓ દીકરીને વળાવવા માટે ફળિયાના લોકો સાથે ઘર સુધી આવતા હતા. ( જોકે આમ કરવા પાછળ - અમે અમારી દીકરીને મજબૂરી ખાતર આપી નથી કે અમે તમારાથી કાંઈ ઉતરતા નથી ! એવો આંશિક અહ્મ પણ અમુકના મનમાં રહેતો ખરો ! ભલે ગમે તે હોય, પણ) દીકરીને સાસરે સુધી વળાવવા જનાર મા-બાપ સમાજમાં જરૂર જશ ખાટી જતા ! બંને પક્ષના લોકો તરફથી તેમની વાહવાહી થતી,ને સમાજના મોટેભાગના મા બાપ આ પ્રથા અપનાવતા હતા.જે આ સમાજે દીકરીને આપેલા દીકરા સમાન દરજ્જાને બતાવી આપે છે.

લાડીને ફળિયાના લોકો સાસરે સુધી વળાવવા આવે ત્યારે પણ માહોલને અનુરૂપ આગળ મુજબના ગીતો ગવાતા હોય છે.વળી લાડાની જાન લાડીને લેવા જતી વખતે;મોટા ઝાડના છાંયડા નીચે વિસામો લેતી;નાચતી આગળ વધતી હોય છે.એ જ રીતે લાડીને લઈને પાછી ફરતી વખતે પણ તે મોટા ઝાડ નીચે વિસામો લેતી; નાચતી આગળ વધતી હોય છે.આ સમયે બંને પક્ષનું વાદ્યોના સૂર અને આગળ મુજબના ગીતો સાથે ભેગું નાચણું

જામતું હોય છે,જેમાં લાડા લાડીને પણ ખભે બેસાડીને નચાડવામાં આવે છે.અહીં લાડીને (ફક્ત) તેનો ભાઈ ખભે બેસાડીને નચાડે છે.નાચણામાં નાચ્યા પછી જાન જ્યારે આગળ ચાલવા લાગે ત્યારે લાડી ભાઈને સંબોધીને જે રડે છે તેનો અહીં આસ્વાદ માણીએ,-

" **ફાયા**..વલતે છાયેં નાચાડતો નાચડતો નેય જાજે રા ને,

ફાયા.. જેહેં નેતો આવો હા તેહેં પાછો નેતો જાજે રા ને,

ફાયા.. તોરે એકુ જ બેહણી હોતની નાળકી હોતની પાછો નેતો જાજે રા ને,

ફાયા.. તોરે બેહણીથી બીજા ગામમાં નોકાહાંય ખરહે ની રવાય રા ને..."

**ભાષાંતર :**

(ભાઈ.. વળતા છાંયડે (ઢળતા દિવસે) નચાવતો નચાવતો લઈ જજે, જે રીતે લાવ્યો છે તેવી જ રીતે પાછો લઈ પણ જજે..તારી એક જ બહેન છે..લાડકી છે..તેને પાછો લઈ જજે..તારી બહેનથી બીજા ગામમાં પારકા લોકો સાથે ના રહેવાય.. )

આમ લાડીનું રૂદન સૌ લાગણીભીના હૈયાઓને ભીંજવી દેનારુ છે,પણ પરંપરાગત રિવાજને નિભાવ્યા વિના કેમ ચાલે ? તેથી માહોલને હળવાશમાં ફેરવવા માટે,અગાઉ જોયુ તેમ બંને પક્ષની ગીતાયરીઓ લાડા-લાડીની હળવી ટીખળો કરતા;આગળના ગીતોમાં નામ વગેરે બદલીને તેને લલકાર્યે જતી હોય છે.

ને જાન જ્યારે ગામમાં પ્રવેશે ત્યારે મિલનોચ્છુક લાડાની ટીખળ કરતી લાડીની ગીતાયરીઓ નીચેના ગીતને વહેતું મૂકે છે,-

" માંડવે ચડી ચડી હેદે રા મંછો,

તેરૂ આજુ બેના દેખાય ના પડે રા,

આંગણે આવી આવી હેદે રા મંછો,

તેરૂ  આજુ બેના દેખાય ના પડે રા,

મારગે આવી આવી હેદે રા મંછો,

તેરૂ આજુ બેના દેખાય ના પડે રા..”

અર્થાત ‘મંછી વારેવારે માંડવા પર ચઢીને ( દૂર નજર કરીને ) હીના આવે છે કે નહી તે જુએ છે,પણ હીના તેને દેખાતી નથી ! માટે તે આગણામાં,ને છેલ્લે રસ્તાએ આવીને હીનાને આવતી જુએ છે પણ તોયે તેને હીના દેખાતી નથી !’ આમ,મંછીના મનમાં હીનાના મિલન માટેની  જે તાલાવેલી જાગી છે તેનું સુંદર ભાવનિરૂપણ આ ગીતમાં રજૂ થયું છે.

### ➢ ખંધાડને મૂકવા જતી વખતે તેમજ વળાવતી વખતે ગવાતા ગીતો

આપણે અગાઉ જોયું તેમ ખંધાડ તરીકે જનાર છોકરાની સગાઈ થઈ ગયા પછી,છોકરાના ઘરે કન્યાપક્ષવાળા દહેજ આપવા માટે આવે છે.છોકરાને દહેજ રૂપે ૧૫ /- રૂપિયા આપવામાં આવે છે.આ ટાણે હાટ કરવા જવાનો તેમજ લગ્નનો દિવસ નક્કી કરી લેવામાં આવે છે,સાથે છોકરાના મા-બાપ તેમની વહુને મંગળસૂત્ર,કંઠી કે લૂંગડું વગેરેમાંથી શું લઈ આપવા માગે છે ? તે અંગેની વાતચીત પણ કરી લેવામાં આવે છે.લાડીની જેમ જ છોકરાના મા-બાપ પણ દહેજના પૈસામાંથી તેને કાંસાની થાળી લઈ આપે છે.

ત્યારબાદ બાકીની બધી રસમો માંડવો પાડવો,પીઠી લગાવવી,નાચણું નાચવું વગેરે સામાન્ય લગ્નની  જેમ જ થતી હોય છે.હાં,ખંધાડને પરણવા માટે લાડી તેના ઘરે આવતી નથી,પણ વરપક્ષવાળા જ સગાસબંધીઓ અને ફળિયાના લોકો સાથે ખંધાડને લાડીના ઘરે મૂકવા જાય છે.

લગ્નના દિવસે સવારે પીઠી ઉતારી લાડાને સ્નાન કરાવી; સૌ પરિવારજનો અને ફળિયાના લોકો લાડાને લાડીના ઘરે વળાવવા જાય છે.અહીં ઘરના સાળી કે સાળા દ્વારા ઝાંપાએ વાંસ આડો કરીને જાનને રોકવામાં આવે છે,ઝાંપાની આ રીત માટે પાંચ કે દશ રૂપિયા આપવામાં આવતા,તેઓ લાડાને મંડપમાં લઈ જઈને બેસાડે છે.આ તમામ રિવાજો દરમિયાન સામાન્ય લગ્નની જેમ જ ગીતો અને ફટાણા ગવાતા હોય છે.તેથી અહીં આપણે ખાસ કરીને ખંધાડને વળાવવા જાય તે વખતે ગવાતા ગીતોને જ જોઈશું.

અહી એક વાત નોંધનીય છે કે,સામાન્ય લગ્નોમાં લાડીને પરણીને લઈ જવા આવેલા લાડાને,જેવા મેણાટોણા કન્યાપક્ષની ગીતાયરીઓ દ્વારા મારવામાં આવતા હોય છે,એવા

ટોણા અહીં ખંધાડની ગીતાયરીઓ લાડીને મારતી હોય છે,કેમકે તેમણે ખંધાડને લાડીના ઘરે મૂકી જવાનો છે ! તેથી લાડીને ટોણો મારતી ગીતાયરીઓ નીચેના ગીતને વહેતું મૂકે છે,-

"જાન ડુબાડે આંબલા છાંયે જાન ડુબાડે હીના,

ખોલી લે જે વ્યારા કચેરી ખોલી લે જે રા બાયા,

નાય જુજે રા હીના ઉજાયળી નાય જુજે રા બાયા,

વટ વાલી રા હીના લડી વટ વાલી રા બાયા.."

અર્થાત 'આ હીના તો (આપણા મંછીની) જાન ડુબાડે છે ! મંછી તું વ્યારા કચેરી ખોલી લે જે ( એટલે કે ન્યાય મેળવી લે જે) ! આપણને આ ઉજાયળી ( કશી સૂઝ સમજ વગરની હીના ના જોઈએ ! ને આ હીના તો વટવાળી ય ઘણી છે..!' જોકે અહીં હીનાએ મંછીની જાનને ફોક નથી જવડાવી,પણ લાડીને બે ઘડી ફટ્ કહેવા માટે તેઓ લાડી પ્રત્યે પોતાનો અણગમો અહીં વ્યક્ત કરે છે.

તો લાડીની ગીતાયરીઓ આ ટાણે વધારે ગેલમાં નહોય તો જ નવાઈ ! તેઓ પણ ખંધાડની ટીખળ કરતા કે ટોણો મારતા ગીતો,સામેની ગીતાયરીઓના પ્રત્યુત્તર રૂપે રજૂ કરતી હોય છે.તો વળી,ધીરે ધીરે તેમની કંઠમાધુર્યના જાદુને ઓસરવા માટેના કારણભૂત એવા વાદ્યો તેમની દિલચસ્પી,આપણા મનમાં થોડી નિરાશા જગાવનારી છે.ખંધાડને લાડીના ઘરમાં કાં તો આજુબાજુના ઘરોમાં વાગી રહેલા રેડિયોને સાંભળી લેવાનું કહેતી લાડીની ગીતાયરીઓ નીચેના ગીતને રજૂ કરે છે,-

"રેડિયામાં ગાયાન આખાડે આમે બેના યે,

ઓટલે બેસીને સાંબળી લે મંછા લડાં રા,

રેડિયામાં ગાયાન આખાડે આમે બેના યે,

ખાટલે બેસીને સાંબળી લે મંછા લડાં રા,

રેડિયામાં ગાયાન આખાડે આમે બેના યે,

કાને પડીને સાંબળી લે મંછા લડાં રા.."

અર્થાત 'રેડિયોમાં અમારી હીના ગીત વગાડી રહી છે તો તું જરા ઓટલે કે ખાટલે બેસીને; કાન સરવા કરીને સાંભળી લે..!' ને ગીત જેમ આગળ વધતું જાય છે તેમ વિવિધ વાદ્યોના નામ ઉમેરાતા જાય છે.આમ વિના અવરોધે આગળ વધી રહેલી આધુનિકતાએ છેવાડાના આ માનવીની નીજી ઓળખને; ધીરેધીરે કઈ રીતે ઝૂંટવી રહી છે તેનો આંશિક ચિતાર આ ગીતમાં મળે છે.

ત્યારબાદ લાડોલાડી એકબીજાને વરે તે માટે તેમને - લાડાનું મોઢું ઉગમણી દિશામાં રહે અને લાડીનું મોઢું આથમણી દિશામાં રહે તે રીતે - સામસામે પાટલા પર ઊભા રાખવામાં આવે છે.અહીં,પ્રથમ લાડી લાડાને કપાળમાં કંકુનો ચાંદલો કરી,ફૂલહાર પહેરાવીને તેનું નાક પકડીને ખેંચે છે; આ જ રીતે લાડો લાડીને ચોખાથી વધાવી,કપાળમાં કંકુનો ચાંદલો કરે છે,અને ફૂલહાર પહેરાવી નાક પકડીને ખેંચે છે. આમ,લાડાલાડીએ એકબીજાને સ્વીકારી લેતા,તેમના છેડા બાંધી ખભે બેસાડી નચાડવામાં આવે છે,ત્યારબાદ તેમને ઘરમાં ચૂલા ફરતે મંગળ ફેરા ફરવી;ચૂલાના થાળા આગળ અરવણ વગેરે સાથે બેસાડી; પ્રથમ ચા પીવડાવ્યા બાદ જમાડવામાં આવે છે.( જો લાડીના મા બાપની આર્થિક સ્થિતિ સારી હોય તો જાનૈયાઓને પણ જમાડવામાં આવે છે.)

છેલ્લે,ખંધાડને લાડીના ઘરે મૂકીને આવતા પહેલા સૌ સ્વજનો અને ફળિયાના લોકો તેને છેલ્લી વાર ભેટે છે.માબાપથી લઈ ફળિયાના લોકો ખંધાડને ભેટી રહ્યા હોય છે તે સમયે ખંધાડને - સાસરીમાં કઈ રીતે રહેવું ? તેની શિખામણ આપતી ગીતાયરીઓ નીચેનું હ્રદયસ્પર્શી ગીત રજૂ કરે છે,-

" ગરીબ ઘરીયો ધીરેથી બોનજે રા બાયા,

મોટે કા ઘરીયે હાકલે લેય માગરી રા બાયા,

ગરુબ ઘરીયો ધીરેથો બોનજે રા બાયા,

મોટે કા ઘરીયે વણચેં લેય માગરી રા બાયા,

ગરુબ ઘરીયો ધીરેથો બોનજે રા બાયા,

મોટે કા ઘરીયે નૂગળઅ નેય માગરી રા બાયા…"

આમ તેઓ ખંધાડને સાસરીમાં કઈ રીતે રહેવું તેની વાત કરતા કહે છે કે,'તું ગરીબ ઘરનો છે ( એ વાતનો ખ્યાલ રાખીને સાસરીયા સાથે ) તું ધીમેથી ( નમીને ) બોલજે ! આ મોટા ઘરના લોકો તારી પાસે **નુગળઅૂ, કંઠી,**ચંપલ વગેરે લઈ માગશે ! આ સમયે પણ ( કોઈ અણગમો કે રોષ બતાવવાના બદલે ) તું ધીમેથી બોલજે..! આ ગીતમાં કનયાપક્ષવાળાએ ખંધાડને દહેજ આપ્યા બાદ,ખંધાડે તેની લાડીને લઈ આપવી પડેલી વસ્તુને ખાસ કરીને વણી લેવામાં આવતી હોય છે,જોકે ગીત જેમ આગળ વધતું જાય છે તેમ તેમાં અનેક વસ્તુઓના નામો ઉમેરાતા જાય છે.પણ ખંધાડની એ વસ્તુનો સંદર્ભ લઈને ગીતાયરીઓ તેને કહેવા માગે છે કે,આ લોકોએ શરૂઆતમાં જ તારી પાસે આબધુ લઈ આપ્યું છે અને હજી પણ લઈ માગશે (કારણ કે હવે ઘરને ચલાવવાની જવાબદારી તેની છે ) ! તે વખતે પણ તું તેમની સાથે નમીને જ રહેશે.ગીતની લયમધુરતાથી ખંધાડ સહિત અનેકની આંખોમાં ઝળહળિયા લાવી દેતી હોય છે.

આખરે,ભેટણી પૂરી થયા બાદ આણા વાળવાનો દિવસ નક્કી કરી; સૌ જાનૈયાઓ ખંધાડને લાડીના ઘરે મૂકીને પાછા રવાના થતા હોય છે.આ સમયે ખંધાડને આશ્વાસન આપી,વિદાય લેતી ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

" બોહજે રા બોહજે બાયા આમે ગો જાજે હે રા,

રવાય તે રજે રા બાયા યે તો રજે રા,

તુમારે રવાણઅ હીના આમારે જાવાણઅ યે…"

અર્થાત ' મંછી તું ( તારા આ નવા ઘરે ) બેસજે !હવે અમે ઘરે જઈએ છીએ ! જો તારાથી અહીં રહેવાય તો રહેજે નહીં તો પાછો આવતો રહેજે !' સાથે હીનાને સંબોધીને તેઓ કહે છે કે 'હીના તમારે તો અહીં જ રહેવાનું છે પણ અમારે તો ઘરે જવાનું છે,તેથી અમે હવે ઘરે જઈએ છીએ..! આ ગીત રજૂ થતાં જ ખંધાડ ડૂસકે ડૂસકે રડી પડતો.

- **લાડીનું આણું કરવા જાય તે વખતે ગવાતા ગીતો ( દહ્યાહાંય ગીતે ) :**

લગ્નના બીજા કે ત્રીજા દિવસે કન્યાપક્ષવાળા ચાલતા કે બળદગાડામાં (હાલ વાહનમાં) બેસીને કન્યાનું આણું કરવા માટે જાય છે,જેને **દહયે** કહેવામાં આવે છે.કન્યાનું સાસરું અને ગામ જોવાની ઇચ્છાને કારણે ફળિયા આખાના લોકો આ આણામાં જોડાતા હોય છે.ચાલીને લાંબી મજલ કાપ્યાના થાક અને તરસના લીધે કન્યાના સાસરી નજીક પહોંચતાની સાથે જ ગીતાયરીઓ નીચેના ગીતને રજૂ કરે છે,-

" તાંબા ગડામાં બેના પાણી નેતી આવ યે,

તીરહ હોવાયઅ યે બેના તીરહઅ હોવાયઅ યે,

ચાની ચાની બેના થાકી જાવાયઅ યે..."

અર્થાત તેઓ હીનાને કહે છે કે, 'તું તાંબાના ઘડામાં પાણી લઈ આવ ! અમને ખૂબ તરસ લાગી છે ! ચાલી ચાલીને અમે થાકી ગયા છીએ !' તેમના આ ગીતની સાથે જ કન્યા તેની અરવણની સાથે પાણીનો ઘડો લઈને ઓટલે આવીને ઊભી  રહી જાય છે.મહેમાનો પાણીના ઘડામાં પરંપરા મુજબ પૈસા નાખ્યા પછી પાણી પીતા હોય છે.

મહેમાનોને પાણી પીવડાવ્યા પછી,તેમના માટે ઓટલાની બેઠક પર તેમજ ખાટલો ઢાળીને બેસવાની સગવડ કરવામાં આવે છે.તેમની આ આગતા- સ્વાગતામાં કોઈ કચાશ જણાય કે ન જણાય તો પણ,ટીખળ કે ટોણો માર્યા વિના પ્રસંગની મજા ક્યાંથી ? એ વાતને અનુસરતી ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

" ઓટલાવાલે ગો જાતે ઓટલે બેહતે બેના,

ઓટલો નેયને કાય નાઈ કાયલા રાજી યે બેના,

ખાટલાવાલે ગો જાતે ખાટલે બોહતે યે બેના,

ખાટલો નેયને કાય નાહી કાયલા રાજી યે બેના,

બાખડાવાલે ગો જાતે બાખડે બોહતે યે બેના,

બાખડો નેયને કાય નાહી કાયલા રાજી યે બેના..."

અર્થાત આપણે ઓટલાવાળા (ઓટલાની બેઠકવાળા) ઘરે જતે તો ત્યાં ઓટલાએ બસતે ! અહી તો ઓટલો પણ નથી ! હીના તું શું જોઈને ( અહી આવવા ) રાજી થઈ ગઈ ?' ને પછી તો ખાટલો,બાકડો અને હીંચકો વગેરે વસ્તુઓના નામ લેવાતા જાય છે અને ગીત તેની ધાર કાઢતું જાય છે.આમ, તેમની મહેમાનગતિ કરી રહેલી કન્યાની સાથે સાસરીવાળાને બે ઘડી માટે ફટ્ કહીને તેઓ લગ્નના દિવસનો પોતાનો અધુરો બદલો પણ વાળી લેતી હોય છે.

મોટેભાગે બીડી તમાકુના બંધાણી એવા આ મહેમાનોને પાણી આપ્યા પછી,બીડી પીવા માગતા સૌ કોઈને તૈયાર બીડી ના હોય તો,તમાકુની સાથે ખાખરા કે આસિત્રાના પાંદડા આપવામાં આવતા,આ અંગે ટીખળ કરતી ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

" આમાહાંય જુજે તીયાર બીડી હીના લઅંડે યે,

ઉજલઅ તમાખઅ હેંગલાહાય પાતરઅ હીના લઅંડે યે,

આમાહાંય જુજે તીયાર બીડી હીના લઅંડે યે,

કાલઅ તમાખઅ ખાખરાહાંય પાતરઅ હીના લઅંડે યે..."

આમ અહી તેઓ કહે છે કે 'હીના,અમને તો તૈયાર બીડી જોઈએ ! આ સફેદ તમાકુ ( આછા કથ્થઈ રંગનું અને સફેદ ઝાંય વાળું ) ની સાથે આસિત્રાનું પાન અને કાળા તમાકુંની સાથે ખાખરાના પાન અમને ના જોઈએ !' આમ એક સમયે આ સમાજમાં સફેદ તમાકુંને આસિત્રાના પાનની તો કાળા તમાકુંને ખાખરાના પાનની,જાતે બનાવેલી બીડી પીવાનું ચલણ હતું તેનો ઉલ્લેખ આ ગીતમાં થયો છે.

વળી,આ તમાકું કે બીડી સૌને આપવાની હોય; બધાને એક એકાદ બે મળતી.આમ કરવામાં હીના અને તેના સાસરીયાઓની કંજૂસાઈને જોતી ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

" તમાખામાં વાણતુણ કરે યે હીના,

ડુકાનાવાલો માટી કેહેની રાખીનો યે હીના,

બીડાહામાં વાણતુણ કરે યે હીના,

દુકાનાવાલો માટી કેહેની રાખીનો યે હીના..”

આમ તેઓ હીનાની ટીખળ કરતા કહે છે કે ‘હીના તું તો તમાકું અને બીડી આપવામાં પણ કંજૂસાઈ કરે છે ! ( તો પછી ) તેં દુકાનવાળો પતિ કેમ ન રાખ્યો ?’ આવો પ્રશ્નાર્થ કરીને તેઓ હીનાને કહેવા માગે છે કે,જો તેં દુકાનવાળો પતિ પસંદ કર્યો હોત તો આજે તેં આ તમાકુ અને બીડી એકસામટી અમારી સામે ધરી દીધી હોત ! આવી કંજૂસાઈ કરવાની તને જરૂર ના પડતે ! આમ ગીતાયરીઓ આવી હળવી ટીખળો કરતા ગીતો રજૂ કરીને વાતાવરણને હળવુફૂલ અને રસાત્મક બનાવી દેતી હોય છે.

જો સાસરીવાળાની આર્થિક સ્થિતિ સારી હોય તો તેઓ મહેમાનો માટે ચા અને દારૂની સગવડ પણ કરતા હોય છે.છેલ્લે કન્યા,અરવણ અને આણા કરવા આવેલા સૌ મહેમાનોને જમાડવામાં આવે છે.

જમી લીધા પછી કન્યાપક્ષની બહેનો કન્યાને ઘરના ખાંડણીયા નજીક બેસાડી;વાળ હોળી,કપડા વગેરે પહેરાવીને તૈયાર કરે છે.આમ, સંગાતીઓ જ્યારે કન્યાને વાળ હોળાવીને તૈયાર કરતી હોય છે ત્યારે ગીતાયરીઓ નીચેનું ગીત વહેતુ મૂકે છે,-

“ ગુલાબી તેલ લાગે આમા બેનાણે,

કીળઅ તેલ લાગે મંછા લંડાણે,

લીલી પીલી કાહાંકી લાગે આમા બેનાણે,

ઉકીડો પંજીઠો લાગે મંછા લઅંડાણે...”

અર્થાત ‘ અમારી હીનાના માથામાં ગુલાબી ( સુગંધીદાર ) તેલ લાગી રહ્યું છે,જ્યારે મંછીને તો **કીળઅ તેલ** ( પશુઓને થતા સડાના જીવાણુંઓને મારવાનું તેલ,જેની ગંધ વિચિત્ર પ્રકારની હોય છે) લાગી રહ્યું છે.વળી,અમારી કન્યાના માથું લીલા પીળા રંગની કાંસકીથી હોળાય રહ્યું છે જ્યારે મંછીના વાળ ઉકરડા સાફ કરવાની પંજેઠીથી હોળાઈ રહ્યા છે.તેમના દ્વારા થતી મંછીની આવી ભારે ટીખળ પણ બે ઘડી વાતાવરણને પ્રફુલ્લિત બનાવવા માટે જ હોય છે.

હીનાને તૈયાર કરાવી દીધા પછી,તેને થેલીમાં કપડા વેગેરે લઈને પોતાની સાથે ઘરે આવવા માટે તૈયાર થઈ જવાનું કહેતી ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

" ઠેલીમાં ફાડકે બેના તીયાર હોવી જા યે,

તુમારે રવાણઅ મંછા આમારે જાવાણઅ રા,

લાંબાતો રસ્તો બેના કવે જાય ફુગુહું યે.."

અર્થાત 'હીના તું થેલીમાં કપડા મૂકીને તૈયાર થઈ જા ! ( નહીં તો ) લાંબો રસ્તો કાપીને ઘરે ક્યારે પહોંચીશું !' ને અંતે મંછીને ઉદ્દેશીને કહે છે કે,તમારે તો અહીં જ રહેવાનું છે પણ અમારે તો જવાનું છે ( તેથી અમે હવે જઈએ છીએ ).

આમ તેઓ સાસરીયાઓની રજા લઈને વિદાય થાય છે,આ ટાણે પણ તેઓ લાડાનું ગામ અને ઘરની ઠેકડી ઉડાવવાનું ચૂકતા નથી ! મંછીના ઘર અને ગામની ટીખળ કરતા તેઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

" દેખસઅ યે દેખસઅ બેના ઠેડાહાંય જેહેં ગામ યે,

જાચ્યે યે જાચ્યે બેના આપળે ખર જાચ્યે યે,

રઅજે રા રઅજે મંછા તોરે ખર રઅજે રા,

જાચ્યે યે જાચ્યે બેના કણબા જેહેં ખર યે.."

અર્થાત ' આપણે આ ઢેડ - ભંગીઓના ગામડા જેવું ગામ અને ઘર જોઈ લીધું ! હવે આપણે કણબીના ઘર ને ગામ જેવા લાગતા આપણા ગામ અને ઘરે જઈએ ! મંછી તું તારા (આવા) ઘરમાં રહેજે ( અમે અમારા ઘરે જઈએ છીએ ) !' આમ,પોતાને સામેના પક્ષથી ચઢિયાતું સાબિત કરવાનું તેમનું વલણ સગાઈ કે લગ્નની દરેક રીતમાં જોઈ શકાય છે.

આમ કન્યાપક્ષવાળા લાડીનું આણું કરીને ઘરે પાછા ફરી રહ્યા છે.આ રસ્તો નાના મોટા ડુંગરાઓ અને જંગલના ઝાડી- ઝાંખરાઓથી ઘેરાયેલો છે.તેથી કન્યાને આ અંગે શિખામણની વાત કરતી ગીતાયરીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

“ હાગાહાંય છાડી બં હાશે યે બેના,

એખલી આવતી બી નખે યે બેના,

કાટાહા વાડી બં હાસે યે બેના,

એખની આવતી બી નખે યે બેના,

દેરાહા સંગાથે નેજે યે બેના,

કરમીદા જાલે બં હાસે યે બેના,

વાંદરા દાકે બં રાખજે યે બેના,

દેરાહા સંગાથે નેજે યે બેના…”

આમ તેઓ કન્યાને કહે છે કે ‘ આ રસ્તે તો બોં બધાં સાગના વૃક્ષો,કાંટાળા ઝાંખરા તેમજ કરમદાઓની જાળ આવેલી છે ! તેથી અહીં વાંદરા વગેરે જંગલી જનાવરોનો ભય પણ ઘણો રહેલો છે,માટે તું દિયરને સંગાથે લીધા વિના  ન આવતી.આમ આ ગીતમાં આ પ્રદેશની ભૌગોલિક સ્થિતિની સાથે; દિયર ભાભી માટે એક મિત્રની ગરજ સારતો હોય છે એ વાતને જોઈ શકાય છે.

પરંપરા મુજબ કન્યાની મા કન્યાનું આણું કરવા માટે તેમની સાથે આવતી નથી,પણ આણા કરવા ગયેલા લોકો કન્યાને પાછા આવે ત્યારે તેમની આગતા સ્વાગતા કરવા માટે ઘરે જ રહેતી હોય છે,ને તેથી કન્યાના ઘર નજીક પહોંચતાની સાથે તેઓ તેની માને સંબોધીને નીચેનું ગીત રજૂ કરે છે,-

“ તાતઅ પાણી  તીયાર રાખજે હો ચંપા રોડાલામાં,

ચાની  ચાની થાકી જાવાયઅ હો ચંપા રોડાલામાં,

આમાહાંય  જુજે હીહલી હરો હો ચંપા રોડાલામાં,

ચાય પાવી પટાવી દેઇજ્જે હો ચંપા રોડાલામાં,

ચાની ચાની થાકી જાવાયનઅ હો ચંપા રોડાલામાં…"

અર્થાત 'ચંપા, તું અમારા માટે ગરમ પાણી તૈયાર રાખજે ! અમને ચાલીચાલીને થાકી જવાયું છે ! અમને તો શીશી ભરીને દારૂ જોઈએ ! ( ને આ દારૂ તેમને જરૂરથી મળે તે માટે ગીતના અંતે તેઓ સૂચક ટીખળ કરતા કહે છે ) તેં તો અમને ચા પીવડાવીને પટાવી દીધી ! અમને ચાલીચાલીને થાકી જવાયું હતું (  તેથી અમારે તો દારૂ પીવો હતો) !

## ૩.૨.૫ જન્મ વિધિ અને બાળ સંસ્કાર :

પ્રસુતિ ગૃહોની અદ્યતન સુવિધાઓથી ઉપલબ્ધ એવા આજના આ યાંત્રિક યુગમાં પણ,આ સમાજમાં - પરંપરાગત વિદ્યાઓમાં માનનારા એવું ન કહેતા - આર્થિક દ્રષ્ટિએ નબળા ઘરોની વહુઓનો પ્રસવ **'હુવારકી'** (દાયણ) ના હાથે કરાવાતો હોય છે. અહીં સાસુ પોતાની સગર્ભા વહુની દરેક રીતે દેખરેખ રાખે છે.જો કદાચ જો અધુરા મહીને દુઃખાવો થાય કે જરા અસલામતી જણાય તો **હુવારકી**ને બોલાવીને ગર્ભની તપાસ કરાવી લેવામાં આવે છે.અનુભવી હુવારકી 'બાળક ફરી તો નથી ગયું ને ?' ' ગર્ભ વધારે પડતો નીચે સરકી તો નથી આવ્યો ને ?' વગેરે સ્થિતિને પોતાના અનુભવ જ્ઞાનથી જાણી લઈ;ગર્ભને કાળજીપૂર્વક યોગ્ય સ્થિતિમાં લાવી દે છે,તેમજ હવે પછી શું કાળજી લેવી તેની સલાહ આપે છે.

પૂરા દિવસે પ્રસૂતાને વેણ ઉપડે ત્યારે,હુવારકીઓ તેને હૂંફ અને હિંમત આપી પ્રસૂતિ કરાવે છે.પ્રસૂતાને સારી રીતે પ્રસવ થઈ જાય તે માટે તેઓ **'ડેબલી દેવી**' (પ્રસૂતિદેવી)ની માનતા રાખે છે.પરંપરા મુજબ પ્રસવ બાદ પ્રસૂતાને જે મેલી પડે છે,તેને કોઢના એક ખૂણામાં ખાડો ખોદીને દાટી દેવામાં આવે છે.તેથી જ તો કોઈ વાતે પોતાના મૂળ વતન અંગે ઉલ્લેખ કરતા મોટેરાઓ કહે છે કે **- મા'રે ફલાણા ગામમાં નલ ડાટાયનો હા.**

પ્રસવ પછીના પાંચ દિવસ સુધી,એટલે કે પચરાની વિધિ સુધી હુવારકીઓ જ બાળકને સવાર સાંજ સ્નાન કરાવતી હોય છે.સ્નાન કરાવ્યા પછી વધેલા પાણીમાંથી એક ડોયો પાણી મેલીની જગ્યાએ રેડવામાં આવે છે.મોટેરાઓનું કહેવું છે કે,પાંચ દિવસ સુધી બાળક પર હુવારકીઓનો અડધો અધિકાર હોય છે. જે પચરાની વિધિ વખતે હુવારકીઓને પ્રસવકાર્યનું દામ આપી છૂટો કરવામાં આવે છે.આમ,આ પાંચ દિવસ સુધી ઘરના સભ્યો દ્વારા

હુવારકીઓને ખાસ માન-પાન આપવામાં આવે છે,તેમજ તેમના માટે દારૂ અને જમવાની સગવડ પણ કરવામાં આવતી હોય છે.

અહીં પ્રસૂતાને ઔષધ તરીકે દશ પંદર દિવસ સુધી સૂંઠની સાથે મોવડાનો શુદ્ધ દારૂ પીવડાવવાનો રિવાજ છે.આ અંગે તેમનો અનુભવ એવું કહે છે કે - આમ કરવાથી પ્રસૂતાના શરીરમાંથી મલીન વાયુ નીકળી જઈ,કોઠો સાફ થઈ જતા,ગર્ભાશયનું ઝડપથી સંકોચન થઈ જતું હોવાનું મનાય છે.સાથે,માતાનું ધાવણ પણ વધતું હોય છે અને દશ પંદર દિવસમાં જ તે સ્વસ્થ થઈ જઈ,સવા મહિનામાં તો કામકાજ કરવા માટેની યથા શક્તિ ધારણ કરી લેતી હોય છે.

પ્રસૂતિના પાંચમાં દિવસે સાંજે **પચરો** કરવામાં આવે છે.પચરાના દિવસે ઘરની એક વ્યકિત જઈને હુવારકીઓને પચરામાં આવવાનું ( તેમને જાણ હોવા છતાં) નિમંત્રણ આપે છે. ખાધે પીધે સુખી પરિવાર હોય તો ફળિયામાંથી નાના બાળકો અને વડીલ બેનોને પણ આમંત્રણ આપવામાં આવે છે.ઘરમાં જે જગ્યાએ પ્રસૂતિ કરાવવામાં આવી હોય તે **'માદળી'**ની જગ્યાએ કોડિયામાં દીવો પ્રગટાવવામાં આવે છે.દીવાની ચારે બાજુ ડેબલી દેવીને યાદ કરીને ચોખાની પાંચ પૂંજ મૂકી દરેક પૂંજ ઉપર રૂપિયો મૂકવામાં આવે છે.ત્યારપછી દરેક પૂંજની બાજુમાં ખાખરાના પાનમાં કોરું સૂંઠ ધરાવવામાં આવે છે,તેમજ ચા અને દારૂની છાક પાડવામાં આવે છે.કોઢમાં જ્યાં મેલી દાટવામાં આવી હોય ત્યાં પણ ચોખાની પૂંજ અને કોરું સૂંઠ મૂકી છાક પાડવામાં આવે છે.

પૂજા થઈ રહ્યા પછી હુવારકી બાળકને બે હાથમાં લઈને પૂજા સ્થાનના ઓવારણા લે છે.જો બાળક દીકરો હોય તો ઓવારણા લેતા તે કહે છે,-

**" ખેત જાજે,ખલે જાજે,ગાડલઅ જોડજે,હલ જોડજે,વખરઅ ફેરીવજે,કુવાડઅ નેયને જાજે ,નાકડે ફોડજે,પારદી બનજે,ચીળે હહલે મારજે,ડોબે ઠાંડે પાલજે,છાહા તાણજે, આથાહણે હાથામાંથી કામ નેજે ..**

**ભાષાંતર :** ખેતરે જજે,ખળીએ જજે,હળ બળદ હાંકજે,ખૂરપી ફેરવજે,કુહાડી લઈને જજે,લાકડા ફોડજે,પારધી બનજે,પંખી સસલાઓનો શિકાર કરજે,ઢોર ઢાંખર પાળજે,છાશ તાંણજે,બાપાના હાથમાંથી કામ લેજે..વગેરે.

અને જો બાળક દીકરી હોય તો ઓવારણા લેતા કહે છે,-

**" વેલી વેલી મોટી હોજે,કૂવે જાજે ,પાણી ફરજે ,વાહણે ચોલજે ,ચૂને બેહજે, રોટનો ફૂજ્જે ,ખેત હેલઅ આપણે જાજે, ખોલો વાલીને ફાજઅ્ છૂટજે, આછવઅ્ નેઈને નોદણે જાજે,ખાયળે કોડે જાજે,હીમડા નાવજે,ડકળી નાવજે,ડોબે ઠાંડે પાલજે,છાહા તાણજે આહાયણે હાથામાંથી કામ નેજે ..**

**ભાષાંતર:** વહેલી વહેલી મોટી થજે,કૂવે જજે,પાણી ભરજે,વાસણ ઘસજે,ચૂલે બેસજે,રોટલા શેકજે,ખેતરે ખળીએ જજે,આછવું ( માછલી પકડવાની જાળી ) લઈને માછલી પકડવા નદી-કોતરમાં જજે,હોંડીયા લાવજે,ડકળી લાવજે,ઢોર ઢાંખર પાળજે,છાશ તાણજે,બાના હાથમાંથી કામ લેજે..વગેરે.

**આલા.. આજેથી હાવે તોરે ..**આમ કહીને માના હાથમાં સોંપી દે છે.

આમ અહી બાળકને ગળથૂંથીમાં જ સારા ઉદ્યમશીલ બનવા,મા-બાપ સાથે પારિવારિક ભાવના કેળવી મદદરૂપ થવા માટેના સંસ્કાર આપવામાં આવે છે.

આ વિધિ પૂરી થયા પછી મહેમાનોને જમાડવામાં આવે,જમી રહ્યા પછી મહેમાનો એક પછી એક બાળકને આશિષ અને માતાને વધામણી આપીને વિદાય લે છે.

હવે સમાજનું આ ચિત્ર ધૂંધળું થતું જાય છે.આજે સમાજની મોટાભાગની ગર્ભવતી સ્ત્રીઓ હોસ્પિટલમાં બાળકને જન્મ આપે છે.વળી,ઉજળિયાત સમાજની અસર હેઠળ તેમણે પણ સીમંત પ્રથા ( **ખોળો ભરવાની વિધિ** ) સ્વીકારી લીધી છે.જેમાં સીમંત પછી યુવતીને તેના પિયર વળાવવામાં આવે છે.

### ૩.૨.૬ હાલરડાં :

હાલરડું એટલે મા ના દૂધ સાથે બાળકને મળતું સંસ્કારોનું ધાવણ.મા પોતાના બાળકને સુવડાવતી હોય કે પછી છાનું રાખતી હોય,એ વેળાએ બાળક માટે તેના હ્રદયમાં ઊભરતા વ્હાલ અને મમતાનું લયાત્મક રીતે શબ્દોમાં થતું વહન એટલે હાલરડું.હાલરડું એ માના વ્હાલથી છલોછલ ઊભરાતું ભાવજગત છે,જે બાળકમાં સંસ્કારો અને જીવનમૂલ્યોનાં બીજારોપણનું પણ કામ કરે છે.

ચૌધરી સમાજમાં પણ હાલરડાનો એક માતબર પ્રવાહ વહેતો જોઈ શકાય છે.જીવનની હાડમારીઓ સાથે હંમેશા બાથ ભીડતી રહેતી આ પ્રજાના જીવનઆનંદનો એક લય હાલરડાઓમાં ઝીલાયેલો જોવા મળે છે.આ સમાજના હાલરડામાં બાની સાથે દાદીનું પણ મોટું યોગદાન છે,તે એટલા માટે કે બા કામાર્થે ખેતર કે ડુંગરોમાં ગઈ હોય એ ટાણે હાલરડા ગાઈને બાળકને સૂવડાવવાનું કામ દાદીએ કરવું પડે છે.

ચાદર કે સાડીને ઢાળિયાની ઈસ સાથે બાંધીને કાં તો  પરસાળ સાથે દોરડું બાંધી,તેમાં ચાદર વીટીને તૈયાર કરેલા ખોયામાં બાળકને સૂવા નાખ્યું હોય,ને તેને હીંચતી વખતે બાના મુખે લયબદ્ધ રીતે ગવાતા કેટલાંક  હાલરડાનો આસ્વાદ માણીએ,-

“ રમતો નાખઅ ડીકા રમાડી નેમ રા ને,

હુવણે હોવો ડીકા હુવી કા જાજે રા ને,

હુવણે રડે ડીકા હુવણે રયડો રા ને,

રડતો નખે ડીકા રડતો જ નખે રા ને,

તુતુ આવે ડીકા તુતુ જ આવે રા ને,

હુવણે હોવો ડીકા હુવણે હોવો રા ને,

તુતુ ચાવે ડીકા તુતુ જ ચાવે રા ને,

ડોલી કરઅ ડીકા ડોલી જ કરઅ રા ને,

હાચ્છો કરઅ રા ને ડીકા હાચ્છો જ કરઅ રા ને,

રમતો નાખઅ ડીકા રમતો નાખઅ રા ને,

હુવણે હોવો ડીકુ હુવી જ જાજે  રા ને..”

અહી ‘રમતો નાખઅ ડીકા રમાડી નેમ રા ને’ ( હું તને (ખોયામાં) રમતો નાખીને (પ્રેમથી) રમાડી લઈશ ) - પંક્તિથી થતો ગીતનો ઉપાડ બાના બાળક પ્રત્યેના વ્હાલને બતાવી આપે છે.સૂવવા માટે રડી રહેલા પોતાના લાડલાને વહાલપૂર્વક ખોયામાં સૂવડાવતી

બા કહે છે કે, 'દીકરા  હું જાણું છું કે તું સૂવા થયો છે એટલે રડે છે,પણ હવે તું રડીશ નહીં.'હું તને પ્રેમથી સુવડાવીશ.વળી,બાળક જલદીથી છાનું રહી જાય એ માટે તે થોડી બીક પણ બતાવે છે કે,'જો..પેલો કૂતરો આવે છે,જો તું રડીશ તો એ તને કરડી લેશે ! એટલે તું હવે છાનોમાનો સૂઈ જા.હું તને 'ડોલી' કરાવું છું,'હાચ્છો'કરાવું છું (હળવેથી-વ્હાલપૂર્વક બાળકને હીચવાના અર્થમાં ).હવે તું સૂઈ જા.'

આપણે આગળ જોયું તેમ આર્થિક વિષમતાઓ વચ્ચે જીવન જીવતા આ સમાજમાં,બાને ધાવણ ધાવતા બાળકને મૂકીને ખેતરે કે બીજા કામાર્થે જવું પડતું હોય છે.આવા સમયે ઘરે રહીને બાળકને વ્હાલથી સુવડાવતી દાદીના મુખે ગવાતા કેટલાંક હાલરડાનો અહીં આસ્વાદ માણીએ,જે સામાન્ય રીતે  મા પણ પોતાના બાળકને સુવડાવતી વખતે લલકારતી હોય છે,-

" હુવણે હોવો કા રા ડીકું હુવણે હોવો કા ની રા,

રમણે હોવો કા ની ડીકા રમાડી દેહીં કા ની રા,

રડતો નખે કા ની ડીકા રડતો નખે કા ની રા,

મેમી ખાણે હોવો કા રા ડીકી મેમી ખાણે હોવો કા ની રા,

તેતે આવતી હા કાની ડીકું તેતે આવતી હા કા ની રા,

આયા આવતી હા કા ની ડીકા રડતો નખે કા ની રા,

બોબી ખાણે હોવો કા ની ડીકુ બોબી ખાણે રડે કા ની રા,

નાન્ની ડીકી મારે ડીકરી નાન્ની ડીકી કા ની રા,

ફોકી હોવી કા ની ડીકુ ફોકો હોવો કા ની રા,

ઓગો રઅજે કા ની ડીકા ઓગો રઅજે કા ની રા,

આયા આવતી હા કા ની ડીકા આયા આવતી હા કાની રા…"

અહીં દાદી વ્હાલા બાલુડાને રડવાનું કારણ પૂછતા જઈને કહે છે કે,' દીકરા તું  સૂવા થયો છે ? કે પછી રમવા થયો છે ? જો તારે રમવું હોય તો હું તને રમાડીશ,પણ તું રડીશ

નહિં.'બીજીબાજુ દાદી એ જાણે છે કે હવે બાળકને માની જરૂર છે,તેથી તે પોતાની અનુભવસૂઝ કામે લગાડીને આગળ કહે છે કે 'દીકરા તું 'મેમી' ( ધાવણ કરવા ) ખાવા થયો છે ને ? જો તે આવે છે ...' આમ કહીને તે બાળકને સાંત્વના આપતા આગળ કહે છે કે 'જો તારી બા આવે છે,એટલે હવે તું રડીશ નહી.' સ્વભાવિક રીતે બા ( આયા ) શબ્દ સાંભળતાની સાથે જ બાળક રડવાનું ઓછું કરી દેતું હોય છે.તેથી આ જ વાતને ફરીથી દોહરાવતા તે કહે છે કે 'દીકરા તું ધાવણ (બોબી) ખાવા રડે છે ને ? તો ..મારો નાનો દીકરો ભૂખ્યો થયો છે એમ ! પણ હવે તું રડીશ નહી,જો તારી બા આવે છે.'આમ હકીકતમાં બા આવતી ન હોય,તોપણ ગીતના લયમાધુર્યને કારણે બાળક રડતું હોય ત્યાંથી શાંત થઈને ઊંઘી જતુ હોય છે.અહી સ્તનપાન સંદર્ભે વપરાયેલા 'મેમી' અને 'બોબી' જેવા આ સમાજના પોતીકા શબ્દોમાં માતૃત્વની મીઠાશ છલકતી જોવા મળે છે.વળી એકનો એક ભાવ દરેક પંક્તિમાં બેવડાતો હોય ગીતમાં સમાવિષ્ટ ભાવની અસરકારકતા પણ વધે છે.

રોજબરોજના અનેક કામોમાં પરોવાયેલા રહેતા મા બાપની ગેરહાજરીમાં દાદી કેવા જતનથી બાળકની સંભાળ લેતી હોય છે તેનું હૃદયંગમ વર્ણન નીચેના ગીતમાં થયું છે,ગીતનું લય માધુર્ય હૃદયને સ્પર્શી જનારું છે,-

" આબોહો ગીયો ડોગાલામાં આયોહો ગીયી કમારી,

લીલ્લા પાતરા પીજરામાં હુવી કા જાજે ડીકા લઅંડા,

આબોહો ગીયો બજારે,આયોહો ગીયી ખેતારે,

લીલ્લા પાતરા પીજરામાં હેવી કા જાજે ડીકા લઅંડા,

આબોહો ગીયો વરાળે,આયોહો રીયી ગઅજ,

લીલ્લા પાતરા પીજરામાં હુવી કા જાજે ડીકા લઅંડા.."

અહિં બાળકના ખોયાને આપવામાં આવેલી લીલા પાંદડારૂપી પીજરાની ઉપમા ધ્યાનાકર્ષક છે.દાદી બાળકને સુવડાવતા કહે છે કે,"તારા બાપા ડુંગરોમાં ગયા છે,ને બા તો મજૂરીએ ગઈ છે,મતલબ કે હું એકલી જ તને સાચવવાવાળી છું.તેથી તું વધારે રડીશ નહી,હવે આ લીલા પાંદડાના પીજરામાં (ખોયામાં) તું નિરાંતે સૂઈ જા." આવી જ રીતે

આગળની પંક્તિઓમાં મા બાપની દૈનિક પ્રવૃતિઓ ઉમેરાતી જાય છે અને ‘લીલા પાતરા પીજરામાં હુવી કા જાજે ડીકા લઅંડા’ ધ્રુવપંક્તિ પુનરાર્વન પામતી જાય છે,ને ગીત સુમધુર લયમાં આગળ વધતું જાય છે.

બાળક પ્રત્યેના વ્હાલનો વ્હેણ માત્ર માતૃહ્રદયમાંથી વહેતું હોય એવું નથી,પિતાના હૈયામાં પણ માના જેવું જ વહાલ છલકાતું હોય છે.સંજોગોવસાત અહીં એવું બનતું હોય છે કે ઘરના બધા સભ્યો કોઈ કામકાજે જતા રહ્યા હોય,તો એવા સમયે બાળકને સાચવવાની જવાબદારી દાદાના ભાગે આવતી હોય છે.આવા સમયે દાદાના કંઠે ગવાયેલું એક હાલરડું મળી આવ્યું છે,જેમાં પુરૂષના હ્રદયમાં આંદોલિત થતી સંતાનપ્રીતિનું ભાવવાહી વહન થયેલું જોવા મળે છે,જેનો શબ્દાલય નીચે મુજબનો છે –

“ બાબો રડે યે ને બાબો રડેહે યે ને,ડોહલી નીચકઅ રડે યે ને,

રમણે હોવો યે ને રમણે હોવો યે ને ડોહલી નીચકઅ રડે યે ને,

રમણે હોવો યે ને રમણે હોવઅ યે ને,ડોહલી રમાડી દેજે યે ને,

બાબો રડે યે ને હુવણે રડે યે ને,ડોહલી નીચકઅ રડે યે ને,

હુવાડી દેજે યે ને હુવાડી દે જે યે ને,ડોહલી નીચકઅ રડે યે ને,

ફોકો હોવો કા રા ને ફોકો હોવો કા રા ને,ડોહલી નીચકઅ રડે હે યે ને,

ફોકો હોવો યે ને ફોકો હોવો યે ને,ડોહલી નીચકઅ રડે હે યે ને,

ખાવાડી દેજે યે ને ખાવાડી દે જે યે ને,ડોહલી નીચકઅ રડે યે ને,

બાબો રડે રા ને બાબો રડે રા ને,ડોહલી નીચકઅ રડે કા ને,

રમણે રડે કા ને રમણે રડે કા ને,ડોહલી નીચકઅ રડે કા ને,

રમણે રયડો કા ને રમણે રયડો કા રા,બાબુ રમાડી દેહી કા રા,

રમાડી દેહી કા ને રમાડી દેહી કા રા,બાબુ રડતો નખે કા ને,

રડતો નખે રા ને રડતો નખે રા ને,બાબુ રડતો નખે રા ને,

હુવણે હોવો કા રા હુવણે હોવો કા રા,બાબુ હુવાડી દેહી કા રા,

છોલી જુજે કા રા ને છોલી જુજે કા રા,બાબુ રડતો નખે રા ને,

છોલી બાંદઅ કા રા છોલીમાં હુવે કા રા,છોલીમાં હીચકી દેહી કા રા,

છોલીમાં હુવાડીહી છોલીમાં હુવાડીહી, બાબુરડતો નખે રા ને.."

અહી વારેવારે પુનરાવર્તિત થતી 'ડોહલી નીચકઅ રડે યે ને' પંકિત પત્નીને (દાદીને) ઉદ્દેશીને કહેવાઇ છે.આમ પણ બાળકને સુવડાવવાની બાબતમાં સ્ત્રી જેટલી ફાવટ પુરૂષને હોતી નથી,ને તેથી જ તે પોતાની પત્નીને ઉદ્દેશીને કહે છે કે 'બાબો રડે છે,(કદાચ) એ રમવા થયો છે માટે તું એને રમાડી દે.' આવી જ રીતે તે બાબાને ઊંઘાડવા તેમજ સ્તનપાન કરાવવાનું પણ કહે છે,જાણે બાળક વતી પોતે ફરિયાદ કરતા નહોય! એવું લાગે.પણ પત્ની તો ઘરે છે નથી ! તેથી ગીતમાં ભાવપલટો આવે છે,અને પોતે બાબાને રમાડવાની ને સુવડાવવાની તૈયારી દર્શાવતા તે કહે છે કે 'જો તારે રમવું હોય તો હું તને રમાડીશ,અને તારે જો સૂવું હોય તો હું તારા માટે ખોયો બાંધીને,તેમાં હીચીને તને સુવડાવીશ,પણ તું હવે રડીશ નહી.'

આમ માતૃહ્દયની આ અમીધારા સમાજે સમાજે અને વિસ્તારે વિસ્તારે નોખાનોખા શબ્દોમાં વહેતી રહે છે.માના હ્દયમાંથી વહાલનો એ સ્ત્રોત નવા શબ્દો અને લય સાથે હંમેશા વહેતો રહે હોય છે.મા પોતાના લાડલાને અત્યંત વહાલથી સુવડાવતી જાય છે અને હાલરડું લલકારતી જાય છે,-

" નાડકો ડીકો રયડો રા હુવરો હાલાન દુરુંય,

હુવણે હોવો રયડો રા હુવરો હાલાન દુરુંય,

નાડકી ચીડી રડી રા હુવરો હાલાન દુરુંય,

નાનો ડીકો રયડો રા હુવરો હાલાન દુરુંય,

હુવણે હોવો રયડો રા હુવરો હાલાન દુરુંય,

હુવી જાજે ડીકા રા હુવરો હાલાન દુરુંય..”

આમ તે હેતથી હીંચતી જઈને બાળકને કહે છે કે,મારા લાડકો દીકરો સૂવા થયો છે એટલે રડે છે.મારી લાડકી **ચીડી** હવે તું નિરાંતે સૂઈ ( હાલો કરી ) જા ! અહીં બાળક માટે લાડકી ચીડીની ઉપમા પ્રયોજવામાં આવી છે,તેમજ દરેક પંક્તિમાં આવતો ‘હુવરો હાલાન દુરુંય’ નો પ્રાસ ગીતને લયમાધુર્ય અર્પે છે.

### ૩.૨.૭ હરખી ગીતો :

ચૌધરીઓ પોતાને પાવાગઢના મૂળ નિવાસી અને રાજપૂતજાતિમાંથી ઉતરી આવેલા હોવાનું માને છે.આ માન્યતા મુજબ તેઓ પાવાવાળી મા કાળીકાને પોતાની કુળદેવી માને છે.તેમ છતાં તેમના દેવદેવીઓમાં કંસરીમાડી,દેવલીમાડી,દેવમોગરા માતા,કવાયડો દેવ તેમજ ગોવાલદેવ વગેરેનું મહત્વ વિશેષ જોઈ શકાય છે.તેમના આ દેવો કોઈ મંદિરમાં નહી પણ ડુંગરો અને જંગલોના કુદરતી સાંનિધ્યમાં બિરાજે છે.તેમના દરેક થાનકનો ઈતિહાસ દંતકથાઓ રૂપે આ સમાજના સંસ્કૃતિ વાહકો પાસેથી મળી આવે છે, જેમાં તેમના દેવો કે માડીઓની શક્તિ અને ચમત્કારોનો પરચો મળી રહેતો હોય છે.તેમાં રહેલું તથ્ય ભલે ગમે તેટલું હોય,પણ આ દેવોની શક્તિ અને ચમત્કારોમાં તેમને ઘાઢ આસ્થા રહેલી છે.પોતાનું અને પરિવારનું મંગળ થાય તે માટે તેઓ દેવ કે માડીની બાધાઆખડી રાખે છે,અને પોતાની એ માનતા ફળે તે માટે આકરી ટેક પણ પાળે છે,આખરે માનતા કે બાધા ફળતા તેઓ હરખી લઈને દેવ-દેવીઓનાં થાનકે જાય છે અને તેમનું શ્રદ્ધાપૂર્વક દર્શન કરે છે.

ગામદેવની ઉજવણી કર્યા બાદ તેઓ પોતે માનેલી માનતા મુજબ દેવ કે માડીના થાનકે હરખી લઈને જાય છે.સામાન્ય રીતે દેવોના થાનકે બહેનોથી જવાતું નથી,પણ માડીના થાનકે તેઓ જઈ શકે છે.તેથી એકંદરે માડીના થાનકોએ હરખીઓ વધુ જતી હોય છે.હરખી એટલે સામૂહિક પૂજા.આ હરખી વૈયક્તિક કે આખા ગામ કે ફળિયાની પણ હોય.આ તમામ હરખીમાં ફળિયા કે ગામ આખાના લોકો જોડાતા હોય છે.આ ટાણે તેઓ સજીધજીને તૈયાર કરેલા પોતપોતાના બળદગાડામાં બેસીને હારબંધ માડીના થાનકે જવા નીકળી પડે છે.આ હરખી જ્યારે માડીના ધામ તરફ પ્રસ્થાન ત્યારે એકબાજુ તારપું અને દેવની ડોવડીના સૂરો રેલાતા હોય છે તો બીજીબાજુ બહેનો માડીનો મહિમા રજૂ કરતા હરખી ગીતો લલકાર્યે જતી હોય છે,જે તેમની હરખીને વધુ ભક્તિમય બનાવે છે.

પોતે દેવલીમાડીના થાનકે જઈ માડીની પૂજા અર્ચનાની સાથે, બીજી કેવી કેવી મજા કરશે ! એ વાતના ઉમંગને વ્યક્ત કરતી બહેનો નીચેનું ગીત રજૂ કરે છે,-

" દેવાહાંય ડોવડી વાગે ને આપળે બદે આનાંદ રહું યે,
દેવલીમાયડે મેળામાં જાહું ને હીચકામાં બેહી જાહું યે,
હીચકામાં બેહી જાહું ને સંગાયરે હેરી નેહું યે,
દેવલીમાડીણે પૂંજા કરહું ને આપળે બદે આનાંદ રહું યે,
પૂંજાયરઅ પૂંજી રઈને આપળે બદે નાહી આવહું યે,
આપળે બદે નાહી આવહું ને આપળે બદે આનાંદ કરહું યે.."

અર્થાત ' દેવડોવડી વાગી રહી છે,માટે આપણે બધા આનંદમાં રહીશું.આપણે દેવલીમાડીના મેળામાં જઈશું,ત્યાં ચગડોળમાં બેસીશું અને સંગાયરા ( તમાશા ) જોઈશું. વળી, આપણે દેવલીમાડીની પૂજા કરીશું,અને જ્યારે ભગત ( આપણા વતી ) માડીની ભાવભીની પૂજા કરી દેશે ત્યારે આપણે આપણા ઘરે પાછા આવતા રહીશું.( માડીના દર્શન કરીને આવવાના કારણે ) આપણે આપણા ઘરે કાયમ માટે આનંદમાં રહીશું.

તેમની એક માન્યતા કે શ્રદ્ધા એવી છે કે,પોતાના મનમાં માડી કે દેવ પ્રત્યે આસ્થા હોય તો એ દેવ કે માડી પોતે તેમના સ્વપ્નમાં આવીને એવું જણાવતા હોય છે કે,તું મારા દર્શન કરવા આવ,તારું ધાર્યુ કામ થઈ જશે ! માડીના એ નોતરાને શિરોમાન્ય ગણીને તેઓ પોતાની હરખી લઈને કાં તો ગામની હરખી સાથે માડીના દર્શન કરવા જાય છે.પોતાના સ્વપ્નમાં આવીને માડીએ આપેલા નોતરાની વાતને રજૂ કરતી બહેનો નીચેનું ગીત રજૂ કરે છે,-

" દેવલી માયડે ખરી ખબાર દેની યે,માને કા ખબાર માડી યે

દેવલી માયડે ભયરે નોતરે દેને યે, માને કા ખબાર માડી યે

ડોગરાહા ખીણીમાં કેવી રીતે દપેલી, માને કા ખબાર માડી યે

દેવલી માડી કેવી રીતે દપેલી, માને કા ખબાર માડી યે

બૂવહા ગામમાં કેવી રીતે દપેલી, માને કા ખબાર માડી યે.."

અર્થાત ‘ દેવલીમાડીએ ( કેટલીય વાર મારા સપનામાં આવીને ) મને તેના દર્શન કરવા આવવા માટેનું **ભર્યુ નોતઢં** ( કણી મેળવવા માટેનું ) આપ્યું હતું, પણ હું નાદાન તેને સમજી ના શકી ! ( સાથે ) માડીએ મને પોતે આ ડુંગરોની ખીણમાં પોતે કેવી રીતે સંતાયેલી; દેવલપાડા ગામમાં આવીને કેવી રીતે વસી હતી ! તે બધુ જ તેમણે મને નજરોનજર દેખાડયું પણ મને તેની ખબર ના પડી ! ( મતલબ કે હું માડીના આ સ્વપ્નને માત્ર સ્વપ્ન સમજી બેઠી ! હું એવું ના સમજી શકી કે માડી મને તેના દર્શને બોલાવે છે ! )

વળી માડી કે દેવના દર્શને જતા પહેલા પરંપરા મુજબ અમુક નિયમોનું ચુસ્ત રીતે પાલન કરવાનું હોય છે.હરખીમાં જનારે મન સાથે તનને પણ પવિત્ર રાખવાનું હોય છે.આ અંગેના નિયમો તો ખરા જ,ને વળી માડીને દર્શનમાં શું શું ચઢાવવું તેનો પણ ખ્યાલ હોવો જોઈએ.પોતાની આ નાદાનીને વર્ણવતી બહેનો નીચેનું ગીત રજૂ કરે છે,-

“ માડી હું તો ઘણી રે નાદાન નાનેડા
કેમ રે આવું ડુંગરીયે
માડી માને ઘોડા લેય આલ ચઢાવું,
પછી મારે જાવું ડુંગરીયે
માડી માને ચૂંદડી લેય આલ નાનેરા,
પછી મારે જાવું ડુંગરીયે
માડી માને નારિયેલ લેય આલ,ચઢાવું,
પછી મારે જાવું ડુંગરીયે
માડી માને સોપારી લેય આલ,ચઢાવું
પછી મારે જાવું ડુંગરીયે..”

અર્થાત તેઓ માડીને કહે છે કે ‘ માડી હું તો ઘણી નાદાન છું,હું તારા ડુંગરીયે કઈ રીતે આવું ? ( મતલબ કે મને એ વાતની પણ ખબર નથી કે પૂજાની કઈ સામગ્રી લઈને તારા દર્શને આવવું ? એટલે ) માડી તું મને ઘોડા,ચૂંદડી,નાળિયેર અને સોપારી વગેરે શું શું લઈ આવવું તેની સમજ આપી; આ બધી સામગ્રી મને લેવડાવ ! ( તે પછી ) હું તારા ડુંગરીયે આવીશ..!

માડીના થાનકે પહોંચ્યા પછી તેઓ ઘરદીઠની કોઠારીમાંથી દાળ-ચોખા લઈ,તેની રસોઈ બનાવીને જમે છે; ને પછી આખી રાત દેવ ડોવડી અને તારપાના સૂરે નાચી કૂદીને આનંદ કરે છે; સાથે મનભરીને મોવડાના દારૂની મિજલસ પણ માણે છે.એટલું જ નહીં દેવ કે માડીની પૂજાવિધિમાં પણ તેઓ દારૂને અનિવાર્ય સમજે છે.તેમનું એવું માનવું છે કે આ દારૂ બીજા કોઈની નહિ પણ આ દેવોની જ દેન છે,આ વાતને રજૂ કરતા તેઓ નીચેનું ગીત ગાય છે,-

" રાજા બાઇન્ઠે દારૂ ગાઇલ્લો રે,દારૂ પીધો ને નશો ચડયો રે,

રાજા બાઇન્ઠે દારૂ ગાઇલ્લો રે,દારૂ ગાલીને મે તો પીધો રે,

દારૂ ગાલીને મે તો પીધો રે,નાચવાનો શંદ મને લાગ્યો રે,

દારૂ પીધો ને તારા સંગ રે,નાચવાનો શંદ મને લાગ્યો રે..."

અર્થાત તેઓ નાચતા જઈ એકબીજી સંગાતીને કહે છે કે 'રાજા પાંઠાએ દારૂ ગાળીને પીધો હતો,એટલે મે પણ દારૂ ગાળીને પીધો છે;એ દારૂનો જે નશો ચઢ્યો છે;ને તેથી મારા મનમાં તારી સાથે નાચવાનો છંદ જાગ્યો છે,હવે મારે તારી સાથે મનભરીને નાચવું છે,બસ !' પોતાની રગેરગમાં આવા ઉત્સાહનો સંચાર કરનાર દારૂને કંઇ છોડાતો હશે ? પણ ધીરેધીરે બદલાતી જતી સભ્યતા અને વિચારધારાના કારણે તેઓ દારૂ છોડવા અંગેનું મન બનાવી રહ્યા છે.પોતાના મનમાં ચાલતી આ મથામણને રજૂ કરતા તેઓ નીચેનું ગીત ગાય છે,-

" હાથામાંય લોટો મોગરી માતાયે ફોટો,દારૂ છોડાવેયે ઓ મોગરી માતા,

દેવાહાંય રીતે માતા દારવઅ ચાને,દારૂ છૂટે ની યે ઓ મોગરીમાતા,

હાથામાંય લોટો મોગરીમાતાયે ફોટો ,દારૂ છોડાવે યે ઓ મોગરીમાતા,

દેવહાંય થરમે માતા દારવઅ ચાને,દારૂ છૂટે ની યે ઓ મોગરીમાતા,

હાથામાંય લોટો મોગરીમાતાયે ફોટો,દારૂ જુજે ની યે ઓ મોગરી માતા.."

આમ,પોતાની જે મૂંઝવણ છે તેને વાચા આપતા તેઓ કહે છે કે,હાથમાં દારૂનો લોટો છે અને બીજી બાજુ દેવમોગરા માતાનો ફોટો છે,જે દારૂ છોડવા માટે કહી રહી છે;પરંતુ દેવ અને માડીઓની પૂજાવિધિની પરંપરા પ્રમાણે તો દારૂ ચાલે છે,અને તેથી આ દારૂ અમારાથી છૂટે તેમ નથી.નપણ અંતે તેઓ કહે છે કે હવે આ દારૂ ના જોઈએ...એવું મન બનાવી લે છે.અહીં અંબે મા,કાળિકા મા વગેરેના નામો ઉમેરાતા જાય છે અને ગીત આગળ વધતું જાય છે.આમ અહજેમ જેમ હિન્દુ ધર્મનો પ્રભાવ આ સમાજ ઉપર વધી રહ્યો છે તેમ તેમ તેમનામાં દારૂ છોડવાનું વલણ પણ વધી રહ્યું છે તેનો નિર્દેશ પણ અહીં થયેલો જોઈ શકાય છે.

ને આ રીતે વાદ્યોના સૂર અને ગીતોના ગુંજન સાથે આગળ વધતી તેમની હરખી જ્યારે માડીના થાનકે દર્શન કરવા પહોંચે છે ત્યારે માડીને  જરૂરથી દર્શન આપવાનું તેમજ પોતાની મનોકામનાને પૂરી કરવાની વિનંતી કરતા તેઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

" દેવલીમાડી તમારા  છોકરા હોય તો બારણાં ખોલો રે,માનતા મોટેરા આવે,

ખેતીમાં વાડીમાં અમને વરિયેલ રાખજે,માનતા મોટેરા આવે

ડોબામાં ઠાંડામાં અમને વરિયેલ રાખજે,માનતા મોટેરા આવે.."

આમ તેઓ માડીને હ્રદયપૂર્વક વિનવણી કરતા કહે છે કે ' હે દેવલીમાડી ! જો અમે તારા સંતાનો હોય તો તમે ( તમારા મંદિરના ) બારણા ઊઘાડો ! અમે મોટી માનતા લઈને તારા દર્શને આવ્યા છીએ ! હે માડી, તું અમને ખેતીવાડીમાં તેમજ ઢોરઢાંખરમાં  બરકત આપજે ! અમે મોટી આશા લઈને તારા દર્શને આવ્યા છીએ.

માડી કે દેવની કૃપા તેમના જીવનનો આધાર છે.પાકની વાવણી અને લણણી કરતા પહેલા તેઓ માડી કે દેવની માનતા રાખે છે,ને પાકેલા પાકને પ્રથમ માડીના ચરણે ચઢાવ્યા પછી જ પોતે ખાવાના કામમાં લે છે.માડીની  કૃપાથી પકવેલા પાકને તેના ચરણે ધરતી વખતે બહેનો નીચેનું ગીત ગાય છે,-

" હેર ચોખા વેર સેર એહેં નખે માનતી યે દેવલીમાડી

તોરે કણી આમારે ખર એહેં નખે માનતી યે દેવલીમાડી,

તોરે માન આમારે ખર એહેં નખે માનતી યે દેવલીમાડી…”

અર્થાત ‘અમે આ શેર જેટલા ચોખા ( ડાંગર ) ની તુચ્છ ભેટ તારા ચરણે ધરીએ છીએ,તેને તું મામૂલી ના સમજીશ ! ( કારણ કે ) તારી જ કણીની કૃપા અમારા ઘરમાં રહેલી છે ( અમારું જે કઈ છે એ બધુ તારું જ છે ). માડી,અમારા જીવનમાં તારું અનેઢં માન છે ! આમ માડી પ્રત્યે રહેલી તેમની ઘાઢ શ્રદ્ધાની ઝાંખી આ ગીતમાં મળી રહે છે.

ડુંગરાઓમાં અને જંગલની ઝાડીઓ વચ્ચે વસેલી આ દેવલીમાડી માત્ર એમના જીવનનો જ નહી પણ અન્ય જીવચરો અને આસપાસની પ્રકૃતિનો પણ આધાર છે આ વાતને નીચેના ગીતમાં કાવ્યાત્મક્તાથી સુંદર રીતે કહેવાઈ છે,-

“ છાળી આપળે લીલ્લે પાંદડે દેવલીમાડી,જેંગાલ તુ છોડતી નખે યે,

છાળીમાં કાજા કાજા દેવલીમાડી,તી આપળે હેદણે જાહું યે,

છાળીમાં મગદા મવારા મીલી ને,તી આપળે હેદણે જાહું યે,

ગુલઅ ગુલઅ મદ આપળે ખાહું ને,આપળાહાંય તંદુરાસ્તા મીલી યે,

ડોગરાહામાં કાજા કાજા દેવલીમાડી,તી આપળે હેદણે જાહું યે,

ડોગરાહમાં જાત જાતણે જનાવારે,જનાવારે હેદીને રાજી રહું યે,

ડોગરાહમાં હાપ ડેળકે દેવલીમાડી,તી આપળે હેદણે જાહું યે,

ડોગરાહમાં ખાળી કોડ્ડે દેવલીમાડી, તી આપળે હેદણે જાહું યે,

છાળી આપળે લીલ્લે પાંદડે દેવલીમાડી,તી આપળે હેદણે જાહું યે…”

આમ આ ગીતમાં તેઓ કહેવા માગે છે કે,હે દેવલીમાડી! તું આ જંગલોની હરિયાળી છોડીને ક્યાંય જઈશ નહિ.તારા થકી જ આ જંગલો હર્યાભર્યા છે.તારા આ જંગલોમાં તો કેટકેટલું જોવા જેવું છે.અને એ બધું જ આપણે જોવા જઈશું.માડીને સંબોધીને કહે છે કે આ જંગલોમાં શું શું આવ્યું છે તે આપણે જોવા જઈશું.તેઓ માડીને કહે છે કે,જો આપણે આ જંગલોની ઝાડીઓમાં ફરવા જઈશું તો આપણને જાતજાતના મધ મળશે. આ

મીઠું મીઠું મધ ખાઈને આપણે તંદુરસ્તી વધશે.આ જંગલોમાં સાપ,દેડકા જેવા વિવિધ પ્રકારના પશુઓ - જનાવરો રહે છે.જે જોઈને આપણને અનેરો આનંદ મળશે.વળી,આ આ જેગલોમાં નાનાં નાનાં ઝરણાઓ અને નદીઓ આવેલી છે તે જોવા આપણે જઈશું,ને એના સૌંદર્યનો આનંદ આપણે લઈશું.

## ૩.૨.૮ નૂનારે ( હોળી ગીતો ) :

વનશ્રીના પર્ણો પીળા થઈને ખરવા લાગે છે અને નવી કૂપળો બેસવાની શરૂઆત થતાની સાથે જ આ લોકોના ચહેરાઓ પર એક નવી ચમક ઊભરવા લાગે છે.નવા પર્ણોરૂપી વલ્કલો ને ફૂલોના અલંકારોને ધારણ કરી રહેલી આ વનશ્રીનો વૈભવ એમના જીવનને જાણે ઉમંગ અને ઉલ્લાસથી ભરી દેતો હોય છે,ને તેથી જ તો તેની અસર તળે એમના રોજિંદા જીવન વ્યવહારમાં બદલાવ આવી જાય છે.પ્રકૃતિએ ધારણ કરેલો આ વૈભવ તિથિઓથી લગભગ અજાણ એવા આ અબૂધ જનના કાન પાસે આવીને કહી છે કે હવે આનંદ ને ઉલ્લાસના દિવસો નજીક આવી ગયા છે.આ દિવસો એટલે હોળીનો તહેવાર.

હોળી શબ્દ કાને પડતાની સાથે જ તમના રોમેરોમ ઝંકૃત થઈ ઉઠે છે.હોળી એટલે હોળી,એમના ઉત્સવોનો અનન્વય અલંકાર.બીજા કોઈ તહેવારને તેઓ એટલા ઉલ્લાસથી ઉજવતા નથી જેટલા ઉલ્લાસથી તેઓ હોળીને ઉજવે છે.પંદર વીસ દિવસ અગાઉથી જ તેઓ હોળીના તહેવારની આગોતરી તૈયારીઓ શરૂ કરી દે છે,આ તૈયારીઓમાં તેઓ કોઈ અભાવ રહેવા દેતા નથી.હાં,તેમની આ તૈયારીઓ ઠાઠમાઠવાળી નથી હોતી પણ તનમનને આનંદ અને ઉમંગથી ભરી દેનારી જરૂર હોય છે.

આ સમાજના માટે હોળી માતા છે.હિન્દુ સંસ્કૃતિની પુરાણ કથાનો એમની માન્યતાઓ પર કોઈ જાતનો પ્રભાવ વર્તાતો નથી.હોળીની પધરામણીને તેઓ મનભેર આવકારે છે,અને તેની આવ્યાની ખુશીમાં ઘેરઘેર નાચીને ફાગ ઉઘરાવવાની મજા લૂંટે છે.એટલે તો એક કહેવત અહી ખૂબ જાણીતી છે કે **‘દિવાલીએ જીચ્ચો તીયા હોલીએ નાચ્ચો’**. તેઓ હોળીના રંગે રંગાઈ જાય છે,ને એ જ તો આ તહેવારની ગરિમા છે.એનો એક બોલતો પુરાવો એટલે નૂનારા અને તેમની ફાગ ઊઘરાવવાની રીત.

આ નૂનારા ( ઘરૈયા ) ફાગણ સુદની ઊઘડતી ચાંદની રાતોમાં ઘેર રમવા અને ફાગ માંગવા નીકળી પડે છે,અને તે પણ અધિકારપૂર્વક ! તેઓ ગામ-પરગામમાં ઘરેઘર નાચતા

જઈ,ફાગ ઊઘરાવતા હોય છે.આ નૂનારાઓમાં ભાઈઓ અને બહેનોની અલગ અલગ ટોળકી હોય કાં તો પછી બંને સાથે પણ હોય.તેઓ એક પછી એક ઘરે જઈ,આંગણામાં 'ઘેર' બનાવે છે,જેમાં એક વ્યક્તિ વચ્ચે હાથમાં ઝંડો પકડીને ઊભી રહે છે.આ ઝંડો કોઈ કાપડનો નહીં પણ; એક વાંસ લઈ,તેની ટોંચ પર ખાખરા કે ભાંગરાના ફૂલ તેમજ દિવેલાના પાંદડા તેની દાંડી સમેત બાંધીને બનાવેલો હોય છે,અને ઘેરૈયા તેની ફરતે ઊભા રહીને કે નાચીને ગીત ગાતા જઈ ફાગની માંગણી કરતા હોય છે.તેમના એ ગીતોમાં  ફાગની માગણી ખુમારીભેર રજૂ થતી હોય છે.ઘેરૈયાઓની આવી અનેક ટોળકીઓ ફાગ માગવા ગામેગામ ફરતી રહેતી હોય;આખુ વાતારણ આનંદ અને ઉલ્લાસથી જાણે હોળીમય બની જતુ હોય છે.

આખા વર્ષમાં એકવાર આવતી હોળી આવી પહોંચી છે,તેના આવ્યાની એકબીજાને ખબર આપતા હોય એ રીતે નીચેના ગીતને વહેતું મૂકે છે,-

" હોલીબાય આવી રીયાલી પૂછે પટના ખર યે પૂછે પટનાહાય ખર,

પુછી પૂછીને થાકી યે બેઠી પીપલા થુડે યે,બેઠી પીપલા થુડ,

છાપઅ્ ખુગીરાલઅ્ તી પટનાહાંય ખર યે,તી પટનાહાંય ખર,

મુહલ્અ ખુગીરાલઅ્ તી પટનાહાંય ખર યે,તી પટનાહાંય ખર.."

અર્થાત 'હોળી આવી પહોંચી છે,અને આવીને તે પટેલનું ઘર પૂછે છે.કેમકે આખા ગામની અંદર જો કોઈનું સારૂ અને આગળ પડતું ઘર હોય તો એ પટેલનું ; ને એ પટેલ જ ગામનો મોભી પણ ગણાય.તેથી તે બધાને પટેલનું ઘર પૂછીપૂછીને થાકી છે,એટલે છેવટે તે પીપળાના થડ નીચે આવીને બેઠી છે.તે વખતે તેને કહેવામાં આવે છે કે ' પેલો ઘુઘરીયાળો ઝાંપો અને ઘુઘરીયાળું સાબેલું દેખાય છે તે પટેલનું ઘર છે.' તેનું આ રીતે બધાને પટેલના ઘર વિશે પૂછવા પાછળનો મતલબ એવી રીતે સમજી શકાય કે તે તમામને પોતે આવી પહોંચી છે એ વાતને આડકતરી રીતે જણાવી દે છે.ને છેલ્લે તેને ગામના લોકો  પટેલનું ઘર બતાવી આપે છે કે જે તેને આમપણ મળવાનું જ હતું.તેની સાથોસાથ,ગામમાં હોળી પટેલની આગેવાનીમાં પ્રગટાવવામાં આવતી હોય છે તે વાત પણ અહીં નીહિત છે.

આ હોળીબાઈ દેખાવે કેવી છે ? તો જાણે રૂપરૂપના અંબાર જેવી ! તેની આ મનમોહક સુંદરતાને વર્ણવતી નૂનારીઓ નીચેનું ગીત રજૂ કરે છે,-

“ હોલીબાયે બા લાંબો છેંડો તામી માળાવા ભવરીયો ગંડો,

હુરીતા સેરાલ સેરે ડાલુ તેરુ ના જડે ભવરીયો ગંડો,

હોલીબાયે બા લાંબો છેંડો તામી ગૂંથાવા ભવરીયો ગંડો,

હુરીતા સેરાલ સેરે ડાલું તેરુ ના જડે ભવરીયો ગંડો..”

અર્થાત ‘હોલીબાઈને લાંબો ચોટલો છે,એ ચોટલાને શોભાવવા માટે એમાં તેમણે **ગંડો** લગાવવો છે.પણ નૂનારીઓની મૂંઝવણ એ છે કે તેના ચોટલાને શોભાવે તેવો ગંડો લાવવો ક્યાંથી ? એ તો સુરત જેવા શહેરમાં આખું ફરી વળીએ તો પણ મળે તેમ નથી.’આમ હોળીબાઈની સુંદરતા એટલી બધી છે કે એને શોભે તેવા અલંકારો મળવા મુશ્કેલ છે.

તો હોળીબાઈએ જે આભૂષણો છે પહેર્યા છે તેની શોભા પણ અનેરી છે,તેને વર્ણવતી નૂનારીઓ ગાય છે,-

“ હોલીબાઈ યે નાકામાં મોત્ય વા,

ઝીરઅ્ વા વાય વાદળી ઝીલકે વા,

હોલીબાઈ યે નાકામાંય કાંટો વા,

ઝીરઅ વા વાય વાદળી ઝીલકે વા,

હોલીબાઈ યે બા આમાહાંય ફેરવે વા..”

અર્થાત ‘હોળીબાઈની નાકની નથણી (કાટો) અને તેમાં જડેલું જે મોતી છે;આ મોતી અને નથણી બંને ચમકી રહ્યા છે,ને તે પણ કેવા ! તો વાદળો આકાશમાં છવાઈ જાય અને હળવે હળવે પવન વાતો હોય ત્યારે એ વાદળો વચ્ચે ઝબૂકઝબૂક થતી વીજળીની જેમ !’ ને આવા રૂપરૂપના અંબાર જેવી હોળીબાઈ તેમને ફાગ માગવા માટે ઘરેઘર ફેરવી રહી છે.

હોળીબાઈનું આવું મનમોહક લાવણ્ય સૌ કોઈને અભિભૂત કરી દેનારું છે,તેને વર્ણવતા એક ગીતને પણ અહી માણીએ,-

" હોલીબાઈ ગીઇ બજારે વા,હોલીબાઈ ગીઇ બાજાર,

તાં જે દઈ હાટીરે રા,તાં જે દઈ હાટીરે,

છોડ રા સોળ હાટીરા રા હામે નેય આવું બાજાર,

હોલીબાઈ ગઈ નાકીળે વા,હોલીબાઈ ગઈ નાકીળે,

તાં જે દઈ માકળે રા,તાઅ જે દઈ માકળે,

છોળ રા છોળ માકીળા રા હામે નેય આવું લાકળે,

હોલીબાઈ ગઈ પાયણે રા હોલીબાઈ ગઈ પાયણે,

તાં જે દઈ દેડકે રા તાઅ જે દઈ દેડકે,

સોળ રા સોળ દેડકા રા હામે નેય આવું પાયણે.."

આમ 'હોળીબાઈ ખરીદી કરવા માટે બજારે જાય છે,પણ ત્યાં તેની સુંદરતાથી મોહિત થઈ વેપારી તેમનો હાથ પકડી લે છે.વાત આટલેથી જ અટકી જતી નથી; હોળીબાઈ લાકડા લેવા માટે જંગલમાં જાય છે તો ત્યાં તેને મંકોડો પકડી લે છે અને પાણી ભરવા જાય છે ત્યાં દેડકો પકડી લે છે ! હોળીબાઈ આ તમામને પોતાને છોડી દેવા માટેની આજીજી કરતા કહે છે કે તમે મને છોડી દો,હવે ફરી પાછી હું તમારી પાસે નહિ આવું ." આ તમામ ગીત રચનાઓમાં હોળી માટે લોકભોગ્ય ઉપમાઓની જે ગૂંથણી થઈ છે એ લોકહૃદયમાં વિરાજતી તેની અનન્ય મહત્તાને બતાવી આપે છે.

આ હોળીબાઈ દેખાવે જેટલી સુંદર છે એટલો જ એનો તહેવાર પણ અનેરો છે.આ હોળીબાઈ જ તો તેમને ઘરેઘર નાચવા તેમજ ફાગ ઉઘરાવવા મોકલે છે ! હોલીબાઈને ભરેભર નાચવું છે,ફરવું છે અને ફાગ માગવો છે.સરસ મજાની ચાંદની આસપાસ વેરાય રહી હોય એવા આ ઉલ્લાસભર્યા અવસરે કોણ શાંત રહી શકે ! આવા વાતાવરણમાં

હોળીબાઈ પણ તેમની સાથે નાચવા અને ફરવા જીદે ચઢયા છે.આવા સોનેરી અવસરની મજાને લૂટી લેવાની વાત કરતી નૂનારીઓ ગાય છે,-

" જીંજડો યે જીંજડો હો મોવા જીંજડો,

હોલીબાઈ નાચા રડે હો મોવા જીંજડો,

આજો દીહી નાચીલેજા હો મોવા જીજંડો,

હોલીબાઈ નાચા રડે હો મોવા જીજંડો,

બાર મઈને હોલી આવી હો મોવા જીજંડો,

જીંજડો યે જીંજડો કા મોવા જીંજડો,

હોલીબાઈ ફીરા રડે કા મોવા જીંજડો,

નાચી નાચી થાકી ગયે હો મોવા જીજંડો,

નાચી લેયા નાચી લેયા હો મોવા જીજંડો,

હોલીબાઈ નાચા રડે હો મોવા જીજંડો.."

અર્થાત 'જીંજડો એટલે કે શુક્રનો તારો આકાશમાં સોળે કળાએ નીખરી ઉઠયો છે,અને સાથે ચંદ્રની ચાંદની પણ ખરી જ.આવા રમણીય વાતાવરણમાં હોળીબાઈ ઘરેઘર ફરીને નાચવા ને નચાવવા માટે રડીને જીદ કરી રહ્યા છે.આમ,હોળીબાઈની ઇચ્છા પૂરી કરવા માટે સૌ નૂનારા મનભરીને નાચે છે અને બીજાનેય નાચવા નિમંત્રે છે,પછી ભલે તેઓ પોતે નાચી નાચીને થાકી કેમ ન ગયા હોય ! કેમકે ફરી પાછા આ દિવસો તો આવવાના નથી.

ને તેથી બાર મહીને એક વાર આવતી હોળીબાઈને હૈયાના ઉમળકાથી આવકારતા તેઓ ગાય છે,-

" બાર મઈનાણી હોલીબાય આવી નાચતી જા યે, હોલીબાય નાચતી જા,

હાડી વાટો ને યે હોલીબાય નાચતી જા યે, હોલીબાય નાચતી જા,

ખજૂર નારિયાલ ને યે હોલીબાય નાચતી જા યે, હોલીબાય નાચતી જા,

ખજૂર ચણા ને યે હોલીબાય નાચતી જા યે, હોલીબાય નાચતી જા..”

અર્થાત ‘હોળીબાઈ તું અમારી વચ્ચે બાર મહિના પછી આજે આવી છે.અમે તારા ચરણોમાં હારડા, કોપરા, ખજૂર, ચણા અને નાળિયેર વગેરે બધુ જ પ્રેમથી ધરીએ છીએ. હે હોલીબાઈ,તું નાચતીનાચતી જા’ અહીં ગીતની ધ્રુવપંક્તિમાં હોળીને નાચતા જવાની વાત કરવામાં આવી છે,તે તેમની વચ્ચેથી ચાલ્યા જવાના સંદર્ભમાં નહીં પણ એક ઘેરથી બીજા ઘરે ખજુર-કોપરા લઈને નાચતાનાચતા આગળ જવાના અર્થમાં કહેવાયું છે.આમ તો આ ગીત રજૂ કરીને ઘેરૈયાઓ આડકતરી રીતે પોતાને ખાલી હાથે ન જવા દે તે માટે હોળીબાઈનું નામ આગળ કરીને પોતાના ફાગની માગણી રજૂ કરતા હોય છે,ને એમને ખાલીહાથે કોઈ જવા પણ દેતું નથી.

આ હોળીબાઈ આગમનની સાથે જ ફાગ માગવાનો લ્હાવો લેવા માટે તેઓ નૂનારા બનીને નીકળી પડે છે.પોતાના ફાગની માગણી કરતા તેઓ ગાય છે,-

“ સોના હુપડી નાવ યે હોલીબાઈ હોઇલ્લે રમણે જાહુ વા,

હોલીબાય હોઇલ્લે રમણે જાહું.

સોના ટોપલી નાવ યે હોલીબાઈ હોઇલ્લે રમણે જાહુ વા,

હોલીબાઈ હોઇલ્લે રમણે જાહું.

હાડલી વાટલી નાવ યે હોલીબાઈ હોઇલ્લે રમણે જાહુ વા,

હોલીબાઈ હોઇલ્લે રમણે જાહું.

ચણા ખજુર નાવ યે હોલીબાઈ હોઇલ્લે રમણે જાહુ વા,

હોલીબાઈ હોઇલ્લે રમણે જાહું..”

અર્થાત તેઓ જે તે ઘરની સ્ત્રીને ઉદ્દેશીને કહે છે ‘તું સોનાની સૂપડી કાં તો ટોપલીમાં હારડા,કોપરા,ચણા કે ખજૂર વગેરે લાવીને અમને આપ ! અમે પછી હોળીએ રમવા

જઈશું ' આ દિવસોમાં વાસની સૂપડી કે ટોપલી સોનાની બની જાય એ તો સ્વભાવિક છે કેમકે ,ઘરની સ્ત્રી સૂપડા કે ટોપલામાં ફાગ લાવીને એમને આપે છે,ને આ ફાગમાં તેમને જે કઈ મળે તેને હોળીનો દિવસ આવે ત્યાં સુધી તેઓ વાપરતા નથી.હોળી પ્રગટાવ્યા પછી સૌપ્રથમ તેને ચરણે ધર્યા પછી જ પોતપોતાના હિસ્સા પ્રમાણે વહેંચીને વાપરે છે. વળી,ગીતમાં ઘરવાળી સ્ત્રીના નામને બદલે હોલીબાઈના નામનો નિર્દેશ થયેલો જોઈ શકાય છે,કેમકે હોલીબાઈની મહેરબાનીથી જ તેમને આ ફાગ મળે છે.

આ નૂનારા જ્યારે ફાગ માગવા નીકળે ત્યારે ફાગ માગવાનો જરા પણ સંકોચ કે શરમ એમના ચહેરા પર હોતી નથી,પણ ખુમારીની એક ઝલક હોય છે.કારણ કે તેમને બીજું કોઈ નહીં પણ હોળીબાઈ પોતે ઘરેઘર નાચવા તેમજ ફાગ ઉઘરાવવા મોકલે છે ! ને તેથી હોળીના આ દિવસોમાં ફાગ માગવો એ તો તેમનો અધિકાર છે.એટલે જ તો તેઓ કોઈના પણ આંગણામાં નાચતા જઈ,ગૌરવભેર ગીતને લલકારતા ગાય છે,-

" હોલીબાઈ બા માંગેહે રીગીલોલ,

આમે નેય બા માગજે રીગીલોલ,

હોલીબાઈ બા બીખારી રીગીલોલ,

હોલીબાઈ બા માંગેહે રીગીલોલ.

આમાહા નેય બા માંગેજે રીગીલોલ,

હોલીબાઈ બા માંગેહે રીગીલોલ.

જલહ દેહા તલહ લેહું રીગીલોલ,

આમે નેય બા માગજે રીગીલોલ,

ખાલી કોદરા લેનારા રીગીલોલ,

હોલીબાઈ બા માગેહે રીગીલોલ,

ખોબો દાહુ ખોબો લેહું રીગીલોલ,

આમાહા ની બા બીખારીયો રીગીલોલ.

હોલીબાઈ બા બીખારીયો રીગીલોલ,

હોલીબાઈ બા ફીરેવે રીગીલોલ,

હોલીબાઈ બા નકીટી રીગીલોલ,

હોલીબાઈ બા ફીરેવે રીગીલોલ,

ખોબો દાહું ખોબો લેહું રીગીલોલ,

હોલીબાઈ  બા ફીરેવે રીગીલોલ,

આમે નેય બા બીખારી રીગીલોલ,

હોલીબાઈ બા બીખારી રીગીલોલ..”

આમ તેઓ રૂઆબભેર કહે છે કે,‘આ ફાગ અમે માંગતા નથી એ તો હોલીબાઈ મંગાવે છે, હોળીબાઈ ભીખારી છે અમે નથી ! એ **નકટી** (શરમ વગરની)  હોળીબાઈ જ અમને ઘરેઘર ફાગ માગવા મોકલે છે,અમે કંઇ અમારી રીતે ફાગ માગવા આવ્યા નથી !’ વળી,તેમની આ ફાગ માગવાની ઉદારતા પણ જુઓ! તેઓ આગળ કહે છે કે ‘તમે ફાગમાં જેટલું આપશો એટલું જ અમે લઈશું.અમે તો માત્ર કોદરાથી પણ ચલાવી લેનારા છીએ.તમે ફાગમાં જે કઈ આપશો તેમાંથી એક ખોબો અમે હોલીબાઈને નામે ધરીશું અને એક ખોબો અમે લઈશું.’

નૂનારા તરીકેનો તેમનો આવો જ રૂઆબ બતાવતું એક બીજુ ગીત પણ મળે છે,-

“ ખાલી કોદરા લેનારી હોલકા હેંદીરા લોલ,

કજા માને લોલાયરી હેલકા હેંદીરા લોલ,

આમા ચપ્પા ઠોકીને લેનારી હેલકા હેંદીરા લોલ,

ચપ્પા ઠોકીને લેનારીઓ હેલકા હેંદીરા લોલ,

આમે નેય બા લેનારી હેલકા હેંદીરા લોલ,

હોલીબાઈ બા માગેહે હેલકા હેંદીરા લોલ,

હોલીબાઈ બા માગેહે હેલકા હેંદીરા લોલ,

આમે નેય બા માગેજે હેલકા હેંદીરા લોલ.."

અર્થાત 'અમે નૂનારીયો ફાગમાં વધારાનું ના મળે તો એકલા કોદરાથી પણ ચલાવી લેવાવાળી છીએ,પણ ફાગ તો અમે ચપ્પા ઠોકીને એટલે કે હક્કપૂર્વક લેવાવાળી છીએ,કેમકે આ ફાગ કઈ અમે માંગતી નથી,એ તો હોળીબાઈ માંગે છે.

આ નૂનારા જ્યારે પોતાના ગામમાં કે ફળિયામાં ફરીને ફાગ ઉઘરાવતા હોય છે ત્યારે જો પોતાની સખી કે મિત્રના ઘર હોય તો તેઓ ( મજાકમાં) ફાગમાં પોતાને જોઈતી વસ્તુની માંગણી પણ કરતા હોય છે,ને પોતાની સખી કે મિત્ર પાસે માંગવામાં નાનમ કે છોછ શાનો ! તેથી તેઓ એક અલગ જ અદાંજમાં ફાગ માગણી કરતા નીચેનું ગીત ગાય છે,-

"હાડલી વાટલી લે યે હોલીબાય નાચતી જા યે,હોલીબાય નાચતી જા યે,

કોયઠે કનદ્ડે હાથ ખેન છાને,રૂપિયા જ કાડ યે છાને રૂપિયા જ કાડ યે,

કોયઠે કનદ્ડે હાથ ખેન છાને ચણા જ કાડ યે,છાને ચણા જ કાડ,

હાડલી વાટલી લે યે હોલીબાઈ નાચતી જા યે, હોલીબાઈ નાચતી જા,

કોઈઠે કનદ્ડે હાથ ખેન છાને,રૂપિયા જ કાડ યે છાને રૂપિયા જ કાડ.."

આમ તેઓ ઘરની માલકણ છાનીને કહે છે કે 'છાની,તું કોઠીમાં કે કનદ્ડામાં હાથ નાખ અને એમાંથી રૂપિયા,ચણા વગેરે જે કઈ મળે તે કાઢીને અમને આપ ! નહીં તો છેલ્લે હારડા,કોપરા આપીને અમને અહીંથી નાચતાનાચતા વિદાય કર.' આમ પણ ગરીબીમાં જીવતી પ્રજા પાસે બધી વસ્તુઓ કે રાચરચીલું મૂકવા માટેની આધુનિક સગવડો હોતી નથી તેથી તેઓ અનાજ અને ખાદ્ય સામગ્રી વગેરે આ કોઠી કે કનદ્ડામાં જ મૂકતા હોય છે તેનો ચિતાર પણ આ ગીતમાં મળે છે.

નૂનારાઓને આમ તો પોતાના આંગણેથી કોઈ ખાલી હાથે જવા ના દે.છેલ્લે પોતાની ક્ષમતા અનુસાર જે કંઇ મળ્યું તે આપીને પણ એમને સંતુષ્ટ તો કરતા જ હોય છે,પણ ક્યારેક એવું બને કે ઘરની સ્ત્રી ઊંઘ,થાક વગેરે કારણે કે પછી જાણીજોઈને ફાગ આપવા માટે ઘરની બહાર જલદી ન નીકળે ત્યારે તેને ઘરની બહાર કાઢવા માટેનો ઉપાય પણ તેમની પાસે ગજબનો હોય છે,તેઓ ઘરની સ્ત્રીને ઉદ્દેશીને ગાય છે,-

" આમે આવે નૂનારે ખરાવાલે તું તે,

અવજ તોરે હુપડઅ્ વાલઅ્ ખરાવાલે તું તે,

અવજ તોરે નીચકઅ્ વાલઅ્ ખરાવાલે તું તે,

અવજ તોરે માટી વાલો ખરાવાલે તું તે,

અવજ તોરે ખાટનઅ્ વાલઅ્ ખરાવાલે તું તે,

આમે આવે નૂનારે હોલીબાયે મોકીયન્ને.."

આમ ઘરની સ્ત્રીને તેઓ કહે છે કે 'અમે નૂનારા,તારા આંગણે ફાગ માંગવા આવ્યા છીએ.પણ તું ઘરમાંથી બહાર કેમ નીકળતી નથી? શું તને સૂપડું ( કામના સંદર્ભે ) આટલું બધુ વહાલુ છે ! કે જેથી તું કામ પડતું મૂકીને આવતી નથી ! કે પછી તારું છોકરું કે તારો પતિ અને ઢાળિયો એટલા વ્હાલા છે ? કે તેમને છોડીને તું ઘરની બહાર આવી શકતી નથી !' આવી વેધક ટીખળના કારણે તેમને ફાગ તો મળતો જ પણ ક્યારેક ભાગવું પણ પડતું !

ફાગની હળવી મજાઓ લૂટવા માટે ક્યારેક તો પ્રાસ યુક્ત રચનાઓની ગોઠવણી પણ તેઓ કરી લેતા હોય છે.જે એટલીબધી અર્થસભર હોતી નથી,પણ પ્રાસના નાવિન્યના કારણે તેમના નાચણામાં જરૂર લય લાવે છે.તો જોઈએ આવી એકાદ બે રચનાઓ ,-

" બાંડો વાંદાર ટાઇન્નાલો રા,નાગજી નાચે દૂર,

નાવરા નાગજા તલવાર રા ટાઇચ્ચા કરતા દૂર."

અર્થાત 'અહી પોતાની સાથે ઘેરથી દૂર નાચી રહેલા નાગજીને પોતાનો સાથી મિત્ર બાંડો અને ઉપરથી ટાલવાળા વાંદરાની ઉપમા આપીને આડકતરી રીતે મજાક ઉડાવે છે,ને પછી આગળ કહે છે કે 'લાવ નાગજી,તું આ તલવાર મને આપી દે, ને તમે બધા ટાંટીયા દૂર કરી લો,મારે હવે મસ્તીમાં મસ્ત થઈ નાચવું છે!

ફાગની સાથે ગમ્મત માણવાના આશયથી ગાવામાં આવતું આવું બીજું એક ગીત પણ મળે છે,ઘેરમાં રમવા નીકળેલા ભાઈઓ પૂરી મોજમસ્તીથી આ ગીતને વહેતું મૂકે છે,-

" આમે આવા નૂનારા હોલીબાયે મોકીન્ના,

આમે આવા નૂનારા ખાલી કોદરા લેનારા,

આમે આવા વાછીટ્ટા,ગડી આયે આછીટ્ટા.."

આ પ્રાસાનુપ્રાસ રચનામાં કહેવામાં આવ્યું છે કે'અમે નૂનારા બનીને આવ્યા છીએ,હોળીબાઈએ મોકલ્યા છીએ.અમે તો ખાલી કોદરા લેવાવાળા નૂનારા.'અને પછી પોતાની જે હાલત છે તેની મજાક કરતા તેઓ કહે છે કે 'અમે ડીલે માત્ર લૂંગી વીટાળી છે,ને ઉપરથી ઘરડી દાદીએ ધોબીની જેમ પછાડયા છે,એવા અમે નૂનારા.' આમ અહી દાદીમાનો તો ઠીક પણ પરિસ્થિતિએ આપેલી પછડાટનો ચિતાર જરૂર મળી રહે છે.પણ તેનો કોઈ ખેદ તેમના ચહેરા પર જોવાતો નથી,આ સમયે તો નહીં જ !

આખરે,ફાગણના ધખતા દિવસો હોય નાચીનાચીને થાક તો લાગવાનો,ને સાથે તરસ પણ.વળી,આ સમયે તો કૂવાના પાણી પણ હેઠે ઉતરી ગયા હોય.તેથી થાકીપાકી હાલતમાં ઊંડેથી પાણી ખેંચવું વધારે મુશ્કેલ બની જતુ હોય છે.આવી હાલતમાં ગામની ગોરીને પાણી પીવડાવવાની વાત કરતું એક સુંદર ગીત અહી માણીએ,જે પુરૂષોના મુખે ગવાતું આવ્યું છે.તો જોઈએ તેનું શબ્દ ગૂથન,-

" ડોહા કા વેયો યે હોલીકાબાયે ઉંડો કા હેયે વા મંજુલઅ,

પાઈ પીયા લાગી વા હોલીકાબાયે પાઈ પીયા લાગી વા મંજુલઅ,

નાચી નાચી વા હોલીકાબાયે પાઈ તીરહી લાગી વા મંજુઈલ,

મોઠો કા ડોડો હે યે હોલીબાય પાઈ નાય ખેચાય વા મંજુલઅ,

મોઠઅ્ કા ચાકલઅ્ યે હોલીબાયે પાઈ નાય  નીગે યે મંજુલઅ,

મોટી કા બાલકી હે યે હોલીબાઈ કા પાઈ નાય ખેચાય વા મંજુલઅ,

પાઈ પાવી દેજે યે મંજુલા બેના પાઈ પાવી દેજે યે મંજુલઅ,

તપ્પા દીહી હેયે કા હોલીબાઈ તડકો નાગો કા મંજુલઅ..”

અર્થાત ‘હોળીબાઈનો ફાગ ઉઘરાવવા માટે ઘરેઘર નાચવાને કારણે અમને ખૂબ આકરી તરસ લાગી છે ! પણ ડોસાનો આ કૂવો ખૂબ ઊંડો છે ! ને આ ઊંડા કૂવામાંથી પાણી કાઢવા માટેનું જે દોરડું છે તે પણ જાડું અને લાંબું છે,તેની ગરગડી અને ડોલ પણ એવી જ મોટી છે,તેથી અમારાથી પાણી ખેંચાય એમ નથી !’ ને થાકેલી હાલતમાં કોઈપણ કામ કઠીન અને મોટું લાગે તે સ્વભાવિક છે.એટલે તેઓ ગામની ગોરી મંજુલાને કહે છે કે ‘તું પાણી પીવડાવીને અમારી તરસ છીપાવી દે ! જેથી આ તાપથી અમને રાહત મળે.’ તો વળી,નાચતા નાચતા પ્રિયપાત્રના ગામમાં નાચવા ગયા હોય ત્યારે તેના હાથે પાણી પીવા માટે પણ નૂનારા કોઈકના વતી આ ગીત રજૂ કરતા હોય છે,તે સમયે આ ગીત નવી અર્થછાયા પ્રગટાવતું હોય છે.

હોળીનો અવસર નજીક આવતાની સાથે હાટની મોસમ પણ શરૂ થઈ જતી હોય છે.આ હાટમાં હોલીબાઈની વધામણીની સામગ્રીની ખરીદી કરવાની સાથે શાકભાજી વગેરેની ખરીદી કરવા માટે આ માનવ મહેરામણ ઉમટી પડતું હોય છે.આ હાટનું સુંદર ચિત્રણ નીચેના ગીતમાં રજૂ થયું છે,-

“ હોલીબાય કાંદા બટાકા લાવી રે હોલીબાય નવાતોલ,

બઠીલાલ બટાકા તોલવા બેઠી યે બઠીલાલ નવાતોલ,

હોલીબાય હાડી વાટલી નાવી યે બઠીલાલ નવાતોલ,

બઠીલાલ હાડા તોલવા બેઠી રે બઠીલાલ નવાતોલ,

હોલીબાય ચણા ખજૂર નાવી રે હોલીબાય નવાતોલ,

બઠીલાલ ચણા તોલવા બેઠી રે બઠીલાલ નવાતોલ..”

આમ હોલીબાઈ પોતાની સાથે જાણે હાટની મોસમને પણ લઈને આવ્યા છે.પૂરબહારે ખીલેલી હાટની આ મોસમમાં કાંદા-બટાકાની સાથે હારડા,કોપરા,ચણા ને ખજૂર વગેરે અનેક નવી વસ્તુઓ દુકાનોમાં આવી ગઈ છે,જેને બઠીલાલ નવાતોલે તોલીને વેચી રહ્યો છે.

આ હાટમાં બધાને અનેક જાતની ખરીદદારી કરવાની હોય છે,સાલભરની મોટી ખરીદી પણ આ અવસરે જ કરવામાં આવતી હોય છે.યુવાન-યુવતીઓ અને સ્ત્રી-પુરૂષો પોતપોતાની ટોળકી બનાવીને હાટમાં ખરીદી કરવા નીકળી પડતા હોય છે.પોતે હાટમાંથી શું - શું ખરીદશે તેની વાત કરતી નૂનારીઓ ગાય છે,-

“ આમીદા બાજી મે કાંય કાય લેહું વા,આમીદા બાજી મે લોલ.

આમીદા બાજીમે સાકભાજી લેહું વા,આમીદા ભાજી મે લોલ.

આમીદા બાજીમે ગાડઅ મૂટી પયડ્ વા,આમીદા ભાજી મે લોલ.

આમીદા ભાજીમે કાંદો ભાજી લેહું વા,આમીદા ભાજી મે લોલ.

આમીદા ભાજીમે જોહરી મૂટી ગઈ વા,આમીદા ભાજી મે લોલ.

આમીદા ભાજી મે હાડલો વાટી લેહું વા,આમીદા ભાજી મે લોલ.

આમીદા ભાજી મે ગાડઅ મૂટી પયડ્ વા,આમીદા ભાજી મે લોલ...”

અર્થાત ‘આપણે હાટમાંથી લીલા શાકભાજી,કાંદા બટાકા તેમજ હારડા,કોપરા ને ખજૂર વગેરેની ખરીદી કરીશું.પરંતુ તકલીફ ત્યાં થઈ કે તેમણે ખરીદી કરેલા સામાનના ભારથી ગાડું ને ધૂસરી તૂટી ગઈ !’ આ ભલે અતિશયોક્તિ હોય,પણ અહીં આ જનસમાજનો હોળીના હાટની ખરીદીનો જે ઉત્સાહ છે તે બરાબર ઝીલાયો છે.

વારે તહેવારે મરઘી કે બકરાને વધેરીને માસ ખાવું જાણે એમનો પારંપરિક શોખ છે. તેથી હાટમાંથી મરઘી વગેરેની ખરીદી પણ અવશ્ય થતી હોય છે.હાટમાંથી ખરીદી લાવેલા

એ મરઘો કશે જતો ન રહે કે પછી તેનો કોઈ શિકાર ન કરી નાખે તે પણ જોવું પડે.તો આવા જ એક મરઘાની રખેવાળી કરતું ગીત જોઈએ,-

" હાઇટ્ટો કૂકાડ કાં ગો કાંદાહા વાડીમાં ચરને ગો,

આવતો જાતો જા પારદી મારતો નખે,

હાઇટ્ટો કૂકાડ કાં ગો ફૂનાહ વાડીમાં ચરને ગો,

આવતો જાતો જા પારદી મારતો નખે.."

અર્થાત'હાટમાંથી લાવવામાં આવેલો કૂકડો ક્યાં ગયો ? તો એ કાંદાની વાડીમાં ચણવા ગયો છે.માટે પારધી તું આવતા જતા એટલું ધ્યાન રાખજે કે તારાથી ભૂલમાં પણ અમારો કૂકડો વીંધાય ન જાય !' ને આ રીતે કૂકડાના ચણવાના સ્થળોના નામ બદલાયા કરે છે અને ગીત લંબાતું જાય છે.

આમ મહેનત મજૂરી કરીને કોઈપણ રીતે હાટમાં ખરીદી કરવા જેટલા પૈસા એકઠા કરી લેતી આ પ્રજાને,ક્યારેક પરિસ્થિતિની દારૂણતાનો ભોગ પણ બનવું પડતું હોય છે.હોળીના પ્રગટાવવાનો દિવસ આવી ગયો પણ તેને વધાવવા માટેની ચીજવસ્તુઓની સગવડ થઈ શકી નથી,ત્યારે આર્દ્રભાવે હોળીબાઈને સાંત્વના આપતા એક ગીતમાં કહેવાયું છે કે,-

" હાડલી વાટો હેય બી ને વા દેવી રડતી રય બી નેય,

હાગાય હીલટે બળબળે વા દેવી નાચે ખુળખુળ,

હાડલી વાટો હેય બી નેવા દેવી રડતી રય બી નેય,

હાગાય હીલટે બળબળે વા ઝીણી નાચે ખુળખુળ.."

કાવ્યાત્મક્તા અને લયથી ભરપૂર આ ગીતમાં કહેવામાં આવ્યું છે કે 'હે હોલીબાઈ અમારી પાસે હારડા કે કોપરા વગેરે કઈ જ નથી,મતલબ કે અમે ખાલી હાથે તને પૂજવા આવ્યા છીએ,તેથી તું રડીશ નહી.' ને પછી તરત ગીતમાં ભાવપલટો આવે છે કે 'સાગના

લાકડા ભળભળ બળી રહ્યા છે અને એ ભળભળ અવાજની સાથે દેવી હોલીબાઈ ખુળખુળ એટલે કે ઝાંઝરના છમછમ ઝંકાર સાથે નાચી રહ્યા છે,ને તેથી ઝીણી વગેરે સૌ હોળી પ્રગટયાની ખુશીમાં ખુળખુળ નાચી રહ્યા છે.' આમ, હોળીબાઈ આ બધી પૂજા સામગ્રીના નહીં પણ ભાવનાના ભૂખ્યા છે એ વાત અહીં તેમના મુખે કહેવાયેલી જોઈ શકાય છે.તો બીજી વાત એ કે તેઓ આવા અભાવ વચ્ચે પણ અવસરની મજા માણવાનું ચૂકતા નથી.

રંગોના આ ઉત્સવમાં પ્રકૃતિ પણ પોતાનો રંગ ઢોળે છે.નવા વલ્કલો ધારણ કરીને સોળે કળાએ ખીલી ઉઠતી કુદરતના રંગોનો ઉભાર જન હૈયાને પોતાની તરફ ખેંચ્યા વિના કેમ રહે ! પ્રકૃતિનો આ પૂરબહાર નીખાર આ નૂનારા ગીતોમાં ઝીલાય છે,અને તેની છાલક આપણા હૈયાને ભીંજવી જાય છે.આમ જોવા જઈએ તો પ્રકૃતિમાં આવતો બદલાવ જ એમના માટે તારીખીયાનું કામ કરતો હોય છે,ઋતુરાજના પગરણ મંડાવાની સાથે જ ખીલી ઉઠતા ફૂલોની રંગીનતા એમને સૂચવી દે છે કે હવે જિંદગીની ખરી મજા માણવાના દિવસો આવી ગયા છે,ને મજા માણવાનું આહ્વાન ખુદ હોલીબાઈ આપે છે તેથી જ તેઓ ગાય છે કે,-

" ખાખરઅ ડોન્ખઅ ડોનખાયઅ્,

હોલીબાઈ નૂને જ રમાડે,

હાંબરઅ ડોન્ખઅ ડોનખાયઅ્,

હોલીબાઈ નૂને જ રમાડે,

બાંગરઅ ડોન્ખઅ ડોનખાયઅ્,

હોલીબાઈ નૂને જ રમાડે.."

અર્થાત ખાખરો,શીમળો અને ભાંગરાને કળીઓ બેસી ગઈ છે,અને આ જ ફૂલો તો ઋતુરાજની શોભામાં પ્રાધન્યતા ધરાવનારા છે.સોળે કળાએ ખીલી ઉઠતા આ ફૂલો જાણે હોલીબાઈનો સંદેશો લઈને આવી પહોંચે છે કે હવે ફાગની મજા માણવા માટે નીકળી પડો ! તેથી જ તો તેઓ કહે છે કે 'ખાખરો,શીમળો અને ભાંગરાને કળીઓ બેસી ગઈ છે,ને તેથી હોલીબાઈ અમને નૂનારા રમવા મોકલે છે.'

તો વનશ્રીની માદકતાનો નશો તેમની રગેરગમાં દોડી રહ્યો છે તેની પ્રતિતી  નીચેના ગીતમાં થયા વગર રહેતી નથી,-

" બાંગીરા ફૂલે  ચડી રેહેલે રામા સામીયા

કોહો હેજા માને  જાહેલા રામા સામીયા

ખાખુયરા ફૂલે ચડી રેહેલે રામ સામીયા

ગીરીજા હેજા માને જાહેલા રામ સામીયા

બાંગીરા ફૂલે ચડી રેહેલે રામ સામીયા

લીંબું હેજા માને જાહેલા રામ સામીયા

ખાખુયરા ફૂલે ચડી રેહેલે રામ સામીયા

હોલી બાયે માને જાહેલી રામ સામીયા.."

આમ વસંતના પર્યાય સમા કેસૂડો,શીમળો અને ભાંગરાની ડાળીએ ડાળીએ લચી પડેલા ફૂલોનો નશો ગીતની નાયિકાને એવો તો ચડી ગયો છે કે તેને કશું ભાનશાન રહ્યું નથી.તેથી તે કહે છે કે 'આવી હાલતમાં મને કયો 'હેજો' ( ભાભીનો ભાઈ )  પકડશે કે સંભાળશે ?' તેના જવાબરૂપે પછીની પંક્તિઓમાં પોતાની સખીઓના હેજાના નામ લેવાતા જાય છે,ને સાથેસાથે હોળીબાઈને પણ પોતાને સંભાળી લેવાનું તે કહે છે.આ સમાજમાં 'હેજહો' અને 'હેજીહી' એ એવા પાત્રો છે કે તેમની વચ્ચેના સબંધો સમાજમાં સ્વીકાર્ય છે,જે લગ્નમાં પરિણમતા હોય છે.તેથી હેજાને કરવામાં આવેલા સંબોધનની પાછળ એના હૃદયમાં રહેલો પ્રણયનો છુપો ભાવ પણ અહીં જોઈ શકાય છે.પ્રકૃતિની વસંતની જેમ પોતાના જીવનની વસંત સમા યૌવનનો નશો પણ એમની રગેરગમાં દોડી રહ્યો છે,તેથી આ જોબનને સંભાળી લેવાની વાત તે પ્રકૃતિના માધ્યમથી અહીં કરે છે.

આ ખાખરા અને ભાંગરાના ફૂલ જેવી નાજુક જુવાનડીના માગા એટલે કે કહેણ આવવાના પણ આ સમયમાં શરૂ થઈ જતા હોય છે.જ્યારે પહેલું માગું આવે ત્યારે કન્યાના કેવા મનોભાવ હોય છે? તેનું હૃદયસ્પર્શી નિરૂપણ તેમના નૂનારામાં જાવા મળે છે,-

" બાંગીરા ફૂલે ગબડી પયડે બટકાણ વીટયો યે યે,

ઓગુરા ગોવાલ ડોબેહે ટુંગેહે રાખેહે પેલી જ માંગણી હે યે,

બટકાણે ખોલો તાંબીલ પયડો ઓગુ રા ગોવાલ ટુંગેહે મારા પહેલી જ માંગણી હે યે,

ખાખીયરા ફૂલે ગબડી પયડે બટકાણે ટોલકીયો યે યે,

ઓગુરા ગોવાલ ડોબેહે ટુંગેહે રાખેહે પેલી જ માંગણી હે યે,

બટકાણે ખોલો તાંબીલ પયડો ઓગેરા ગોવાલ ટુંગેહે મારા પેલી જ માંગણી હે યે,

હાંબુરા ફૂલે ગબડી પયડે બટકાણે ટોલકીયો યે યે,

ઓગુરા ગોવાલ ડોબેહે ટુંગેહે રાખેહે પેલી જ માંગણી હે યે,

બટકાણે ખોલો તાંબીલ પયડો ગોવાલ ટુંગતો યે યે.."

અર્થાત 'ગીતની નાયિકા શણગાર સજવા માટે સખીઓ સાથે મળીને ખાખરા અને ભાંગરાના ફૂલો વીણી રહી છે.ત્યાં તેને વિક્ષેપ પાડવા કે પોતાના પ્રેમનો એકરાર કરવા; એક જુવાનીયો ગોવાળ લપાતો છુપાતો ત્યાં આવી ઊભો રહી જાય છે.તેથી નાયિકા તેને વિનવણી કરતા કહે છે કે 'મારી આ પહેલી માગણી માટે તું તેને તોડવાની કોશીશ ના કરીશ' એવું સૂચન કરીને તે તેને ત્યાં જ અટકી જવાનું કહે છે,ને ગોવાળ કોઈ હરકત ના કરે તેની ગભરામણમાં નાયિકાનો ફૂલોથી ભરેલો ખોળો છૂટી જાય છે અને બધા ફૂલો નીચે વેરાય જાય છે.આમ નવા સબંધે બંધાવા જઈ રહેલી કન્યાના મનોભાવોને અહીં સુંદર વાચા મળી છે.

તો અન્ય એક નૂનારામાં સામાજિક સબંધોની કેટલીક મર્યાદા અને મોકળાશને પ્રકૃતિના માધ્યમથી કેવી અસરકારક વાચા મળી છે તે જોઈએ,-

" ખરા પાછાલી આમની નંદે નંદે આવી યે,નંદે નંદે આવી.

ઈરતી ફીરતી જો નણાંદ ખોલો વાલતી જો,નણાંદ ખોલો વાલતી જો.

અખીરો મારે જેઠહો દૂરથી ડૂલી જામ યે,દૂરથી ડૂલી જામ.

કમ્બાયડો મારે દેરહો ડોટે વાજતી જામ યે,ડોટે વાજતી જામ..”

આમ ઘર પાછળની આમલી  લૂમે લૂમે આવી છે.માટે નાયિકા પોતાની નણદને કહે છે કે ‘તું હરતીફરતી જા અને ખોળો વાળીને તેમાં આમલી વણી લાવ.’ જોકે નાયિકા પોતે પણ આમલી વણવા જશે પણ તે કેવી રીતે જશે તેની વાત કરતા તે કહે છે કે ‘આ અઘેડાનો છોડ મારો જેઠ છે તેથી હું તેનાથી દૂરથી જ જતી રહીશ,નજીકથી તો નહી જાઉં.પણ કવાડિયો તો મારા દિયર છે એટલે હું તો તેની સાથે અથડાઈને ( આમલી વણવા) જઈશ.’આ અઘેડો કાંટાળા ફૂલોવાળો છોડ છે,જો તેને અડકીને પસાર થઈએ તો તેના કાંટાળા ફૂલ આપણા  શરીર પર ઉઝરડા પાડી દેતા હોય છે,તેથી તેની નજીક જવા જેવું હોતું નથી.એવી જ રીતે જેઠ પણ આ અઘેડા જેવા આકરા હોય છે. જ્યારે કવાડિયો તો એવો છોડ છે આપણે તેને અડકીએ કે તેની ઉપર આળોટીએ તોયે આપણને કંઈ નુકશાન થતું નથી,પણ ઉલટાની મજા આવે,ને આ કવાડિયા જેવો તેનો દિયર છે.આમ એક વહુને જેઠ પ્રત્યે રાખવી પડતી મર્યાદા અને દિયરના સાથેના સબંધોની મોકળાશને અહીં સુંદર વાચા મળી છે.

આ સમયે છૂપી રીતે પ્રણયના ફાગ પણ ખેલાતા હોય છે,પણ પ્રેમની વાતો કંઇ છૂપી રહે ? એ તો કોઈપણ રીતે બહાર આવી જ જવાની,તેની પ્રતીકાત્મક રજૂઆત નીચેના ગીતમાં કરવામાં આવી છે,-

“ કાકડઅ્ માટળઅ્ સીરમીલઅ્ યે સીરમીલઅ્ યે,પડી હેલી ગાર પડી હેલી ગાર.

વાડી વેનો તાણાયો યે, તાણાયો યે,જાયણઅ્ બદે ગામ જાયણઅ્ બદે ગામ.

જાગતી હુવજે યે ગુલે ચોર ચીમાયો,ગુલે ચોર ચીમાયો..”

અર્થાત‘હોળીનો તહેવાર નજીક આવતાની સાથે જ ઘરને લીપીગૂપીને તૈયાર કરી દેવામાં આવતા હોય છે.આ માટે ગુલીએ છાણ અને લાલ માટીનો ગારો પોતાના આંગણામાં બનાવી રાખ્યો તો છે પણ એ ક્યારનો એમને એમ પડી રહ્યો છે.તો તેનું કયું કારણ હશે ? તેનો ભેદ પછીની પંક્તિમાં ખૂલે છે કે ‘ગુલીના ડીલે વાડનો વેલો ઘસાયો છે એટલે કે વેલાના ઉઝરડા પડયા છે,ને તેની જાણ આખા ગામને થઈ ચૂકી છે.’ મતલબ કે તેની ચોરી પણ પકડાઈ ગઈ છે અને ગારો એમ જ પડી રહેવાનું કારણ પણ મળી ગયું

છે.એટલે અંતે ગુલીને કહેવામાં આવ્યું છે કે 'ગુલે,તું જરા જાગતી હાલતમાં જ ઊંઘજે કેમકે ચોર ક્યાંક છૂપાઈને બેઠો છે.'

નાચવાનો કેફ તેમનામાં ભારોભાર ભરેલો છે.નાચણાની ખળીમાં વારે તહેવારે નાચવું અને અવસરનો લુત્ફ ઉઠાવવો એ તેમની પરંપરા રહી છે.સાથે,ખેતી અને પશુપાલન સાથે જોડાયેલા આ સમાજમાં મોટાભાગના જુવાન જુવાનડીઓ ધણ ચરાવવાનું કામ કરતા ,ને તેથી પશુઓને ચરાવતા જઈ તેમની વચ્ચે અનેક રમતો અને તોફાન મસ્તીઓ થતી રહેતી.બપોરના સમયે ધણને મહુડા જેવા કોઈ મોટા ઝાડ નીચે બેસાડી દીધા પછી નાચવું અને રમવું એ પ્રવૃત્તિ મુખ્ય રહેતી.આવા જ એક નાચણામાં શાનભાન ભૂલીને નાચવા જતા પોતાના કમરબંધ અને નથણી વગેરે ખોઈ બેઠેલી ભાભી તેના દિયરને તેની આ વસ્તુઓ શોધી આપવાની જે આજીજી કરે છે તેની સુંદર રજૂઆત નીચેના નૂનારામાં થઈ છે,-

" બારાઘાટામાં રમણઅ માત્ય વેલ્લી ખોવાય ગી,દેરુ વેલ્લી ખોવાય ગી,

બળે રા તો રમણઅ હોગઅ વેલ્લી હોદી દે,દેરુ વેલ્લી હોદી દે,

ઘોરેરાબાયરે ગાળી દેતે વેલ્લી હોદી દે,દેરુ વેલ્લી હોદી દે,

પાનખાચામાં રમણઅ માત્ય વેલ્લી ખોવાય ગી,દેરુ વેલ્લી ખોવાય ગી,

બળે રા તો રમણઅ હોગઅ વેલ્લી હોદી દે, દેરુ વેલ્લી હોદી દે,

ઘોરેરાબાયરે ગાળી દેતે વેલ્લી હોદી દે,દેરુ વેલ્લી હોદી દે,

બારાઘાટામાં રમણઅ માત્ય ફૂલડી ખોવાય ગી,દેરુ ફૂલડી ખોવાય ગી,

બળે રા તો રમણઅ હોગઅ ફૂલડી હોદી દે,દેરુ ફૂલડી હોદી દે,

ઘોરેરાબાયરે ગાળી દેતે ફૂલડી હોદી દે,દેરુ ફૂલડી હોદી દે..."

અર્થાત રમતો રમવામાં અને નાચણું નાચવામાં પોતાનો કમરબંધ અને નથણી વગેરે ખોઈ બેઠેલી ભાભી પોતાના દિયરને કહે છે કે 'આ બારઘાટમાં ( ખાડી કે નદીના ઓવારામાં ) આપણી વચ્ચે જે રમતો જામી હતી એમાં મારો કમરબંધ ક્યાંક ખોવાઇ ગયો

છે,અને આ કમરબંધ ખોવાવા પાછળનું કારણ બીજું કોઈ નહિ પણ આ નાચણું છે,તેથી નાચણા પ્રત્યે રીસ દાખવતા તે કહે છે કે, બળ્યું તારું આ નાચણું ! બસ, તું મને મારો કમરબંધ શોધી આપ ! કેમકે સૂની કમર જોઈને ઘરે બધા ગાળો આપે છે,ઠપકો આપે છે, માટે હવે તું મને મારો કમરબંધ શોધી આપ.' ને પછી આ રીતે નાચણું અને રમતો માટેના સ્થળો અને ખોવાયેલી વસ્તુના નામ બદલાતા જાય છે અને ગીત લંબાતું જાય છે.આવી જ એક બીજી ગીતરચનાને પણ માણીએ,-

" બોરાવારામાં રમણઅ પઇડઅ્ ઈહલી ખોવાય ગોય,

દેરુ ઈહલી ખોવાય ગોય.

બોપીયરે ડોબે ગોઠાડી દેને ઈહલી હોદી દે,

દેરુ ઈહલી હોદી દે.

બોરાવારામાં રમણઅ્ પઇડઅ્ ફૂલડી ખોવાય ગોય,

દેરુ ફૂલડી ખોવાય ગોય.

બોપીયરે ડોબે ગોઠાડી દેને ફૂલડી હોદી દે,

દેરુ ફૂલડી હોદી દે.."

અહી પણ ' ભાભી પોતાના દીયરને પોતાની શીશી અને નથણીને શોધી આપવાની વિનંતી કરતા કહે છે કે 'આપણી વચ્ચે ચોકમાં જે નાચણું જામ્યું હતું એમાં મારી( દારૂની) શીશી અને નથણી કશેક ખોવાઇ ગઈ છે,અને આપણે તો હવે ધણને પણ ઝાડના છાંયડામાં આરામ કરવા બેસાડી દીધું છે,તેથી આ જે સમય મળ્યો છે તેમાં તું મને શીશી અને નથણી શોધી આપ.' કારણ કે જો આ વસ્તુઓ ના મળી તો પછી ઘરે ગાળો ખાવાનો વારો આવશે.આમ,ભાભી અને દિયર વચ્ચેના મૈત્રીપૂર્ણ સબંધને આ ગીતોમાં જોઈ શકાય છે,ને તેથી જ તો ભાભી બીજા કોઈને નહી પણ દિયરને જ પોતાની વાત કરે છે.

આ પ્રકારે જામતા નાચણાનો કેફ વધારવાનું કામ પાવરી વગેરે વાદ્યો કરતા હોય છે.તેમને મન પોતાના વાદ્યોનું મહત્વ કેટલું છે તે નીચેના ગીત પરથી સમજાય છે,-

" પાગા મૂંડી દેહીરા ગોવાલ પાવરી દે ઉતાડી, માને પાવરી દે ઉતાડી,

પાગા મૂંડીને કાય કોય બટકા પાવરી નેય ઉતાડું,મા પાવરી નાય ઉતાડું,

હાથા મૂંડી દેહીરા ગોવાલ પાવરી દે ઉતાડી, માને પાવરી દે ઉતાડી,

હાથા મૂંડીને કાય કોય બટકા પાવરી નેય ઉતાડું,મા પાવરી નાય ઉતાડું,

હના વેટી દેહીરા ગોવાલ પાવરી દે ઉતાડી,માને પાવરી દે ઉતાડી,

હના વેટીલ કાય કરું બટકા પાવરી નેય ઉતાડું,મા પાવરી નેય ઉતાડું,

પાગાહાંય ટલો દેહી રા ગોવાલ પાવરી દે ઉતાડી,માને પાવરી દે ઉતાડી,

પાગાહાય ટલાલ કાય કરું બટકા પાવરી નાય ઉતાડું,મા પાવરી નાય ઉતાડું..."

આમ અહી ગીતની નાયિકા પાવરીવાળાને ઘડીકમાં ધમકી તો ઘડીકમાં પ્રલોભનો આપતા કહે છે કે 'ગોવાળીયા,તું મને તારા ગળામાંથી પાવરી ઉતારીને આપી દે,નહી તો હું તારા પગ અને હાથ તોડી નાખીશ !' ત્યારે શાંતિથી વળતો જવાબ આપતો ગોવાળીયો કહે કે 'તું મારા પગ અને હાથ તોડીને શું કરીશ ? હું કંઇ પાવરી ઉતારવાનો નથી.' ગોવાળનો આવો જવાબ સાંભળીને નાયિકા તેને વિવિધ પ્રલોભનો આપતા કહે છે કે 'હું તને સોનાની વીંટી,પગમાં પહેરવાના બૂટ વગેરે આપીશ પણ તું મને આ પાવરી આપી દે.'પણ તેના આવા પ્રલોભનોથી ગોવાળનું મન પીગળતું નથી એ તો કહે છે કે 'આ બધી વસ્તુંઓનું હું શું કરીશ ? આ બધી વસ્તુઓ મારી પાવરી તોલે આવે એમ નથી અને તેથી હું તને મારી પાવરી નહી આપું.

પ્રકૃતિની પ્રભાવકતા આ ગીતોમાં એટલી બધી ઝીલાયેલી જોવા મળે છે કે તેની નાની નાની બાબતો પણ તેમાં ગૂંથી લેવામાં આવી છે.ખેતરોની પાળ પર તેમજ સીમમાં અહીંતહીં ભાંગરાના ફૂલો ખીલી ઉઠ્યા છે,અને એ ફૂલો જેમજેમ ખરતા જાય તેમતેમ તેના પર સીંગો ફૂટવા લાગે છે,અને આ સીંગોને પોપટો ફોલી ફોલીને ખાય રહ્યા છે,તેનું વર્ણન કરતા તેઓ ગાય છે,-

" બાંગરા હીંગુ બા કાડયો પોપટી ફૂલી ખાય વા,પોપટી ફૂલી ખાય વા.

વાડી વાડી વા બાંગરો,બાંગરા હીંગુ બા કાયડો,પોપટી ફૂલી ખાય વા..”

આવું જ એક બીજું જોડકણા જેવું ગીત મળે છે,અહીં તેમની પ્રકૃતિને જોવાની ઝીણવટભરી દ્રષ્ટિનો પરિચય મળી રહે છે,-

“ પાઈરી પીપુરી પાકી તાં તે નેડાળઅ્ ડોલાઇરઅ્ દેય રે,

મામાની ગાય છૂટી તાં તે ધૂમાડો વેરતી જાય છે.”

આમ પીપળી (પીપડો ) પર ફળો પાકી ગયા છે અને તે ખાવાનો મોકો શોધવા કાગડો તાકીને બેઠો છે.તો બીજી બાજુ  દોરડામાંથી છૂટીને આમતેમ દોડતી જતી ગાય ધૂળની ડમરીઓ વેરતી જઈ રહી છે.

વનવગડામાં થતા ફળોના સ્વાદની મજા લેવા માટે યુવાન યુવતીઓ પોતપોતાની ટોળકી બનાવીને સીમ ને વગડામાં પહોંચી જતા હોય છે.આ વાતને પણ તેઓ આ ગીતોમાં રજૂ કરે છે કેમકે આ એ સમય છે કે જે તહેવારની સાથે બીજી અનેક મજા માણવાના અવસરો લોકો સામે ધરી દે છે,જોઈએ આવું એક ગીત,-

“ પાનખાચામી લીબડી વા લીબડી લોરયા દે કા મીઠુ બોરી,

ચાલ સંગાતી જસુ આપા બોરે ખાવા જાહું કા મીઠુ બોરી,

બોરા બોઅલી ગાડલી આપા ગાડલી ખેચાવી લેહું કા મીઠુ બોરી..”

આમ,સીમની ઝાડીઓમાં રહેલી લીંબુડી પવનમાં લહેરાઈ રહી છે,અને તેની સાથે મીઠી બોરડી પણ.તેથી ગીતની નાયિકા પોતાની જોડીદાર જશુંને કહે છે કે ચાલ આપણે બોર ખાવા જઈએ,ને આ જશુ બોર ખાવા માટે તેની સાથે આવવા તૈયાર થાય તે માટે નાયિકા તેના મનમાં બોર માટેની લાલચ જગાવતા કહે છે કે ‘આપણે ગાડું ભરીને બોર લઈ આવીશું.’

વળી આ મોસમમાં શિયાળુ ઘઉંનો પાક ખેતરોમાં લહેરાય રહ્યો હોય છે,તેનું કેવું સુંદર શબ્દચિત્ર નીચેના ગીતમાં ઝીલાયું છે તે જોઈએ ..

" મામે ઠોકી ગુગુરી તેં તેં નાચે મોર વા,તેં તેં નાચે મોર,

મામે વયી ગવારી તાં પડીકો મોર વા તાં પડીકો મોર,

ફૂયે વયી ગવારી તાં પડીકો મોર વા તાં પડીકો મોર,

ફૂયે ઠોકી ગુગુરી તેં તેં નાચે મોર વા તેં તેં નાચે મોર,

મામે ઠોકી ગુગુરી તેં તેં નાચે મોર વા તેં તેં નાચે મોર .."

આમ,મામાએ ખેતરમાં ઘઉં વાવ્યા છે અને ત્યાં મોર આવીને પડે છે.મામા એ મોરના પગમાં ઘુઘરી બાંધે છે,અને મોર મસ્ત બનીને થૈં..થૈં નાચે છે.પ્રકૃતિ પ્રેમનું કેવું સુંદર કલ્પન! આ જ ભાવને ફોઈનું નામ લઈને ફરીથી દોહરાવવામાં આવે છે.

આ ઘઉંનો મોલ તૈયાર થતાની સાથે તની કાપણી પણ શરૂ થઈ જતી હોય છે,તો આ કાપણીની મજૂરીએ જવાની વાતને તેઓ કેવી સહજતાથી પોતાના ગીતોમાં વણી લે છે તે જુઓ,-

" ચીકણી ચીકણી બોઅયો ઘવ્યે વાડા જાસું,ઘવ્યે વાડા જાસું,

ઘવે વાડી વાડી થાકેલી હોઇળે રવાં જાસું,હોઇળે રવાં જાસું."

આમ આપણે સરખેસરખી જુવાનડીઓ ઘઉં કાપવા જઈશું અને આખો દિવસ ઘઉં કાપવાનો છે થાક લાગશે તેને ઉતારવા આપણે નૂનારા રમવા જઈશું.આમ કામના થાકને આનંદમાં ફેરવી નાખવું એ જ તો તેમની ખાસિયત છે.

આપણે આગળ જોયુ કે આ નૂનારા ફાગણના શુક્લપક્ષની નીતરતી ચાંદની રાતોમાં ઘેર રમવા ને ફાગ માંગવા માટે નીકળતા હોય છે,આવી સુંદર રાત્રીઓમાં ચોપાસ ચંદ્રમાંની ચાંદની રેલાઈ રહી હોય ત્યારે વાતાવરણની માદકતા તેમના મનને પ્રભાવિત કર્યા વિના કેમ રહે ! દિવસે દિવસે નિખરતી જતી ચંદ્રમાંની શોભાને વર્ણવતા તેઓ ગાય છે,-

" ચાંદ ચાંદીણીનો ચાંદ માથે ડોલે રે,

આવ્યા દરજીડાને ઘેર માથે ડોલે રે,

ચાંદ ચાંદીણીનો ચાંદ માથે ડોલે રે,

આવ્યા વેપારીને ઘેર માથે ડોલે રે,

ચાંદ ચાંદીણીનો ચાંદ માથે ડોલે રે,

આવ્યા હોલિકાના દેશ માથે ડોલે રે.."

અર્થાત સૌંદર્યથી મઢેલી ચાંદની રાત છે,અને તેને પોતાના તેજ અને શીતળતાથી ભરી દેનાર ચંદ્રમાં આકાશમાં ડોલી રહ્યો છે,જાણે તેને પણ આ નૂનારાની  આનંદમસ્તી અને ઉલ્લાસિતતાનો કેફ ચડયો છે.આવી નજાકતભરી રાત્રીમાં તેઓ પહેલા દરજીને ઘર અને પછી વેપારીના ઘરે એમ નાચતા નાચતા આખા ગામમાં ફરે છે અને ફાગ ઊઘરાવે છે.છેલ્લે તેઓ કહે છે કે અમે હોલીકાના દેશમાં આવી પહોંચ્યા છે અને અમારા ઉપર આકાશમાં ચાંદમામા ડોલી રહ્યા છે,મતલબ કે આ દિવસો હોલીબાઈના આગમનની વધામણીના દિવસો છે જે બાર મહિને એકવાર આવે છે,અને તેથી જ કદાચ તેની રાત્રીઓ પણ આટલી સુંદર અને ઉલ્લાસવર્ધક છે.

આ ચંદ્રમાંની સાથે શુંક્રના તારાનું તેજ પણ પૂર્ણ કળાએ ખીલી ઉઠતું હોય છે. નભોમંડળમાં ચંદ્રની સાથે સૌથી પહેલા દેખાઈ દેતા આ શુક્ર તારકનું તેજ માનવમનમાં જે ઉન્માદ જગવે છે તેની વાત કરતા તેઓ ગાય છે,-

" જીજંડો ઓરપાયો વડા પાનામાં,

ગીરજા કમરારે ઝીણી હાકાલ,

ગીરજા નાચેહે ખુળખુળ્યા મે.

જીજંડો ઓરપાયો આમલી પાના મે,

ગીરજા હાથામે ઝીણી હાકાલ,

ગીરજા નાચેહે ખુળખુળ્યા મે.."

આમ શુક્રનું તેજ ધરતી પર વેરાય રહ્યું છે,અને તે વડ,આમલી કે આંબા જેવા ઘેઘુર વૃક્ષોના પાંદડા અને ઘટાઓને ભેદીને નીચે પડી રહ્યું છે.અને આ સૌંદર્યસભર રાત્રીના ઉલ્લાસજનક વાતાવરણમાં ગીરજા અને તેની સખીઓ છનછન મસ્ત બનીને નાચી રહી છે.ગીરજાની કમરે કંદોરો બાંધ્યો છે તો નીમુના હાથમાં ઝીણી સાકળી બાંધેલી છે,અને તેનો ઝંકાર તેમના નાચણામાં સંગીતનો લય ઉમેરે છે અને તેઓ વધુ મદમસ્ત બનીને નાચતા જાય છે.

અને છેલ્લે,હોળીબાઈની વાત નીકળે અને મહુડાના રસની વાત ન થાય તો જ નવાઈ.આમ તો મહુડાના ફૂલો ચૈત્રમાં પાકીને પડતા હોય છે પણ જે ફૂલો વહેલા બેસી ગયા હોય તે આ ફાગણમાં જ પાકીને પડવા લાગે છે,અને આ નવા ફૂલોનો રસ ચાખવો એ જાણે એમના માટે મોટી મિજબાની બની જાય છે,તો ક્યારેક એ મજાને બગાડી પણ નાખે છે.રસનું વધુ પડતું સેવન કેવી રીતે ઝગડામાં પરિણમે છે તેનું કથનાત્મક અને રમૂજી વર્ણન નીચેના ગીતમાં વણી લેવામાં આવ્યું છે.જોઈએ ગીતની શબ્દરચના,-

" ડોહો ને ડોહની મોવડી ઠાઈણી લોલુંબા લેંબુડો,

દીહા પાહી દીહી જાતા છડાતી મંડી લોલુંબા લેંબુડો,

દીહા પાહી દીહી જાતા કલાતી મંડી લોલુંબા લેંબુડો,

દીહા પાહી દીહી જાતા પડતી મંડી લોલુંબા લેંબુંડો,

દીહા પાહી દીહી જાતા તી મોવળે નાખી દેહું લોલુંબા લેંબુંડો,

દીહા પાહી દીહી જાતા તી મોવળે આવી ગયે લોલુંબા લેંબુંડો,

કાહટી ચીરીને પડગીઈય કદઅ લોલુંબા લેંબુડો,

દીહા પાહી દીહી જાતા લોલુંબા લેંબુંડો,

ડોહા ચાખી હેદજે લોલુંબા લેંબુંડો,

દીહા પાહી દીહી જાતા લોલુંબા લેંબુંડો,

ડોહાણે પાટવે ઠોકચો નેરા ડોહનીયે નેરા લોલુંબા લેંબુંડો.."

આમ આ ગીતમાં જાણે કોઈ વાર્તા કહેવાતી હોય એવી રીતે એક પ્રસંગની વાત કરતા ગાવામાં આવ્યું છે કે,એક ડોસો ને ડોસી મહુડો રોપે છે,દિવસ પર દિવસ જતા તે મહુડી ધીરે ધીરે મોટી થવા લાગે છે,તેને નવી નવી શાખાઓ ફૂટતી જાય છે.અને પછી એ મહુડીને ફૂલો બેસે છે અને પાકીને પડવા લાગે છે.ડોસા ડોસી માટે એ તો આનંદનો અવસર બની રહે છે.અને તેઓ આથવા માટે નાખી દે છે બે ત્રણ દિવસમાં આવી જાય છે.હવે,દારૂ ગાળવા માટે હાંડા ઉપર કોરેલું માટલું ( પડગીયઅ્) ઊંધું વાળી,તેની સાથે વાંસની પોલી નળી જોડીને એ દારૂ તાંબડીમાં પાડવામાં આવે છે,ને આ પડગીયામાંથી વરાળ બહાર ન નીકળે તે માટે ભીનું કપડું વીટાળવું પડતું હોય છે પણ એમાટેનું લૂગડું એમની પાસે નથી, તેથી ડોસો કાછડીનું લૂંગડું ચીરીને પડગીયઅ્ બાંધીને દારૂ ગાળે છે.પછી ડોસી ડોસાને કહે છે કે - જરા હવે ચાખી તો જો.ને પછી બંને પેટભરીને પીએ છે.આવી નશીલી હાલતમાં ભાન ભૂલી જવાના કારણે ડોસી ડોસાને લાત મારી બેસે છે.આમ, મહુડાનો રોપો રોપવાથી લઈ તે ફૂલ બેઠા અને તેનો દારૂ પીતા કેવી હાલત થઈ તે વાત ખરેખર ધ્યાનાકર્ષક રીતે કહેવાઈ છે.

### ૩.૨.૯ પ્રકૃતિ ગીતો

પ્રકૃતિના સંતાન ગણાતા આ જનસમૂહનું જીવન વનશ્રીની ગોદમાં ખીલ્યું અને વિકસ્યું છે.કુદરત તેમના જીવનનું એક અભિન્ન અંગ છે.પોતાના જીવનનિર્વાહ માટે વન વગડાને ખૂંદતી રહે છે,તો સાથે ફળોનો લુફત પણ તેઓ ઉઠાવતા રહે છે.વન વગડામાં કુદરતી રીતે ઊગી નીકળતા જાબુંડા,કરમદા કે બોર જેવા ફળો ખાવા જવાની અનેરી મજા તેઓ માણતા રહે છે.જાબુંડાના ઝાડ પર ફળો પાકતાની સાથે યુવાન યુવતીઓ જાબુંડા ખાવા પહોંચી જતા હોય છે.યુવાનોને ઝાડ પર ચડીને જાબુંડા પાડવાનું કહેતી જુવાનડીઓ ગાય છે,-

“ ઊંચે જામણે જામણે પાકે કાય મારુ બાયા રા,

ઊંચે ચડીને હીડલી દેજે કાય મારુ બાયા રા,

ઠંગી ઉબડી વેસી ખાજે કાય હીના લઅંડે યે,.”

આમ જાંબુડાના ઊંચા ઝાડ પર જાંબુડા પાક્યા છે.તું ઊંચે ચડીને ડાળીઓ હલાવી દે.જેથી એકસામટા જાંબુ નીચે પડી જાય.ને પછી પોતાની સખીની મજાકમાં કહે છે કે તું તું વાંકી વળીને કે પડીને હાથમાં આવે તને ખવાય એટલા જાંબુડા વણી ખાજે.કરમદા ખાવા ગયેલી પ્રેમીઓને મળવાનો તેમજ એકરાર કરવાનો અવસર મળી રહેતો હોય છે.

" કમદે ખાણે ગોય યે હીના કાસડો ફેરવાય ગો કમદા જાલીમાં,

લીલી હોટી લે રા બાયા કાસડો નીકલી જાય કમદા જાલીમાં,

બોરે ખાણે ગોય યે હીના કાસડો ફેરવાય ગો બોરહા જાલીમાં,

લીલી હોટી લે રા બાયા કાસડો નીકલી જાય બોરહા જાલીમાં,."

અર્થાત,કરમદા ખાવા ગયેલી હીનાનો કાસડો કરમદાની જાળમાં ભેરવાય ગયો છે,તેથી ગીતના નાયકને કહેવામાં આવ્યું છે કે ' તું કાંટામાં ભેરવાયેલા કાસડાને લીલી સોટથી માર જેથી તે નીકળી જાય.'આ સાથે તેની લીલી સોટીનો પ્રહાર હીનાના હૈયા પર પણ થવાનો જ છે એ વાત પણ અહીં તરત સમજાય જાય છે.આમ,અહીં નાયકને તેના પ્રેમની રજૂઆત કરી લેવાની તક સાધી લેવાની વાત તેઓ કરે છે.આપણી એક જાણીતી રચના 'રામે લવિંગ કેરી લાકડીએ સીતાને માર્યા' તેમ અહીં લીલી સોટીથી મારવાની વાત છે.જોકે તેની પ્રતીકાત્મકતા શિષ્ટ રચના જેટલી ન હોઈ શકે એ સ્વભાવિક છે.

તેમનામાં પશુ-પંખીઓ પ્રત્યેની અનુકંપા પણ ગજબની છે.હોલો અને હોલી જોડલું વનમાં સુખેથી ચણ ચણતું,ઝરણાંનું પાણી પીતું,વાંકી ડાળીએ ઝૂલતું  અને મન ફાવે ત્યારે ખુલ્લા આકાશ નીચે ફરવા નીકળી પડવાનું એવું સુખમય જીવન જીવતું હતું.સમય જતા હોલી ગર્ભ ધારણ કરે છે એટલે હવે તેઓએ માળો બાંધવો છે,પણ એવામાં એક શિકારી હોલાને વીંધીને મારી નાખે છે ! હોલી હવે એકલી પડી જાય છે.ચિંતામાં સરી પડેલી હોલી ઊંચા ઝાડની ડાળીએ બેસી;પોતાના સુખમય જીવનને વાગોળતી જઈ કઈ રીતે શિકારી હોલાને મારીને ખાય ગયા તે કહીને રડે છે,-

" લીલ્લે વાહ્ણે બેહતે હોના ગુટરું ગુ,

સરાણઅ્ પાણી પીતે હોના ગુટરું ગુ,

ચૂ.. ચૂ કદો હોના ગુટરું ગુ,

વાટો પાઈડો હોના ગુટરું ગુ..”

આમ  હોલો ને હોલી લીલા વાંસ પર બેસી ઝૂલતા હતા અને ઝરણાંનું પાણી પી ને સુખેથી જીવન જીવતા હતા,પણ પછી શિકારીઓએ હોલાને વીંધી નાખ્યો.શિકારીઓના નિશાનથી વિંધાયેલો હોલો પીડાથી ચીખે છેતા હતા  બીજીબાજુ હોલી ગર્ભવતી હતી એટલે હવે તેનો ઈંડા મૂકવાનો સમય ઢૂંકડે આવી ગયો હતો.પણ તે એકલી માળો કઈ રીતે બનાવે ? બીજી બાજુ ઈંડા મૂકવાનો સમય નજીક હોય તેને પેટમાં દુઃખાવો થઈ રહ્યો છે. એટલે તે ‘બોકો કેહેં કરીહી..બોકો કેહેં કરીહી.. કોઠો કેહેં કરીહી..કોઠો કાં કરઅ્.. બોકો કેહેં કરીહી’( પેટનું શું કરીશ..માળો કેમ કરીશ..માળો ક્યાં કરીશ..પેટનું શું કરીશ ) આ રીતે હોલી રડે છે,ને તેણે માળો કરવા બે-ચાર સળીઓ આડી ને વળી મૂકી દીધી ને તેમાં ઈંડા મુકી દીધા.આમ,હોલીની હૃદયસ્પર્શી કથા આ ગીતમાં કહેવામાં આવી છે.આવી જ વિરહવ્યથા બગલી વિહોણા થઈ ગયેલા બગલાની પણ છે,-

“હીમડી ખાવાડે તો બગો,માસલી ખાવાડે તો બગો,ખાડી ખાડી ચાલ,

ટીડલી ખાવાડે તો બગો,મખ્ખી ખાવાડે તો બગો,ડોગસ ડોગે ચાલ,

અલો ખાવાડે તો બગો,માખડી ખાવાડે તો બગો,ડોગે ડોગે ચાલ..”

આમ,બગલો પોતાના નિરાળા જીવનને વાગોળતા જઈ;હજી પણ પોતાની બગલી પોતાની સાથે છે એવો ભાવ અનુભવતા જઈ કહે છે કે ‘તારો બગલો તને માછલી અને ઝીંગા વગેરે પકડીને ખવડાવશે,તો તું મારી પાછળ નદીએ નદીએ ચાલ.’આવી જ રીતે તે તીડ કે ઇયળ જેવી જીવાતો ખાવા માટે વનવગડામાં બોલાવે છે.આમ,એકલાઅટૂલા પડી ગયેલા આ પંખીડાઓની વિરહવ્યથાને તેમના જ મોઢે મૂકીને વધારે સંવેદનાસભર રીતે અહી રજૂ થયેલી જોઈ શકાય છે.જે આ સમાજના પ્રકૃતિ પ્રત્યેના લગાવને બતાવી આપે છે.

### ૩.૨.૧૦ હોબીલા ( શ્રમગીતો ) :

‘હોબીલા’ સાગરકાંઠાવાળાના શ્રમગીતો અબાવાણી ને મળતી આવતી ગીતરચના છે.અમથું દોરડું વીટાળીને મૂકવું હોય તોપણ સાંગરકાંઠાનો માણસ ગાયા વગર એટલું કામ

કરી શકતો નથી.તેને દરેક કામમાં ગીતની જરૂર પડતી હોય છે.જ્યારે ચૌધરીઓમાં તેનાથી થોડું જુદું છે.તેઓ કોઈ મોટો પરિશ્રમ કરતી વખતે હોબીલા ગાય છે.

હોબીલા તેમને લયની સાથે જાણે શારીરિક બળ પણ પૂરું પાડે છે.એક સાથે 'હઇસા..' બોલીને ગમે તેવા વજનદાર લાકડાંઓને ઊંચકી લેવાની તેમની કળા દાદ માગી લે તેવી છે.જેમ અબાવાણીનો સાચો પરિચય તો એને ગવાતી સાંભળવા મળે ત્યારે જ થાય છે,તેમ હોબીલાનો ખરો પરિચય કામ કરતી વેળાએ તેને ગવાતા સાંભળવા મળે ત્યારે જ થાય છે.સખત પરિશ્રમ કરતી વેળાએ ચૌધરી પુઢષોના મુખે હોબીલા સાંભળવા એ પણ એક અનેરો લ્હાવો છે,કારણે એ વખતે જ તેના ખરો લય આપણને જોવો અને માણવો મળે છે.

૧.

હે જુવાન જુવડો લેજે રા બાયા હેઇસા,હેઇસા રે...હેઇસા.

જેરાક બાકી લેજે રા બાયા હેઇસા,હેઇસા રે...હેઇસા.

આવવા લાગી રા લેજે રા જુવાન હેઇસા,હેઇસા રે...હેઇસા.

ચાલવા લાગી રા લેજે રા જુવાન હેઇસા,હેઇસા રે ...હેઇસા.

ચાલવા લાગી રા દેજે પાગા ગતિ હેઈસા,હેઇસા રે..હેઇસા.

ચાલવા લાગી માર રા ગતિ હેઇસા,હેઇસા રે...હેઇસા.

માર રા ગતિ,હેઇસા..જેરાક બાકી રા,હેઇસા..

થોડીક રઅ્ય રા,હેઈસા..ચાલવા લાગી રા,હેઇસા.

૨.

ચંબુલ પાનામાં દારવઅ્ પીદઅ્ યે રમીલા હેઇસા,હેઇસા રે...હેઇસા.

એચાક ફેચાક ચાલે યે રમીલા હેઇસા,હેઇસા રે...હેઇસા.

ચીફીઇટ્ટે મોવડે દારવઅ્ પીદઅ્ યે રમીલા હેઇસા,હેઇસા રે...હેઇસા.

લથાડ પથાડ કરવા લાગી યે રમીલા હેઇસા,હેઇસા રે હેઇસા.

વાંકે તાડ તાડઅ્ પીદઅ્ યે રમીલા હેઇસા,હેઇસા રે...હેઇસા.

એચાક ફેચાર ચાલવા લાગી યે રમીલા હેઇસા,હેઇસા રે...હેઇસા.

વાકે ખજીઇરે તાડી કા પીદી યે રમીલા હેઇસા,હેઇસા રે...હેઇસા.

લથાડ પથાડ ચાલવા લાગી યે રમીલા હેઇસા,હેઇસા રે ...હેઇસા.

દારવઅ્ ચઇડઅ્ ને હુર ચઇડો યે રમીલા હેઇસા,હેઇસા રે...હેઇસા.

( હાલવા લાગી છે,આવવા લાગી છે,જરાક બાકી છે,જરાક ગતિ લગાવી દો,દારૂ અને તાડી પીધેલી રમીલા લચક મચક ચાલે છે ને તેમ તેમના કામનો લય પકડાતો જાય છે.તેમાં અબાવાણીની જેમ તેમાં અશ્લીલ લીંટીઓ પણ આવી જતી હોય છે.સરવાળે આ હોબીલા રમૂજથી ભરેલા હોય છે.તેથી તેને સાંભળતા જઈ કામ કરવામાં એક પ્રકારની મજા આવતી હોય છે,અને કામનું ભારણ પણ ઘટે છે.)

## ૩.૨.૧૧ કીરકીયા :

વારે તહેવારે કે લગ્નપ્રસંગે ડોવળા કે તારપા સાથેનું તેમનું લયબદ્ધ અને હારબંધ નૃત્ય માણવા જેવું હોય છે.ડોવળા સાથેનું તેમનું સમૂહ નાચણું નાના બાળકોથી લઈને વૃદ્ધો સુધીના સૌના માટે આનંદપ્રેરક હોય છે.નાચણામાં ડોવડું વગાડવાળા ડોવાડ તથા કાંસા વગાડી નાચતા નાચનારાઓને ઉત્સાહ અને ઉમંગ પ્રેરવા માટે લયબદ્ધ રીતે કિરકીયા લલકારવામાં આવે છે.જેમાં મોટે ભાગે હાસ્ય,વિનોદ કે રમૂજ ઉત્પન્ન કરતા અને મજાકીયા મીજાજમાં સમાજ જીવનના ઇન્દ્રધનુષી રંગને પ્રગટ કરતા કિરકીયા નીજી લોકબોલીમાં મુક્તક સ્વરૂપે લલકારવામાં આવે છે.

મોટેભાગે ડોવડું વગાડનાર ડોવાડ,યુવાન યુવક -યુવતી,સાળા-સાળી,બનેવી,હેજો હેજી કે જમાઈના સંદર્ભમાં આ કિરકીયા નાચતા નાચતા દુહાની જેમ મોટેથી લલકારવામાં આવે છે.

## ૧.ડોવડા ઉપરના કિરકીયા

ડોવાળ ચાલો છનકાયો રા

બાહલે દેખી મનકાયો રા ચો...વીચ,કિર ...કીચ.

કોદરા કોદરી હીમડા ડખઅ્

કોઇ ની વાજે તોહરે રોખઅ્ ચો...વીચ,કિર ...કીચ.

નાચતા ખલઅ્ નાન્નઅ્ પઇડઅ્ ચો ...વીચ,કિર ...કીચ.

ડોવાડ તોરે વાજવાલઅ્ રા ચો...વીચ, કિર ...કીચ.

વરહાતામાં વાડલઅ્ ગાજે

ડોવાળ તોરે ડોવળઅ્ વાજે ચો...વીચ,કિર ...કીચ.

ડોવાળ તોરે ડોવળઅ્ વાજે,

વાહાકીયે માં ભૂહકો વાજે ચો...વીચ,કિર ...કીચ.

ડોવાળ તોહરે હાથામાં વેંટો,

બત્રી હાથણો બાંજો ફેંટો ચો...વીચ,કિર ...કીચ.

## ૨.સાળી ઉપરના કિરકીયા

હાલહીયેણે ગલામાં ગાંઠી

હાળાહાણે તેંઉ કાંયની ગાંઠી ચો...વીચ,કિર...કીચ.

મોવડા તલે મોવડે પડયે

હાલહે તોહરે નીચ્કે રડયેં ચો...વીચ,કિર...કીચ.

ઢાલ્યા ચણા બાલ્યો ઓલો

ચાલજે હાલહે વાલ્જે ખોલો ચો...વીચ,કિર...કીચ.

હાલહી માહરે છનકાતી રા

દેખીન માંને મનકાતી  રા  ચો…વીચ,કિર…કીચ.

હાલહી માહરે ચાલીહીણી રા

છોબળે લાલી મલીહીની રા ચો…વીચ,કિર…કીચ.

હાલહી માહરે ઓરતી દાણા

હાલ્યા હારી ચોરતી ડોલા ચો….. ..વીચ,કિર…….કીચ.

હાલહાણે વાત પયળી જૂઠી

હાલહી માહરે હુજાલે ઊઠી ચો…વીચ,કિર…કીચ.

હાલહી માહરે ચાલીહી પાંહે

તેઉની  ગાઠે બાહાલ જેંહેં  ચો…વીચ,કિર…કીચ.

આવી જ રીતે હેજો અને હજી તેમજ જમાય પરના કિરકીયા ગાઈને નાચણાનો ઉત્સાહ બમણો અને ત્રમણો કરવામાં આવતો હોય છે.સમાજના આ એવા પાત્રો છે કે જેના વિશે સરળતાથી ટીખળ કે રમૂજ કરી શકાય છે,ને તેઓ તેમની આ રમૂજને હળવાશથી સ્વીકારી પણ લે છે.

પાદટીપ :


૧. લોકગીત તત્ત્વ અને તંત્ર સં.બળવંત જાની,પ્રથમ આવૃત્તિ ૨૦૦૨

૨. 'લોકસાહિત્ય વિજ્ઞાન' હસુ યાજ્ઞિક,પ્રથમ આવૃત્તિ ૨૦૧૨

૩. 'ધરતીનું ધાવણ ખંડ-૧' ઝવેરચંદ મેઘાણી,પૃ.૮૨

૪. 'લોકવાઙ્મય' કનુભાઈ જાની,પૃ.૬

૫. 'ગુજરાતી સાહિત્યકોશ ભાગ -૩' સં.ચંદ્રકાન્ત ટોપીવાળા- પ્રથમ આવૃત્તિ ૧૯૯૬

૬. 'લોકસાહિત્ય વિજ્ઞાન' હસુ યાજ્ઞિક,પૃ.૧૨૮

૭.લોકગીત તત્ત્વ અને તંત્ર સં.બળવંત જાની પૃ.૩૫ - ૪૧

૮. 'લોકસાહિત્ય વિજ્ઞાન' હસુ યાજ્ઞિક,પૃ.૧૩૫

૯. 'લોકગૂર્જરી' અંક -૧૫ ડૉ. બળવંત જાની,પૃ.૯૧